ટ્રસ્ટની પ્રવૃત્તિઓના લાભો
લોકો સુધી પહોંચાડનાર
'ગુજરાત ટુડે'
દૈનિકને રાજ્યના છેવાડાના ગામ
સુધી પહોંચાડવા પ્રયત્નશીલ બનો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

ગુજરાત ટુડે

GUJARAT TODAY (Daily) તા. ૧૧-૩-૨૦૨૧ ગુરૂવાર

AHMEDABAD ESTABLISHED-1991

કરન્સી માર્કેટ

US.ડોલર	૭૨.૯૨
પાઉન્ડ	૧૦૧.૪૧
યુરો	૮૬.૭૯
સઉદી રિયાલ	૧૯.૪૪
સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ)	૪૬,૦૩૫

Regd. No.Guj.168/2020-2022 Valid up to Dt. 31-12-2022 ● તંત્રી : મુસ્તુફાખાન ● E-mail : gujarattodaydaily@gmail.com ● gujarattodayadmin@gmail.com
For Advertisement:gtadvt@yahoo.co.in • RNI. No. 48870/91 ● વર્ષ-૩૦ અંક-૨૨૦ ● ૨૬ રજબ હિજરી ૧૪૪૨ ● 11 MARCH- 2021 ● PAGES 12 ● ₹ ૫.૦૦

રાજ્યમાં ચૂંટણીના કેન્દ્ર નંદીગ્રામમાં ઉમેદવારી કરવા ગયા ત્યારે હુમલામાં ઘાયલ થતાં કોલકાતાની હોસ્પિટલમાં લઈ જવાયા

બંગાળમાં ચૂંટણી ટાણે જ મુખ્યમંત્રી મમતા બેનરજી પર હુમલો

''મારા પર ચારથી પાંચ લોકોએ હુમલો કર્યો ત્યારે મારી પાસે કોઇ સુરક્ષા ગાર્ડ ન હતાં, આ એક આયોજનબદ્ધ ષડયંત્ર, તેઓ મને ગંભીર રીતે ઘાયલ કરવા જ આવ્યા હતા'' : દર્દથી પીડાતાં મમતા બેનરજીએ પત્રકારોને કહ્યું

નંદીગ્રામના બિરૂલી બજારમાં મંદિરમાંથી પરત ફરી કારમાં બેસવા જતાં કેટલાક લોકોએ ધક્કે ચડાવતાં કારના દરવાજામાં પગ ફસાયો અને મમતા પડી ગયાં, ઢીંચણ અને એડીમાં ગંભીર તથા માથામાં સામાન્ય ઈજાઓ પહોંચી, તેમના અંગત સુરક્ષા ગાર્ડ્સે ઉઠાવીને કારની પાછલી સીટમાં મૂકવા પડ્યા, મમતા નંદીગ્રામમાં રોકાવાની યોજના બદલી કોલકાતા માટે રવાના થયાં

(એજન્સી) કોલકાતા, તા. ૧૦

પશ્ચિમ બંગાળમાં આગામી વિધાનસભા ચૂંટણીઓ પહેલાં જ ટોચના નેતાઓને નિશાન બનાવાઈ રહ્યા છે અને બુધવારે મુખ્યમંત્રી મમતા બેનરજીએ જણાવ્યું હતું કે, નંદીગ્રામમાં કેટલાક લોકો દ્વારા તેમના પર હુમલો કરાયો છે. તેઓ આગામી ચૂંટણીઓ માટે નંદીગ્રામમાંથી ઉમેદવારી ફોર્મ ભરવા ગયા હતા ત્યારેતેમના પર હુમલો થયો હોવાના અહેવાલ મળ્યા હતા. ત્યારબાદ તેમને કોલકાતાની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા. આ ઘટનાના વીડિયો બહાર આવતા જણાયું હતું કે, સિક્યુરિટી ગાર્ડ તેમને ઉઠાવીને કારની પાછળની સીટ પર મુકતા દેખાય છે. ૬૬ વર્ષના નેતાને વીડિયોમાં જોવામાં આવ્યા હતા કે, તેઓ દર્દથી પીડાઇ રહ્યા હતા અને બોલવાની સ્થિતિમાં દેખાતા ન હતા સાથે જ તેઓના ચહેરા પર ગભરાટ પણ દેખાઈ રહ્યો હતો. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ''ચારથી પાંચ શખ્સોએ મારા પર હુમલો કર્યો છે.'' હુમલો યોજનાબદ્ધ હોવાના સવાલ અંગે તેમણે જણાવ્યું કે, ''ખરેખર આ એક ષડયંત્ર જ છે અને વહીવટીતંત્રના કોઈપણ લોકો મારી પાસે ન હતા, પોલીસ પણ નહીં, તેઓ મને ઘાયલ કરવા જ આવ્યા હતા. હવે હું કોલકાતા જઈ રહી છું.''

ઘટના બાદ પોલીસે જણાવ્યું હતું કે, ઉમેદવારી કરીને મમતા બેનરજી બિરૂલી બજારમાં સ્થાનિક મતદારો સાથે ચર્ચા કરી રહ્યા હતા તે સમયે કેટલાક લોકોએ તેમની સાથે ઝપાઝપી કરી હતી અને તેઓ પડી ગયા હતા અને પગમાં ઈજાઓ થઈ હતી. તેમને માથામાં પણ સામાન્ય ઈજાઓ પહોંચી હતી. મુખ્યમંત્રીએ પોલીસથી ઉલ્ટું જણાવ્યું હતું કે, તેઓ મંદિરમાંથી પરત ફરીને કારમાં બેસવા જતાં હતા ત્યારે જ ચારથી પાંચ લોકોએ તેમને કારના દરવાજા સાથે ધક્કો માર્યો હતો ત્યારે તેમનો જમણો પગ કારના દરવાજામાં ફસાઇ ગયો હતો. આના કારણે તેમના ઘૂંટણ અને પગની એડીમાં ઈજાઓ પહોંચી હતી.

મમતા બેનરજી નંદીગ્રામમાં રાત રોકાવાની યોજના સાથે ગયા હતા પરંતુ હુમલા બાદ તેઓ ૧૩૦ કિલોમીટર દૂર આવેલા કોલકાતા માટે નીકળી ગયા હતા. બીજી તરફ તૃણમુલ કોંગ્રેસે જણાવ્યું હતું કે, તે આ અંગે ચૂંટણી પંચને ફરિયાદ કરશે અને જાણીજોઈને આયોજનબદ્ધ ષડયંત્ર રચીને હુમલો કરાયો હોવાથી તપાસની માગ કરશે. મમતા બેનરજીને પગમાં ઈજાઓ થઈ હોવાના અહેવાલ પણ મળ્યા હતા. અહેવાલો અનુસાર તેઓપર હુમલો થતા પડી ગયા હતા.આ હુમલો ત્યારે થયો છે જ્યારે ચૂંટણી પંચે બંગાળ પોલીસના ડીજી વીરેન્દરની બદલી કરી નાખી હતી જેમાં તેણે ભાજપ દ્વારા ઉઠાવાયેલી હિંસાની ચિંતાનો ઉલ્લેખ કર્યો હતો. ૧૯૮૭ બેચના ભારતીય પોલીસ સેવાના અધિકારી નિરજનયનને બંગાળના નવા પોલીસ પ્રમુખ બનાવાયા હતા.ડિસેમ્બરમાં ભાજપના પ્રમુખ જેપી નડ્ડાના કાફલા પર કથિત હુમલાને જોતાં ભાજપે મમતા બેનરજી પરના હુમલાને રાજકીય સ્ટંટ ગણાવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, પશ્ચિમ બંગાળની ચૂંટણીઓ પર સમગ્ર દેશની નજર છે જ્યારે રાજ્યના નંદીગ્રામમાંથી મમતા બેનરજી અને તેમના એક વખતના વિશ્વાસુ તથા હાલ ભાજપમાં જોડાયેલા સુવેન્દુ અધિકારી સામ-સામે ચૂંટણી લડતાં હોવાથી સમગ્ર રાજ્યની નજર આ બેઠકની ચૂંટણી પર ટકેલી છે. મમતા બેનરજીએ પોતાના મતવિસ્તારને છોડીને અધિકારીના મતવિસ્તાર નંદીગ્રામમાંથી ઉમેદવારી પત્ર ભરવાનો હુંકાર કરવાની સાથે સુવેન્દુ અધિકારીને પડકાર પણ ફેંક્યો હતો કે તેઓ અહીંથી મારી સામે ચૂંટણી જીતીને બતાવે. સુવેન્દુ અધિકારી ૨૦૧૬ની વિધાનસભા ચૂંટણીઓમાં નંદીગ્રામ મતવિસ્તારમાંથી તૃણમુલની ટિકિટ પર ચૂંટણી જીત્યા હતા. અધિકારીના સમર્થકોએ હવે મમતા બેનરજીને બહારના ગણાવ્યા છે અને અધિકારીએ પોતાને ભૂમિપુત્ર તરીકે ગણાવી લોકોની લાગણી જીતવાના પ્રયાસો કર્યા છે.

'ખેલા હોબે' મમતા બેનરજીએ નંદીગ્રામમાં કહ્યું, તાકાત હોય તો ભાજપ હિન્દુ કાર્ડ રમી બતાવે

જે લોકોએ ગુજરાતની બહાર પોતાનો આત્મા વેચી દીધો છે તેઓ નંદીગ્રામ મૂવમેન્ટનું કોમવાદી કાર્ડ ખેલીને અપમાન કરી રહ્યા છે : મમતા

(એજન્સી) નંદીગ્રામ, તા.૧૦

જે લોકોએ ગુજરાતની બહાર તેમનો આત્મા વેચી નાખ્યો છે તે લોકો નંદીગ્રામ મૂવમેન્ટનું અપમાન કોમવાદી કાર્ડ ખેલીને કરી રહ્યા છે, તેમ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ અહીં એક સભામાં જણાવ્યું હતું. મમતાએ કહ્યુંકે જે લોકો નંદીગ્રામના બહારના છે તેમને હાંકી કાઢવા જોઈએ. બેનરજીની સામે ભાજપે સુવેન્દુ અધિકારીને વિધાનસભા ચૂંટણીમાં ઉમેદવાર બનાવ્યા છે. અધિકારીએ થોડા વખત પહેલાં જ ભાજપમાં પ્રવેશ કર્યો છે. પહેલી એપ્રિલે બીજા તબક્કામાં આ મતવિસ્તારમાં મતદાન થવાનું છે. અધિકારીનું નામ બોલ્યા વિના બેનરજીએ કહ્યું કે, તેમણે જમીન સંપાદન સામે જ્યાં ચળવળ કરાઈ હતી તે સિંગુર અથવા નંદીગ્રામમાંથી ચુંટણી લડવાનું નક્કી કર્યું હતું. ૨૦૧૧માં આ બે જગ્યાએ આંદોલન કરીને મમતાએ બંગાળમાં સત્તા કબજે કરી હતી. મેં એટલા માટે નંદીગ્રામમાંથી લડવાનો નિર્ણય કર્યો કેમકે, મને અહીંના લોકોનો ખૂબ સહકાર મળ્યો હતો. મેં સાંભળ્યું છે કે કોઈક બાહરી વ્યક્તિએ મને નંદીગ્રામમાં મને બોલાવી છે. હું બીરભૂમની પડોશમાં જન્મી અને મોટી થઈ છું. જે વ્યક્તિ મિદનાપોરમાં જન્મ્યો છે તે મને આઉટસાઈડર કહે છે. આજે હું બાહરી છું અને જે લોકો ગુજરાતથી આવ્યા છે તે બંગાળમાં અંદરના થઈ બેઠા છે, તેમ ટીએમસીના કાર્યકરોની એક રેલીમાં નામાંકન ભરતાં પહેલાં તેમણે કહ્યું હતું. બાહરી અંગેના તર્કને જો સાચો માનવામાં આવે તો હું ૧૦ વર્ષ સુધી મુખ્યમંત્રી બની ના હોત. આજે બંગાળની દીકરી કેટલાક લોકો માટે બાહરી બની ગઈ છે. તમે ક્યારેય મુખ્યમંત્રીમાં બહારના હોવાના હાવભાવ જોયા છે? જો સ્થાનિક લોકો મને ઉમેદવાર બનવા માટે ના પાડતા હોય તો હું જતી રહીશ, એમ મમતાએ કહ્યું હતું. આ વખતે લોકોના ટોળામાંથી મમતા દીદી અમારી તમારી જરૂર છેનાં સૂત્રોચ્ચારો થયાં હતાં.

તૃણમૂલ ચૂંટણી પંચમાં ફરિયાદ કરશે, ભાજપે હુમલાને મમતા બેનરજીનો સ્ટંટ ગણાવ્યો

કિસાનો મોદી સરકાર રહે ત્યાં સુધી દિલ્હીની સરહદો પર વિરોધ માટે તૈયાર : નરેન્દ્ર ટિકૈત

(એજન્સી) નવી દિલ્હી, તા. ૧૦

કિસોનોના નેતા મહેન્દ્રસિંહ ટિકૈતના પુત્ર નરેન્દ્ર ટિકૈતે એલાન કર્યું છે કે, મોદી સરકારના બીજા કાર્યકાળના બાકી રહેલા સાડા ત્રણ વર્ષ સુધી કૃષિ કાયદાઓનો વિરોધ કરવા માટે ખેડૂતો દિલ્હીની સરહદો પર વિરોધ પ્રદર્શન કરવા માટે તૈયાર છે અને આ આંદોલનને કેન્દ્ર સરકાર જે રીતે પ્રયાસ કરે છે તેવી રીતે કચડી શકાશે નહીં. ૧૯૮૬માં પિતા દ્વારા બનાવાયેલા ભારતીય કિસાન યુનિયનમાં નરેન્દ્ર ટિકૈત કોઈપણ હોદ્દો ધરાવતા નથી અને પારિવારિક ખેતીના કામ પર ધ્યાન આપે છે પરંતુ કિસાનોની ચિંતા વિશે ખુલ્લેઆમ બોલનારા પોતાના બે ભાઈઓ નરેશ અને રાકેશ ટિકૈતની જેમ તેઓ પણ તેમાં પૂરો સહયોગ આપે છે. ઉલ્લેખનીય છે કે, હાલ ચાલી રહેલા આંદોલનને પણ ૧૦૦થી વધુ દિવસ થઈ ગયા છે.

મુઝફ્ફરનગરના પોતાના ગૃહનગર સિસૌલીમાંથી પત્રકારોને જણાવતાં ૪૫ વર્ષના નરેન્દ્ર ટિકૈતે કહ્યું કે, પરિવારના એક પણ સભ્ય વિરૂદ્ધ નાનામાં નાની બાબતમાં ખોટું કરવાના આરોપો સિદ્ધ થાય તો તેમના બે ભાઈઓ અને સમગ્ર પરિવાર આંદોલન છોડી દેશે સાથે જ તેમણે આંદોલનમાંથી મોટી મિલકતો અને નાણા મેળવવાના કેટલાક લોકો દ્વારા લગાવાયેલા આરોપોને ફગાવ્યા હતા. મોટા ભાઈ નરેશ ટિકૈત બીકેયુના પ્રમુખ છે જ્યારે રાકેશ ટિકૈત સંગઠનના રાષ્ટ્રીય પ્રવક્તા તરીકેના હોદ્દા પર છે જે ૧૯૮૮માં મહેન્દ્રસિંહ ટિકૈત દ્વારા ૧૯૮૮માં બનાવાયું હતું. તેમણે તે વખતે આંદોલન કરવા માટે સંગઠનની સ્થાપના કરી હતી. તે સમયે બીકેયુએ કિસાનો મુદ્દે દિલ્હીના બોટ હાઉસમાં એક અઠવાડિયા સુધી દેખાવો કર્યા હતા. ૨૦૧૧માં મહેન્દ્રસિંહ ટિકૈતના અવસાન બાદ નરેશ અને રાકેશ ટિકૈત વિવિધ ભૂમિકામાં સંગઠનની મુખ્ય આગેવાની કરી રહ્યા છે જોકે, છેલ્લા કેટલાક વર્ષમાં દેશના વિવિધ ભાગોમાં અનેક સંગઠનો બની ગયા છે. નરેન્દ્રએ જણાવ્યું કે, કેન્દ્ર સરકાર ગેરમાન્યતા ધરાવે છે કે, તે પહેલા કેટલાક સંગઠનોને વિવિધ યુક્તિઓ દ્વારા જેમ કચડી નાખ્યા તે રીતે અમારા આંદોલનને પણ કચડી નાખશે. હું અહીં સિસૌલીમાં છું પણ મારી નજર ત્યાં આંદોલન પર છે. નવેમ્બર ૨૦૨૦થી ગાઝીપુર બોર્ડર પર દેખાવો કરી રહેલા કિસાનોને હું સતત મળી રહ્યો છું. આ પ્રકારના આંદોલનનો ક્યારેય સામનો નહીં કરવાને કારણે સરકાર કદાચ ખોટી માન્યતા ધરાવે છે પણ અમે આંદોલનો જોયા છે અને ૩૫ વર્ષથી આ કામ કરી રહ્યા છીએ. આ સરકારે માત્ર નાના આંદોલનો જોયા હશે અને વિવિધ યુક્તિઓ દ્વારા તેને કચડી નાખ્યા છે. તેઓ આ વિરોધને કોઈપણ રીતે દબાવી શકશે નહીં. જ્યાં સુધી અમારી માગો પુરી નહીં થાય ત્યાં સુધી આંદોલન સમાપ્ત નહીં થાય. સરકારનો કાર્યકાળ માત્ર સાડા ત્રણ વર્ષનો છે અને કાર્યકાળના અંત સુધી આંદોલન ચલાવી શકીએ છીએ.

LAC પર ચીને હજુય કેટલાક અગ્રીમ વિવાદિત મોરચેથી સૈનિકો પાછા ખસેડ્યા નથી : ટોચના અમેરિકી કમાન્ડર

(એજન્સી) તા. ૧૦

અમેરિકાના એક ટૉપ કમાન્ડરે પોતાના દેશના સાંસદોને કહ્યું કે ચીન હજુ પણ ન્છઝ પર કેટલાય ભાગોમાંથી પાછળ નથી હટ્યુ. જ્યાં ચીને સીમા પર વિવાદ દરમિયાન કબજો કરી લીધો હતો. યુએસ ઈન્ડો-પેસિફિક કમાન્ડના કમાન્ડર એડમિરલ ફિલિપ્સ ડેવિડસને કોંગ્રેસની સુનાવણી દરમિયાન સીનેટની આર્મ્ડ સર્વિસીઝ કમિટીના સભ્યોને આ જાણકારી આપી છે. ફિલિપ્સ ડેવિડસને કહ્યું- પીએએલ હજુ સુધી પ્રારંભિક સંઘર્ષ બાદ જપ્ત કરાયેલા વિસ્તારોમાંથી પાછળ નથી હટ્યુ. આ કારણે પીઆરસી અને ભારતની વચ્ચે તણાવનુ કારણ ઉભુ થયેલુ છે.

ઈન્ડો-પેસિફિક કમાન્ડના કમાન્ડર એડમિરલે અમેરિકાની સીનેટની સુનાવણી દરમિયાન પોતાની ટિપ્પણીમા એ પણ કહ્યું કે, સમય સમય પર અમેરિકાએ ભારતને સીમા પર સ્થિતિની જાણકારી આપવાની સાથે ઠંડીની ઋતુમાં કપડા અને અન્ય ઉપકરણો આપીને પણ મદદ કરી છે. સાથે જ તેમને કહ્યું- ચીનને દબાણ વધારવા અને આખા વિસ્તારમાં પોતાનો પ્રભાવનો વિસ્તાર કરવા માટે એક આક્રમક સૈન્ય રીત અપનાવી છે. ચીનની વિસ્તારવાદી મહત્વકાંક્ષાંઓ પશ્ચિમી સીમી પર દેખાઈ રહી છે, જ્યાં તેમના સૈનિક ભારતીય સૈન્ય દળોની સાથે ગતિરોધમાં સામેલ છે. જોકે, ચીન અને ભારતીય સેનાએ લદ્દાખમાં પૈંગોંગ ત્સોની આસપાસ વિવાદિત સીમાના કેટલાક ભાગોમાં પોતાના સૈનિકોને પાછા લઈ લીધા છે, પરંતુ પૈંગોંગ ત્સો વિસ્તારમાં એલએસીની

પાસે વિવાદ બાદ, ગોગરા-હૉટ સ્પ્રિન્ગ વિસ્તાર, દેમચોક અને દેપસાંગ મેદાનોમાં અન્ય વિવાદો પર કોઈ પ્રગતિ નથી થઈ.

તેમણે કહ્યું કે ભારતને સંકટના સમયે અમે કેટલીક સૂચનાઓ આપી હતી. આ ઉપરાંત કેટલાક ઉપકરણો વગેરે પણ આપ્યા હતા અને બીજા કેટલાક વર્ષોમાં અમે કેટલીક સૂચનાઓ પણ આપી હતી અને બીજા અનેક વર્ષોમાં અમે અમારા દરિયાઈ સંબંધોને પણ ગાઢ કરી રહ્યા છીએ. ડેવિડસને કહ્યું કે, મને લાગે છે કે ૪ દેશોના ગઠબંધન (ક્વાડ)ની સાથે ભારત પોતાના સંબંધ ગાઢ કરશે અને મને લાગે છે કે આ અમારા, ઑસ્ટ્રેલિયા અને જાપાન માટે એક મહત્વપૂર્ણ વ્યૂહાત્મક અવસર છે. ભારત, અમેરિકા, જાપાન અને ઑસ્ટ્રેલિયાના ટોચના નેતાઓનું સંમેલન ૧૨ માર્ચના ઑનલાઈન આયોજિત થશે.

ભાડુઆત અને મકાન માલિક વિવાદ પર સુપ્રીમ કોર્ટનો 'ઉત્તમ' નિર્ણય ! : પેનલ્ટી પણ આપો અને ભાડું પણ ચૂકવો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

મકાન માલિક અને ભાડુઆતના વિવાદો સામાન્ય બાબત છે. વિવાદ વધવા પર મામલાઓ કોર્ટમાં પણ જાય છે અને ચૂકાદાઓ પણ આવે છે. પરંતુ સુપ્રીમ કોર્ટમાં એક એવો કેસ સામે આવ્યો છે, જેને કોર્ટે ક્લાસિક કેસ ગણાવ્યો છે. ન્યાયિક પ્રક્રિયાનો દુરૂપયોગ કઈ રીતે કરવામાં આવે છે તેના આધારે સુપ્રીમ કોર્ટે આને ક્લાસિક કેસ ગણાવ્યો છે.

સુપ્રીમ કોર્ટે એક ભાડુઆતની વિરૂદ્ધ ચૂકાદો સંભળાવ્યો છે, જેણે મકાન માલિકને પોતાની મિલકતથી ત્રણ દાયકાઓ સુધી દૂર રાખવામાં આવ્યો. કોર્ટે ભાડુઆત પર એક લાખ રૂપિયાની પેનેલ્ટી લગાવ્યાની સાથે માર્કેટ રેટ પર ૧૧ વર્ષનું ભાડું પણ ચૂકવવાનો આદેશ આપ્યો છે.

મકાન માલિક અને ભાડુઆત ક્લાસિક કેસ બેન્ચ જસ્ટિસ કિશન કૌલ અને આર સુભાષ રેડ્ડીએ કહ્યું કે, કોઈના હકોને છીનવી લેવા કોઈ કઈ રીતે ન્યાયિક પ્રક્રિયાનો દુરૂપયોગ કરી શકે છે. આ કેસ તેનો ક્લાસિક ઉદાહરણ છે. આ કેસ પશ્ચિમ બંગાળના અલીપુરની એક દુકાનને લઈ છે. સુપ્રીમ કોર્ટની બેન્ચે આદેશ આપ્યો કે, દુકાનને કોર્ટના આદેશના ૧૫ દિવસની અંદર મકાન માલિકને સોપવામાં આવે. કોર્ટે ભાડુઆતને આદેશ આપ્યો છે કે, માર્ચ ૨૦૧૦થી અત્યાર સુધી બજારના ભાવ પર જે પણ ભાડું બને છે, તેને ત્રણ મહિનાની અંદર મકાન માલિકને ચૂકવવામાં આવે. આ ઉપરાંત ન્યાયિક સમયની બરબાદી અને મકાન માલિકે કોર્ટની કાર્યવાહીમાં ખેંચવાને લઈ સુપ્રીમ કોર્ટએ ભાડુઆત પર એક લાખનો દંડ પણ ફટકાર્યો છે.

હકીકતમાં આ કેસ ૧૯૬૭નો છે. જ્યારે લબન્યા પ્રવા દત્તાએ અલીપુરમાં પોતાની દુકાન ૨૧ વર્ષ માટે ભાડા કરાર પર આપી હતી. ભાડા કરાર પુરો થતાં ૧૯૮૮માં મકાન માલિકે ભાડુઆતને દુકાન ખાલી કરવા કહ્યું છે. પરંતુ આવું કઈ બન્યું નથી. ત્યારે ૧૯૯૩માં સિવિલ કોર્ટમાં ભાડુઆતને નીકાળવા કેસ કર્યો હતો.જેનો ચૂકાદો ૨૦૦૫માં મકાન માલિકના પક્ષમાં આવ્યો હતો.

લોકસભામાં પૂછાયેલા સવાલનો મંત્રીની નફ્ફટાઈભરી કબૂલાત

રાંધણ ગેસના ભાવ સાત વર્ષમાં બમણા, સબસિડી પણ ખતમ

ભાવ વધારા અંગે કેન્દ્ર સરકારે લોકસભાને માહિતી આપી, છેલ્લા ૩૨ દિવસમાં જ રાંધણ ગેસ સિલિન્ડરના ભાવમાં ૧૨૫ રૂપિયાનો અધધ વધારો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

રાંધણ ગેસ અથવા એલપીજીની કિંમત છેલ્લા સાત વર્ષમાં બમણી થઈ ગઈ છે. વધતા જઈ રહેલા ભાવની સાથે-સાથે મળતી સબસિડી પણ ખતમ થઈ ગઈ છે. કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને લોકસભામાં પૂછવામાં આવેલા એક સવાલનો જવાબ લેખિતમાં આપતા કહ્યું કે, ભારત સરકાર તરફથી પેટ્રોલ અને ડીઝલના વેચાણમાંથી ટેક્સ વસૂલાત આ સમયગાળા દરમિયાન વધેલા ટેક્સના પરિણામે સાડા ચાર ગણો વધ્યો છે. સોમવારે વધતા જતા ઈંધણના ભાવ પર પૂછવામાં આવેલા પ્રશ્નોના જવાબ અનુસાર, ૨૦૧૪ની પહેલી માર્ચે એલપીજી સિલિન્ડરનો ભાવ ૪૧૦.૫૦ રૂપિયા હતો અને આ મહિને તે વધીને ૮૧૯ રૂપિયા થયો છે. આ ભાવ દિલ્હીના છે અને અન્ય રાજ્યમાં તે ટેક્સ પ્રમાણે બદલાય છે. માત્ર છેલ્લા ૩૨ દિવસમાં એલપીજી સિલિન્ડરનો ભાવ ૧૨૫ રૂપિયા વધ્યો છે, જેના કારણે મધ્યમ તેમજ ગરીબ વર્ગના પરિવારના બજેટને ફટકો પડ્યો છે. વધતા જઈ રહેલા ઈંધણના ભાવ અંગે ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું કે, પેટ્રોલ અને ડિઝલના ભાવ ક્રમશઃ ૨૬ જૂન, ૨૦૧૦ અને ૧૯ ઓક્ટોબર, ૨૦૧૪થી નિયંત્રિત થઈ ગયા હતા. રિટેલરોએ 'આંતરરાષ્ટ્રીય ઉત્પાદનોના ભાવ, રૂપિયાના વિનિમય દર, કરનું માળખું તેમજ અન્ય ખર્ચ તત્વો'ની સાથે ભાવ નક્કી કર્યા હતા. રિટેલ ભાવ પ્રમાણે, ૨૦૧૩માં ઈંધણના વેચાણથી થયેલી આવક ૫૨,૫૩૭ કરોડ રૂપિયા હતી, જે ૨૦૧૯-૨૦માં વધીને ૨.૧૩ લાખ કરોડ થઈ હતી અને માત્ર ૧૧ મહિનામાં જ એટલે કે ૨૦૨૦-૨૧માં તે ૨.૮૮ લાખ કરોડ થઈ છે. પેટ્રોલ પર ૩૨.૯૦ રૂપિયા પ્રતિ લિટર અને ડીઝલ પર ૩૧.૮૦ રૂપિયા પ્રતિ લિટર એક્સાઈઝ ડ્યૂટી લાગે છે. ૨૦૧૮માં પેટ્રોલ પરની એક્સાઈઝ ડ્યૂટી ૧૭.૯૮ રૂપિયા અને ડીઝલ પર ૧૩.૮૩ રૂપિયા હતી. ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું કે, કેન્દ્ર સરકારનું પેટ્રોલ, ડીઝલ, જેટ ફ્યૂઅલ, નેચરલ ગેસ અને ક્રૂડ ઓઈલ પરનું કુલ એક્સાઈઝ કલેક્શન ૨૦૧૯-૧૭માં ૨.૩૭ કરોડ રૂપિયા હતું, જે એપ્રિલ-જાન્યુઆરી ૨૦૨૦-૨૧માં વધીને ૩ લાખ કરોડ રૂપિયા થયું છે.

રાજ્ય ભાજપમાં બળવાની સ્થિતિ મુદ્દે ત્રિવેન્દ્રને હટાવવાનો નિર્ણય લેવાયો હતો

તિરથસિંહ રાવત ઉત્તરાખંડના નવા મુખ્યમંત્રી બન્યા

તિરથસિંહને મુખ્યમંત્રી બનાવવાનો ચોંકાવનારો નિર્ણય, મુખ્યમંત્રીની રેસમાં ધનસિંહ રાવત, કેન્દ્રીય મંત્રી રમેશ પોખરિયાલ, સાંસદ અજય ભટ્ટ તથા અનિલ બલૂનીના નામોની ચર્ચા થઈ હતી, પરંતુ આરએસએસના મૂળિયાને પગલે તિરથસિંહને પ્રાથમિકતા અપાઈ હોવાની ચર્ચા

(એજન્સી) દેહરાદૂન, તા. ૧૦

ઉત્તરાખંડના મુખ્યમંત્રી તરીકે ત્રિવેન્દ્રસિંહ રાવતના રાજીનામાના બીજા દિવસે જ બુધવારે રાજ્યના નવા મુખ્યમંત્રી તરીકે તિરથસિંહ રાવતે શપથ લીધા હતા. પાર્ટી વિધાનમંડળની બેઠક બાદ વિદાય લઈ રહેલા મુખ્યમંત્રી ત્રિવેન્દ્રસિંહ રાવતે જ તેમના નામની જાહેરાત કરી હતી. આ બેઠક આશરે ૩૦ મિનિટ સુધી ચાલી હતી. તિરથસિંહ રાવત ભાજપના સાંસદ છે અને ૨૦૧૩-૧૫ વચ્ચે તેઓ ઉત્તરાખંડના પક્ષ પ્રમુખ પણ રહી ચૂક્યા છે ઉપરાંત તેઓ અગાઉ રાજ્યમાંથી ધારાસભ્ય પણ રહી ચૂક્યા છે. ઉત્તરાખંડ રાજ્ય સૌપ્રથમ અલગ થયું ત્યારે તિરથસિંહ રાવત શિક્ષણ મંત્રી હતા. ૨૦૦૭માં તેમને ઉત્તરાખંડના મહાસચિવ બનાવાયા હતા જ્યારે તે સમયે જ તેમને મુખ્ય ચૂંટણી અધિકારી અને રાજ્યના સભ્યપદ અધ્યક્ષ પણ નિયુક્ત કરાયા હતા. ૨૦૧૨માં તેઓ વિધાન પરિષદના સભ્ય તરીકે ચૂંટાઇ આવ્યા હતા જ્યારે ૨૦૧૩માં તેઓ ઉત્તરાખંડના ભાજપના પ્રમુખ બન્યા હતા. ત્રિવેન્દ્રસિંહ રાવતના શાસનમાં ભાજપમાં જ ગણગણાટને પગલે દિલ્હીના મોવડી મંડળ દ્વારા તેમને હટાવવાનો નિર્ણય લીધા બાદ તિરથસિંહ રાવતને મુખ્યમંત્રી તરીકે જાહેર કરાયા હતા. ત્રિવેન્દ્રસિંહ રાવતે મંગળવારે જ પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું હતું અને એક દિવસ પહેલાં જ તેઓ દિલ્હીમાં ટોચના નેતાઓની સાથે બેઠક કરીને આવ્યા હતા. તેમના રાજીનામા વિશે પત્રકારોએ પૂછતાં તેમણે જવાબ આપ્યો હતો કે, આ સામુહિક નિર્ણય હોય છે અને તેનો સારો જવાબ મેળવવા માટે તમારે દિલ્હી જવું પડશે. સૂત્રોએ જણાવ્યું હતું કે, ત્રિવેન્દ્ર રાવત વિરૂદ્ધ ભાજપમાં જ બળવાની સ્થિતિ હતી જેના પગલે ભાજપના ઉપપ્રમુખ રમનસિંહ અને રાજ્યસભા સાંસદ ગૌતમ સાથે ૭મી માર્ચે આરએસએસ અને ભાજપના ટોચના નેતાઓની મુલાકાત બાદ આ નિર્ણય લેવાયો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ખૈરાના ઘરે ઈડીના દરોડા, આપના બળવાખોર નેતા કોંગ્રેસ સાથે સંપર્કમાં, ૨૬ જાન્યુ.ની હિંસામાં ધરપકડ કરાયેલા લોકોના સમર્થનમાં અવાજ ઊઠાવ્યો હતો

(એજન્સી) તા.૧૦

ઈડીએ હવે આપના બળવાખોર ધારાસભ્ય સુખપાલ સિંહ ખૈરાને નિશાને લીધા છે અને એ પણ એવા સમયે જ્યારે તેઓએ ૨૬ જાન્યુઆરીના રોજ દિલ્હીમાં થયેલી હિંસા મામલે ધરપકડ કરાયેલા શીખ અટકાયતીઓના સમર્થનમાં અવાજ ઊઠાવ્યો હતો. સુખપાલ સિંહે દેખાવો દરમિયાન નવરીત સિંહ નામના ખેડૂતોના મૃત્યુ મામલે તપાસની પણ માગ કરી હતી. જોકે તેમના ભવિષ્યના રાજકીય પગલાઓ અંગે વહેતી અનેક અટકળો વચ્ચે તેઓ તાજેતરમાં જ ફરી કોંગ્રેસના સંપર્કમાં આવ્યા હોય તેવું દેખાતું હતું. આ દશ્ય પણ બીજે ક્યાંય નહીં પણ વિધાનસભાના બજેટ સત્રમાં જ જોવા મળ્યું હતું.કેનેડા, ઓસ્ટ્રેલિયા અને યુરોપની વાત કરીએ તો ત્યાં વસતાં એનઆરઆઈનું ખૈરાને મજબૂત સમર્થન છે. તેઓએ જ શીખ યુવાનો વિરુદ્ધ યુએપીએ કાયદા હેઠળ ખોટી રીતે નોંધવામાં આવેલા કેસ મામલે અવાજ ઊઠાવ્યો હતો. લાંબા સમયથી આપ સાથે બળવો કરનારા ખૈરા વિધાનસભાના બજેટ સત્ર દરમિયાન પણ આપના ધારાસભ્યોની સાથે જ બેસેલા જોવા મળ્યા હતા. તદઉપરાંત તેઓ અને અન્ય બળવાખોર ધારાસભ્યો જેમાં કંવર સંધુ, જગદાર સિંહ જગ્ગા, પરિમલ સિંહ ખાલસા, નજર સિંહ મશાહિયાઅ અને જગદેવ સિંહ કમાલુ આપના વલણથી અલગ જ વલણ અપનાવતા જોવા મળ્યા હતા. આ ધારાસભ્યોએ આપના ધારાસભ્યો સાથે મળીને વૉકઆઉટ કર્યું નહોતું અને હાઉસની બહાર કરવામાં આવી રહેલા દેખાવોમાં પણ આ લોકોએ આપના ધારાસભ્યોને ટેકો આપ્યો નહોતો. જોકે રાજ્યપાલના સંબોધનની કોપીઓ ફાડવા મુદ્દે જાહેરમાં જ કંવર સંધુએ આપના ધારાસભ્યોની જ ટીકા કરી નાખી હતી.

મરે નહીં ત્યાં સુધી ગોળીબાર કરવાના આદેશનું પાલન ન કરનારા પોલીસકર્મી નાસીને મ્યાનમારથી ભારત પહોંચ્યા

(એજન્સી) તા. ૧૦

૨૭ ફેબ્રુઆરીએ મ્યાનમારમાં જે બન્યું તેની જેટલી ટીકા કરીએ તેટલી ઓછી હશે. તે જ દિવસે સેનાએ દેખાવકારો પર આડેધડ ફાયરિંગ કરી હતી, જેમાં ૩૮ લોકો માર્યા ગયા હતા. જો કે, આ વલણ આગળ પણ અટક્યું નહીં અને લશ્કરી શાસકો તેમની સામે અવાજ ઊઠાવનારાને તે જ રીતે દબાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. ૨૭ ફેબ્રુઆરીએ સેનાના જવાનોને દેખાવો કરનારા લોકો પર ગોળી ચલાવવાનો આદેશ અપાયો હતો. તેમાં થા પેંગ પણ સામેલ હતો. ૨૭ વર્ષીયને મ્યાનમારના ખુમ્પેટમાં વિરોધ પ્રદર્શન કરનારાઓ પર મશીનગન ચલાવવાનો આદેશ આપવામાં આવ્યો હતો. પરંતુ પેંગે હુકમનું પાલન કરવાની ના પાડી. બીજા દિવસે એક સૈન્ય અધિકારીએ તેમને જવાબ આપવા માટે બોલાવ્યો અને કહ્યું કે કદાચ તેને જ ગોળી મારી દેવામાં આવી હોત. પેંગે ફરી એક જ જવાબને પુનરાવર્તિત કરીને ગોળીબાર કરવાનો ઈન્કાર કર્યો. આ સાથે તેણે રાજીનામું પણ સુપરત કર્યું હતું. આ પછી, ત્રણ દિવસની લાંબી મુસાફરી શરૂ થઈ. સૈન્યમાંથી રાજીનામું આપ્યા પછી, પેંગને ડર હતો કે તેમને અને તેમના પરિવાર સાથે કંઈક ખોટું થઈ શકે છે. આ વિચારીને તેણે દેશ છોડીને ભારતના મિઝોરમ રાજ્યમાં આવવાનું નક્કી કર્યું. આ યાત્રા મુશ્કેલ હતી. સેના દરેક પગલા પર જોખમ ઊભા કરી રહી હતી. ભારતની બોર્ડરમાં આ પ્રકારે છુપાઈને પ્રવેશ કરવો પણ જોખમ ભર્યો હતો. પરંતુ તેની પાસે બીજો કોઈ વિકલ્પ પણ નહોતો. પેંગે તેની મોટાભાગની યાત્રા રાતના અંધારામાં પસાર કરી હતી. રોઇટર્સ સાથે વાત કરતી વખતે પેંગને અનુવાદકની જરૂર હતી. રોઇટર્સે તેના પોલીસ અને રાષ્ટ્રીય આઈકાર્ડ જોયા પછી તેના નામની પુષ્ટિ કરી છે. પેંગે કહ્યું કે આ ઉપરાંત, છ વધુ સૈનિકોએ પણ ૨૭ ફેબ્રુઆરીના રોજ તેમના અધિકારીના ફાયરિંગના આદેશને સ્વીકારવાનો ઈન્કાર કર્યો હતો. જોકે, તેમણે તેઓનું નામ લીધું નથી.

પોલીસના સરપ્રાઈઝ દરોડાના એક દિવસ પછી કોર્ટે મેહમૂદ પ્રાચા સામે સર્ચ વોરંટના અમલ સામે સ્ટે મૂક્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

દિલ્હીની કોર્ટે વકીલ મેહમૂદ પ્રાચા સામે દિલ્હી પોલીસ દ્વારા જારી કરાયેલ સર્ચ વોરંટના અમલીકરણ ઉપર સ્ટે મૂક્યો છે. પ્રાચા ઉત્તર-પૂર્વ દિલ્હીમાં થયેલ રમખાણોના પીડિતો અને આરોપીઓના કેસો લડી રહ્યા છે. પ્રાચાની ઓફિસ ઉપર ૯મી માર્ચે દિલ્હી પોલીસના સ્પે. સેલના લગભગ ૧૦૦ જેટલા અધિકારીઓ-કર્મચારીઓ ત્રાટક્યા હતા. વકીલે દરોડાઓના સમય અંગે પ્રશ્ન કર્યો હતો. એમણે કહ્યું કે, પોલીસને ખબર હતી કે, હું કોર્ટમાં છું અને જે અધિકારીએ તપાસ માટે સર્ચ વોરંટનો આદેશ આપ્યો હતો એમની જ ઉલટ તપાસ રમખાણોના કેસ સંદર્ભે કરવાનો હતો. પ્રાચાએ કહ્યું કે, વોરંટમાં બે અઠવાડિયાનો સમય જણાવેલ હતો પણ પોલીસે રાહ જોયા વિના તાત્કાલિક અમલ શરૂ કર્યું. એમણે જણાવ્યું કે, મેં આ માટે ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ સમક્ષ ફરિયાદ આપી હતી. કોર્ટે નાયબ પોલીસ કમિશનરને સવારે ૧૦:૩૦ વાગ્યે બોલાવ્યા હતા અને એ સાથે વોરંટના અમલીકરણ ઉપર સ્ટે આપ્યો હતો.

જમિઅત ઉલમા-એ-હિન્દના પ્રમુખ તરીકે અરશદ મદની ચૂંટાયા

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

મૌલાના અરશદ મદની મંગળવારે નવી દિલ્હીમાં સંસ્થાની કાર્યકર સમિતિની બેઠક દરમિયાન સતત સાતમી વખત જમિઅત ઉલમા-એ-હિન્દના પ્રમુખ તરીકે ચૂંટાયા છે. તમામ રાજ્યોના એકમોએ એક મત થઈને મદની સાહેબની આ પદ માટે ભલામણ કરી હતી. પેટા કાયદા અનુસાર, જમિઅત ઉલમા-એ-હિન્દ દર બે વર્ષના અંતરાલે સભ્યપદ માટેનું અભિયાન યોજે છે. ચૂંટાયા બાદ અરશદ મદની સાહેબે કાયદો-વ્યવસ્થાની બગડતી સ્થિતિ અંગે તેમજ બીજા રાષ્ટ્રીય અને સામાજિક મુદ્દાઓ ખાસ કરીને શિક્ષણ અને મુસ્લિમોના શૈક્ષણિક પછાતપણા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. મદની સાહેબે કહ્યું હતું કે, શિષ્યવૃત્તિની જરૂરત અને મહત્ત્વ ખૂબ જ વધારે છે. જેનાથી મહેનતુ બાળકોનું ભાવિ ઉજ્જવળ થઈ શકે છે. દેશભરમાં હાલમાં જ શરૂ થયેલ ધાર્મિક અને વૈચારિક ઘર્ષણનો મુકાબલો કોઈ હથિયાર અથવા તકનિક દ્વારા થઈ શકતો નથી. આનો મુકાબલો તો ફક્ત ઉચ્ચ શિક્ષણ મેળવીને જ કરી શકાય અને તેના દ્વારા સફળતા અને સમૃદ્ધિના સિમાચિહ્નો પાર કરી શકાય છે. 'આ વર્ષે શિષ્યવૃત્તિ માટે ૧૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. પસંદ કરાયેલા ૬૦૦માંથી ૫૦૦ વિદ્યાર્થીઓએ સ્કોલરશીપ મેળવી લીધી છે,' એમ મદની સાહેબે કહ્યું હતું. જમિઅતે શરૂઆતથી જ શાળાઓ અને મદ્રેસાઓની સ્થાપના દ્વારા શિક્ષણને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. ગત ટર્મમાં જમિઅતના સભ્યોની સંખ્યા ૧૫ મિલિયન હતી, જેના વિશે આ વર્ષે સંખ્યામાં વધારો થવાની પ્રબળ સંભાવના છે.

મુઝફ્ફરનગર રમખાણ કેસ : ભાજપના ધારાસભ્ય સંગીત સોમની વિરૂદ્ધ કેસ બંધ

(એજન્સી) તા.૧૦

ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગરમાં વર્ષ ૨૦૧૩માં સાંપ્રદાયિક રમખાણો પહેલાં સોશિયલ મીડિયા પર ઉશ્કેરણીજનક વીડિયો અપલોડ કરવાના મામલામાં એક વિશેષ અદાલતે ભાજપ ધારાસભ્ય સંગીત સોમની વિરૂદ્ધ ઉત્તરપ્રદેશ પોલીસની વિશેષ તપાસ ટીમનો ક્લોઝર રિપોર્ટ સ્વીકારી લીધો છે. સમાચાર મુજબ વિશેષ ન્યાયાધીશ રામ સુધ સિંહે સોમવારે જારી આદેશમાં એસઆઈટીનો ક્લોઝર રિપોર્ટ સ્વીકાર કરતા જણાવ્યું કે મામલામાં ફરિયાદકર્તા નિરીક્ષક સુરોધ કુમારનું મૃત્યુ થઈ ગયું અને ક્લોઝર રિપોર્ટની વિરૂદ્ધ વાંધો દાખલ કરવામાં આવ્યો નથી. વર્ષ ૨૦૧૮માં બુલંદશહેરમાં ગૌહત્યાના આરોપો પછી મોબલિંચિંગ દરમ્યાન કુમારનું મોત થયું હતું. ફરિયાદ મુજબ એસઆઈટીએ અદાલતમાં એક ક્લોઝર રિપોર્ટ દાખલ કરી જણાવ્યું કે સરધાનાના ધારાસભ્ય સોમની વિરૂદ્ધ કોઈ સાક્ષી મળ્યા નથી.

કેરળની વિધાનસભા ચૂંટણી પૂર્વે જ PC ચાકોનું રાજીનામું, કહ્યું - કોંગ્રેસમાં લોકશાહી રહી જ નથી

પીસી ચાકોએ કહ્યું કે, મને નથી લાગતું આ અન્ય રાજ્યમાં પ્રબળ હશે. મેં હાઈ કમાન્ડને હસ્તક્ષેપની માંગ કરી હતી, પરંતુ તેનો કોઈ ફાયદો થયો ન હતો, જ્યારે અમે ૪૦-૫૦ વર્ષ પૂર્વે કોંગ્રેસમાં સામેલ થયા હતા તે કોંગ્રેસ હવે નથી રહી

(એજન્સી) તા.૧૦

કેરળ કોંગ્રેસના મજબૂત નેતા પીસી ચાકોએ પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું છે. રાજીનામામાં તેમણે પાર્ટીમાં જૂથવાદનો આરોપ લગાવ્યો છે. તેમણે કહ્યું કે પાર્ટીની અંદર જૂથવાદનું વર્ચસ્વ છે. તેની સામે ઘણી વખત ઉભા થયા. પરંતુ કોઈએ ધ્યાન આપ્યું નહીં. કેરળ કોંગ્રેસમાં બાબતો બરાબર નથી તે સ્વતંત્ર રીતે કામ કરી શકતા નથી.

કેરળ કોંગ્રેસમાં ઉમેદવારોનાં નામ ફક્ત ઓમાન ચાંડી અને રમેશ ચેનિતાલા દ્વારા જ નક્કી કરાયાં હતાં.સમિતિને ઉમેદવારોને નામ આપવામાં આવ્યાં નથી.નામો ફક્ત ઓમોન ચાંડી અને રમેશ ચેનીતાલા જ નક્કી કરે છે. કેરળમાં માત્ર કોંગ્રેસ નથી. પરંતુ કેરળમાં ગ્રુપ એ અને ગ્રુપ આઈ છે. અહીં માત્ર કેરળના ટોચના નેતાઓ જ નિર્ણય લે છે ઉમેદવારોની પસંદગી માટે રચાયેલી સમિતિનો કોઈ અર્થ નથી. હું સતત ટોચની નેતાગીરીને અનુરોધ કરી રહ્યો છે કે હું ચૂંટણી સમિતિનો સભ્ય છે. પરંતુ પેનલમાંથી પસાર થયેલા ઉમેદવારોના નામ માત્ર ઓમન ચાંડી અને સી રમેશ જ જાણે છે કે કયા ઉમેદવારોને ટિકિટ મળશે.

પીસી ચાકોએ કહ્યું કે મને નથી લાગતું આ અન્ય રાજ્યમાં પ્રબળ હશે. મે હાઈ કમાન્ડને હસ્તક્ષેપની માંગ કરી હતી. પરંતુ તેનો કોઈ ફાયદો થયો ન હતો. જ્યારે અમે ૪૦-૫૦ વર્ષ પૂર્વે કોંગ્રેસમાં સામેલ થયા હતા તે કોંગ્રેસ હવે નથી રહી. જે રીતે કોંગ્રેસમાં જુથવાદને લઈને કોંગ્રેસ હાઈકમાન્ડ મૌન છે તેને શું કહેવું. તેના લીધે આગળ હવે ખોટું થવાની શક્યતા છે.

કેરળમાં ભાજપનો કોઈ ફાયદો નહીં થાય. ૧-૨ બેઠકો અલગ નહીં થાય, કમનસીબે કોંગ્રેસ ડાબેરીઓ સામે લડી રહી છે. જ્યારે રાહુલ ગાંધીએ વાયનાડમાં ડાબેરીઓ સામે લડવાનું નક્કી કર્યું, ત્યારે હું તેમની પાસે પુનર્વિચારણા કરવા તેમની પાસે ગયો અને કહ્યું કે ડાબેરીઓ અને કોંગ્રેસ વૈચારિક રીતે સમાન છે.

ચાકોએ પોતાનું રાજીનામું પાર્ટીના વચગાળાના અધ્યક્ષ સોનિયા ગાંધીને મોકલી આપ્યું છે. ચાકોએ કહ્યું હતું કે, કેરળમાં પાર્ટી બે ભાગમાં વહેંચાઈ ગઈ છે. તેઓ હાઈકમાન્ડને આ મામલે દખલ દેવાનું કહી કહીને થાકી ગયા. ચાકોએ એવો પણ આરોપ લગાવ્યો હતો કે, કેરળ કોંગ્રેસમાં જે કંઈ પણ ઘટી રહ્યું છે તે બધુ જ હાઈકમાંડ મૌન બનીને જોઈ રહ્યો છે.

એન્ટિલિયા વિસ્ફોટક કાર કેસ : પોલીસ ઓફિસર વાઝેએ ૫મી ફેબ્રુઆરી સુધી આ વ્હીકલ વાપર્યું હોવાનો મનસુખ હિરેનના પત્નીનો દાવો

વિમલા હિરેનનો આરોપ છે કે, વાઝેએ મનસુખને આ કેસમાં પકડાઈ જવાનું અને થોડા દિવસોમાં જામીન પર છોડી દેવામાં આવશે તેમ કહ્યું હતું, આ મર્ડરમાં વાઝેની સંડોવણી હોવાની શંકા વ્યક્ત કરી

(એજન્સી) મુંબઈ, તા.૧૦

મુંબઈમાં કાલવા ક્રીકમાંથી તાજેતરમાં જેનો મૃતદેહ રહસ્યમય અવસ્થામાં મળ્યો હતો, તે મનસુખ હિરેનના પત્ની વિમલા હિરેને મહારાષ્ટ્ર એટીએસ સમક્ષ કરેલાં નિવેદનમાં એવો આરોપ મૂક્યો છે કે, આસિસ્ટન્ટ પોલીસ ઈન્સ્પેક્ટર સચિન વાઝેએ તેમની સ્કોર્પિયો કારનો પાંચમી ફેબ્રુઆરી સુધી ઉપયોગ કર્યો હતો. આ સ્કોર્પિયો કાર રિલાયન્સના ચેરમેન મુકેશ અંબાણીના ઘર આગળ પાર્ક કરેલી મળી આવી હતી જેમાં જિલેટીન સ્ટીક જેવી વિસ્ફોટક સામગ્રી હતી. તેમણે વધુમાં આરોપ મૂક્યો હતો કે, વાઝેએ તેમના પતિને એવું કહ્યું હતું કે, આ કેસમાં તે અરેસ્ટ થઈ જાય પછી તેને થોડા દિવસ બાદ જામીન પર છોડી દેવામાં આવશે.

પોતાના નિવેદનમાં વિમલાએ કહ્યું કે, તેમને શંકા છે કે, મનસુખના મર્ડરમાં વાઝે સંડોવાયેલો છે. હિરેનની ચોરાયેલી સ્કોર્પિયો જિલેટિન સ્ટીક સાથે ગયા મહિને એન્ટિલિયા સામે પાર્ક કરાયેલી મળી આવી હતી. તપાસ દરમિયાન, હિરેને આક્ષેપ મૂક્યો હતો કે, તેની કાર ૧૭મી ફેબ્રુઆરીએ વિક્રોલીમાં ચોરાઈ ગઈ હતી. તેનું સ્ટિયરિંગ વ્હીલ જામ થઈ જતાં તેણે ત્યાં મૂકી રાખી હતી. વાઝ આ કેસમાં તપાસ કરી રહ્યા હતા. તેમને હટાવીને એસીપી નિતિમ અલાખનુરને છઠ્ઠી માર્ચે મૂકવામાં આવ્યા હતા. હિરેનના પરિવારજનોએ તેઓ ગુમ થયા હોવા અંગેની ફરિયાદ કીર તેના થોડા કલાકોમાં રેતી બંદર નજીક કાલવા ક્રીકમાંથી તેમનો મૃતદેહ મળી આવ્યો હતો. આ કેસ હવે એનઆઈએએ હાથમાં લઈ લીધો છે. એટીએસને આપેલા પોતાના નિવેદનમાં વિમલાએ કહ્યું હતું કે, તેના પતિ વાઝેને ઓળખતા હતા. વિમલાએ કહ્યું કે, ૨૬, ૨૭ અને ૨૮મી ફેબ્રુઆરીના રોજ વાઝે સાથે તેમના પતિ હતા. ૨ માર્ચે મને તેમણે કહ્યું હતું કે, તે વાઝે સાથે એડવોકેટ ગિરીને મળવા માટે જઈ રહ્યા છે. પાછળથી મનસુખે કહ્યું હતું કે, મીડિયા તેમને હેરાન કરી રહ્યા હોવાથી તેની ફરિયાદ પણ કરવી છે અને તે મુખ્યમંત્રી, ગૃહમંત્રી સુધી પહોંચાડવી છે. વિમલાએ કહ્યું હતું, જ્યારે મેં હિરેનને પૂછ્યું કે, પોલીસ તેમને હેરાન કરી રહી છે કે, શું, ત્યારે તેમણે મને નકારમાં જવાબ આપ્યો હતો. ઘરમાં પણ તેઓના ચહેરા પર કોઈ સ્ટ્રેસ દેખાતું નહોતું. મનસુખ કાયમ મને એમ કહેતા રહેતા કે, વાઝે તેમને અરેસ્ટ થઈ જવા માટે કહે છે. અરેસ્ટ થયા પછી થોડા દિવસ બાદ તેમને જામીન પર છોડી દેવાશે. મેં તેમને કહ્યું હતું કે, આ કેસમાં અરેસ્ટ થવાની જરૂર નથી. આપણે કોઈની સલાહ લઈશું. આ તબક્કે તે ટેન્શનમાં દેખાયા હતા. હિરેને તે પછી વિમલાનો મોબાઈલ લીધો હતો અને તેના ભાઈની પત્ની અને વિનોદ સાથે વાત કરી હતી. વિનોદે કહ્યું હતું કે, તેણે એક વકીલ પાસેથી આગોતરા જામીન માટે વ્યવસ્થા કરી લીધી છે. જો કે, તે પછી વિનોદે કહ્યું હતું કે, આ કેસમાં હિરેનને આરોપી બતાવાયા નથી એટલે જામીન માટે અરજી કરી શકાય નહીં. ચોથી માર્ચે હિરેન રાતે ઘરની બહાર ગયા હતા. તેમણે કહ્યું હતું કે, તે કાંદિવલી પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર તાવડેને મળવા માટે જાય છે. ૧૧ વાગ્યે મેં તેમને ફોન કર્યો હતો પણ તેમણે ઊઠાવ્યો નહોતો. હિરેનના પુત્ર મિતે વાઝેને ફોન કર્યો હતો. વાઝેએ કહ્યું હતું કે, હિરેન મને મળ્યા વિના કોઈ પોલીસ એજન્સીને મળવા ગયો નથી, તે મને કહ્યા વિના બીજા પોલીસને કેવી રીતે મળવા ગયો તેમ વિમલાએ નિવેદનમાં કહ્યું હતું.

બીજા દિવસે વિમલાએ નૌપાડા પોલીસ સ્ટેશનમાં મનસુખ હિરેનના ગુમ થવા અંગે ફરિયાદ નોંધાવી હતી. થોડા કલાકોમાં મુંબ્રા પોલીસને હિરેનનું શબ મળી આવ્યું હતું.

વિમલાએ પતિના મર્ડરનો આરોપ મૂક્યા પછી વાઝેની ટ્રાન્સફર

(એજન્સી) મુંબઈ, તા.૧૦

મહારાષ્ટ્ર સરકારે બુધવારે આસિસ્ટન્ટ પોલીસ ઈન્સ્પેક્ટર સચિન વાઝને મુંબઈ ક્રાન્ચમાંથી ખસેડી લીધા હતા. વિમલા હિરેને મૂકેલા ગંભીર આરોપ પછી તેમની ટ્રાન્સફર કરી નાખવામાં આવી હતી. 'પોલીસ ઓફિસર સચિન વાઝને હાલની તેમની પોસ્ટ પરથી દૂર કરાયા છે. જ્યાં સુધી તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી તેમને આ પદ પર મૂકાશે નહીં. હું આ નિર્ણય વિપક્ષોએ કરેલી માગણી પછી કરી રહ્યો છું. અમે વાઝે સામે યોગ્ય પગલાં લઈશું અને તેમની સંડોવણી અંગે તપાસ કરીશું, તેમ,' મહારાષ્ટ્રના ગૃહમંત્રી અનિલ દેશમુખે રાજ્ય વિધાનસભામાં કહ્યું હતું.

લક્ઝરી બસ વિવાદ : સ્વિડીશ મીડિયા રિપોર્ટમાં સોદાબાજીમાં ગડકરીના પરિવારની સંડોવણી

જર્મન વ્હીકલ મેન્યુફેક્ચર ફોક્સ વેગન કે જે સ્કેનિયાની માલિક કંપની છે તેણે ભારતમાં કોન્ટ્રાક્ટ મળે તે માટે એક લક્ઝરી બસ ગિફ્ટમાં આપી હતી : સ્વિડીશ ન્યૂઝ ચેનલ SVT

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

સ્વિડીશ બસ બનાવતી કંપની સ્કેનિયા અને એક અજાણી ભારતીય કંપની વચ્ચે થયેલા સોદામાં સ્વિડીશ મીડિયા ઈન્વેસ્ટીગેશને કેટલાક સવાલો ઊઠાવતાં હલચલ મચી ગઈ છે. આ ભારતીય કંપની કેન્દ્રીય ટ્રાન્સપોર્ટ મંત્રી નીતિન ગડકરીના નજીકના સંબંધીની છે. મીડિયા રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણે, આ કથિત ટ્રાન્ઝેક્શન, પ્રથમ સ્કેનિયા કંપનીની આંતરિક તપાસમાં બહાર આવ્યું હતું. '૨૦૧૭ના વર્ષના અંતમાં, સ્કેનિયાના ઓડિટરોએ શોધી કાઢ્યું હતું કે, સ્કેનિયા કંપનીએ ભારતના ટ્રાન્સપોર્ટ મિનિસ્ટર માટે એક સ્પેશિયલી ડિઝાઈન લક્ઝરી બસ ગિફ્ટ તરીકે પૂરી પાડી હતી. રિપોર્ટ પ્રમાણે, સૂત્રોએ જર્મન વ્હીકલ મેન્યુફેક્ચર ફોક્સ વેગન કે જે સ્કેનિયાની માલિક કંપની છે તેણે ભારતમાં કોન્ટ્રાક્ટ મળે તે માટે એક લક્ઝરી બસ ગિફ્ટમાં આપી હતી,' તેમ સ્વિડીશ ન્યૂઝ ચેનલ એસવીટીમાં જણાવ્યું છે. જર્મન બ્રોડકાસ્ટર ઝેડડીએફ સાથે મળીને આ ઈન્વેસ્ટીગેશન રિપોર્ટ પ્રસિદ્ધ કરાયો છે. એસવીટી રિપોર્ટ પ્રમાણે, ગડકરીનો એપિસોડ ૨૦૧૬ના અંતમાં બન્યો હતો જ્યારે સ્કેનિયાના રિસેલર કે ડીલર દ્વારા લક્ઝરી બસ આપવામાં આવી હતી. તેના બદલામાં ગડકરીના પુત્રની કંપનીને બસ વેચવાનો કોન્ટ્રાક્ટ અપાયો હતો. આ બસનો ઉપયોગ મંત્રીની દીકરીના લગ્નમાં કરાયો હતો. આ રિપોર્ટને જો કે, ગડકરીના મંત્રાલયે મીડિયાની કલ્પના સમાન ગણાવ્યો છે. ૨૦૧૬માં આવેલા મીડિયા રિપોર્ટ પ્રમાણે ગડકરીની દીકરીના લગ્ન અત્યંત ધામધૂમથી થયા હતા અને તેમાં ૫૦ ચાર્ટર્ડ ફ્લાઈટ મહેમાનો માટે હાયર કરાયા હતા. આ દાવાને પણ મંત્રીના કાર્યાલયે પાયાવિહોણો ગણાવી કાઢ્યો હતો. ફોક્સ વેગનની ફાઈનાન્સ કંપની દ્વારા ફાઈનાન્સિંગ હેન્ડલ કરાયું હતું, તેમ એસવીટીના રિપોર્ટમાં દાવો કરાયો છે. સ્કેનિયાના સીઈઓને ટાંકીને તેમાં લખાયું છે કે, ગડકરી જેની સાથે સંકળાયેલા છે તે કંપનીએ આ લક્ઝરી બસ માટે કોઈ ચૂકવણી કરી નહોતી. રિપોર્ટ પ્રમાણે આ બસ કોણે ખરીદી, તેના માલિક કોણ છે અને તેના માટે કેટલા પૈસા ચૂકવાયા તેના અંગે કોઈ સ્પષ્ટતા નથી. જ્યારે એસવીટી અને ઝેડડીએફે આ અંગે સ્કેનિયાને સવાલ કર્યો ત્યારે તેની પાસે કોઈ સ્પષ્ટ જવાબ નહોતો. આ અંગેનો રિપોર્ટ અંગ્રેજી વેબ પોર્ટલ વાયર દ્વારા પ્રસિદ્ધ કરાયો હતો. ધ વાયરે ગડકરીના મંત્રાલયને આ અંગે કેટલાક સવાલો મોકલ્યા હતા જેને તેમણે ખોટા, ઉપજાવી કાઢેલા અને પાયાવિહોણા ગણાવ્યા હતા. મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા એક નિવેદનમાં કહેવાયું હતું કે, શ્રી ગડકરી અને તેમના પરિવારના સભ્યોને આ બસની ખરીદી સાથે કોઈ લેવા-દેવા નથી, ના તો તેમની કોઈ કંપનીએ આ બસની ખરીદી કરી છે. નાગપુરમાં સ્કેનિયાની બનાવટની ઈથેનોલ આધારિત બસ ગડકરીએ રજૂ કરી છે. ભારતમાં ગ્રીન ટ્રાન્સપોર્ટના ભાગરૂપે આ બસ ચાલુ કરાઈ હતી. તેમણે નાગપુર મ્યુનિસિપલ કોર્પોરેશનને આ અંગેનો પાયલોટ પ્રોજેક્ટ કરવા માટે પ્રોત્સાહન આપ્યું હતું. સ્કેનિયાની બસો તે પછી નાગપુરમાં ફરતી થઈ હતી. નાગપુર પાલિકા અને સ્વિડીશ બસ મેન્યુફેક્ચર્સ વચ્ચેનો એ સોદો બિલકુલ કોમર્શિયલ હતો અને તેને શ્રી ગડકરી કે તેમના પરિવાર સાથે કોઈ લેવા-દેવા નથી, તેમ ટ્રાન્સપોર્ટ મંત્રાલયના નિવેદનમાં જણાવાયું છે.

અવિશ્વાસ પ્રસ્તાવના પક્ષમાં ૩૨ અને વિરોધમાં ૫૫ મત પડ્યા

ખેડૂતોના આંદોલન અને કોંગ્રેસની લડત છતાં હરિયાણામાં ભાજપે વિશ્વાસ મત મેળવ્યો

(એજન્સી) ચંડીગઢ, તા.૧૦

મનોહરલાલ ખટ્ટર સરકારે અવિશ્વાસ પ્રસ્તાવ પર થયેલા મતદાનમાં હરિયાણા વિધાનસભામાં જીત હાસિલ કરી છે. અવિશ્વાસ પ્રસ્તાવના પક્ષમાં ૩૨ અને વિરોધમાં ૫૫ મત પડ્યા છે. મહત્ત્વનું છે કે વિધાનસભામાં કોંગ્રેસના ૩૦ ધારાસભ્યો છે.

વોટિંગ પહેલા અવિશ્વાસ પ્રસ્તાવ પર બોલતા મુખ્યમંત્રી મનોહર લાલ ખટ્ટરે કહ્યું કે, આ પ્રસ્તાવ લાવવા માટે કોંગ્રેસનો આભાર. કોંગ્રેસની મૃગતૃષ્ણા ક્યારેય પૂરી નહીં થાય.

ખટ્ટરે કહ્યું, નો કોન્ફિડેન્શ કોંગ્રેસની સંસ્કૃતિ છે. જ્યારે પાર્ટી ચૂંટણી હારી જાય તો તેને ઈવીએમ પર વિશ્વાસ થતો નથી. સર્જિકલ સ્ટ્રાઈકના પૂરાવા માંગે છે. જો કોંગ્રેસ સત્તામાં રહે છે તો બધુ બરાબર છે, પરંતુ ભાજપ સત્તામાં છે તો નહીં.

તો હરિયાણાના નાયબ મુખ્યમંત્રી દુષ્યંત ચૌટાલાએ વિધાનસભામાં કહ્યું, ૧૦ વર્ષથી નારો લાગ્યો કે હુડ્ડા તેરે રાજમાં કિસાનની જમીન ગઈ વ્યાજ મેં. છેલ્લા એક વર્ષમાં અમે ૩૦૦૦૦ હજાર કરોડ રૂપિયાના પાક એમએસપી પર ખરીદ્યા છે. તે માટે અમે ૧૮૦૦ ખરીદ કેન્દ્ર બનાવ્યા હતા.

તેમણે કહ્યું કે, આ વખતે પણ પ્રત્યેકને વિશ્વાસ અપાવીએ છીએ કે જ્યારે મંડીમાં તમારૂ ફોર્મ આવશે, તેના બે દિવસની અંદર તમારા ખાતામાં પૈસા પહોંચી જશે.

ભૂપેન્દ્રસિંહ હુડ્ડાએ બુધવારે સવારે હરિયાણા વિધાનસભામાં અવિશ્વાસ પ્રસ્તાવ રજૂ કર્યો, જેના પર સ્પીકરે પહેલા ૨ કલાક અને બાદમાં ૩ કલાક સુધી ચર્ચાની મંજૂરી આપી. આ દરમ્યાન ભૂપેન્દ્રસિંહ હુડ્ડાએ કહ્યું કે કૃષિ કાયદા વિરૂદ્ધ આંદોલનમાં દિલ્હીની સીમાઓ પર ૨૫૦થી વધુ ખેડૂતોનાં મોત થઈ ચૂક્યાં છે. સદનમાં તેમના નામ રજૂ કર્યાં પરંતુ મને સમાચાર પત્રોમાં તેમના નામ ના મળ્યાં. ભૂપેન્દ્ર હુડ્ડાએ કહ્યું કે મનોહરલાલ ખટ્ટર સરકાર પાસે બહુમત નથી, પરંતુ આ સરકાર જનનાયક જનતા પાર્ટી ઉપર ટકી છે. જે બાદ ભૂપેન્દ્રસિંહ હુડ્ડાએ અવિશ્વાસ પ્રસ્તાવ પર ગુપ્ત મતદાનની માંગ કરી હતી. ઉલ્લેખનીય છે કે કૃષિ કાયદા વિરૂદ્ધ પાછલા લાંબા સમયથી ચાલી રહેલા ખેડૂત આંદોલન વચ્ચે કોંગ્રેસે દાવો કર્યો હતો કે હરિયાણા સરકાર પાસે બહુમત નથી. વિપક્ષના નેતા અને પૂર્વ સીએમ ભૂપેન્દ્રસિંહ હુડ્ડાએ આરોપ લગાવ્યો હતો કે સીએમ મનોહરલાલ ખટ્ટર જનતા અને પોતાના ધારાસભ્યનો વિશ્વાસ ગુમાવી ચૂક્યા છે.

'રોમ જ્યારે ભડકે બળતું હતું' : અવિશ્વાસ દરખાસ્ત સમયે ચર્ચા કરતાં ભૂપિન્દર સિંહ હુડ્ડાનો કટાક્ષ : દસ મુદ્દા

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

કોંગ્રેસે આજે હરિયાણાની સરકાર સામે અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરી હતી. કોંગ્રેસે જણાવ્યું હતું કે, હરિયાણા સરકારે લોકોનો વિશ્વાસ ગુમાવી દીધો છે. કોંગ્રેસે આ વાતના પુરાવા રૂપે એક ઘટનાનો ઉલ્લેખ કર્યો હતો. જેમાં રાજ્યના મુખ્યમંત્રી મનોહર લાલ ખટ્ટરના હેલિકોપ્ટરને આંદોલન કરી રહેલા ખેડૂતો દ્વારા જમીન પર ઉતરવા દેવામાં આવ્યું ન હતું. રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના નેતા ભૂપિન્દર સિંહ હુડ્ડાએ જણાવ્યું હતું કે, હરિયાણાની ભાજપ નેતૃત્વવાળી એકમાત્રા સરકાર છે જેણે પોતાના અધિકારો માટે લડી રહેલા ખેડૂતો સામે બળપ્રયોગ કર્યો હતો. આ દરખાસ્ત એટલા માટે રજૂ કરવામાં આવી છે કે, રાજ્ય સરકારને એ વાતનું ભાન થાય કે, ત્રણ કૃષિ કાયદા પરત નહીં ખેંચવાથી લોકોમાં કેટલો રોષ અને સરકાર સામે અસંતોષ છે. આ સમાચાર સાથે જોડાયેલા દસ મુદ્દા નીચે મુજબ છે.

૧. હુડ્ડાએ જણાવ્યું હતું કે, જ્યારે રોમ ભડકે બળી રહ્યું હતું ત્યારે નીરો વાંસળી વગાડી રહ્યો હતો. ૨૬ જાન્યુઆરીના રોજ પાનીપતમાં મુખ્યમંત્રીને ધ્વજવંદન કરવા દેવામાં આવ્યું ન હતું. એક તરફ કૃષિ કાયદાઓ અંગે તેઓ કહે છે કે, આ કેન્દ્રીય કાયદાઓ છે અને બીજી તરફ કૃષિ રાજ્યના વિભાગ હેઠળ આવે છે.

૨. ભાજપે માગ કરી હતી કે, કોંગ્રેસ એ વાતની સાબિતી આપે કે, હરિયાણા સરકારે ખેડૂતો સામે બળ પ્રયોગ કર્યો હોય.

૩. કોંગ્રેસના વરિષ્ઠ નેતા રઘુવીર સિંહે જણાવ્યું હતું કે, આ અવિશ્વાસની દરખાસ્તને આધારે એ વાત પુરવાર થઈ ગઈ છે કે, કોણ ખેડૂતો સાથે છે અને કોણ નથી.

૪. સિંહે જણાવ્યું હતું કે, ભાજપે જેજેપી સાથે જોડાણ કર્યું પણ વર્ષ ૨૦૧૯ની વિધાનસભા ચૂંટણીમાં આ લોકો છેતરપિંડીના આરોપ લગાવી ભાજપ સામે જ ચૂંટણી લડયા હતા. ચૌધરી દેવી લાલ આખું જીવન ખેડૂતો માટે લડયા હતા ત્યારે જેજેપીના નેતાઓએ પોતાની અંતરઆત્માને સવાલ પૂછવો જોઈએ.

૫. જેજેપીના વરિષ્ઠ નેતા ઈશ્વર સિંહે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે ખેડૂતોના કલ્યાણ માટે ઘણાં પગલાં ભર્યા છે. ઘણી યોજનાઓ લાગુ કરી છે.

૬. હરિયાણામાં વિધાનસભાની ૯૦ બેઠકો છે. જે પૈકી ૪૦ બેઠકો ભાજપ પાસે છે. જ્યારે તેને જેજેપીના દસ અને પાંચ અપક્ષ ધારાસભ્યોનું સમર્થન છે.

૭. મુખ્યમંત્રી મનોહર લાલ ખટ્ટરે જણાવ્યું હતું કે, મને લોકો પર સંપૂર્ણ વિશ્વાસ છે.

૮. કોંગ્રેસની આ દરખાસ્તને કારણે જેજેપીના ધારાસભ્યો પર દબાણ પેદા થયું હતું.

૯. અત્રે ઉલ્લેખનિય છે કે, ગત નવેમ્બરમાં જ્યારે ખેડૂતોએ દિલ્હી તરફ કૂચ કરી ત્યારે મનોહર લાલ ખટ્ટર સરકાર ધરતીપુત્રો પર તૂટી પડી હતી.

૧૦. ખેડૂતો કેન્દ્ર દ્વારા પસાર કરવામાં આવેલા ત્રણ કૃષિ કાયદા વિરૂદ્ધ દેખાવો કરી રહ્યાં છે.

સ્થિતિ સુધરવા છતાં કોરોનાના કારણે ભારતીય અર્થતંત્રને જોરદાર ફટકો પડવાની OECDના નવા અહેવાલમાં આગાહી

● અમેરિકાએ જાહેર કરેલા કોરોના આર્થિક પેકેજ અને રસીકરણમાં ઝડપને કારણે આર્થિક રેટિંગ સુધારી GDPમાં વધારો થવાની આગાહી કરાઈ ● વર્ષ ૨૦૨૧માં ઝડપથી ગતિ પામનારા અર્થતંત્રમાં ભલે ભારતના સમાવેશનો દાવો કરાતો હોય પણ મોદી સરકાર પર નક્કર આર્થિક સુધારા લાગુ કરવા અને લોકડાઉનને કારણે થયેલા આર્થિક નુકસાનની ભરપાઈ કરવાની જવાબદારી : OECD

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

કોરોના મહામારી અને તેની સામેની લડત માટે લગાવાયેલા નિયંત્રણોના કારણે સૌથી ભૂંડી રીતે અર્થતંત્ર પર થયેલી અસરો પૈકીના દેશોમાં ભારતનો પણ સમાવેશ થાય છે, એમ ઓર્ગેનાઈઝેશન ફોર ઈકોનોમિક કો-ઓપરેશન એન્ડ ડેવલોપમેન્ટે જણાવ્યું હતું. ઓઈસીડી ઈકોનોમિક આઉટલૂક, એન્ટરીમ રિપોર્ટ માર્ચ ૨૦૨૧ના ભાગ મુજબ જાહેર થયેલા આંકડા અનુસાર આગાહી કરવામાં આવી હતી કે, વર્ષ ૨૦૨૧ના ચોથા ત્રિમાસિકમાં ભારતીય અર્થતંત્રની જીડીપી ૭.૮ ટકા રહેશે, જે મહામારી અગાઉ સંસ્થા દ્વારા કરવામાં આવેલ આગાહી કરતા ઓછો દર છે. જો કે યુરોપિયન યુનિયન માટે આ દરમાં સુધારો કરી -૩.૮ ટકા અને ચીન માટે -૧ ટકાની આગાહી કરવામાં આવી હતી. જ્યારે અમેરિકા માટે અગાઉ જણાવાયેલ દરમાં ૦.૨ ટકાનો વધારો કરવામાં આવ્યો હતો. આ અહેવાલમાં એ વાતની નોંધ લેવામાં આવી હતી કે, અમેરિકામાં બહાર પાડવામાં આવેલ આર્થિક પેકેજ, રસીકરણમાં ગતિને કારણે જીડીપીમાં ઝડપી સુધારો અને વધારો થયો છે. અમેરિકામાં આ વર્ષે જીડીપીમાં ત્રણ ટકાનો વધારો થવાની આગાહી કરવામાં આવી હતી. ઓઈસીડીના આર્થિક અહેવાલમાં જણાવાયું હતું કે, વર્ષ ૨૦૨૧માં ભારત ઝડપી વિકાસ કરનારૂ અર્થતંત્ર હોઈ શકે, તેવી આગાહી કરવા છતાં આર્થિક રીતે ભારતને પીછેહઠ કરવી પડે તેમ છે. જે માટે કોરોનાનું કારણ જણાવાયું હતું. અહેવાલમાં જણાવાયું હતું કે, વર્ષ ૨૦૨૦માં અપેક્ષિત જીડીપીમાં ૭.૪ ટકાનો ઘટાડો થયો હતો. જેના પરિણામે વર્ષ ૨૦૨૧ના ચોથા ત્રિમાસિકમાં પણ ભારતનું અર્થતંત્ર સંકોચાશે. બીજી તરફ કેન્દ્ર સરકાર દાવો કરી રહી છે કે, લોકડાઉન દૂર કર્યા બાદથી ભારતનું અર્થતંત્ર ઝડપથી વિકાસ કરી રહ્યું છે. નિષ્ણાતોએ ચેતવણી આપી હતી કે, ભારતે કોરોના પહેલાની સ્થિતિ પેદા કરવા નક્કર પગલાં ભરવા પડશે. તેમજ ભારત સરકાર પર લોકડાઉનને કારણે થયેલા આર્થિક નુકસાનની ભરપાઈ કરવાની પણ જવાબદારી છે.

જાહેર સ્થળો પરથી 'સ્મોકિંગ ઝોન' દૂર કરવા ડૉક્ટરો, રેસ્ટોરન્ટ માલિકોની સરકારને અપીલ

ધૂમ્રપાન કરનારાઓને કોરોના થવાનું જોખમ વધુ હોય છે તેમજ આવા ઝોનના કારણે કોવિડ-૧૯નો ફેલાવો થાય છે : કેન્સર સર્જન ડૉક્ટર ચતુર્વેદી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

ડૉક્ટરોના જૂથ, કેન્સર પીડિતો અને રેસ્ટોરન્ટ માલિકોએ પરોક્ષ ધૂમ્રપાન અંગે ચિંતા વ્યક્ત કરી કેન્દ્ર સરકારને અનુરોધ કર્યો હતો કે, જાહેર સ્થળો પરથી ધૂમ્રપાન ઝોન દૂર કરવામાં આવે. સિગારેટ અને અન્ય તમ્બાકુ ઉત્પાદનો એક્ટ સીઓટીપીએ ૨૦૦૩ મુજબ તમામ જાહેર સ્થળો પર સ્મોકિંગ કરવા પર મનાઈ છે. જો કે, રેસ્ટોરન્ટ, હોટલો, એરપોર્ટ સહિત અન્ય કેટલાક જાહેર સ્થળો પર ધૂમ્રપાનને મંજૂરી છે. 'નો સ્મોકિંગ ડે' પ્રસંગે એવો વિચાર રજૂ કરવામાં આવ્યો હતો કે, દેશને ૧૦૦ ટકા સ્મોક-ફ્રી બનાવવામાં આવે. તેમજ કોરોના વાયરસને ફેલાતો અટકાવવા તપાસવામાં આવે. ટાટા મેમોરિયલ હોસ્પિટલના ગળાના કેન્સરના સર્જન ડૉક્ટર પંકજ ચતુર્વેદીએ જણાવ્યું હતું કે, એ વાતના પુરાવા વધી રહ્યા છે કે, ધૂમ્રપાનથી કોરોનાનું જોખમ રહે છે. ધૂમ્રપાનને કારણે ફેફસા નબળા પડવાથી રોગપ્રતિકારક શક્તિ ઘટે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ધૂમ્રપાનની કુટેવ ધરાવતાં જે લોકો કોરોના પોઝિટિવ જાહેર થાય છે, તેવા લોકોની સ્થિતિ વધુ ગંભીર હોય છે અને તેમના મૃત્યુ થવાની શક્યતા પણ વધી જાય છે. ડોક્ટર ચતુર્વેદીએ જણાવ્યું હતું કે, હોટલો, રેસ્ટોરન્ટો અને એરપોર્ટ પર ધૂમ્રપાન પર પ્રતિબંધ હોવો જોઈએ. સામાન્ય રીતે એવું જોવા મળે છે કે, આવા ઝોન્સ સીઓટીપીએનું પાલન કરતાં નથી. તેઓ લોકોને જોખમમાં મૂકે છે. પરોક્ષ ધૂમ્રપાનને કારણે હજારો લોકોના જીવન જોખમમાં મૂકાય છે. પરોક્ષ ધૂમ્રપાન પીડિત અને આરોગ્ય કાર્યકર નલિનિ સત્યનારાયણે આ વાત સાથે સંમતિ દર્શાવી હતી. હેલ્થ એસોસિએશન ઓફ ઈન્ડિયાના સ્વંયસેવક બિનોય મેથ્યુએ જણાવ્યું હતું કે, ધૂમ્રપાન ઝોન કોરોના ફેલાવે છે. કેમ કે, ધૂમ્રપાન કરતી સમયે સ્મોકરો માસ્ક પહેરતા નથી તેમજ કોરોનાના નિયમોનું પાલન કરતાં નથી. વર્ષ ૨૦૨૦માં સરકારે સીઓપીટીએ સુધારાની પ્રક્રિયા શરૂ કરી નવું બિલ રજૂ કર્યું હતું.

૧૩ માર્ચે ખેડૂત નેતાઓની નંદીગ્રામમાં રેલી

અમારા કેટલાક ખેડૂત નેતાઓમાંથી અનેક લોકો આ રેલીમાં ભાગ લેવાના છે. ૧૧ માર્ચથી ૧૪ માર્ચ વચ્ચે અમે બંગાળમાં રહીશું. અહીં રાજ્યમાં અનેક કાર્યક્રમો અને રેલીઓ કરવામાં આવશે, અમે તમામમાં ભાગ લઈશું. આ ટિપ્પણી ભારતીય કિસાન યુનિયનના નેતા બલબીરસિંહ રાજેવાલે કરી હતી

(એજન્સી) તા.૧૦

ત્રણેય કૃષિ કાયદા વિરૂદ્ધ સંયુક્ત કિસાન મોરચાના ખેડૂત નેતાઓ દેશભરમાં રાષ્ટ્રવ્યાપી સ્તરે દેખાવો કરવાની તૈયારી કરી રહ્યા છે. તેના પગલે જ ૧૩ માર્ચે પૂર્વ મિદનાપુરની નંદીગ્રામ વિધાનસભા બેઠકના મતવિસ્તારમાં કે જ્યાંથી મુખ્યમંત્રી મમતા બેનરજી આગામી વિધાનસભા ચૂંટણી લડવા જઈ રહ્યા છે ત્યાં જ એક મોટી રેલીને સંબોધવાની તૈયારીમાં છે. તમને જણાવી દઈએ કે મમતા બેનરજીની સામે તેમની જ પાર્ટીના બળવાખોર નેતા સુવેન્દુ અધિકારી ભાજપની ટિકિટ પરથી લડવાના છે. સીપીએમ નેતા અને ઓલ ઈન્ડિયા કિસાન સભાના મહાસચિવ મહન્ના મોલ્લાહે કહ્યું કે અમે બંગાળના

એવા શીખ સમુદાયોને આમંત્રણ આપ્યું છે જેઓ ખેડૂત આંદોલનના સમર્થક રહ્યા છે. અહીં નંદીગ્રામ તથા સિંગુરના લોકોને પણ બોલાવાયા છે. અમારા કેટલાક ખેડૂત નેતાઓમાંથી અનેક લોકો આ રેલીમાં ભાગ લેવાના છે. ૧૧ માર્ચથી ૧૪ માર્ચ વચ્ચે અમે બંગાળમાં રહીશું. અહીં રાજ્યમાં અનેક કાર્યક્રમો અને રેલીઓ કરવામાં આવશે. અમે તમામમાં ભાગ લઈશું. આ ટિપ્પણી ભારતીય કિસાન યુનિયનના નેતા બલબીર સિંહ રાજેવાલે કરી હતી. તમને જણાવી દઈએ કે નંદીગ્રામ ફરીવાર બંગાળની રાજનીતિનું કેન્દ્ર બની ગયું છે. કેમ કે અહીંથી બે ધૂરંધર એક જ પક્ષના નેતા રહી ચૂકેલા મમતા બેનરજી અને સુવેન્દુ અધિકારી એકબીજા સામે મેદાને છે. આ એક શાખનો વિષય બની ચૂક્યો છે. ભાજપ તરફથી મમતાને જોરદાર રીતે પડકારવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે છતાં મમતા બેનરજી મજબૂત સાબિત થઈ રહ્યા છે.

પ્રેક્ટિશનરોને સંગઠિત કરવા પ્રોફેટિક મેડિસિન કાઉન્સિલ શરૂ કરવામાં આવી

આ કાઉન્સિલ અલ-તિબ્બ અલ-નબવીમાં રસ ધરાવતાં ડૉક્ટરોને ટ્રેનિંગ પણ આપશે

(એજન્સી) તા.૧૦

દેશમાં અલ-તિબ્બ અલ-નબવી (પયગમ્બર મોહમ્મદ (સ.અ.વ.) સાહેબએ જણાવેલી ચિકિત્સા પદ્ધતિ અને ઉપચારો)ને પ્રોત્સાહન આપવા માટે કેરળ સ્થિત ટ્રેડિશનલ પ્રોફેટિક મેડિસિન એસોસિએશન ટ્રસ્ટ (TPMAT)એ સુપ્રીમ તિબ્બ કાઉન્સિલની શરૂઆત કરી છે. આ કાઉન્સિલ અલ-તિબ્બ-અલ-નબવીના ફિઝિશિયનો અને ડૉક્ટરોને એક પ્લેટફોર્મ પૂરું પાડશે. આ ઉપરાંત તે આ તબીબી શાખામાં રસ ધરાવતા ડૉક્ટરોને ટ્રેનિંગ પણ પૂરી પાડશે. કાઉન્સિલના પ્રમુખ ડૉ.મોહમ્મદ ગફૂર સકાફીએ જણાવ્યું હતું કે, કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે અલ-તિબ્બ અલ-નબવીને વૈકલ્પિક મેડિસિન તરીકે માન્યતા આપ્યા પછી અને સુપ્રીમ કોર્ટના વૈકલ્પિક મેડિસિનની પ્રેક્ટિસ અંગેના ચુકાદા પછી અમને આ કાઉન્સિલની રચના અમને આ કાઉન્સિલની રચના કરવાનો વિચાર આવ્યો હતો.'' તેમણે આ પણ કહ્યું હતું કે, પ્રોફેટ મેડિસિન ટ્રસ્ટે આ અંગે સુપ્રીમ કોર્ટમાં અરજી પણ દાખલ કરી હતી. ડૉ.સકાફીએ કહ્યું હતું કે, ''પ્રોફેટિક મેડિસીન ઈન્સ્ટિટ્યૂટે કેન્દ્ર સરકાર પાસેથી આ અંગે વિવિધ આદેશો પણ મેળવ્યા હતા. જેના આધારે તેમજ સેન્ટ્રલ એક્ટ

૧૮૮૨ને ધ્યાનમાં રાખી ટ્રેડિશનલ પ્રોફેટિક મેડિસિન પ્રેક્ટિશનર્સ એસોસિએશન ટ્રસ્ટની નોંધણી કરાવવામાં આવી અને તેના અંતર્ગત સુપ્રીમ તિબ્બ કાઉન્સિલની રચના કરવામાં આવી હતી.'' નોંધનીય છે કે વર્ષ ૨૦૧૪માં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)ના અલ્મા અતા ડિકલેરેશનના માધ્યમથી ઓલ્ટરનેટિવ મેડિસિન સેનેટે અલ-તિબ્બ અલ-નબવીને પૂરક ચિકિત્સા પ્રણાલીનો દરજ્જો આપ્યો હતો.

બંગાળ ચૂંટણી ૨૦૨૧ : સામાજિક સંગઠન દ્વારા શરૂ કરવામાં આવેલ "ભાજપને વોટ નહીં"અભિયાન વેગવંતુ બન્યું

સંયુક્ત કિસાન મોરચાના બે નેતાઓ જેઓ દેશભરમાં કૃષિ કાયદા વિરોધી આંદોલનને ફેલાવવા પ્રયાસ કરી રહ્યા છે તેઓ પણ આ કાર્યક્રમમાં જોડાયા

આ સંગઠનમાં મોટાભાગના વિદ્યાર્થીઓ, સાંસ્કૃતિક એક્ટિવિસ્ટ, વેપારી યુનિયનના સભ્યો, માનવાધિકાર કાર્યકરો પણ સામેલ છે. તેમાંથી મોટાભાગના લોકો ડાબેરી પક્ષના સભ્યો છે. જોકે તેઓ સીપીઆઈ(એમ) સાથે જોડાયેલા હોવાનો ઈન્કાર કરે છે. તેઓ નાના નાના ડાબેરી પક્ષો તથા સંગઠનો સાથે જોડાયેલા હોવાનો દાવો કરે છે

(એજન્સી) તા.૧૦

પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણી યોજાવા જઈ રહી છે. ત્યારે ભાજપ તરફથી મમતા બેનરજીની પાર્ટી તૃણમૂલ કોંગ્રેસના મોટાભાગના નેતાઓને પક્ષપલટો કરવા માટે જાણે મજબૂર કરવામાં આવી રહ્યા હોય તેમ મોટાભાગના તૃણમૂલ નેતાઓ રાજીનામા ધરીને ભાજપમાં જોડાવા જઈ રહ્યા છે. આ દરમિયાન જ બે વિવિધ સામાજિક સંગઠનોએ પશ્ચિમ બંગાળમાં ભાજપને વોટ નહીં અભિયાનની શરૂઆત કરી હતી જે હવે વેગવંતુ બની રહ્યું છે. એક સામાજિક સંગઠને ભાજપ-આરએસએસ વિરૂદ્ધ બંગાળના બેનર હેઠળ એક જાહેર રેલી યોજી હતી. કોલકાતામાં આયોજિત આ રેલીમાં મોટાભાગના સમર્થકો અને સંગઠનના સભ્યો પણ પહોંચ્યા હતા. જુદા જુદા જિલ્લાઓમાં આ પ્રકારની રેલીઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેમાં લોકોને ભાજપને વોટ ન આપવાની અપીલ કરવામાં આવી રહી છે અને લોકો તરફથી પણ સારો એવો પ્રતિસાદ મળી રહ્યો છે. છેલ્લા એક મહિનાની વાત કરીએ નો વોટ ફોર બીજેપી નામના પોસ્ટરો પણ ચોંટાડાયા છે. લાલ રંગના આ પોસ્ટર તમને અહીંના અનેક જિલ્લાઓમાં જોવા મળી જશે. બંગાળ અગેનસ્ટ ફાસિસ્ટ ભાજપ-આરએસએસના સંયોજકે આ દરમિયાન ગ્રામીણ વિસ્તારોમાં અભિયાન ચલાવવાની શરૂઆત કરી છે. આ સંગઠનમાં મોટાભાગના વિદ્યાર્થીઓ, સાંસ્કૃતિક એક્ટિવિસ્ટ, વેપારી યુનિયનના સભ્યો, માનવાધિકાર કાર્યકરો પણ સામેલ છે. તેમાંથી મોટાભાગના લોકો ડાબેરી પક્ષના સભ્યો છે. જોકે તેઓ સીપીઆઈ(એમ) સાથે જોડાયેલા હોવાનો ઈન્કાર કરે છે. તેઓ નાના નાના ડાબેરી પક્ષો તથા સંગઠનો સાથે જોડાયેલા હોવાનો દાવો કરે છે.

બ્રિટિશ ટીવી પ્રેઝન્ટર પિયર્સ મોર્ગનની મેઘન મર્કલને માનસિક બીમાર કહેવા બદલ હકાલપટ્ટી

ભારતમાં અર્નબ ગોસ્વામી અને અન્ય ટીવી ન્યૂઝ એન્કરો માટે પદાર્થપાઠ ?

(એજન્સી) લંડન, તા.૧૦

જાણીતા લોકપ્રિયા ટીવી પ્રેઝન્ટર પિયર્સ મોર્ગનને આઈટીવીનો શો ગુડ મોર્નિંગ બ્રિટન છોડવાનો વારો આવ્યો છે. મેઘન મર્કલ અને તેની માનસિક બીમારી અંગે ખરાબ કોમેન્ટ કરતાં તેની હકાલપટ્ટી કરવામાં આવી છે. બ્રિટિશ મિડિયા વોટ ઓફકોમને મોર્ગન વિરુદ્ધ ૫૦,૦૦૦ જેટલી ફરિયાદો મળતાં મોર્ગનને યુકેના સૌથી લોકપ્રિય ટીવી શો ગુડ મોર્નિંગ બ્રિટન (જીએમબી) છોડવું પડ્યું છે. મોર્ગને આપેલા તાત્કાલિક રાજીનામાથી મિડિયા આલમમાં સન્નાટો મચી ગયો છે અને હવે એવો સવાલ થઈ રહ્યો છે કે ભારતમાં અર્ણવ ગોસ્વામી અને તેના જેવા અન્ય ટીવી એન્કરો પણ આવી જ જવાબદારી લેશે ખરા. આઈટીવી કે જ્યાં મોર્ગન નોકરી કરતા હતા તેણે એક નિવેદનમાં કહ્યું હતું કે, આઈટીવી સાથે ડિસ્કશન પછી પિયર્સ મોર્ગને ગુડ મોર્નિંગ બ્રિટન કાર્યક્રમમાંથી નીકળી જવાનું નક્કી કર્યું છે. આઈટીવીએ તેમનો નિર્ણય સ્વીકારી લીધો છે. આઈટીવીના વેધર પ્રેઝન્ટર એલેક્સ બેરેસફોર્ડ સાથે ઓન એર શાબ્દિક યુદ્ધ બાદ મોર્ગનની સામે અનેક લોકોએ ફરિયાદ કરી હતી. બેરેસફોર્ડે મર્કલ અંગેની મોર્ગનની કોમેન્ટ પણ આપત્તિ જતાવી હતી. શો દરમિયાન મોર્ગનને જતા રહેવું પડ્યું હતું. ૧૦ મિનિટ પછી તે પાછા આવ્યા હતા. બેરેસફોર્ડે કહ્યું કે, હું જાણું છું કે તમારી મેઘન મર્કલ સાથે પર્સનલ રિલેશનશીપ છે અથવા તેણે તમારી સાથેના સંબંધો કાપી નાખ્યા છે. મર્કલ એ સંબંધ કાપી નાખવા

માટે હકદાર છે. મને નથી લાગતું કે તમારે મર્કલ વિશે આવી ગંદી વાતો અહીં કરવી જોઈએ. શોમાંથી નીકળતાં મોર્ગન બોલતા હતા, બસ હવે પૂરું થયું. સોરી, હવે હું નહીં કરી શકું. સોમવારે પ્રસારિત થયેલા એપિસોડમાં મોર્ગને પ્રિન્સ હેરી અને મેઘન મર્કલના સ્ફોટક ઈન્ટરવ્યૂની આકરી ટીકા કરી હતી. મોર્ગને મર્કલ જુઠ્ઠું બોલતી હોવાનો આરોપ મુક્યો હતો અને કહ્યું હતું કે તે માનસિક બીમાર છે. તેના આ નિવેદનથી સોશિયલ મિડિયામાં ઉહાપોહ મચી ગયો હતો અને હજારો લોકોએ આઈટીવીમાં ફરિયાદો કરી હતી. ભારતમાં અર્નબ ગોસ્વામી સહિત કેટલાક ટીવી એંકરો દ્વારા આ પ્રકારની ટીકા ટિપ્પણીઓ કરાતી હોય છે. પાલઘરમાં થયેલા લિન્ચિંગ અંગે ગોસ્વામીએ ઘણી કોમેન્ટ કરી હતી તેની ટીકા થઈ હતી પણ અંતે ગોસ્વામીને કશું થયું નહોતું.

આ સબમરીનનો કમિશનિંગ પ્રોગ્રામ મુંબઈના નેવી ડોકયાર્ડ ખાતે યોજાયો

સાયલન્ટ કિલર સબમરીન 'કરંજ' નૌસેનામાં વિધિવત રીતે સામેલ

સબમરીનનું વજન આશરે ૧૬૦૦ ટન, સબમરીન સમુદ્રની અંદર ખાણ મૂકીને દુશ્મનનો નાશ કરવાની ક્ષમતા, મેક ઈન ઈન્ડિયા મિશનની વધુ એક ઉપલબ્ધી : ચીન-પાકિસ્તાનના હોશ ઊડશે

(એજન્સી) મુંબઈ, તા.૧૦

ભારતીય નૌકાદળની તાકાત વધારવા માટે સ્કોર્પિન ક્લાસની ત્રીજી સબમરીન આઈએનએસ કરંજ આજે એટલે કે બુધવારે નૌકાદળના કાફલામાં જોડાઈ છે. આઈએનએસ કરંજ પહેલા આઈએનએસ કાલવરી અને આઈએનએસ ખંડેરી નેવીને સોંપવામાં આવ્યા હતા. નૌકાદળને ૬ સ્કોર્પિન ક્લાસ સબમરીન સોંપવાની છે, જેમાંથી ત્રણને સોંપવામાં આવી છે અને ચોથી આઈએનએસ વેલાને પરીક્ષણ માટે મોકલવામાં આવી છે. કરંજ સબમરીન કોલ્વેરી-ક્લાસ ડીઝલ ઈલેક્ટ્રિક સબમરીનમાંથી ત્રીજી સબમરીન છે જેણે ૨૦૧૭ થી નૌકાદળમાં કામગીરી શરૂ કરી. કરંજ એ એક નાનું સબમરીન છે જેની લંબાઈ ૭૦ મીટર છે. તેની ઉંચાઈ ૧૨ મીટર છે. પરમાણુ શક્તિ દ્વારા સંચાલિત સબમરીન અરિહંત સાથે આની તુલના કરી શકાતી નથી, જોકે સબમરીનનો આ વર્ગ તેના પોતાના અલગ ફાયદા ધરાવે છે. અણુશક્તિ દ્વારા સંચાલિત આ સબમરીન લાંબી અને ભારે છે. આ સબમરીનનું વજન આશરે ૧૬૦૦ ટન છે. આ સબમરીન સમુદ્રની અંદર ખાણ મૂકીને દુશ્મનનો નાશ કરવાની શક્તિ ધરાવે છે. આઈએનએસ કરંજ મિસાઈલ અને ટોરપીડોથી સજ્જ છે અને સમુદ્રમાં માઈન્સ પાથરવામાં પણ

સક્ષમ છે. લગભગ ૩૫૦ મીટર ઉંડા દરિયામાં આઈએનએસ કરંજને તેનાત કરી શકાય છે. તેમાં ઓક્સિજન બનાવવાની ક્ષમતા પણ છે જેનાથી લાંબા સમય સુધી પાણીની અંદર રહી શકે છે. નૌકાદળના ચીફ એડમિરલ કરમબીર સિંહે કહ્યું, ''સ્કોર્પિન વર્ગની આ ત્રીજી સબમરીન છે.'' ચોથી સબમરીન પણ અજમાયશ માટે ગઈ છે. વડા પ્રધાન મોદીજીના માર્ગદર્શનથી જ આ બધું શક્ય બન્યું છે. આ સ્વનિર્ભર ભારતના સપનાને પ્રોત્સાહન આપે છે. તેમણે કહ્યું, ''કોરોના મહામારીને કારણે તેનું કામ શરૂ કરવામાં મોડું થયું હતું.'' જો કે, અમે આ સબમરીનને સમયાંતરે યુદ્ધના કાફલામાં સામેલ કરીએ છીએ '.

શું છે હાલની સ્થિતિ?

સ્કોર્પિન ક્લાસની પ્રથમ બે સબમરીન આઈએનએસ કાલવરી અને આઈએનએસ ખંડેરી પહેલાથી જ ભારતીય નૌકાદળના કાફલામાં સામેલ થઈ ચૂકી છે અને ઓપરેશનલ રીતે દરિયામાં તૈનાત છે. આ ઉપરાંત ચોથી સબમરીન વેલાનું ટેસ્ટિંગ પણ શરૂ છે. પાંચમી સબમરીન વાગીર પણ દરિયામાં ઉતારવામાં આવી છે. સ્કોર્પિન વર્ગની છઠ્ઠી સબમરીન વાગશિર પણ મઝગાંવ ડોકયાર્ડમાં બનાવવાનું શરૂ થઈ ગયું છે.

૧૩ વર્ષીય સામૂહિક બળાત્કારની પીડિતાના પિતાનું ધમકી આપ્યાના બીજા દિવસે કાનપુરમાં અકસ્માતમાં મોત, કુટુંબીજનો દ્વારા ષડ્યંત્રનો આક્ષેપ

(એજન્સી) કાનપુર, તા.૧૦

ઉત્તરપ્રદેશમાં ૧૩ વર્ષીય સામૂહિક બળાત્કારની પીડિતાના પિતાનું કાનપુર જિલ્લાના સજેતી પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક ટ્રક દ્વારા અકસ્માત સર્જી મૃત્યુ નિપજાવવામાં આવ્યું છે. પીડિતાના કુટુંબીજનો અને ગ્રામવાસીઓએ આક્ષેપો મૂક્યા છે કે, આ અકસ્માત આરોપીમાંના એક સભ્ય દ્વારા કરાવવામાં આવ્યું છે. પોલીસના જણાવ્યા મુજબ પીડિતાના પિતા સાથે હોસ્પિટલની બહાર અકસ્માત થયું હતું, જ્યાં એમની પુત્રીનું મેડિકલ ચેકઅપ થઈ રહ્યું હતું. સ્થાનિકોએ આ ઘટનાના વિરોધમાં કાનપુર-સાગર હાઈવે બ્લોક કર્યું હતું અને સખત પગલાં લેવા માગણી કરી હતી. અકસ્માતના એક દિવસ પહેલાં પીડિતાના પિતાને આરોપીઓના ભાઈએ ધમકીઓ આપી કહ્યું હતું કે, જો તેઓ પોલીસમાં ફરિયાદ કરશે તો ગંભીર પરિણામો ભોગવવા પડશે. સગીરા સજેતી પોલીસ સ્ટેશન વિસ્તારના ગામમાં રહે છે, એમની ઉપર એ જ ગામના અમુક યુવકોએ સામૂહિક બળાત્કાર કર્યો હતો. પીડિતાના કુટુંબ દ્વારા દાખલ કરાયેલ ફરિયાદ મુજબ

આરોપીઓમાં ગોલુ યાદવ અને દીપુ યાદવ છે જેઓએ સગીરાનું અપહરણ કરી બળાત્કાર કર્યો હતો. મળતી માહિતી મુજબ આરોપી દીપુ યાદવના પિતા પોલીસમાં ફરજ બજાવે છે અને હાલ કન્નૌજ જિલ્લામાં છે. સામૂહિક બળાત્કારના મુખ્ય આરોપીની ધરપકડ કરાઈ છે. ધમકી આપનાર વ્યક્તિની શોધખોળ પોલીસ કરી રહી છે. પીડિતાના પિતાનાં મોતની ઘટના ખૂબ દુઃખદ છે. હોસ્પિટલમાં પીડિતાનું મેડિકલ ચેકઅપ થઈ રહ્યું હતું એવામાં એમના પિતા બહાર ચા પીવા માટે આવ્યા હતા, તે વખતે ત્યાંથી પસાર થતી ટ્રકે એમને જોરદાર ટક્કર મારી હતી. હોસ્પિટલમાં લઈ ગયા પછી ડૉક્ટરોએ મૃત જાહેર કર્યા હતા.

''ઉલ્લંઘન કરનારાઓનો સામાજિક બહિષ્કાર કરાશે''

યુપીમાં મુઝફ્ફરનગરની પંચાયત દ્વારા યુવાઓના જીન્સ અને ચડ્ડીઓ પહેરવા પર પ્રતિબંધ

મુઝફ્ફરનગરની ક્ષત્રિય પંચાયતે છોકરીઓને જીન્સ ન પહેરવાનું ફરમાન જાહેર કર્યું છે. ભારતીય ખેડૂત સંગઠને માત્ર છોકરીઓના જીન્સ પહેરવા ઉપર પ્રતિબંધ મૂક્યો જ નથી પરંતુ કહ્યું કે જો કોઈ જીન્સ પહેરીને બતાવે તો પંચાયત દ્વારા તેને સામાજિક પાઠ પણ ભણાવવામાં આવશે એટલે કે દંડિત કરવામાં આવશે. આ સાથે છોકરાઓને હાફ પેન્ટ ન પહેરવાની સૂચના પણ આપવામાં આવી છે. ભારતીય ખેડૂત સંગઠનની એક બેઠક મુઝફ્ફરનગરના ચરથવલ ગામના પીપલશાહ ખાતે બોલાવવામાં આવી હતી. ક્ષત્રિય સમાજના લોકો તેમાં એકઠાં થયા હતા. આ લોકો પંચાયતની ચૂંટણીની જારી યાદી અને વાંધા અંગે ચર્ચા કરવા માટે એકઠા થયા હતા. આ દરમિયાન ક્ષત્રિય સમાજે અનામતની ચર્ચા કરતી વખતે બધી બાબતો પર ચર્ચા કરી હતી. જેમાં વક્તાઓએ સંસ્કૃતિના પોષાકો અપનાવવા અંગે પોતાના મંતવ્યો આપ્યા હતા. વક્તાઓએ કહ્યું કે છોકરાઓ અને છોકરીઓએ સંસ્કૃતિ પ્રમાણે કપડાં પહેરવા જોઈએ. ભારતીય ખેડૂત સંગઠનના રાષ્ટ્રીય અધ્યક્ષ પૂરણસિંહે વક્તાઓની સુનાવણી કર્યા પછી આ હુકમનામું બહાર પાડ્યું. જેમાં કહ્યું કે જો કોઈ છોકરો હાફ પેન્ટમાં અને છોકરીઓ જીન્સ પહેરીને બહાર આવશે તો તેમણે સામાજિકરૂપે દંડિત કરવામાં આવશે અને સમાજમાંથી તેમનો બહિષ્કાર કરવામાં આવશે. પૂરણ સિંહે કહ્યું કે અમારો ડ્રેસ એ આપણી સંસ્કૃતિની ઓળખ છે, આ જ આપણી ઓળખ બનાવે છે. ભારતીય સંસ્કૃતિ પ્રમાણે કપડાં પહેરવા જોઈએ. સંગઠને બેઠક દરમિયાન જ પંચાયતમાં ૯૦ ટકા ગામોને અનામત આપવાના સરકારના આદેશની સખત નિંદા કરી હતી. કહ્યું કે આટલું ગામ અનામત રાખવાનો યોગ્ય નિર્ણય નથી. અન્ય લોકો, જે ગામનો વિકાસ કરવા માંગે છે, તેમને પણ તક મળવી જોઈએ.

અંકલેશ્વરમાં સિનિયર સિટિઝનો તેમજ રહીશો માટે કોરોના વેક્સિન રસીકેન્દ્ર શરૂ કરવાની માંગ

માજી નગરસેવક શરીફ કાનુગા દ્વારા તંત્રમાં રજૂઆત કરાઈ

અંકલેશ્વર, તા.૧૦
દેશમાં કોરોના મહામારીના હાહાકાર વચ્ચે વેક્સિન આવતા કંઈક અંશે લોકોએ રાહતનો શ્વાસ લીધો છે, ભરૂચ જિલ્લામાં પણ તંત્ર દ્વારા અત્યાર સુધી અનેક લોકોને વેક્સિનના ડોઝ આપ્યા છે. કોરોના ફ્રન્ટ લાઈન વોરિયર્સને વેક્સિન આપ્યા બાદ હવે સામાન્ય જનતાને વેક્સિનના ડોઝ આપવાની શરૂઆત થવા જઈ રહી છે, ત્યારે અંકલેશ્વર શહેર તથા તાલુકામાં સેન્ટર શરૂ કરવા કોંગ્રેસ લોક સરકારના તથા માજી નગરસેવક શરીફ કાનુગા દ્વારા તંત્રમાં રજૂઆત કરાઈ છે.

રજૂઆતમાં જણાવ્યું છે કે અંકલેશ્વર શહેરનાં ૬૦ કે વધુ વર્ષનાં સિનિયર સિટિઝનો તેમજ નગરપાલિકા વિસ્તારમાં રહેતા રહીશો માટે કોરોના વેક્સિન મુકવા માટે રસીકરણ કેન્દ્ર (Vaccination Centre) શરૂ કરવામાં આવે જેથી લોકોને રાહત મળી રહે અને લોકો વેક્સિન મુકાવી શકે આ બાબતે તેઓએ અંકલેશ્વર પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી છે.

સુરેન્દ્રનગરમાં મહિલા ટ્રાફિક PSI અને લારીધારક વચ્ચે ઘર્ષણ

સુરેન્દ્રનગર, તા.૧૦
સુરેન્દ્રનગર શહેરી વિસ્તારમાં આવેલા હેન્ડલુમ રોડ ઉપર વહેલી સવારે ટ્રાફિકને અડચણરૂપ લારી રાખી અને ધંધો રોજગાર કરતા લારી ધારકને મહિલા પીએસઆઈ એરવાડીયા દ્વારા લારી સાઈડમાં લેવાનું કહેતા લારી ધારક ઉશ્કેરાઈ જઈ અને મહિલા ટ્રાફિક પીએસઆઈ અને અપશબ્દો ની ભાષામાં વાતચીત કરવા લાગ્યો હતો ત્યારબાદ ઉગ્રતા ભર્યા વર્તનના કારણે પીએસઆઈ એરવાડીયા દ્વારા આ લારી ધારકની ધરપકડ કરવાનું કહેતા લારી ધારક દ્વારા લારીમાં પડેલા તિક્ષ્ણ હથિયારોથી હુમલો કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

ત્યારે આ બાબતે ટ્રાફિક પોલીસની અને ટ્રાફિક બ્રિગેડની સમયસૂચકતા ના કારણે સુરેન્દ્રનગર ટ્રાફિક મહિલા પીએસઆઈ એરવાડીયા ઉપર તરીક્ષણ હથિયારો વડે થતો હુમલો અટકાવવામાં આવ્યો હતો અને વધુમાં સૂત્રો દ્વારા જાણવા મળતી વિગત અનુસાર ટ્રાફિક બ્રિગેડના જવાનો અને ટ્રાફિક પોલીસ દ્વારા આ લારી ધારકને જાહેરમાં માર મારવામાં આવ્યો હોવાનું પણ જાણવા મળી રહ્યું છે ઉલ્લેખનીય છે કે લારી ધારક અને મહિલા ટ્રાફિક પીએસઆઈ એરવાડીયા ઉપરાંત ટ્રાફિક બ્રિગેડના જવાનો અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હોવાનું પણ હાલમાં સૂત્રો પાસેથી જાણવા મળી રહ્યું છે.

ત્યારે હાલમાં સુરેન્દ્રનગર સીટી એ ડીવીઝન પોલીસ મથક ખાતે સુરેન્દ્રનગર ટ્રાફિક મહિલા પી.એસ.આઈ એરવાડીયા દ્વારા ફરજ રુકાવટ નો ગુનો દાખલ કરવામાં આવ્યો છે અને તીક્ષ્ણ હથિયારો વડે હુમલો કરવાનો પ્રયાસ પણ કરવામાં આવ્યો હોવાના કારણે આ બાબતે પણ ગુનો દાખલ કરાવવામાં આવ્યો છે. સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ વડા મહેન્દ્રકુમાર બગડીયા દ્વારા આ બાબતે સુરેન્દ્રનગર સિટી પોલીસને તાત્કાલિકપણે તપાસના આદેશ આપવામાં આવ્યા છે.

ધનસુરાના પાંચ કુહાડા ગામે ધો.૮નો વિદ્યાર્થી કોરોનાગ્રસ્ત થતાં વાલીઓમાં ફફડાટ

મોડાસા, તા.૧૦
કોરોનાનું સંક્રમણ ઘટતા સમગ્ર રાજ્યમાં તબક્કા વાર સ્કૂલોમાં પ્રત્યક્ષ શિક્ષણ શરૂ કરવામાં આવ્યું છે અને અરવલ્લી જિલ્લામાં શાળાઓ રાબેતા મુજબ શરૂ થઇ ચૂકી છે. ત્યાં જિલ્લાની પ્રાથમિક શાળામાં કોરોનાએ પગપેસારો કરતા શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ફફડાટ ફેલાયો છે ધનસુરા તાલુકાની પાંચ કુહાડા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતો વિદ્યાર્થી કોરોનામાં સપડાતા શાળાનું શૈક્ષણિક કાર્ય તાબડતોડ સ્થગીત કરી દેવામાં આવ્યું છે આરોગ્ય તંત્રએ સર્વેની કામગીરી હાથ ધરી હતી.

ધનસુરા તાલુકાના બુટાલ ગામના અને પાંચ કુહાડાની પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ધો.૮માં અભ્યાસ કરતો વિદ્યાર્થી કોરોનાગ્રસ્ત થતા શાળામાં અભ્યાસ કરતા અન્ય વિદ્યાર્થીઓ અને શિક્ષકો ચિંતિત બન્યા છે કોરોનાગ્રસ્ત બનેલા વિદ્યાર્થીને સારવાર અર્થે દવાખાને ખસેડાયો છે પાંચ કુહાડા શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીઓએ સ્વૈચ્છિક પોતાના બાળકોને અભ્યાસ કરવા નહીં મોકલવાનો નિર્ણય કર્યો હતો. કોરોનામાં વિદ્યાર્થી સપડાતા પાંચ કુહાડા શાળા ફરીથી સુમસામ બની હતી. પ્રાથમિક શાળામાં કોરોનાના પગપેસારાના પગલે વાલીઓ અને શિક્ષકો ચિંતિત બન્યા છે જિલ્લામાં વકરતા સંક્રમણને અટકાવવા તંત્ર હરકતમાં આવે તે જરૂરી છે.

જૂનાગઢ પોલીસે ઓનલાઈન છેતરપિંડી કરનારને ઉત્તરાખંડથી ઝડપી પાડ્યો

(સંવાદદાતા દ્વારા) જૂનાગઢ, તા.૧૦
જૂનાગઢના વણજારી ચોક ખાતે રહેતા અને ઈલેક્ટ્રીક રિપેરિંગનો વ્યવસાય કરતી એક વ્યક્તિ સાથે ઓનલાઈન છેતરપિંડી કરી અને રૂા.૫૯,૦૮૦ની છેતરપિંડી કર્યાની સાયબર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી જે ગુનામાં એક આરોપીને જૂનાગઢની પોલીસ ટીમે ઉત્તરાખંડના મુડેલી ચૌરાહા ગામે જઈ દબોચી લઈ વધુ તપાસ હાથ ધરી છે. જૂનાગઢ સાયબર પોલીસ સ્ટેશન ખાતે તા.૨૩/૧૨/૨૦૨૦ના રોજ સુમીતભાઈ કમલેશભાઈ વાડોલિયા (ઉ.વ. ૨૬, રહે. જે.વી.ચોટાઈ કોમ્પ્લેક્ષ, વાણજારી ચોક, જૂનાગઢ)એ ફરિયાદ નોંધાવી હતી. જેમાં જણાવાયું હતું કે, તેણે ફેસબુકમાં ટાટા કેપિટલ પેજમાં લોન આપવાની જાહેરાત વાંચી હતી અને તેને રૂપિયાની જરૂરત હોય ફેસબુક મેસેન્જર દ્વારા લોન લેવા માટે પોતાનો મોબાઈલ નંબર મોકલ્યો હતો. ત્યારબાદ અલગ અલગ નંબરો ઉપરથી અજાણ્યા શખ્સોએ ફોન કરતા ડોક્યુમેન્ટ, ફી વગેરે માટે તેના બેં એકાઉન્ટમાંથી ફરિયાદી પાસેથી કુલ રૂા.૫૯,૦૮૦ ભરાવી ઓનલાઈન છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પી.આઈ. કે.કે. ઝાલાના માર્ગદર્શન હેઠળ પીઆઈ આર.વી. વાજા, વાયરલેસ પીએસઆઈ એન.એ. જોષી, એએસઆઈ એસ.કે. સોલંકી અને સ્ટાફે હાથ ધરી હતી. દરમ્યાન આ ગુનાનો આરોપી ઉત્તરાખંડમાં ખતીમા તાલુકામાં હોવાનું જણાતા પોલીસની ટીમ છેતરપિંડી આચરનારા આરોપી કપિલકુમાર ઉર્ફે સંતોષ મોહનલાલ સકસેના (ઉ.વ.૩૦, રહે. મુડેલી ચોરાહા, તા. ખતીમા, જિ.ઉધમસિંહનગર, ઉત્તરાખંડ, મુળ રહે. દિલ્હી)ની અટક કરી તપાસ હાથ ધરી છે. તપાસ દરમ્યાન આઈસીઆઈસીઆઈ બેંકમાંથી રૂા.૧,૩૪,૧૨,૮૩૯, પંજાબ નેશનલ બેંકમાં અંદાજિત રૂા.૩૦ લાખ, ઈન્ડસ ઈન્ડ બેંકમાં અંદાજિત રૂા.૧ કરોડ ૩૫ લાખ જેટલું ટ્રાન્ઝેકશન થયાનું જણાયું છે. તપાસમાં અલગ અલગ બેંકના એકાઉન્ટ આવા જ પ્રકારના ફ્રોડ હોવાનું જણાયેલ છે અને આરોપીએ ગુનો કરતી વખતે ૧૦ મોબાઈલનો ઉપયોગ કરેલ છે પરંતુ હાલ તે મોબાઈલ નંબર યાદ નહીં હોવાની કબૂલાત આપી છે.

નડિયાદ : રિસાઈ ગયેલ પત્નીને તેડવા જતાં થયેલ ઝઘડામાં પતિએ પત્ની, સાસુ, સાળાને ફટકાર્યા

નડિયાદ, તા.૧૦
નડિયાદની યુવતીએ ત્રણ માસ પહેલાં નડિયાદના યુવક સાથે પ્રેમ લગ્ન કરી લીધા હતા. જોકે, દોઢ માસમાં જ કંકાસ શરૂ થતા તે રિસાઈને પિયર આવી ગઈ હતી. ગઈકાલે પ્રેમી પતિ તેને બોલવા માટે તેના ઘરે આવતા તું-તું-મેં-મેં થઈ હતી, ઉશ્કેરાયેલા પતિએ પત્ની, સાળા અને સાસુ પર હુમલો કરતા ચકચાર મચી છે. આ બનાવ અંગે મળતી માહિતી મુજબ નડિયાદમાં જીવન વિકાસ સ્કૂલ નજીક આવેલ આશ્રમ ચાલીમાં રહેતા અમિતાબેન સદાશિવની પુત્રી કિંજલે ગત તારીખ ૧૯/૧૦/૨૦ના રોજ નડિયાદમાં મંજીપુરા રોડ પર રહેતા રાહુલભાઈ ગોવિંદભાઈ પરમાર નામના યુવક સાથે પ્રેમલગ્ન કર્યા હતા. પ્રેમલગ્ન કરી સાસરે ગયેલી કિંજલને માત્ર દોઢ માસમાં તેના સાસુ તેમજ ઘરના સભ્યો દ્વારા કંકાસ કરવામાં આવતા તેણી રિસાઈને પિયર ચાલી આવી હતી. ગઈકાલે રાહુલ પરમાર કિંજલના ઘરે આવ્યો હતો અને કિંજલની માતાને જણાવ્યું હતું કે, તમે કિંજલને મારી સાથે કેમ મોકલતા નથી ? તેમ કહી ઝઘડો કરી અનિતાબેન તથા તેમના પુત્ર રાહુલ પર હુમલો કરી મારામારી કરી હતી. કિંજલ વચ્ચે પડતા તેને પણ માર માર્યો હતો. આ બનાવ અંગે નડિયાદ ટાઉન પોલીસમાં અનિતાબેન સદાશિવે ફરિયાદ આપતા પોલીસે રાહુલ ગોવિંદભાઈ પરમાર સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે

ભાવનગર મનપાના મેયર પદે કીર્તિ બેન દાણીધારિયા, ડે.મેયર પદે કુમાર શાહ સર્વાનુમતે ચૂંટાયા

ભાવનગર, તા.૧૦
ભાવનગર મહાનગરપાલિકાની આજે કમિશનર ગાંધીના અધ્યક્ષસ્થાને સાધારણસભા મળી હતી. આ સભામાં ભાવનગરના મેયર પદે કિર્તીબેન દાણીધારિયા અને ડેપ્યુટી મેયર પદે કુમારશાહ સર્વાનુમતે ચૂંટાઈ આવ્યા હતા. જ્યારે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પદે ધીરૂભાઈ ધામેલિયા અને સત્તાધારી ભાજપના નેતા પદે બુધાભાઈ ગોહેલ અને દંડક પદે પંકજસિંહ ગોહિલ નિમાયા હતા.

ભાવ.મ્યુનિ.ના કમિશનર ગાંધીના અધ્યક્ષસ્થાને મળેલી સાધારણ સભામાં સૌપ્રથમ મેયરની ચૂંટણીની પ્રક્રિયા માટે કમિશનરના આદેશથી ડેપ્યુટી કમિશનર દિલીપસિંહ ગોહિલની પ્રીસાઈડિંગ ઓફિસર તરીકે નિમણૂંક કરાઈ હતી. તેમણે ચૂંટણી પ્રક્રિયાની શરૂઆતમાં મેયર પદ માટે ઉમેદવારીપત્ર ભરવાની જાહેરાત કરતા ભાજપ તરફથી કિર્તીબેન દાણીધારિયાનું ફોર્મ ભરાયું હતું. જ્યારે ભાજપના સિનિયર નગરસેવક અને સ્ટેન્ડિંગ કમિટીના પૂર્વ ચેરમેન ગીરીરાજસિંહ ગોહિલની વિનંતીને માન આપી કોંગ્રેસ પક્ષ તરફથી ઉમેદવારી કરવામાં ન આવતા એક માત્ર ફોર્મ કિર્તીબેન દાણીધારિયાનું ભરાતા સર્વાનુમતે મેયર પદે કિર્તીબેન બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરાયા હતા.

ત્યારબાદ કિર્તીબેને મેયરપદનો ચાર્જ સંભાળી અધ્યક્ષ સ્થાન સંભાળ્યું હતું અને તેમણે ડેપ્યુટી મેયરની ચૂંટણીની કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં સત્તાધારી ભાજપ પક્ષ તરફથી ડેપ્યુટી મેયર પદે કુમાર શાહના નામનું ફોર્મ ફરાયું હતું. તેમાં પણ કોંગ્રેસે ઉમેદવારી ન નોંધાવતા ડેપ્યુટી મેયર પદે કુમારશાહ બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરાયા હતા. ત્યારબાદ ભાવનગર મહાનગરપાલિકાની ૧૨ સભ્યોની સત્તાધારી ભાજપ પક્ષ દ્વારા નિયુક્તિ કરવામાં આવી હતી. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પદે ધીરૂભાઈ ધામેલિયાની નિમણૂંક કરાયેલ જ્યારે સભ્ય પદે પંકજસિંહ ગોહિલ, કુલદીપભાઈ પંડ્યા, નરેશભાઈ ચાવડા, દિલીપભાઈ જોબનપુત્રા, ભરતભાઈ ચુડાસમા, વિલાસબેન રાઠોડ, યોગીતાબેન ત્રિવેદી, ભાવનાબેન સોનાણી, ભારતીબેન બારૈયા, નીતાબેન બારૈયા, શારદાબેન મકવાણાની વરણી કરવામાં આવી હતી. જ્યારે ભાજપના નેતા પદે બુધાભાઈ ગોહિલ અને દંડક પદે પંકજસિંહ ગોહિલની નિમણૂંક કરવામાં આવી હતી.

સુરતમાં ઘરકંકાસમાં બનેવીએ સાળાની હત્યા કરી : પરિવારના અન્યોને પણ ફટકાર્યા

નાના ભાઈની ગંભીર હાલત : હત્યારાએ તેની પત્નીને સાત માસ અગાઉ ઘરમાંથી કાઢી મૂકી હતી

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૦
કતારગામ નીલકંઠ સોસાયટી વિભાગ-૨માં ગઈકાલે મોડી સાંજે સાતેક વાગ્યે ઘરકંકાસના ઝઘડાની અદાવતમાં સાળા ઉપર બનેવીએ તેના પરિવાર સાથે મળી તલવાર અને લાકડાના ફટકાથી જીવલેણ હુમલો કર્યો હતો. ગંભીર હાલતમાં બંને ભાઈઓને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા ત્યાં એક ભાઈનું મોત નિપજ્યું હતું જયારે બીજાની હાલત ગંભીર છે. મોડી સાંજે જાહેરમાં બનેલા ખુનીખેલના બનાવને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી જવા પામી છે. હત્યારા બનેવીને તેની પત્ની સાત મહિના પહેલા છોડીને ભાઈના ઘરે રહેવા માટે ચાલી ગઈ હતી અને જેતે સમયે કરેલા કેસની અદાવત રાખી હુમલો કર્યો હતો. બનાવ અંગે કતારગામ પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ કતારગામ બાપાસીતારામ ચોક નંદનવન સોસાયટીમાં રહેતા જયેશ મગનભાઈ કલસરીયા ટેક્ષટાઈલના જાબવર્ક સાથે સંકળાયેલા છે. જયેશની બહેન પ્રીતીના લગ્ન ૨૦ વર્ષ પહેલા મહેશ માધુ જાંજમેરા (રહે, કતારગામ લલીચા ચોકડી નીલકંઠ સોસાયટી) સાથે થયા હતા અને પરિવારમાં બે સંતાન છે. દરમિયાન મહેશભાઈએ છેલ્લા સાતેક મહિના પહેલાં પ્રીતીને ઘરમાંથી કાઢી મુકતા જયેશભાઈના સાથે તેના ઘરે રહે છે. આ મામલે જેતે સમયે પ્રીતીએ મહેશ સહિતના સાસરીયાઓ સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. જે કેસની અદાવત રાખી ગઈકાલે સાંજે મહેશ જાંજમેરા, તેનો ભાઈ મનસુખ, પિતા માધુ તેમજ માતા વીમળાબેને નીલકંઠ સોસાયટીના ગેટ પાસે સાળા જયેશ, નીતેશ સહિત પરિવારના સભ્યો સાથે ઝઘડો કરી ઢોર મારમાર્યો હતો તેમજ જયેશ અને નીતેશને છાતી અને પેટના ભાગે તલવારના ઘા મારી લોહીલુહાણ કર્યો હતો. બંને ભાઈઓ તાબડતોડ સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા ત્યાં જયેશનુ મોત નિપજ્યું હતું જયારે નીતેશની હાલત ગંભીર હોવાનું કહેવાય છે. આરોપી બનેવી સહિતના પરિવારે નીતેશની ગર્ભવતી પત્નીને પણ મારમાર્યો હતો. વધુમાં સૂત્રોના જણાવ્યા મુજબ આરોપીઓ પહેલા પ્રીતીને મળવા માટે ઘરે ગયા હતા અને ત્યાં છૂટાછેડાની વાત કરી ધમાલ મચાવી પરિવારના સભ્યો સાથે હાથાપાઈ પણ કરી હતી. આ અંગેની જાણ માર્કેટમાંથી ઘરે આવતા જયેશ્વશ અને નીતેશને થતા તેઓ બનેવી મહેશને સમજાવા માટે ગયા હતા ત્યારે સોસાયટીની બહાર જ તેમના ઉપર હુમલો કર્યો હતો.

ડીસા નગરપાલિકાના પ્રમુખ-ઉપપ્રમુખની આગામી ૧૫મીએ ચૂંટણી પ્રક્રિયા

ડીસા, તા.૧૦
ડીસામાં આગામી સોમવારે પાલિકાની સાધારણ સભામાં પ્રમુખ તેમજ ઉપપ્રમુખ માટેની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરાનાર છે, જેમાં પ્રથમ અઢી વર્ષ માટે જનરલ પુરૂષ પ્રમુખ પદ માટે કવાયત હાથ ધરવામાં આવનાર છે.

છેલ્લા આઠેક દિવસથી આ બાબતે લોબીગ શરૂ થયું છે ડીસામાં ૧૧ વોર્ડની ચૂંટણી સંપન્ન થયા બાદ ૪૪ સભ્યો પૈકી ભાજપના સૌથી વધુ ૨૭ ઉમેદવારો વિજેતા બન્યા છે જેમાંથી કોઈ એક પુરૂષ ઉમેદવારને અઢી વર્ષ માટે પ્રમુખ પદનું સુકાન મળવા પાત્ર છે. આગામી વિધાનસભાની ચૂંટણી તેમજ જ્ઞાતિવાદના સમીકરણને ધ્યાને રાખી પ્રમુખ પદ માટેના સર્વ સંમત ઉમેદવારની વરણી થવાની પણ શક્યતા જોવા મળી રહી છે. ડીસા પાલિકામાં ભાજપના શિલ્પાબેન માળીને પ્રમુખ પદનો અનુભવ છે પરંતુ પ્રથમ અઢી વર્ષ માટે પુરૂષ ઉમેદવાર ચૂંટવાનો હોઈ પક્ષ પણ યુવા ઉમેદવારને ચાન્સ આપે તેવી પણ શક્યતા જોવા મળી રહી છે. ડીસામાં ૧૧ વોર્ડની ૪૪ બેઠકમાંથી ૨૭ ભાજપ, ૧ આપ, ૧ કોંગ્રેસ તેમજ ૧૫ અપક્ષ ચૂંટાયા છે. જો કે, ભાજપની સ્પષ્ટ બહુમતી હોઈ પ્રમુખ પદ માટે કોઈ જ હરીફાઈ રહી નથી.

સોયલા રેલવે ફાટક નજીક બસને ટક્કર મારી નાસી છૂટેલ ડમ્પરચાલક પકડાયો

ડીસા, તા.૧૦
ડીસા તાલુકાના સોયલાથી ભીલડી રેલવે ફાટક તરફ જતા રસ્તામાં માણકી વાયા પેપળુ, ભીલડી થઈ ડીસા તરફ જતી પેસેન્જર બસને વહેલી સવારે ભીલડી તરફથી ઓવરલોડ રેતી ભરેલ ડમ્પર ધડાકાભેર અથડાતા બસમાં બેઠેલા પંદર જેટલા પેસેન્જરોના જીવ તાળવે ચોંટી ગયા હતા. અકસ્માત બાદ ભાગી છૂટેલા ડમ્પર ચાલકનો બસ ડ્રાયવરે પીછો કરી ઝડપી પાડ્યો હતો. ઉપરવાસમાં સિપુ ડેમ બંધાવાના કારણે વર્ષોથી સૂકી ભઠ બનેલી બનાસ નદીની રેતી બાંધકામ માટે શ્રેષ્ઠ ગણાય છે. જે રેતીની તસ્કરી કરી રેત માફિયાઓ ડમ્પરો મારફત છેક થરાદથી રાજસ્થાન લઈ જાય છે. તંત્રથી બચવા માફિયાઓ રેતી ભરેલા ડમ્પર ભીલડી નજીકના અરણીવાડાથી સોયલા ગામના 'શોર્ટકટ' રસ્તે નીકળતા હોય છે, જેના કારણે અવાર-નવાર અકસ્માતો સર્જાય છે. આવા એક બનાવમાં ડમ્પર ચાલક સોયલાથી રેલવે ફાટક તરફ જતા રસ્તે બસને ટક્કર મારી પોલીસની બીકે ભાગી છૂટ્યો હતો. જેથી પેસેન્જરોના જીવ પડીકે બંધાયા હતા. પરંતુ બસના ડ્રાઈવરે પીછો કરી નેસડાથી સોની તરફ જતા રસ્તાની સાઈડ પર ઓવરલોડ રેતી ભરેલ હોવાના કારણે અલગ-અલગ બે ઢગલામાં રેતી ખાલી કરી ભાગતા ચાલકને બસ ડ્રાઈવરે ઝડપી લીધો હતો અને તેને અકસ્માત સ્થળે લાવ્યો હતો. ત્યાર બાદ બસ ડ્રાઈવરે થરાદના ટ્રક માલીક તેમજ બસના ઉચ્ચ અધિકારી સાથે વાતચીત કરી સમાધાન થતા ડમ્પર ચાલકને ડીસા બોલાવી લેખિત લખાણ બાદ મામલો થાળે પાડ્યો હતો.

મંડાર ચેકપોસ્ટ પર રાજસ્થાનમાં પ્રવેશતા મુસાફરોનું ચેકિંગ

ડીસા, તા.૧૦
સતત ત્રીજા દિવસે પણ ગુજરાતના ગુંદરી નજીક રાજસ્થાનની મંડાર ચેકપોસ્ટ પર મંડાર પોલીસ અને મંડાર ગ્રામ પંચાયતના સહાયકો દ્વારા ગુજરાતમાંથી કેરળ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશના મુસાફરો રાજસ્થાનમાં પ્રવેશ કરતાં વાહનોને રોકાવી તેમની પાસે ૭૨ કલાક પહેલાં કરેલ કોરોના ટેસ્ટની ચકાસણી કરી પ્રવેશ આપવામાં આવી રહ્યો છે. વળી, મંડાર પોલીસ દ્વારા વાહન ચાલકની હિસ્ટરી પૂછ્યા બાદ જો મહારાષ્ટ્ર પાસીગ કે ગુજરાત પાસીગની ગાડી હોય અને લોકલ હોય તો જવા દેવામાં આવે છે અને જો બહારના હોય પણ ઘણા સમયથી રહે છે કે નહિ ? તેની હીસ્ટરી ચેક કરી જો તેમની પાસે કોરોના રિપોર્ટ ન હોય તો કરાવ્યા બાદ રાજસ્થાનમાં પ્રવેશ આપવામાં આવે છે.

પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવાયું

ધોળકા ખાતે વોર્ડ નં. ૨ અને ૪ની ચૂંટણી રદ કરવા આમ આદમી પાર્ટીની માગણી

(સંવાદદાતા દ્વારા) ધોળકા, તા.૧૦
ધોળકા નગરપાલિકાની ચૂંટણી દરમ્યાન ઈવીએમ મશીનના કથિત ગોટાળા સંદર્ભે વોર્ડ નં.૨ અને ૪ની ચૂંટણી રદ કરવાની માગણી સાથેનું એક આવેદનપત્ર આમ આદમી પાર્ટી -ધોળકા દ્વારા આજે ધોળકાના પ્રાંત અધિકારીને પાઠવવામાં આવ્યું હતું. આ આવેદનપત્રમાં જણાવાયું છે કે વોર્ડ નં.૪ના ઉમદવારો મનીષાબેન સગવણભાઈ મેરૈયા તથા સુરેશકુમાર રામજીભાઈ સોનારાએ સર્ટિફાઈડ કોપી જોતા બંને બુથોમાં વધુ મતો નીકળ્યા હોઈ ન્યાયિક તપાસના આદેશ આપી ચૂંટણી રદ કરવા યોગ્ય હુકમ કરશો.

(૧) વોર્ડ નં.૪ના ૪/૯ અને ૬/૯ બુથોમાં જે મતોની હેરાફેરી કરવામાં આવી છે તેની તાત્કાલિક ધોરણે તપાસના આદેશો આપશો.

(૨) વોર્ડ નં.૪ના ૪/૯ અને ૬/૯ના બુથોમાં મતદાન સમયે જે જે કર્મચારીઓ હાજર હતા તે તમામ કર્મચારીઓની સાથે આમ આદમી પાર્ટીના હોદ્દેદારો સાથે અમારી મીટિંગનું આયોજન કરવાના હુકમ કરશો.

(૩) વોર્ડ નં.૨માં જે મશીન બદલાઈ ગયું છે તેના કારણે ઉમેદવારોને અન્યાય થયો છે તેની યોગ્ય તપાસ કરી વર્તમાન પત્રો (દૈનિક પેપર)માં જાહેર કરશો.

(૪) વોર્ડ નં.૨ના ઉમેદવારોને થયેલ અન્યાય જોતા મશીન બદલી કાઢેલ છે. તથા વોર્ડ નં.૪ની સર્ટિફાઈડ કોપીની તપાસ કરી યોગ્ય ન્યાય આપી ચૂંટણી રદ કરવાના હુકમ કરશો.

(૫) વોર્ડ નં.૪ અને વોર્ડ નં.૨માં જે ઘટનાઓ ઘટી છે તે ધ્યાને લઈને કાઉન્સિલરોને પદ ગ્રહણ ન કરે તેવા આદેશ કરશો.

(૬) સદર આવેદનનો દિન ૭ની અંદર યોગ્ય જવાબ આપશોજી.

પાવીજેતપુરના કંડા ગામની

બે સંતાનોની માતાને ૭ માસ સુધી ગોંધી રાખી નરાધમે દુષ્કર્મ આચર્યું

પાવીજેતપુર, તા.૧૦
પાવીજેતપુર તાલુકાના કંડા ગામની બે સંતાનોની માતા માદરે વતનથી ખેતીકામ પતાવી વડોદરા જવા માટે ઘરેથી નીકળી હતી ત્યારે રસ્તામાં મોટા અમાદરના ત્રણ ઈસમો ફોર વ્હીલ લઈ આવી પાળિયું બતાવી બળજબરીથી ઉઠાવી લઈ જઈ, સાત માસ સુધી એક ઈસમ દ્વારા ઓરડીમાં ગોંધી રાખી વારંવાર બળાત્કાર કર્યાની ફરિયાદ કદવાલ પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી છે.

પોલીસ સૂત્રોથી પ્રાપ્ત માહિતી મુજબ પાવીજેતપુર તાલુકાના કંડા ગામે રહેતી બે સંતાનોની માતા પોતાના પતિ સાથે વડોદરા મુકામે કડિયા કામ અર્થે ગઇ હોય તે સમયે મોટા અમાદરના બલસિંગ હબલાભાઈ રાઠવા વારંવાર આ પરિણીતાને હેરાન કરતા હોય, અને તેણીના નજીકના સંબંધી હોવાના કારણે વધુ ઝઘડો ન થાય તે હેતુસર તેઓએ પોતાના પતિને આ ઘટનાની જાણ કરી ન હતી. સાત માસ પૂર્વે તેણી પોતાના ઘરે કંડા મુકામે ખેતી કામ હોવાથી એકલી ઘરે આવેલી હોઈ, ખેતી કામ પતાવી વડોદરા મૂકામે કડિયા કામ માટે બીજા દિવસે દસ અગિયાર વાગ્યાના સુમારે વડોદરા જવા માટે કંડાથી ગરમોટીયા બસ સ્ટેશન સુધી ચાલતી એકલી જતી હતી. ત્યારે બલસિંગ હબલાભાઈ રાઠવા, મંગા મેસ્તાભાઈ રાઠવા, ટીના કાદવાભાઈ રાઠવા (તમામ રેહ. મોટા અમાદર, તા.પાવીજેતપુર)એ રસ્તામાં મોટરકાર લઈ આવી પાળીયું બતાવી તેણીને બળજબરીપૂર્વક ગાડીમાં બેસાડી મોઢું દબાવીને લઈ ગયા હતા. તેણીનીને છોટાઉદેપુર તાલુકાના મોટી સાઢલી ગામે એક માસ સુધી એક ઓરડીમાં ગોંધી રાખી હતી. પછી વારંવાર રાત્રિના સમયે બલસિંગ મહિલાની મરજી વિરુદ્ધ બળાત્કાર કરતો હતો. ત્યાંથી પછી મહિલાને રાજકોટમાં ચિત્રાવાડ ગામે લઈ ગયા હતા જ્યાં એક વાડીમાં એક રૂમમાં સતત છ માસ સુધી રૂમમાં પૂરી રાખી ઓરડીની બહાર તાળુ મારીને જ બલસિંગ કડિયા કામે જતો ત્યારે તેણીને ધમકાવતો હતો. ૩જી માર્ચના રોજ બપોરના બે વાગ્યાના સુમારે બાલસિંગ ઓરડીને તાળુ મારવાનું ભૂલી ગયો હોઈ, તકનો લાભ લઈ પરિણીતા ત્યાંથી ભાગી જઈ, અજાણી વ્યક્તિ પાસેથી વિનંતી કરી સમગ્ર ઘટના જણાવી મોબાઈલ લઈને પોતાના પતિને ફોન ઉપર વાત કરી હતી. તેણીના પતિ તેમજ તેના મિત્રો આવીને રાજકોટથી તેઓને કંડા ગામે લાવ્યા હતા. બાદમાં પરિણીતાએ કદવાલ પોલીસ સ્ટેશનમાં ઉક્ત ત્રણેય શખ્સો વિરુદ્ધ ગુનો નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વશીકરણ કરી સાધ્વી બનાવી હોવાનો પરિવારનો આરોપ

આણંદની યુવતી વિસનગરના પરમહંસ આશ્રમમાં સાધ્વી બની જતાં ચકચાર

(સંવાદદાતા દ્વારા) આણંદ, તા.૧૦
આણંદ શહેરના લોટેશ્વર ભાગોળ વિસ્તારમાં રહેતી એક યુવતી મહેસાણાના વિસનગરમાં આવેલા પરમહંસ આશ્રમના પરમાનંદ બાબાના સંપર્કમાં આવતા તેણે દીક્ષા લઈ સાધ્વી બની જતાં ભારે ચકચાર મચી જવા પામી છે. માતા-પિતાએ તેને દેવું કરીને ઉચ્ચ અભ્યાસ કરાવ્યો હતો, પરંતુ તે અચાનક છોડીને જતી રહેતા પોલીસને જાણ કરી હતી. જો કે, યુવતીએ પરત આવવાનો સ્પષ્ટ ઈનકાર કરી દેતા સાધુએ વશીકરણ કર્યું હોવાનો આક્ષેપ માતા-પિતાએ કર્યો છે. મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકામાં કડા ગામ નજીક પરમહંસ નામે બાબાનો એક આશ્રમ આવેલો છે, જ્યાં પાંચ વર્ષ પહેલાં એક યુવતી પોતાના મંગેતર સાથે આવી બાબાના સંપર્કમાં આવી હતી, જે બાદ તેની સગાઈ તૂટી જતા તેણીએ અન્ય યુવક સાથે લગ્ન કર્યા હતા. જો કે, યુવતીનું સુખી લગ્નજીવન લાબું ન ટકતા બન્ને વચ્ચે છૂટાછેડાનો પ્રશ્ન શરૂ થયો હતો, ત્યાં આ યુવતી પોતાના માતા-પિતા સાથે રહી પોતે શિક્ષિત હોઈ આઈટી કંપનીમાં નોકરી કરી એકલી રહેવા લાગી હતી. તેનો વિસનગરના પરમહંસ આશ્રમમાં રહેતા પરમાનંદ બાબા સાથે સંપર્ક હોઈ તે બાબાના વશ થઈ હોવાના આક્ષેપો યુવતીના માતા-પિતાએ લગાવ્યાં છે. ૪૨ વર્ષીય પરમાનંદ નામના બાબાને ગુરૂ બનાવી તેમની સાથે સન્યાસી જીવન જીવવા યુવતી ગત ૧૪ એપ્રિલે વેલેન્ટાઈન ડેના દિવસે બાબાના આશ્રમે આવી પોતાના માતા-પિતાને અલવિદા કર્યું હતું. આણંદ પોલીસને અરજી મળતા તુરંત યુવતીના માતા-પિતાની સાથે મહેસાણા કડા પરમહંસ આશ્રમ ખાતે ટીમ તપાસમાં મોકલી આપી હતી. આણંદ ટાઉનમાં પીઆઈ યશવંત ચૌહાણના જણાવ્યા મુજબ આણંદથી યુવતી માતા-પિતાને સાથે પોલીસની ટીમ આશ્રમ ખાતે યુવતીનું નિવેદન લેવા ગઈ હતી, જ્યાં યુવતી પુખ્ત વયની હોય અને તેના નિવેદન પ્રમાણે તે સ્વૈચ્છિક રીતે આ આશ્રમ ખાતે આવી હોવાની અને તેના પર કોઈ જોર જબદરસ્તી ન હોવાની જાણકારી આપી હતી. યુવતીના વાલી દ્વારા પણ યુવતી સાથે ચર્ચા કરવામાં આવી હતી. યુવતી પુખ્ત વયની હોય અને તેની ઈચ્છાથી આ પગલું ભર્યું હોવાનું જણાવતા ટીમ પરત આવી હતી. યુવતીના નિવેદન બાદ કોઈ ગુનાહિત કૃત્ય સાબિત થતું ન હોય કોઈ કાયદાકીય કાર્યવાહી કરવાની રહેતી ન હોવાની જાણકારી તેમને આપી હતી. એકતરફ યુવતીએ પોતાના સાંસારિક જીવનથી ત્રસ્ત હોવાની વાત કરી છે, ત્યાં બીજી તરફ યુવતીના માતાપિતાએ વિસનગરના આશ્રમ પર રહેતા બાબાએ તેમની દીકરી પર મેલીવિદ્યાનો ઉપયોગ કરી વશીકરણ કરી રૂ.૧.૫૦ લાખ પડાવ્યા હોવાનો આક્ષેપો કર્યા છે. પોતાની દીકરીની સલામતી અને આશ્રમના બાબા પર શંકા જતાવતા વિસનગર તાલુકા પોલીસ મથકે તપાસ કરવા લેખિત રજૂઆત કરી છે.

ભરૂચ : ગોલ્ડન બ્રિજમાં કાર ઘૂસી જતાં ટ્રાફિકજામ : અંતે ટ્રાફિક પૂર્વવત્ કરાયો

અંકલેશ્વર, તા.૧૦
ભરૂચ અને અંકલેશ્વર વચ્ચે નર્મદા નદી પર લાખો વાહન ચાલકો માટે અંગ્રેજોનાં શાસનથી આશીર્વાદ રૂપ ગોલ્ડન બ્રિજ અવારનવાર ટ્રાફિકનાં કારણે ચર્ચામાં રહે છે, આ બ્રિજ ભરૂચ, અંકલેશ્વરનાં નોકરીયાત વર્ગનાં લોકો મોટા ભાગે ઉપયોગ કરે છે અને સમયસર પોતાના ધંધા રોજગાર પર જતા હોય છે. પરંતુ બ્રિજ પર અવારનવાર આવતી અન્ય શહેરોની ગાડીઓ હવે સ્થાનિક વાહન ચાલકો માટે માથાનાં દુઃખાવા સમાન બની છે. ને.હા ૪૮ પર ટોલ ટેક્ષ બચાવવા માટે અન્ય શહેરનાં મોટા ભાગનાં વાહનો ગોલ્ડન બ્રિજમાં પ્રવેશી જતા હોય છે અને બ્રિજ સાંકડો હોવાથી ના છૂટકે અહીંયા અકસ્માતોનું નિર્માણ થતું હોય છે. આજે સવારે પણ જી જે ૧૯ પાસિંગની એક કાર ગોલ્ડન બ્રિજની રેલીંગમાં ઘુસી જતા અનેક વાહનો બ્રિજમાં અટવાયા હતા તેમજ ભરૂચ, અંકલેશ્વર વચ્ચે ભારે ટ્રાફિકનું નિર્માણ થયું હતું. ટ્રાફિકનાં પગલે બ્રિજનાં છેડે ઉભેલા પોલીસનાં જવાનોએ તાત્કાલિક ક્રેનની મદદથી બ્રિજ વચ્ચે ફસાયેલ કારને બહાર કાઢી ટ્રાફિકની સ્થિતિને હળવી કરતા વાહન ચાલકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની તાજેતરમાં યોજાયેલી ચૂંટણી બાદ બુધવારના રોજ મેયર સહિતના હોદેદારોની પસંદગી કરવામાં આવી હતી. મેયર તરીકે કિરીટ પરમાર સહિતના હોદેદારોના નામ જાહેર કરાયા બાદ ભાજપના આગેવાનો દ્વારા તમામને શુભેચ્છા પાઠવવામાં આવી હતી. અમદાવાદના નવા મેયર પરણ્યા નથી અને તેઓ ચાલીમાં ભાડાના મકાનમાં રહે છે જેનાથી તેમની સાદગી જણાઈ આવે છે.

અમદાવાદના મેયર પદે કિરીટ પરમાર જ્યારે ગીતાબેન પટેલ બન્યા ડે. મેયર

સ્ટે. કમિટીના ચેરમેન હિતેશ બારોટ તથા ભાજપ પક્ષના નેતા તરીકે ભાસ્કર ભટ્ટની પસંદગી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

મહાનગરપાલિકાઓની ચૂંટણીના પરિણામ જાહેર થયા બાદ આજે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હોદેદારોના નામોની જાહેરાત કરવામાં આવી છે. જેમાં મેયર તરીકે કિરીટ પરમારના નામની જાહેરાત કરવામાં આવી છે. આ ઉપરાંત ડેપ્યુટી મેયર પદ માટે ગીતાબેન પટેલશાસક પક્ષના નેતા તરીકે ભાસ્કર ભટ્ટ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પદે હિતેશ બારોટ જ્યારે દંડક તરીકે અરુણસિંહ રાજપૂતના નામની જાહેરાત કરવામાં આવી છે. મેયર પદ માટે નામની જાહેરાત થયા બાદ તેઓ ભાવુક થઈ ગયા હતા અને મીડિયા સામે ભારતીય જનતા પાર્ટીનો આભાર માન્યો હતો. કિરીટ પરમારે બી.એ. બી.એડ સુધીનો અભ્યાસ કર્યો છે. બે વખત કાઉન્સિલર રહી ચુક્યા છે, તેમજ પક્ષમાં નાનું મોટું કામ કરતા આવ્યા છે. સામાન્ય રીતે લોકોના મનમાં એવું હોય છે કે મેયર પદ માટે પસંદ થનાર વ્યક્તિ જાહોજલાલીમાં રહેતો હશે પરંતુ કિરીટભાઈના કેસમાં આ વાત ખોટું ઠરે છે. તેઓ છાપરાવાળા મકાનમાં રહે છે. તેમના મકાનમાં કોઈ વૈભવી સુવિધા નથી. તેઓ ખૂબ જ સાદુ જીવન જીવે છે. આ ઉપરાંત તેઓએ લગ્ન પણ નથી કર્યાં. એટલે કે જેઓ કોઈના 'પતિ' નથી તેઓ હવે નગર'પતિ' બન્યા છે.

કિરીટ પરમારની છબી સામાજિક કાર્યકર તરીકેની છે. તેઓ વર્ષોથી સંઘ સાથે જોડાયેલા છે. પહેલીવાર પોટલિયા વોર્ડથી ચૂંટણી જીત્યા હતા અને આજે અમદાવાદના નવા મેયર બન્યા છે. આ પ્રસંગે મેયર બનનારા કિરીટ પરમારે કહ્યું કે, સામાન્ય પરિવાર અને ચાલીમાં જન્મ લઈને કોર્પોરેશનની સ્કૂલમાં ભણનાર, નાના પરિવારમાંથી આવનાર માણસને શહેરની પ્રતિષ્ઠિત પદ પર બેસાડવા માટે હું ભાજપનો આભારી છું.

નવા નગરપતિ કોઈના પતિ નથી ચાલીમાં ભાડાના મકાનમાં રહે છે

કોંગ્રેસના ધારાસભ્યો દ્વારા પૂછાયેલ પ્રશ્નમાં થયો ખુલાસો

કુટિર ઉદ્યોગ શરૂ કરવા સરકારે કરેલી ભલામણ અને બેંકોએ મંજૂર કરેલી અરજીઓ વચ્ચે તફાવત !

અમદાવાદ, તા.૧૦

રાજ્યમાં કુટિર ઉદ્યોગ શરૂ કરવા સરકારને મળેલી અરજીઓ માટે સરકારે બેંકોને ભલામણ કરી હતી. જેમાં રાજ્ય સરકારે આપેલા આંકડાઓમાં મહિસાગર, આણંદ અને ખેડા જિલ્લામાં બેંકોને ભલામણ કરેલ અરજીઓની સંખ્યા કરતા બેંકો દ્વારા મંજૂર કરેલ અરજીઓની સંખ્યા વધુ છે ત્યારે વિધાનસભા ગૃહમાં કોંગી ધારાસભ્યોના પ્રશ્નના ઉત્તરમાં કુટિર ઉદ્યોગ મંત્રીએ પાઠવેલા ઉત્તરમાં આ છબરડો સામે આવતા અનેક શંકા-કુશંકાઓ ઊભી થવા પામી હતી. મહીસાગર જિલ્લામાં ૨૬૭૮ અરજીઓ થઈ હતી. જેમાં સરકારે ૧૯૦૯ અરજીઓ અંગે સરકારે ભલામણ કરી હતી. જ્યારે બેંકોએ ૨૪૯૦ જેટલી અરજીઓ મંજૂર કરી છે. આમ સરકારની ભલામણ કરેલી અરજીઓ અને બેંકોએ મંજૂર કરેલી અરજીઓ વચ્ચે ૫૦૦થી વધુનું અંતર જોવા મળે છે. એવી જ રીતે આણંદમાં સરકારે ૨૩૬૯ અરજીઓની ભલામણ કરી હતી. જ્યારે બેંકોએ ૩૨૪૨ અરજીઓ મંજૂર કરી છે. જ્યારે ખેડામાં પણ સરકારે ૧૪૯૨ અરજીઓની ભલામણ કરી છે. જ્યારે ૨૧૪૧ અરજી બેંકોએ મંજૂર કરી છે, આમ બેંકોએ મંજૂર કરેલી અરજીઓ અને સરકારે ભલામણ કરેલી અરજીઓના આંકડાઓ વચ્ચે મોટો તફાવત જોવા મળે છે જે બતાવે છે કે, સરકાર ક્યાંકને ક્યાંક કંઈક છૂપાવી રહી છે. જેને લઈને અનેક શંકા-કુશંકાઓ ઊભી થવા પામી છે.

રાજ્યમાં બે વર્ષમાં કુટિર ઉદ્યોગ શરૂ કરવા જિલ્લા ઉદ્યોગ કેન્દ્રોમાં ૧,૧૪,૫૦૩ અરજીઓ મળી તે પૈકી ૮૨, ૬૪૩ અરજીઓ મંજૂર કરીને બેંકોને ભલામણ કરવામાં આવી હતી. બેંકોને ભલામણ કરવામાં આવેલ અરજીઓ પૈકી બેંકોએ માત્ર ૬૦,૦૮૪ અરજીઓ જ મંજૂર કરી છે. રાજ્ય સરકાર કુટિર ઉદ્યોગ શરૂ કરવા મળેલ અરજીઓ મંજૂર કરીને બેંકોને ભલામણ કરે છે પરંતુ બેંકો અરજદારોને લોન મંજૂર કરતી નથી. રાજ્ય સરકારે આપેલા આંકડાઓ મુજબ મહીસાગર, આણંદ અને ખેડા જિલ્લામાં બેંકોને ભલામણ કરેલ અરજીઓની સંખ્યા કરતાં બેંકો દ્વારા મંજૂર કરેલ અરજીઓની સંખ્યા વધુ છે.

ટેકનોલોજીના ઉપયોગ થકી મિત્ર મિત્ર સાથે છેતરપિંડી

યુવતીનો ફોન હેક કરી મિત્રએ ૧.૨૦ લાખની રકમ ટ્રાન્સફર કરી

અમદાવાદ, તા.૧૦

દરેક યુવતી જ્યારે કોઈ પુરૂષ સાથે મિત્રતાના સંબંધ બાંધે છે ત્યારે પરિવારજનો તેની ચિંતા કરતા હોય છે. કારણકે યુવતીઓ સાથે મિત્રતા કરી કેટલાય યુવકો તેનો ગેરફાયદો અલગ અલગ રીતે ઉપાડે છે. આવો જ એક કિસ્સો શહેરના નવરંગપુરા પોલીસના ચોપડે નોંધાયો છે. એક યુવતી કે જેને ઈન્સ્ટાગ્રામ પર ખરાબ મેસેજો આવતા તેણે યુવક મિત્રની મદદ લીધી હતી. પણ બાદમાં આ અંગે સાયબર ક્રાઈમમાં ફરિયાદ કરતા આ જ યુવક મિત્ર આરોપી નીકળ્યો અને તેની પોલીસે ધરપકડ પણ કરી હતી. આ યુવક મિત્રએ માત્ર મેસેજો જ કરવાનો ગુનો કર્યો હોય તેવું નહોતું પણ મદદના બહાને યુવતીનો ફોન એક દિવસ પોતાની પાસે રાખી મોબાઈલ હેક કરી ક્યુઆર કોડ સ્કેન કરાવી એક બાદ એક ટ્રાન્ઝેક્શન કરી ૧.૨૦ લાખ ટ્રાન્સફર કરી છેતરપિંડી આચરી હતી. યુવતીએ આ અંગે પણ પોલીસને અરજી આપી હતી જે બાબતે હવે પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. સૈજપુર બોઘા ખાતે રહેતા રીનાબહેન રાઠોડ નવરંગપુરા ખાતે આવેલી એક હોસ્પિટલમાં નોકરી કરે છે. તેમનું એક ખાનગી બેંકમાં એકાઉન્ટ છે અને તેનો ઉપયોગ તે એકલા કરે છે. સાથે સાથે તેઓ ગૂગલ પેનો ઉપયોગ કરતા હોવાથી તે એકાઉન્ટ બેંક એકાઉન્ટ સાથે લિંક કરેલું છે. ગત ૧.૯.૨૦૨૦ ના રોજ તેઓ તેઓ સાંજે નોકરીએથી ઘરે જતા હતા. ત્યારે નવરંગપુરા બસસ્ટેન્ડ પાસે પહોંચતા જ એકાઉન્ટની વિગત ફોનમાં જોતા માત્ર બે હજાર રૂપિયા બેલેન્સ હતું. જોકે હકીકતમાં ૧.૧૫ લાખ રૂપિયા બેલેન્સ હતું. પણ બાકીના નાણાં એકાઉન્ટમાંથી ગાયબ થતા તેઓ ઓફિસે પહોંચ્યા અને બેંકના કસ્ટમર કેરમાં ફોન કરી એકાઉન્ટ બ્લોક કરાવી દીધું હતું. બીજે દિવસે રીનાબહેન બેંકમાં ગયા હતા જ્યાં એકાઉન્ટનું સ્ટેટમેન્ટ કઢાવ્યું હતું. જેમાં જોતા ઓગસ્ટ માસમાં છ હજાર જય ચૌહાણ નામના વ્યક્તિના એકાઉન્ટમાં પેટીએમથી ટ્રાન્સફર થયા હતા. બાદમાં સ્ટેટમેન્ટ વિગતવાર જોતા અલગ અલગ તારીખો દરમિયાન અનેક રૂપિયા અલગ અલગ વ્યક્તિ કે કોઈ કંપનીમાં ટ્રાન્સફર થયા હોવાનું જણાયું હતું. આ નાણાં ટ્રાન્સફર તો થયા પણ રીના બહેનને કોઈ મેસેજ ન આવતા તેઓને આ દરમિયાન જાણ જ થઈ નહોતી. અમુક નાણાં જય ચૌહાણ નામના વ્યક્તિના એકાઉન્ટમાં ટ્રાન્સફર થયા તે જય ચૌહાણ અન્ય કોઈ નહિ પણ રીનાબહેનનો જ મિત્ર છે. જેને તેઓ બે વર્ષથી ઓળખે છે. જય હર્બલ લાઈફ કંપનીમાં નોકરી કરે છે અને નરોડા પાર્શ્વનાથ ટાઉનશીપ ખાતે રહે છે. રીનાબહેન અને જય અવાર નવાર સ્વસ્તિક રોડ પર મળતા પણ હતા.

વડોદરા મહાનગરપાલિકાની આજરોજ યોજાયેલ સામાન્ય સભામાં મેયર પદે કેયુર રોકડિયા, ડેપ્યુટી મેયર પદે નંદાબેન જોશી તેમજ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પદે ડૉ. હિતેન્દ્ર પટેલની વરણી થતા ચૂંટાયેલા તમામ કોર્પોરેટરોએ શુભેચ્છાઓ પાઠવી હતી. પ્રસતુત તસવીરમાં મહાનગરપાલિકાના નવા ચૂંટાયેલા હોદેદારો દશ્યમાન થાય છે.

(તસવીર : શરીફ કાપડિયા, વડોદરા)

વડોદરા મનપાના મેયર પદે કેયુર રોકડિયા, ડે. મેયર તરીકે નંદાબેન જોશીની નિમણૂંક

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૧૦

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર તરીકે કેયુર રોકડિયા અને ડેપ્યુટી મેયર તરીકે નંદાબેન જોશી તેમજ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તરીકે ડૉ. હિતેન્દ્ર પટેલની ભાજપ મોવડી મંડળે પસંદગી કરી છે. આજે સવારે ૧૧:૦૦ વાગ્યે કોર્પોરેશનના નવા બોર્ડની પ્રથમ જનરલ બોર્ડની મીટિંગમાં મેયર અને ડેપ્યુટી મેયરની ચૂંટણી યોજાઈ તે અગાઉ શહેર ભાજપ કાર્યાલય ખાતે તેઓના નામોની ઘોષણા કરવામાં આવી હતી.

પ્રદેશ ભાજપમાંથી આ નામના મેન્ડેટ આવ્યા હોવાથી શહેર ભાજપ દ્વારા તેમના નામો જાહેર કરવામાં આવ્યા હતા. આ નામો જાહેર થયા બાદ તમામ સભ્યો ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ કરવા ગાંધીનગર ગૃહ ઉપડી ગયા હતા. કોર્પોરેશનના ઈતિહાસમાં પહેલીવાર ગાંધીનગર ગૃહ ખાતે જનરલ બોર્ડની પ્રથમ મીટીંગ મેયર અને ડેપ્યુટી મેયરની ચૂંટણી માટે મળી રહી છે. કોર્પોરેશનની તાજેતરમાં ચૂંટણી યોજાઈ હતી. જેમાં કોર્પોરેશનની કુલ ૭૬ બેઠકમાંથી ભાજપે ૬૯ બેઠક જીતી હતી જ્યારે કોંગ્રેસને માત્ર ૭ બેઠક પ્રાપ્ત થઈ હતી. ચૂંટણીના પરિણામ જાહેર થયા પછી છેલ્લા કેટલાક દિવસોથી મેયર સહિતના હોદ્દા પર કોણ બેસશે તે મુદ્દે જુદા જુદા નામોની અટકળો ચાલી રહી હતી. આજે કોર્પોરેશનમાં ભાજપ પક્ષના નેતા તરીકે અલ્પેશ લીમ્બાચીયા તથા દંડક તરીકે ચિરાગ બારોટનું નામ પણ જાહેર કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, ડૉ. હિતેન્દ્ર પટેલ વીતેલા બોર્ડની અગાઉના બોર્ડમાં સ્ટેન્ડિંગ કમિટીના અધ્યક્ષ હતા.

પંચાયત-પાલિકાના હોદેદારોની વરણી મુદ્દે ભાજપની આજે બેઠક

અમદાવાદ, તા.૧૦

સ્થાનિક સ્વરાજની ચૂટણી પુર્ણ થતાં નગર પાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતમાં પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી કરવાની પ્રક્રિયા ભાજપ દ્વારા હાથ ધરવામાં આવી છે. જેને લઈ આવતીકાલે તા.૧૧મી માર્ચના રોજ ભાજપ પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠક મળશે. જેમાં સૌરાસ્ટ્રની પંચાયત અને નગર પાલિકાના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે. આવતીકાલે ૧૧ માર્ચના રોજ ભાજપની પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠક મળનાર છે. જેમાં સૌપ્રથમ સૌરાસ્ટ્ર વિભાગની નગર પાલિકા અને જિલ્લા-તાલુકા પંચાયતોના હોદેદારો અંગે ચર્ચા કરવામાં આવનાર છે. જેમાં પ્રમુખ અને ઉપપ્રમુખ સહિતના નામો નક્કી કરવામાં આવનાર છે. જે નામ નક્કી થયા બાદ તારીખ ૧૩ અને ૧૫ ના રોજ ફરી પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠક મળનાર છે. જે બેઠકમાં અન્ય વિભાગની અને નગરપાલિકા અને જિલ્લા પંચાયતના પ્રમુખોના નામની પણ ચર્ચા કરી પ્રમુખ અને ઉપપ્રમુખ સહિતના અનેક નામો પર મોહર મારવામાં આવશે.

કાગળ પરની દારૂબંધી !!

નારોલ પોલીસે એક મકાનમાંથી ૩૧૩ બોટલ વિદેશી દારૂ પકડ્યો

અમદાવાદ, તા.૧૦

ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં પણ દર વર્ષે કરોડો રૂપિયાનો દારૂ ઝડપાતો હોય છે. ત્યારે દારૂબંધી માત્ર કાગળો પર જ હોય તેવી સ્થિતી સર્જાઈ છે. અમદાવાની નારોલ પોલીસે બાતમીના આધારે રેડ કરીને એક ઘરમાંથી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડયો છે. નારોલ પોલીસ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન તેઓને બાતમી મળી હતી કે સિરાજઉલ હસન અન્સારી તેમજ એજાઝ ખાન પઠાણ નામનો શખ્સ ભેગા મળીને નારોલ ગ્રીન પાર્કની પાસે આવેલ અલમાસ પાર્કના એક મકાનમાં ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો લાવીને મુકી રાખ્યો છે અને ચોરી છૂપીથી વેચાણ કરે છે. જે બાતમીના આધારે નારોલ પોલીસે રેડ કરી હતી જે રેડ દરમિયાન પોલીસે એજાઝખાન પઠાણ નામના યુવકને ઝડપી પાડયો હતો અને મકાનમાં ચકાસણી કરતા પોલીસને ભારતીય બનાવટની વિદેશી દારૂની ૩૧૨ બોટલો મળી આવી હતી. ૧.૫૬ લાખની કિંમતની ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલો તેમજ મોબાઈલ ફોન સહિત ૧,૫૬,૫૦૦ નો મુદ્દામાલ પોલીસે કબ્જે કર્યો છે. અને આ દારૂનો જથ્થો આરોપી ક્યાંથી અને કોની પાસેથી લાવ્યો હતો તે દિશામાં પૂછપરછ કરતા સામે આવ્યુ કે સીરાજઉલ અન્સારીએ આ દારૂનો જથ્થો લાવી વેચાણ કરવા માટે તેને આપ્યો હતો. પોલીસે ફરાર આરોપી સામે પણ ગુનો દાખલ કરી તેની શોધખોળ હાથ ધરી છે.

કામધેનુ યુનિ.નો ૭મો દિક્ષાંત સમારોહ યોજાયો

ભારતીય પશુધનની પરંપરાગત દેશી નસલોની સુધારણા પર ભાર મૂકતા રાજ્યપાલ

અમદાવાદ, તા.૧૦

ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ગાંધીનગર ખાતે કામધેનુ યુનિવર્સિટીના સાતમા દિક્ષાંત સમારોહમાં પદવી ગ્રહણ કરતા યુવાનોને શુભેચ્છાઓ પાઠવી હતી અને રાષ્ટ્રની ઉન્નતિ માટે યુવાનો પૂરા સમર્પણભાવથી પ્રવૃત્ત થાય તેવો અનુરોધ પણ કર્યો હતો.

રાજ્યપાલે જણાવ્યું હતું કે, દેશી નસલની ગાય આર્થિક ઉન્નતિનો આધાર સ્તંભ બની શકે તેમ દૃઢતાપૂર્વક જણાવતાં રાજ્યપાલે ભારતીય પશુધનની પરંપરાગત દેશી નસલોની સુધારણા પર ભાર મૂક્યો હતો. તેમણે પશુપાલન વ્યવસાયને આર્થિક ઉન્નતિ સાથે માનવ સ્વાસ્થ્યની રક્ષા સાથે સંકળાયેલી પ્રવૃત્તિ ગણાવી હતી.

પાણી, પુરવઠા અને પશુપાલન વિભાગના મંત્રી કુંવરજી બાવળિયાએ ગુજરાતમાં પશુપાલન પ્રવૃત્તિની વિકાસ ગાથા રજૂ કરી કામધેનુ યુનિવર્સિટી મહત્વને પ્રસ્તુત કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે રાજ્યની ડેરી કોલેજો, પશુપાલન અંગેની ડિગ્રી કોલેજો, પોલિટેકનિક કોલેજો ને આ યુનિવર્સિટી હેઠળ મૂકીને કામધેનુ યુનિવર્સિટીનો વ્યાપ વધાર્યો છે. દેશના આર્થિક વિકાસમાં ડેરી પશુપાલન અને મત્સ્યોદ્યોગ વ્યવસાયની મહત્વની ભૂમિકા હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

ભાવનગર મનપાના મેયર પદે કીર્તિબેન તથા ડે.મેયર પદે કુમાર શાહ સર્વાનુમતે ચૂંટાયા

ભાવનગર, તા.૧૦

ભાવનગર મહાનગરપાલિકાની આજે કમિશનર ગાંધીના અધ્યક્ષસ્થાને સાધારણસભા મળી હતી. આ સભામાં ભાવનગરના મેયર પદે કિર્તીબેન દાણીધારિયા અને ડેપ્યુટી મેયર પદે કુમારશાહ સર્વાનુમતે ચૂંટાઈ આવ્યા હતા. જ્યારે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પદે ધીરૂભાઈ ધામેલિયા અને સત્તાધારી ભાજપના નેતા પદે બુધાભાઈ ગોહેલ અને દંડક પદે પંકજસિંહ ગોહિલ નિમાયા હતા.

ભાવ.મ્યુનિ.ના કમિશનર ગાંધીના અધ્યક્ષસ્થાને મળેલી સાધારણ સભામાં સૌપ્રથમ મેયરની ચૂંટણીની પ્રક્રિયા માટે કમિશનરના આદેશથી ડેપ્યુટી કમિશનર દિલીપસિંહ ગોહિલની પ્રીસાઈડિંગ ઓફિસર તરીકે નિમણૂંક કરાઈ હતી. તેમણે ચૂંટણી પ્રક્રિયાની શરૂઆતમાં મેયર પદ માટે ઉમેદવારીપત્ર ભરવાની જાહેરાત કરતા ભાજપ તરફથી કિર્તીબેન દાણીધારિયાનું ફોર્મ ભરાયું હતું. જ્યારે ભાજપના સિનિયર નગરસેવક અને સ્ટેન્ડિંગ કમિટીના પૂર્વ ચેરમેન ગીરીરાજસિંહ ગોહિલની વિનંતીને માન આપી કોંગ્રેસ પક્ષ તરફથી ઉમેદવારી કરવામાં ન આવતા એક માત્ર ફોર્મ કિર્તીબેન દાણીધારિયાનું ભરાતા સર્વાનુમતે મેયર પદે કિર્તીબેન બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરાયા હતા.

ત્યારબાદ કિર્તીબેને મેયરપદનો ચાર્જ સંભાળી અધ્યક્ષ સ્થાન સંભાળ્યું હતું અને તેમણે ડેપ્યુટી મેયરની ચૂંટણીની કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં સત્તાધારી ભાજપ પક્ષ તરફથી ડેપ્યુટી મેયર પદે કુમાર શાહના નામનું ફોર્મ ફરાયું હતું. તેમાં પણ કોંગ્રેસે ઉમેદવારી ન નોંધાવતા ડેપ્યુટી મેયર પદે કુમારશાહ બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરાયા હતા. ત્યારબાદ ભાવનગર મહાનગરપાલિકાની ૧૨ સભ્યોની સત્તાધારી ભાજપ પક્ષ દ્વારા નિયુક્તિ કરવામાં આવી હતી. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પદે ધીરૂભાઈ ધામેલિયાની નિમણૂંક કરાયેલ જ્યારે સભ્ય પદે પંકજસિંહ ગોહિલ, કુલદીપભાઈ પંડ્યા, નરેશભાઈ ચાવડા, દિલીપભાઈ જોબનપુત્રા, ભરતભાઈ ચુડાસમા, વિલાસબેન રાઠોડ, યોગીતાબેન ત્રિવેદી, ભાવનાબેન સોનાણી, ભારતીબેન બારૈયા, નીતાબેન બારૈયા, શારદાબેન મકવાણાની વરણી કરવામાં આવી હતી. જ્યારે ભાજપના નેતા પદે બુધાભાઈ ગોહિલ અને દંડક પદે પંકજસિંહ ગોહિલની નિમણૂંક કરવામાં આવી હતી.

સામાખ્યાલી-ભિલડી રેલવે ખંડનું નિરીક્ષણ કરતા પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર

અમદાવાદ, તા.૧૦

પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર આલોક કંસલ દ્વારા અમદાવાદ ડિવિઝનના સામાખ્યાલી-ભિલડી રેલવે ખંડનું વાર્ષિક નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. કંસલે તેમના નિરીક્ષણ દરમિયાન આ રેલવે લાઈન પર મુસાફરોની સુવિધાઓ, સ્ટાફ સુવિધાઓ, સલામતી અને સુરક્ષા કાર્યો, માળખાકીય સુવિધાઓ, રેલવે વીજળીકરણના કામો અને અન્ય વિકાસના કાર્યોનું નિરીક્ષણ કર્યું હતું. આ દરમિયાન તમામ વિભાગના પ્રમુખ વિભાગાધ્યક્ષ, અમદાવાદ ડિવિઝનના ડીઆરએમ દીપકકુમાર ઝા અને અન્ય વરિષ્ઠ રેલવે અધિકારીઓ હાજર રહ્યા હતા. કંસલને આરપીએફ દ્વારા સામાખ્યાલી સ્ટેશન ખાતે ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. આ પછી તેમણે ખંડમાં રેલવે ક્રોસિંગ્સ, મોટા અને નાના પૂલ, પોઈન્ટ અને ક્રોસિંગ કર્વ, ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ સિસ્ટમ્સના તકનિકી પાસાઓની સંપૂર્ણ તપાસ કરી સામાખ્યાલી, લાકડિયા અને ભિલડી સ્ટેશનો પર મુસાફરોની સુવિધાઓની સમીક્ષા કરી હતી. તેમણે સોલર વોટર કૂલર, વાવેતર, ચિલ્ડ્રન પાર્ક અને છ નવા ક્વાર્ટર્સનું ઉદ્ઘાટન પણ કર્યું હતું. આ દરમિયાન દિયોદરથી ભિલડી વચ્ચે ૧૨૦ કેએમપીએચની ઝડપે સ્પીડ ટ્રાયલ પણ કરવામાં આવી હતી.

થેલેસેમિયાગ્રસ્ત બાળકોને બચાવવા ઈસનપુર પોલીસનું રક્તદાન

થેલેસેમિયાગ્રસ્ત બાળકોને તાત્કાલિક કોઈ લોહી આપનારૂં મળતું ન હોવાથી તેઓ મૃત્યુ પણ પામતા હોય છે. માટે કોઈ બાળક આ ગંભીર રોગના કારણે મૃત્યુ ન પામે તેવા ઉમદા હેતુથી ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરાયું હતું. જેમાં મહિલા સ્ટાફ સહિત તમામ પોલીસકર્મીઓએ 'રક્તદાન એ મહાદાન'ના સૂત્રને સાર્થક કરી રક્તદાન કર્યું હતું અને અન્યોને પણ આ ઉમદા કાર્યમાં સહભાગી થવા માટે પ્રેરણા આપી હતી.

અમેરિકાના સાંસદોએ ઈરાન સાથે વ્યાપક વાતચીત યોજવા બાઈડેનને વિનંતી કરી

(એજન્સી) અનાદોલુ, તા.૧૦

અમેરિકાના ૧૪૦ દ્વિપક્ષીય સાંસદોએ બાઈડેનને વિનંતી કરી હતી કે તેઓ ઈરાન સાથે વાતચીત યોજવાની શરૂઆત કરે જેથી ઈરાન પોતાના પરમાણુ કાર્યક્રમ અને અન્ય દૂષિત પ્રવૃત્તિઓમાં આગળ ન વધે. સાંસદોએ જણાવ્યું હતું કે વાતચીત દરમિયાન ઈરાનના બેલાસ્ટીક મિસાઈલ કાર્યક્રમ રોકવા, ત્રાસવાદીઓને સમર્થન આપવા અને ઈરાનની સાયબર પ્રવૃત્તિઓ અટકાવવા ઉપર પણ ભાર મૂકવામાં આવે. સાંસદોએ રાજયના સચિવ એન્ટોની બ્લીન્કેનને પત્ર લખી વિનંતી કરી હતી કે તેઓ આ વિસ્તારોમાં તંગદિલી ઘટાડવા અને બધા દેશોની સુરક્ષા માટે પગલા લે. એમણે લખ્યું હતું કે અમેરિકા અને સાથી દેશોએ મળી ડીપ્લોમેટીક અને પ્રતિબંધો દ્વારા આંતરરાષ્ટ્રીય ઉદ્દેશ્યો હાંસલ કરવા ઈરાન ઉપર ભાર મૂકે. થોડા સમય પહેલા અમેરિકાએ પોતાના યુરોપના સાથી દેશો દ્વારા ઈરાનને સંદેશો મોકલી અમેરિકા સાથે વાતચીત કરવા ઓફર આપી હતી.

જોકે ઈરાને ઓફર રદ કરી હતી અને જણાવ્યું હતું કે પહેલા અમેરિકા અમારા ઉપર મુકાયેલ આર્થિક પ્રતિબંધો દૂર કરે પછી અમે વાતચીત માટે આગળ આવીશું. ૨૦૧૮ના વર્ષમાં ટ્રમ્પ સરકાર ઈરાન સાથે થયેલ પરમાણુ સમજૂતીમાંથી ખસી ગઈ હતી અને ઈરાન ઉપર ફરીથી પ્રતિબંધો મૂક્યા હતા. ઈરાને પ્રતિબંધોના પ્રતિકારરૂપે ફરીથી પરમાણુ કાર્યક્રમને આગળ ધપાવવા શરૂઆત કરી હતી. એમણે કહ્યું કે પહેલ પ્રતિબંધો દૂર કરો પછી અમે સમજૂતી મુજબ વર્તન કરીશું.

વિસ્ફોટમાં ક્ષતિગ્રસ્ત થયેલી બૈરૂત હોસ્પિટલને ફરીથી બનાવવા માટે ૨.૩૭ મિલિયન ડોલરની ગ્રાન્ટ

(એજન્સી) બૈરૂત,તા.૧૦

યુનિસેફ અને ફ્રેન્ચ વિકાસ એજન્સી (એએફડી)એ લેબેનોનને ઓગસ્ટ ૨૦૨૦માં બૈરૂતના બંદર પર થયેલા વિસ્ફોટો પછી ગંભીર રીતે ક્ષતિગ્રસ્ત થયેલી હોસ્પિટલનું પુનઃ નિર્માણ કરવા માટે બે મિલિયન યુરો એટલે (૨.૩૭ મિલિયન ડોલર) દાન આપવા માટે કરાર પર હસ્તાક્ષર કર્યા છે. શિન્હુઆ સમાચાર એજન્સીએ સોમવારે સ્થાનિક મીડિયા અહેવાલને ટાંકતા જણાવ્યું હતું કે, કરંટિના સરકારી હોસ્પિટલની નવી ઈમારતના પુનર્વસન અને સંચાલન દ્વારા આ પ્રોજેક્ટનો હેતુ હાલની જટિલ પરિસ્થિતિઓમાં બાળકો અને મહિલાઓને ગુણવત્તાવાળી કાળજી મળે તે સુનિશ્ચિત કરવાનો અને મૂળભૂત આરોગ્ય સંભાળ સેવાઓ મેળવવા માટે સૌથી સંવેદનશીલ રહેવાસીઓને પુનઃસ્થાપિત કરવાનો છે. ફ્રેન્ચ રાજદૂત એન્ને ગ્રીલોએ જણાવ્યું હતું કે વિસ્ફોટો પછી બૈરૂતની પુનઃ રચના માટે ફ્રાન્સ

તરફથી આ ભંડોળ એક વધારાનું યોગદાન છે. આ દરમ્યાન લેબેનોનમાં યુનિસેફના પ્રતિનિધિ યુકી મોકુએ જણાવ્યું હતું કે આ હોસ્પિટલનું પુનર્વસન એ બૈરૂતના પુનઃનિર્માણ કરવાની સંસ્થાની લાંબા ગાળાની પ્રતિબદ્ધતાનો એક ભાગ છે. કરંટિના સરકારી હોસ્પિટલ એવા લોકો માટે આશ્રયસ્થાન છે. જેઓ તબીબી સંભાળથી વંચિત છે. ૪થી ઓગસ્ટ ૨૦૨૦ના રોજ બૈરૂતના બંદર ખાતે બે વિનાશક વિસ્ફોટો થયા હતા. જેમાં ૨૦૦ લોકો માર્યા ગયા હતા. લગભગ ૬,૦૦૦ જેટલા ઘાયલ થયા હતા અને ૩ લાખ બેઘર થઈ ગયા હતા.

અફઘાનિસ્તાનમાં શાંતિપ્રક્રિયા માટે બાઈડેનની આ છે ફોર્મ્યુલા

(એજન્સી) તા.૧૦

અફઘાનિસ્તાનમાં શાંતિ માટે જો બાઈડેન તંત્રના તાજા પ્રસ્તાવ અંગે અહીં વધુ આશા જન્મી નથી. પરંતુ અફઘાન નેતાઓમાં આ પ્રસ્તાવે અનેક સંદેશાઓને જન્મ આપ્યો છે. સમાચાર મુજબ અહીં સમજ એ છે કે જે રીતે આ પ્રસ્તાવને અમેરિકન વિદેશમંત્રી એન્ટની બ્લિંકેને મોકલ્યો તેનો અર્થ છે કે શાંતિ પ્રક્રિયામાં બાઈડેન તંત્ર અફઘાન રાષ્ટ્રપતિ અશરફ ગનીને વધુ ભૂમિકા આપવા ઈચ્છતા નથી. બ્લિંકનના પત્રની નકલ સૌપ્રથમ અહીંના ટીવી ચેનલ તોલો ન્યુઝે પ્રકાશિત કરી તે મુજબ આગામી શાંતિ પ્રક્રિયામાં અમેરિકાના વિશેષ દૂત જાલમે ખાલીજાદને વધુ મોટી ભૂમિકા આપવામાં આવી છે. જો બાઈડેન તંત્રના સત્તામાં આવ્યા પછી અમેરિકન વિદેશમંત્રી અને ત્યાંના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારે અફઘાનિસ્તાનના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર હમદુલ્લાહ મોહિબ સાથે અનેક વખત ફોન પર વાતચીત કરી. જાણકારોનું કહેવું છે કે આ વલણ પર અફઘાન સરકારના કાયમ રહેવાના કારણે હવે આગળની વાતચીતમાં અમેરિકા રાષ્ટ્રપતિ ગનીને વધુ મહત્ત્વ આપવા ઈચ્છતા નથી. જો કે અફઘાનિસ્તાનના વિદેશમંત્રી મોહમ્મદ હનીફે નકાર્યું છે કે અમેરિકાએ ગની સરકાર પ્રતિ અપમાનજનક અથવા ઉપેક્ષાનું વલણ અપનાવ્યું છે. પરંતુ અફઘાનિસ્તાનના

પ્રથમ ઉપરાષ્ટ્રપતિ અમરૂલ્લાહ સાલેહે જણાવ્યું કે બ્લિંકનના પત્રથી શાંતિ પ્રક્રિયા અંગે અફઘાનિસ્તાન સરકારનું વલણ બદલાશે નહીં. ઉલ્લેખનીય છે કે બ્લિંકને આ પત્ર સાથે સાથે રાષ્ટ્રપતિ ગની અને ચેરમેન અબ્દુલ્લાહને મોકલ્યો છે. તેનો અર્થ એ થયો કે જો ગનીએ શાંતિ પ્રક્રિયાનો વિરોધ કર્યો તો અબ્દુલ્લાહ અમેરિકા શાંતિ પ્રક્રિયાને આગળ વધારવા માટે અબ્દુલ્લાહને વધુ મહત્ત્વ આપવાનું શરૂ કરી દેશે. અબ્દુલ્લાહ રાષ્ટ્રપતિ ગનીના રાજનીતિક હરીફ છે અને પાછલી ચૂંટણીમાં તે ગનીને પડકાર આપી ચૂક્યા છે.

લેબેનોન, સીરિયાએ વિસ્થાપિત નાગરિકોની 'સુરક્ષિત વાપસી' સુનિશ્ચિત કરવાની પદ્ધતિઓ પર ચર્ચા કરી

(એજન્સી) તા.૧૦

લેબેનોનના કાર્યવાહક સામાજિક મામલાઓ અને પર્યટન મંત્રી રમજી મુશરફે સીરિયન વિદેશ મંત્રી અને પ્રવાસીઓ, ફૈસલ અલ-મિક્દ્દ અને બન્ને દેશોના અન્ય અધિકારીઓ સાથે લેબેનોનમાં સીરિયન શરણાર્થીઓની સ્થિતિ અને તેમની સુરક્ષિત વાપસી સુનિશ્ચિત કરવાની પદ્ધતિઓ પર ચર્ચા કરી છે. બેઠક દરમ્યાન સીરિયાના આંતરિક મંત્રી મોહમ્મદ ખાલિદ અલ-રહમાને ભાર આપીને જણાવ્યું કે તેમનું મંત્રાલય શરણાર્થીઓની વાપસીની સુવિધા માટે તૈયાર છે. આ તેમને સીમા પર મેળવવા પરિવહનની સાથે પ્રદાન કરવા અને તે માટે વ્યક્તિગત દસ્તાવેજ મેળવવાની સાથે સાથે સીરિયાને બહાર જન્મ લેનારા બાળકોની નોંધણીની સાથે શરૂ થશે. આ દરમ્યાન અલ-મિક્દ્દે સમર્થન કર્યું કે, સીરિયા તમામ વિસ્થાપિત સીરિયન લોકોની પોતાની માતૃભૂમિમાં પરત ફરવાનું સ્વાગત કરે

છે. તેમણે જણાવ્યું હતું કે, સરકાર તેમની સુરક્ષિત વાપસીની ગેરંટી આપવા માટે તમામ જરૂરી પગલા ભરશે અને તેમને સારું જીવનસ્તર પ્રદાન કરશે. મંત્રીએ જણાવ્યું કે, કેટલાક પશ્ચિમી દેશ રાજનીતિક ઉદ્દેશો માટે સીરિયન શરણાર્થી મુદ્દાનો ઉપયોગ કરે છે અને ભ્રામક અને વિકૃત તથ્યો પર વિશ્વાસ કરે છે. તેમણે ભાર આપીને જણાવ્યું કે, દમિશ્ક સીરિયા માટે વિસ્થાપિત નાગરિકોની વાપસીમાં મદદ અને સમર્થન માટે મૈત્રીપૂર્ણ અને સંબંધ દેશોની સાથે સંવાદ કરશે.

પરમાણુ બોમ્બ હરામ, તેના હરામ હોવા વિશે કોઈ ચર્ચા પણ કરી શકાતી નથી, સર્વોચ્ચ નેતાનો ફતવો અમારા અમલનો આધાર : ઈરાન

(એજન્સી) તા.૧૦

પરમાણુ ઊર્જાની આંતરરાષ્ટ્રીય એજન્સી IAEAના કેમેરા અત્યારે પણ યથાવત હાજર છે અને તે પોતાનું કામ કરી રહ્યા છે. ઈરાનની પરમાણુ ઊર્જા સંસ્થાના પ્રમુખે એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું છે કે પરમાણુ બોમ્બ હરામ હોવા વિશે સર્વોચ્ચ નેતાનો ફતવો અંતિમ વાત છે. અલી અકબર સાલેહીએ જણાવ્યું કે પરમાણુ બોમ્બ વિશે અંતિમ વાત સર્વોચ્ચ નેતાએ કહી દીધી છે. તેમણે જણાવ્યું કે, સર્વોચ્ચ નેતાએ ફતવો આપ્યો કે પરમાણુ બોમ્બ ના માત્ર હરામ છે પરંતુ તેના હરામ થવા વિશે ચર્ચા પણ કરી શકાતી નથી. ઈરાનની પરમાણુ ઊર્જા સંસ્થાના પ્રમુખે જણાવ્યું કે, દરેક વ્યક્તિ પરમાણુ બોમ્બ વિશે પોતાના વિચારોને વ્યકત કરી શકે છે પરંતુ વ્યવહારમાં અમારા માટે સર્વોચ્ચ નેતાનો ફતવો આધાર છે અને અમે તેની પર અમલ કરીશું. તેમણે પરમાણુ સમજૂતીથી અમેરિકાના એકપક્ષીય રીતે નીકળવા અને તેમાં ઈરાનની હાજરી તરફ

સંકેત આપ્યા અને જણાવ્યું કે, પરમાણુ મામલાને કેમ જટીલ બનાવવા ઈચ્છીશું ? સૌ પ્રથમ તેણે આ સમજૂતીમાં પરત ફરવું જોઈએ જે આ સમજૂતીમાંથી નીકળ્યા છે. સાલેહીએ ભાર આપીને જણાવ્યું કે, પરમાણુ મામલો એક ટેકનિકલ વિષય છે. જેને રાજનૈતિક બનાવી દેવામાં આવ્યો. આ આધારે અમે તેના સમાધાન માટે રાજનીતિક માર્ગથી લાભ ઉઠાવવા માટે વિવશ થઈ ગયા છીએ. તેમણે જણાવ્યું કે, અમે પરમાણુ ઊર્જાની આંતરરાષ્ટ્રીય એજન્સી માટે ઈરાનની પરમાણુ ગતિવિધિઓની દેખરેખને સીમિત કરી નથી પરંતુ પરમાણુ સમજૂતી મુજબ અમે સ્વેચ્છાથી અમલ કરી રહેલા પૂરક પ્રોટોકોલ પર અમલને રોકી દીધા છે.

વધુ પડતા શરણાર્થી બાળકો સીરિયામાં પરત ફરવા ઈચ્છતા નથી : રિપોર્ટ

(એજન્સી) તા.૧૦

સીરિયામાં ચાલી રહેલા ગૃહ યુદ્ધથી વિસ્થાપિત વધુ પડતા બાળકો પોતાના દેશ પરત ફરવાની કલ્પના કરી શકતા નથી, સેવ ધ ચિલ્ડ્રન દ્વારા પ્રકાશિત એક રિપોર્ટમાં ખુલાસો થયો છે. રિપોર્ટના સંકલ કે જોર્ડન, લેબેનોન, તુર્કી, નેધરલેન્ડ અને સીરિયાના વિરોધી વિસ્તારોમાં ૧૯૦૦ વિસ્થાપિત સીરિયન બાળકો સાથે વાત કરી. ૮૬ ટકા લોકોએ જણાવ્યું કે, કે તે સીરિયા પરત ફરશે નહીં અને ત્યાં ભવિષ્યની કલ્પના કરી શકતા નથી. જ્યારે એક ત્રીજાએ જણાવ્યું કે તે બીજા દેશમાં વહેશે. લેબેનોનમાં માત્ર ૨૯ ટકા બાળકો, તુર્કીમાં ૩ ટકા અને જોર્ડન અને નેધરલેન્ડમાં ૯ ટકા લોકોએ જણાવ્યું કે, તે સીરિયા પરત ફરશે. લારા નામની સાત વર્ષની બાળકી સીરિયાના વિદ્રોહી રાજય ઈદલિબના મરાત અલ-નુમાનની એક છાવણીમાં રહે છે. તેણે જણાવ્યું કે, ''હું સીરિયા સિવાય અન્ય કોઈ દેશમાં રહેવા ઈચ્છું છું જ્યાં સુરક્ષા હોય અને સ્કૂલ અને રમકડાં હોય, અહીં સુરક્ષિત નથી, કૂતરાઓના અવાજ મને ભયભીત કરે છે અને તંબુ સુરક્ષિત

નથી'' રિપોર્ટ મુજબ બાળકોના નિર્ણયમાં શિક્ષણ એક પ્રમુખ કારણ છે, જ્યાં તે રહેવા ઈચ્છે છે લેબેનોન ખાસ કરીને યજમાન દેશોના સૌથી મુશ્કેલીમાંથી એક તરીકે કહેવામાં આવ્યું હતું કે, કારણ કે આ એક આર્થિક સંકટ અને રાજનીતિક અસ્થિરતાની ચપેટમાં છે. જોર્ડનમાં આ બતાવવામાં આવ્યું કે, ૩૬ ટકા શરણાર્થી બાળકોને કોઈપણ ઔપચારિક અથવા બિનઔપચારિક શિક્ષણ સિસ્ટમમાં નામાંકિત કરવામાં આવતા નથી અને દેશમાં લગભગ ૮૦ ટકા શરણાર્થી ગરીબી રેખાથી નીચે રહે છે. નેધરલેન્ડમાં સીરિયન શરણાર્થીઓને સારી રીતે વિદાય આપવાની સૂચના છે, ૭૦ ટકા સીરિયન બાળકોનું સકારાત્મક ભવિષ્ય જોઈને.

સીરિયાના રાષ્ટ્રપતિ અસદ અને એમનાં પત્ની કોરોના પોઝિટિવ

(એજન્સી) તા.૯

સીરિયન રાષ્ટ્રપતિ બશર અલ-અસદ અને તેમના પત્ની, ફર્સ્ટ લેડી અસ્મા બંને કોરોના પોઝિટિવ મળી આવ્યા છે. ટ્વીટર પર એક નિવેદનમાં સીરિયન પ્રેસિડેન્ટે જાહેરાત કરી કે, બંનેનું આરોગ્ય સારૂં છે અને સ્થિતિ સ્થિર છે, તે હાલમાં ક્વોરન્ટાઈન છે અને પોતાનું કામ ઘરથી કરી રહ્યા છે, જે બેથી ત્રણ અઠવાડિયા સુધી ચાલશે. સત્તાવાર રીતે સીરિયામાં ૧૦૯૩ મૃત્યુની સાથે કોરોનાના ૧૫,૯૮૧ કેસ છે. જો કે, આંકડા દેશમાં દશકાઓ જૂના સંઘર્ષની વચ્ચે વધુ થઈ શકે છે. પાછલા અઠવાડિયે આરોગ્ય મંત્રી હસન અલ-ગબ્બશ દ્વારા આ જાહેરાત કરવામાં આવી હતી કે, કોરોના રસીકરણ અભિયાન પોતાના આરોગ્ય કર્મચારીઓ માટે આ અઠવાડિયે કરવામાં આવશે.



વિસ્થાપિત યમનીઓમાં ૭૩ ટકા મહિલાઓ અને બાળકો : સંયુક્ત રાષ્ટ્ર

(એજન્સી) તા.૧૦

યમનમાં માનવીય મામલાઓના સમન્વય માટે સંયુક્ત રાષ્ટ્ર કાર્યાલય (UNOCHA)એ કાલે જણાવ્યું કે, યમનમાં વિસ્થાપિત લોકોમાંથી ૭૩ ટકા મહિલાઓ અને બાળકો છે. UNOCHAએ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસને ચિહ્નિત કરતા ટ્વીટર પર ટિપ્પણી કરી. ટવીટમાં જણાવ્યું કે, ''લાંબા સંઘર્ષે ૪ મિલિયન લોકોને વિસ્થાપિત કર્યા. તેમાંથી ૭૩ ટકા મહિલાઓ અને બાળકો છે. જો કે મહિલાઓ ઉલ્લેખનીય સ્થુળતા દર્શાવે છે, ઝડપથી પોતાના પરિવારો માટે પ્રદાતા બને છે''. સંયુકત રાષ્ટ્રની એજન્સીએ લોકોને મહિલાઓના અધિકારો માટે ઊભા થવા અને સમાન ભવિષ્ય માટે લડવાનું આહ્વાન કર્યું. સઉદી નેતૃત્વવાળા ગઠબંધનથી સૈનિકો દ્વારા સમર્થિત હૌથી વિદ્રોહીઓ અને સરકાર સમર્થક દળોની વચ્ચે યમન સાત વર્ષથી એક યુદ્ધમાં ગૂંચવાયેલું છે જેમાં યુએઈ પણ સામેલ છે. યુદ્ધે લાખો લોકોને વિસ્થાપિત કર્યા છે અને દેશના દુષ્કાળના

કગાર પર પહોંચાડી દીધો છે જેને સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વિશ્વમાં સૌથી ખરાબ માનવીય સંકટ બતાવવામાં આવ્યું છે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ....

ગુજરાત ટુડે

ગુરૂવાર ૧૧ માર્ચ ૨૦૨૧
૨૬ રજબ હિજરી ૧૪૪૨
મહા વદ તેરસ સંવત ૨૦૭૭

દિલ્હીની રાજ્ય સરકારના બજેટ પરથી અન્ય રાજ્યો શીખ

દિલ્હીની આપ સરકારના નાણામંત્રી મનીષ સિસોદિયાએ વિધાનસભામાં નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટેનું ૬૯,૦૦૦ કરોડ રૂપિયાનું જે વાર્ષિક બજેટ 'દેશભક્તિ બજેટ' તરીકે રજૂ કર્યું. તેની ખાસિયત એ છે કે તેમાં શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રો પર સૌથી વધુ ધ્યાન આપવામાં આવ્યું છે. શિક્ષણ અને આરોગ્ય પ્રત્યે સૌથી વધુ પૈસા ફાળવીને સરકારે પોતાની પ્રતિબદ્ધતાને પૂર્ણ કરવાનો પ્રયાસ કર્યો છે જેમાં તે સામાન્ય માણસની મૂળભૂત જરૂરિયાતો પૂરી કરવામાં કોઈ કસર નહીં છોડે. દિલ્હી સરકારે અત્યાર સુધી તેના વર્તમાન અને પૂર્વ શાસનકાળ દરમ્યાન આ બંને ક્ષેત્રોમાં મજબૂત કાર્ય કરીને પુરવાર કરી દેખાડ્યું છે. શિક્ષણ, સ્વાસ્થ્ય, વીજળી, પાણી જેવા મુદ્દાઓ પર મોટી પહેલ અને સિદ્ધિઓને લીધે જ દિલ્હીની જનતાએ કેજરીવાલ સરકારને ફરીથી સત્તા આપી છે. આવી સ્થિતિમાં સરકારની જવાબદારી હવે વધી ગઈ છે કે તે જનતાની અપેક્ષાઓ પૂરી કરે. જો કે વસ્તી, ક્ષેત્ર, અધિકાર, સંપૂર્ણ રાજ્યના દરજ્જાની સ્થિતિ અને વિવિધ વહીવટી માળખાના લીધે દિલ્હી સરકારના બજેટની સરખામણી અન્ય રાજ્યની સરકારોના બજેટ સાથે ન કરી શકાય, પરંતુ દિલ્હી સરકાર પાસેથી અન્ય રાજ્યો તે શીખી શકે છે કે શિક્ષણ અને સ્વાસ્થ્ય ક્ષેત્રોમાં કઈ રીતે કામ કરવું. દિલ્હી સરકારે શિક્ષણ વિભાગ માટે ૧૬,૩૭૭ કરોડ રૂપિયા ફાળવ્યા છે. કુલ બજેટની રકમનો આ ચોથો ભાગ છે. આજે વિશ્વભરમાં જે રીતે શિક્ષણ પ્રણાલી બદલાઈ રહી છે. દિલ્હીમાં પણ શિક્ષણના માળખાને મજબૂત અને અદ્યતન બનાવવું આવશ્યક છે. તેમજ દિલ્હી દેશનું પાટનગર પણ છે. જ્યાં દેશ-વિદેશમાંથી ઘણા વિદ્યાર્થીઓ અહીં અભ્યાસ માટે આવે છે. આવામાં શિક્ષણ ક્ષેત્રમાં ફેરફાર વિના અને વૈશ્વિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખ્યા વિના, વૈશ્વિક સ્પર્ધામાં ભાગ ન લઈ શકાયા. તેમાં કોઈ શંકા નથી કે છેલ્લા સાત વર્ષોમાં દિલ્હી સરકારે શાળા-શિક્ષણ ક્ષેત્રમાં જે પ્રકારનું કાર્ય કર્યું છે તેની દેશ-વિદેશમાં પણ પ્રશંસા કરવામાં આવી છે અને કેટલાક રાજ્યોએ અહીંની પદ્ધતિને તેમના રાજ્યોમાં અપનાવી છે. બજેટમાં દિલ્હી સરકારે વધુ સારા શિક્ષકો તૈયાર કરવા માટે એક વિશ્વવિદ્યાલય ખોલવાની યોજના પણ બનાવી છે, કારણ કે ગુણવત્તાયુક્ત શિક્ષણ વગર સારા નાગરિક બનવું શક્ય નથી. બજેટમાં શિક્ષણ પછી સૌથી વધુ નાણાં ૯,૯૩૪ કરોડ રૂપિયા આરોગ્ય ક્ષેત્ર માટે ફાળવવામાં આવ્યા છે. દિલ્હીમાં આજે પણ આરોગ્ય સુવિધાઓ પૂરતી નથી. જેથી સ્વાસ્થ્ય ક્ષેત્રે ખર્ચ કરવું અનિવાર્ય થઈ ગયું છે. જો સ્વાસ્થ્ય ક્ષેત્ર ફિટ હોય તો આપણે થોડીક જ મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. બજેટમાં સરકારી હોસ્પિટલોમાં મફત કોરોના રસી ઉપલબ્ધ કરાવવા માટે ૫૦ કરોડ રૂપિયાની જોગવાઈ છે. દિલ્હીમાં પરિવહન અને પ્રદૂષણ જેવા મુદ્દાઓ પણ મહત્ત્વના છે, જેનો સામાન્ય લોકો સાથે સીધો સંબંધ છે. પર્યાવરણને સ્વસ્થ બનાવવા માટે ઈલેક્ટ્રોનિક વાહનોને પ્રોત્સાહન આપવાની નીતિને ઝડપી બનાવવામાં આવશે. ઝૂંપડપટ્ટીઓમાં રહેતા લોકો માટે ફ્લેટ બનાવવા માટે ૫૦૦૦ કરોડ રૂપિયાથી વધુ સંગ્રહિત આવક સિંગાપોરની માથાદીઠ આવકની સમાન સ્તર સુધી લઈ જવા માંગે છે. શિક્ષણ સાથે સંકળાયેલી સરકાર અને સમાજ માટે આ પ્રકારનું લક્ષ્ય હાંસલ કરી લેવું અશક્ય તો નથી જ.

વડાપ્રધાન મોદીના નિષ્ફળ પ્રોજેક્ટ અને જૂઠ્ઠાણાં : વાર્તા ચાલુ છે...

ચર્ચાની એરણે
- ઝહીબ અજમલ

છેલ્લા સાડા ચાર વર્ષમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉદ્‌ઘાટનોની ઝડી લગાવી દીધી છે; તેઓ નાના નાના રસ્તાઓ અને મેટ્રો લાઈનોના ઉદ્‌ઘાટન માટે પણ તૈયાર છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણી વખતે, તેમણે રૂા.૧૪૪ કરોડના રો-રો ફેરી પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન કર્યું હતું, જે એક વર્ષ સુધી ચાલ્યા પછી હવે ફેરીનું એન્જિન ફેલ થઈ ગયું છે. ડિસેમ્બરમાં નવા ઉદ્‌ઘાટન થયેલ સ્ટેચ્યુ ઓફ યુનિટી સાઈટ પર લિફ્ટ ત્રણ વાર તૂટી ગઈ.

પીએમ મોદી દ્વારા જૂન ૨૦૧૮માં ઉદ્‌ઘાટન કરાયેલ, બીજેપીની બસ્તર વિકાસ યોજના હજી એક માત્ર શોપીસ જ છે.

જૂન ૨૯,૨૦૧૮ના રોજ એવો અહેવાલ મળ્યો હતો કે ૨૭ મે, ૨૦૧૮ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ઉદઘાટન કરાયેલ દિલ્હી-મેરઠ એક્સપ્રેસ વેમાં ચોમાસા પહેલાંના વરસાદને કારણે ગાબડા પડી ગયા હતા.

એટલું જ નહીં, ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું નામ લોકો માટેના જૂઠ્ઠાણાનું પર્યાય બની ગયું છે.

અહીં સૌથી તાજેતરના વચનોનું એક પુનરાવર્તન છે :

૧૮ નવેમ્બર, ૨૦૧૮ના રોજ, મધ્યપ્રદેશના ઈન્દોરમાં એક જાહેર સભાને સંબોધિત કરતી વખતે, પીએમ મોદીએ કહ્યું કે શિવરાજ શાસનના છેલ્લા ૧૫ વર્ષોમાં કૃષિ ક્ષેત્રને પ્રથમ ક્રમાંક પર લાવવામાં આવ્યો છે.

હકીકત : મધ્યપ્રદેશમાં નવ વર્ષમાં ૧૧,૦૦૦ ખેડૂતોએ આત્મહત્યા કરી છે. મંદસૌરમાં વિરોધ પ્રદર્શન દરમિયાન છ ખેડૂતોની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી.

૨૬ નવેમ્બર, ૨૦૧૮ના રોજ, રાજસ્થાનમાં પ્રચાર દરમિયાન, પીએમ મોદીએ પૂછ્યું શું અગાઉ ગામડાઓમાં વીજળી અને પાણી અને રસ્તાઓ હતા?

હકીકતઃ પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ વર્ષ ૨૦૦૮થી ૨૦૧૧ સુધીમાં, ૧,૫૮,૦૦૦ કિલોમીટર રસ્તો બનાવવામાં આવ્યો હતો. જ્યારે પીએમ મોદી હેઠળ ૨૦૧૪થી ૨૦૧૭ દરમિયાન રસ્તાઓનું નિર્માણ માત્ર ૧,૨૦,૦૦૦ કિલોમીટરનું જ રહ્યું છે.

આ જ રેલીમાં તેમણે કહ્યું કે અમારી સરકારે આઠ મેડિકલ કોલેજોને મંજૂરી આપી છે.

હકીકતઃ લોકસભાના આંકડા મુજબ, ધોલપુરની એક જ મેડિકલ કોલેજને ઓગસ્ટ ૨૦૧૮ સુધીમાં કેન્દ્ર સરકારની મંજૂરી મળી છે.

૧૯ ઓક્ટોબર, ૨૦૧૮ના રોજ, પીએમ મોદીએ એક જાહેર સભા દરમિયાન કહ્યું કે અમે ૧ કરોડ ૨૫ લાખ ઘરો બનાવ્યાં છે જ્યારે કોંગ્રેસે ચાર વર્ષમાં ૨૫ લાખ ઘરોનું નિર્માણ કરાવ્યું હતું.

હકીકતઃ ગ્રામીણ વિકાસ અંગેની સ્થાયી સમિતિના અહેવાલ મુજબ, ૨૦૦૭-૨૦૧૪ દરમિયાન ૧૬૨ લાખ મકાનો બનાવવામાં આવ્યા હતા. જ્યારે ભાજપ સરકારે માત્ર ૫૩ લાખ મકાનો જ બનાવ્યા હતા, જે ભાજપના એક કરોડના લક્ષ્યાંકનો ૫૨ ટકા છે.

૨૬ નવેમ્બર, ૨૦૧૮ના રોજ, રાજસ્થાનમાં તેમની રેલી દરમિયાન તેમણે કહ્યું હતું કે તેમની સરકારે દરેક ભારતીયના બેંક ખાતા ખોલાવ્યા છે.

હકીકતઃ જુલાઈ ૨૦૧૭ સુધીમાં, જાહેર ક્ષેત્રની ૧૮ બેંકો અને ૧૬ ગ્રામીણ શાખાઓ પાસે એક કરોડથી વધુ જન ધન ખાતા છે, જેમાં ફક્ત રૂા.૧ છે. જુલાઈ ૨૦૧૮ સુધીમાં, લગભગ ૬ કરોડ બેંક ખાતાઓ છે જે નિષ્ક્રિય છે.

ચાલો તેમના કેટલાક નિષ્ફળ કાર્યક્રમો અને નીતિઓ પર નજર કરીએ :

મેક ઈન ઈન્ડિયા / સ્ટાર્ટઅપ ઈન્ડિયા : આમાંથી કોઈ પણ યોજના બહુ આગળ વધી હોય તેમ લાગતું નથી. હકીકતમાં, નિકાસની દ્રષ્ટિએ ભારતે ઘણું ખરાબ કર્યું છે તે ચીન સાથેના દેશની વેપાર ખાધનું પરિણામ છે. સ્ટાર્ટઅપ ઈન્ડિયા વેબસાઈટ પર સ્ટેટસ રિપોર્ટ અનુસાર, જાન્યુઆરી ના પહેલા અઠવાડિયા સુધીમાં ફક્ત ૭૪ સ્ટાર્ટઅપ્સને ટેક્સ બેનિફિટ મળવા માટે યોગ્ય ગણવામાં આવ્યા હતા.

કાળું નાણું : નોટબંધી પછી સરકારને આશા હતી કે ભારતનો બિનહિસાબી સંપત્તિનો ત્રીજો ભાગ સિસ્ટમની બહાર જતો રહેશે, અંતે, લગભગ તમામ ચલણ બેંકમાં પાછું આવી ગયું. હજારો ગરીબ ભારતીયોને નાનું સરખું કમિશન આપીને, તેમના નિષ્ક્રિય જન ધન ખાતાઓ કાળા નાણાથી ભરવામાં આવ્યા, આ પગલાંથી દેશની અનૌપચારિક અર્થવ્યવસ્થા સ્થિર થઈ ગઈ જેને વૃદ્ધિ પર ખરાબ અસર કરી.

ખરાબ લોન : ખરાબ દેવું, જે હવે ૯ ટ્રિલિયન ડોલરથી વધુ છે, તેનો ભાર ફક્ત સરકાર દ્વારા નિયંત્રિત બેંકો પર જ નહીં, પણ નાણાકીય સ્વાસ્થ્ય પર પણ પડે છે.

ભાજપ સરકારે એસબીઆઈ માં તેની પેટાબેંકોને સમાવી દીધી, અને બાકીની ૨૨ સરકારની માલિકીની બેન્કોનું પણ એકબીજામાં મર્જર કરશે. પરંતુ તે જોવું રહ્યું કે શું આ પગલાંથી તેમના હિસાબમાં રહેલા ખરાબ દેવાને દૂર કરશે. જોકે, ચોક્કસ રીતે કહી શકાય કે હવે પછી શાસનમાં આવનારી સરકારને પણ આ સમસ્યાનો વારસો મળશે.

કૃષિ : ૨૦૧૪ની સામાન્ય ચૂંટણીમાં વડા પ્રધાન મોદીના મહત્વના વચનોમાં, ૨૦૨૨ સુધીમાં ખેતીની આવક બમણી કરવાની હતી. તેના બદલે, ખાદ્ય ભાવોના ઘટાડા અને ૨૦૧૬ની નોટબંધીના કારણે રોકડ આધારિત ગ્રામીણ અર્થવ્યવસ્થા ના ભંગાણને કારણે ખેતીની આવકમાં ઘટાડો થયો છે, જે પહેલા કરતાં પણ વધુ ઘટી ગઈ છે. ૨૦૧૮ની પૂર્વ-બજેટ આર્થિક સર્વે નોંધે છે કે હવામાન પલટાને લીધે, ખેતીની આવકમાં લાંબા ગાળે વધુ ૨૫%નો ઘટાડો જોવા મળી શકે છે. ઓછી અથવા નહિવત આવકના કારણે ખેડૂતોની આત્મહત્યાના કિસ્સા વધી ગયા છે, જેણે ખેડૂતોને રસ્તાઓ પર લાવી દીધા છે.

(સૌ. : નેશનલ હેરાલ્ડ ઈન્ડિયા)

છેલ્લા સાડા ચાર વર્ષમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રોજેક્ટની જાહેરાત અને યોજનાઓનું ઉદ્‌ઘાટન કરવાની ઉતાવળમાં હતા. જો કે, તેમાંના ઘણા પ્રોજેક્ટ નિષ્ફળ થયા છે અથવા તે ખામીયુક્ત છે. તેમની ઉપર એક નજર...

પાંચ ટ્રિલિયન ડૉલરની અર્થવ્યવસ્થા સરકાર માટે કઠિન માર્ગ

દૃષ્ટિકોણ
- ભરત ઝુનઝુનવાલા

કોવેક્સિન રસીના નિર્માણ બાદ કોરોનાનું સંકટ દૂર થતું દેખાઈ રહ્યું છે પરંતુ પાંચ ટ્રિલિયન ડૉલરની અર્થવ્યવસ્થાનું સ્વપ્નું ફરીથી પ્રાપ્ત કરવામાં ઘણા પેચ છે. વર્તમાન સ્થિતિ અનુકૂળ દેખાતી નથી. વર્ષ ૨૦૧૦થી ૧૪ના કોંગ્રેસના કાર્યકાળમાં આપણો સરાસરી જીડીપી વિકાસદર ૬.૭ ટકા હતો. જો કે વર્ષ ૨૦૧૫-૧૯ના ભાજપ સરકારના કાર્યકાળ દરમ્યાન સરકારી આંકડા અનુસાર ૭.૬ ટકા થઈ ગયો છે પરંતુ હકીકતના આંકડા આ સમયમાં ઊંચા વિકાસદરને પ્રમાણિત કરતો નથી. જેમ કે ટુ વ્હીલર વાહનોના વાર્ષિક વેચાણનો વિકાસદર કોંગ્રેસ સરકારના સમયે ૨૫.૭ ટકા હતો. જો કે ભાજપ સરકારના સમયે ૧૩.૨ ટકા રહી ગયો છે. ટ્રેક્ટરોના વેચાણનો વિકાસદર કોંગ્રેસના સમયે ૧૫.૭ ટકા હતો જે ભાજપ સરકારના સમયે ૪.૫ ટકા રહી ગયો છે. કોમર્શિયલ વાહન જેવા કે ટ્રકોના વેચાણનો વિકાસદર કોંગ્રેસ કાર્યકાળમાં ૧૦.૫ ટકા હતો. જો કે ભાજપ સરકારના કાર્યકાળમાં ૯.૭ ટકા રહી ગયો છે. રેલવેમાં યાત્રીઓથી મેળવેલ આવકનો વિકાસદર કોંગ્રેસ સરકારના સમયે ૧૦.૮ ટકા હતો. જો કે ભાજપ સરકારના સમય દરમ્યાન ૭.૩ ટકા રહી ગયો છે. માત્ર હવાઈ મુસાફરીનો વિકાસદર ભાજપ સરકારના સમયે તીવ્ર રહ્યો છે. આ કોંગ્રેસ સરકારના સમયમાં ૯.૨ ટકા હતો. જો કે ભાજપ સરકારના સમયે ૧૫.૩ ટકા થઈ ગયો છે. આ હકીકતના આંકડાઓથી શંકા ઉત્પન્ન થાય છે કે ભાજપ સરકારે જે પોતાના કાર્યકાળમાં ૭.૫ ટકાનો વિકાસદર બતાવ્યો છે. તે વાસ્તવિક છે અથવા પછી માત્ર આંકડાબાજી છે. વિષય મહત્ત્વપૂર્ણ એટલા માટે છે કે આંકડાબાજીથી આપણે પાંચ ટ્રિલિયન ડૉલરની અર્થવ્યવસ્થા બની શકતા નથી. આપણી અર્થવ્યવસ્થાના પાંચ ટ્રિલિયન ડૉલરનું બનવું પ્રમાણિત હોવું વૈશ્વિક સંસ્થાઓના આકલન પર નિર્ભર હશે. વિશ્વ બેન્ક સરકાર દ્વારા આપવામાં આવેલા આંકડાઓને જ માને છે તેથી તે ભલે પ્રમાણિત કરી દે પરંતુ તમામ સ્વતંત્ર રેટિંગ એજન્સીઓ અને સ્વતંત્ર બેન્ક આ પ્રકારના આંકડાઓને માનતા નથી. તેથી સરકારે જોવું જોઈએ કે આંકડાઓના ભરોસે અર્થવ્યવસ્થાને પાંચ ટ્રિલિયન ડૉલરની અર્થવ્યવસ્થા બનાવવાનો પ્રયાસ કરવાના બદલે જમીની સમસ્યાઓનું નિવારણ કરે.

આવનારા સમયમાં આર્થિક વિકાસનો આધાર નવી ટેકનોલોજીની શોધ પર ટકેલો છે. માઈક્રોસોફ્ટે વિન્ડોસ સોફ્ટવેર બનાવ્યું, મોનેસેન્ટોએ બીટી કોટનના બિયારણ બનાવ્યા, સિસ્કોએ ઈન્ટરનેટના રાઉટર બનાવ્યા, સરકારી સંસ્થા નાસાએ અંતરિક્ષ યાન બનાવ્યું. આ પ્રકારની ટેકનોલોજી શોધોએ અમેરિકા દ્વારા સંપૂર્ણ વિશ્વને મોંઘા વેચીને મોટો નફો કમાઈ રહ્યું છે. જેમ કે એક રિપોર્ટ અનુસાર વિન્ડોસ સોફ્ટવેરનો ઉત્પાદન ખર્ચ માત્ર એક ડૉલર પ્રતિ સોફ્ટવેર થાય છે. જેને માઈક્રોસોફ્ટ ઓછામાં ઓછા ૧૧ ડૉલરમાં વેચે છે. આ પ્રકારનો નફો મેળવીને જ અમેરિકા આગળ વધ્યું છે. વિશેષ એ કે અમેરિકી સંસ્થાઓમાં ટેકનોલોજીની શોધ કરવા પર ભારતીય વૈજ્ઞાનિકોની ઘણી મહત્ત્વની ભૂમિકા છે. ઘણી સંસ્થાઓમાં લગભગ એક તૃતિયાંશ કર્મચારી ભારતીય છે પરંતુ દુર્ભાગ્યવશ એ વિશિષ્ટ ક્ષમતાવાળા કર્મચારી ભારતમાં આવીને નિષ્ફળ થઈ જાય છે. હું જ્યારે ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટમાં અભ્યાસ કરતો હતો એ સમયે ઘણા એવા પ્રસંગો આવ્યા કે ભારતીય મૂળના પ્રોફેસરોએ અમેરિકાથી આવીને આઈઆઈએમમાં નોકરી કરી પરંતુ અહીંના વાતાવરણમાં સંતુષ્ટ ના થતાં તેઓ પરત ચાલ્યા ગયા. આવી દુઃખદ સ્થિતિને બનાવવામાં આપણા નેતાઓની વિશેષ ભૂમિકા જોવા મળી છે. એમના દ્વારા પોતાના ઓળખીતાઓની અકુશળતાને આંખ આડા કાન કરતાં તેમને સંસ્થાઓના ડિરેક્ટર નિમણૂંક કરવામાં આવે છે. આવું કરવાથી સંસ્થાની પોતાની ગરિમા સમાપ્ત થઈ જાય છે. તેથી સરકારે પોતાના ઓળખીતાઓના વૈજ્ઞાનિકો અથવા શિક્ષિત સંસ્થાઓમાં નિમણૂંક કરવાના બદલે માત્ર મેરિટના આધાર પર નિમણૂંક કરવી જોઈએ ના કે ભલામણના આધાર પર. સાથે જ સરકારે નિંદાકારોને રાખવાના સિદ્ધાંતને અપનાવવો જોઈએ નિંદા કરનારાઓને પાસે રાખવાથી પોતાનો દોષ સ્વયંને ભાન થાય છે અને સરકાર યોગ્ય દિશા અપનાવી લે છે. કોઈ બ્રહ્મજ્ઞાની જન્મતા નથી. ભૂલ બધાથી થાય છે. ભૂલોને સુધારવાની સિસ્ટમ બનાવીને રાખવી જોઈએ. પોતાની ભૂલોને નહીં સુધારવાથી સ્વયંનું પતન થાય છે. જો સરકારે વર્તમાન સ્થિતિમાં સુધારો ના કર્યો તો આપણા વૈજ્ઞાનિક ભારત છોડીને અમેરિકા વગેરે દેશોમાં પલાયન થતાં રહેશે અને આપણે પાછળ જ રહીશું અને પાંચ ટ્રિલિયન ડૉલરની અર્થવ્યવસ્થા પ્રાપ્ત કરી શકીશું નહીં.

વર્તમાનમાં સરકારે લોકકલ્યાણ પર વિશેષ ભાર આપ્યો છે જેમ કે ઉજ્જવલા અંતર્ગત સિલિન્ડર વહેંચવામાં આવી રહ્યા છે. સાર્વજનિક વિતરણ પ્રણાલી અંતર્ગત સસ્તું અનાજ ઉપલબ્ધ્ કરાવવામાં આવી રહ્યું છે અને હવે ઉત્તરાખંડમાં પશુઓ માટે ઘાસચારો પણ સાર્વજનિક વિતરણ પ્રણાલી દ્વારા ઉપલબ્ધ કરાવવાની યોજના છે. આ પ્રકારની યોજનાઓથી આ માલની સરકારની માંગ બને છે. જેમ કે સાર્વજનિક વિતરણ પ્રણાલીમાં ઘઉંને ઉપલબ્ધ કરાવવા માટે સરકારને ખેડૂતો પાસેથી ઘઉં ખરીદવા પડે છે. પરંતુ આ અંતર એ છે કે એ માંગ સરકાર દ્વારા બીજા ઉદ્યોગો પર લગાવવામાં આવેલ ટેક્સની રકમથી બને છે. દા.ત. એક કુટુંબને ૩૦ કિલો ઘઉં સરકાર બે રૂપિયાની કિંમતથી ૬૦ રૂપિયામાં ઉપલબ્ધ કરાવે છે અને આ ૩૦ કિલોની વાસ્તવિક કિંમત ૬૦૦ રૂા. છે તો સરકારને આ ૬૦૦ રૂપિયા કોઈ અન્ય સ્થાન પર ટેક્સના રૂપમાં વસૂલ કરીને, એનાથી ઘઉં ખરીદીને સંબંધિત કુટુંબને ઉપલબ્ધ કરાવવા પડશે. આ કુટુંબની સ્થિતિ આળસુ બની જશે. એ કુટુંબ માટે ઉત્પાદન કરવું જરૂરી રહેતું નથી. તે માત્ર ઘરમાં બેસીને ઘઉંની માંગ કરતો રહે છે. આ વ્યવસ્થામાં સમસ્યા એ છે કે કલ્યાણકારી ખર્ચાઓના દબાણના કારણે સરકારે રાજસ્વનો ઉપયોગ ટેકનિકલ જેમ કે, જરૂરી રોકાણના સ્થાને લોકોને સસ્તું અનાજ ઉપલબ્ધ કરાવવામાં વેચાઈ જશે. જેનાથી છેવટે આપણી અર્થવ્યવસ્થા નબળી પડશે. તેથી સરકાર ઈચ્છે કે એવી નીતિઓ લાગુ કરે જેનાથી પ્રજા સ્વયં ઉત્પાદક કાર્યોમાં લુપ્ત થઈ શકે અને આવક પ્રાપ્ત કરી શકે અને અનાજ ખરીદી શકે. સરકારે સમજવું જોઈએ કે લોક કલ્યાણ પર સરકારી ખર્ચથી અર્થવ્યવસ્થા છેવટે નબળી પડે છે. એના સ્થાન પર પ્રજાને સક્ષમ બનાવીને બજારમાં માંગ ઉત્પન્ન કરવી જોઈએ. જો સરકાર ટેકનોલોજીમાં રોકાણ અને સામાન્ય વ્યક્તિને આવક પ્રાપ્ત કરવામાં સક્ષમ બનાવશે તો આપણે શીઘ્ર પાંચ ટ્રિલિયન ડૉલરની અર્થવ્યવસ્થા બની શકીએ છીએ. અન્યથા તે સપનું પ્રાપ્ત કરવું મુશ્કેલ જ રહેશે.

આવનારા સમયમાં આર્થિક વિકાસનો આધાર નવી ટેકનોલોજીની શોધ પર ટકેલો છે. માઈક્રોસોફ્ટે વિન્ડોસ સોફ્ટવેર બનાવ્યું, મોનેસેન્ટોએ બીટી કોટનના બિયારણ બનાવ્યા, સિસ્કોએ ઈન્ટરનેટના રાઉટર બનાવ્યા, સરકારી સંસ્થા નાસાએ અંતરિક્ષ યાન બનાવ્યું. આ પ્રકારની ટેકનોલોજી શોધોએ અમેરિકા દ્વારા સંપૂર્ણ વિશ્વને મોંઘા વેચીને મોટો નફો કમાઈ રહ્યું છે.

જવાહરલાલ નહેરૂના શબ્દો : સેન્સરશિપ એ અખબારોના અધિકાર પર આક્રમણ છે

સાંપ્રત
- મૃદુલા મુખરજી

વર્તમાન સમયમાં ડિજિટલ અને અન્ય માધ્યમો પર દેખરેખ વધારવા માટે સરકારનાં પગલાં વિશે ચાલી રહેલી ચર્ચા દરમિયાન, નેશનલ હેરાલ્ડના વાચકોને એ જાણવામાં કદાચ રસ હોઈ શકે કે ૧૯૪૦માં બ્રિટિશ સરકારના સેન્સરશિપ ઓર્ડર પર અમે કેવી પ્રતિક્રિયા આપી હતી. અમે ઓક્ટોબર ૨૭, ૧૯૪૦ના રોજ નેશનલ હેરાલ્ડ બોર્ડ ઓફ ડિરેક્ટરના અધ્યક્ષ જવાહરલાલ નહેરુ દ્વારા લખેલી નોંધમાંથી નીચેના અમુક વાક્યો અને પેરેગ્રાફ અહીં પ્રસ્તુત કરી રહ્યા છીએ.

ભારત સરકાર દ્વારા સંરક્ષણ નિયમોના નિયમ હેઠળ ૨૬ ઓક્ટોબર, ૧૯૪૦ના એક આદેશ (ઓર્ડર)ને ધ્યાનમાં રાખીને, એસોસિએટેડ જર્નલસ લિમિટેડના અનેક ડિરેક્ટરો ૨૭ ઓક્ટોબર, ૧૯૪૦ના રોજ આ પરિસ્થિતિ અંગે વિચારણા કરવા માટે અલ્હાબાદમાં મળ્યા હતા. આ મીટિંગમાં નીચે મુજબના ડિરેક્ટરો હાજર હતાઃ જવાહરલાલ નહેરૂ (અધ્યક્ષ), કૈલાસનાથ કાટજુ, રફી અહમદ કિદવાઈ, મોહનલાલ નહેરૂ અને રઘુનંદન સરન. આ દરમિયાન એવું નક્કી કરવામાં આવ્યું હતું કે, સરકારનો આ આદેશ હોવા છતાં, નેશનલ હેરાલ્ડ દ્વારા પોતાના લેખો દ્વારા રિપોર્ટ ચાલુ રાખવા જોઈએ, પરંતુ તેમાં અમુક ચોક્કસ ફેરફારો કરવામાં આવશે... નેશનલ હેરાલ્ડના દરેક અનુગામી અંકમાં, સરકારી હુકમનો સંપાદકીય કોલમમાં ઉલ્લેખ કરવો જોઈએ. અને દરરોજ નીચેની નોંધ પણ પ્રગટ થવી જોઈએ: 'ભારત સરકારના ઉપરોક્ત આદેશમાં અખબારોને યુદ્ધ પ્રત્યેના ભારતના વલણ અને કોંગ્રેસની નીતિના ઘણા મહત્વપૂર્ણ પાસાઓ અભિવ્યક્ત કરવા પર પ્રતિબંધ હોવાથી, એસોસિએટેડ જર્નલ લિમિટેડના ડિરેક્ટરોએ આ વિશે વધુ લખવાનું બંધ કરવાનો નિર્ણય લીધો છે. નેશનલ હેરાલ્ડમાં અગ્રણી લેખો અને અન્ય સંપાદકીય બાબતો લખવામાં આવશે નહીં એ વાતનો અમને અફસોસ પણ છે કે હવે આ અખબાર કોંગ્રેસની પ્રવૃત્તિઓ સંદર્ભે લોકોને મહત્વપૂર્ણ સમાચાર આપવામાં અસમર્થ હશે.' આ (નીચેની નોંધ) સંપાદકીય કોલમમાં ૨૯મી ઓક્ટોબર ૧૯૪૦ની હેરાલ્ડની સવારની આવૃત્તિમાં પ્રદર્શિત થવાની છે. જે સરકારી આદેશ આપવામાં આવેલ છે તે મુજબ આ પ્રદર્શિત કરવો જોઈએ.

'એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડના ડિરેક્ટરોએ દિલ્હીના ચીફ સેન્સર અને સ્થાનિક સેન્સર દ્વારા અખબારોના સંપાદકો અને પ્રકાશકો અને ખાસ કરીને, ૨૬ ઓક્ટોબરના રોજ આપેલા ઓર્ડર અને અખબારો માટે આપવામાં આવેલા નિર્દેશો દ્વારા સર્જાયેલી પરિસ્થિતિને ધ્યાનમાં લઈને તેની કાળજીપૂર્વક વિચારણા કરવામાં આવી છે. ભારત સરકાર દ્વારા સંરક્ષણ ભારતના નિયમોના નિયમ ૪૧ હેઠળ ૧૯૪૦ હેઠળ આ આદેશ જારી કરવામાં આવ્યો છે.

આ ઓર્ડર અથવા તો આદેશ એ અખબારોના પ્રારંભિક અને સુસ્થાપિત અધિકારો પર વ્યાપક રીતે એક આક્રમણ છે અને યોગ્ય તથ્યો અને બનતી ઘટનાઓને તેમજ દેશમાં વ્યાપક રૂપે સામે આવતા મંતવ્યોને પ્રસિદ્ધ કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવેલ છે. ડિરેક્ટરોએ તેમના પ્રભાવોને ધ્યાનમાં લીધા વિના નેશનલ હેરાલ્ડમાં યોગ્ય રીતે પ્રમાણિત તમામ તથ્યોને સંપૂર્ણ પ્રસિદ્ધિ આપવાની નીતિનું પાલન કર્યું છે, કારણ કે તેઓ માને છે કે કોઈ પણ સમાચારપત્રની એ ફરજ છે કે તે લોકોને સંપૂર્ણ રીતે અને સ્પષ્ટપણે દરેક સમાચારની માહિતગાર કરે. નેશનલ હેરાલ્ડ પોતાની સંપાદકીય કોલમમાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની નીતિનું અવશ્ય પાલન કરે છે...

સેન્સરશિપ નિયમો અને ભારત સરકારના નવા આદેશ, જેમાં કાયદાનું દબાણ પણ છે.... એ સત્ય સમાચારને લઈને અને યુદ્ધના સંદર્ભમાં જાહેર અથવા વ્યક્તિગત અભિપ્રાય અને લોકોની અભિવ્યક્તિઓને દબાવવાની કોશિશ છે, અને દરેક સમાચાર અને મંતવ્યોનો સમાવેશ કરવા માટે અખબાર સ્વતંત્ર હોય શકે છે, જે હાલની સરકારને માન્ય નથી. તેમાં કોઈ શંકા નથી કે કોંગ્રેસની ઘણી મહત્વપૂર્ણ ગતિવિધિઓ સામેલ હોય છે. કોઈ પણ સ્વતંત્ર અખબાર અથવા પ્રેસ આવી પરિસ્થિતિઓમાં જાહેર જનતાની સેવા કરી શકશે નહીં, અને મહત્વપૂર્ણ માહિતીના દમન દ્વારા તે લોકોને ભ્રમિત કરવાનું માધ્યમ બની શકે છે. આજે જે પરિસ્થિતિ ઊભી થઈ છે તેના પર સૌથી વધુ નિષ્ઠાપૂર્વક વિચાર કર્યા પછી, ડિરેક્ટરો એ નિષ્કર્ષ પર આવ્યા છે કે તેઓએ હજી પણ હેરાલ્ડ દ્વારા લોકોની સેવા કરવાનું ચાલુ રાખવાનો પ્રયત્ન કરવો જોઈએ, જો કે આવી સેવાઓની તકો હવે સખત રીતે મર્યાદિત કરી દેવામાં આવી છે...

"નેશનલ હેરાલ્ડને ભારતના સંબંધમાં યુદ્ધ નીતિ વિષે પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે, અને તે કોંગ્રેસ નીતિ અંગે પણ ચર્ચા કરી શકશે નહીં, તેથી ભવિષ્યમાં કોઈ અગ્રણી લેખો અથવા અન્ય સંપાદકીય બાબતોમાં આ વિશે ઉલ્લેખ હશે નહીં. ખાસ મુદ્દાઓ પર વિશેષ લેખો, સમય સમય પર લખવામાં આવશે. નેશનલ હેરાલ્ડ, શક્ય તેટલું, યુદ્ધનું વાસ્તવિક ચિત્રણ આપશે. સેન્સરની ઓફિસથી અથવા અન્ય સ્રોતો દ્વારા પ્રાપ્ત થયેલા સંદેશાનું યોગ્ય અર્થઘટન કરીને તે પ્રકાશિત કરશે, યુદ્ધ પ્રચાર અંગેની સામગ્રી પ્રકાશિત કરવામાં આવશે નહી અને યુદ્ધ લોનની જાહેરાતો પણ પ્રકાશિત કરવામાં આવશે નહીં. નેશનલ હેરાલ્ડના ડિરેક્ટરોએ લોકો અને વાચકોની માંગ મુજબ અને સત્ય સાથે તેઓને રસ પડે તેવી સામગ્રી પ્રકાશિત કરશે અને વર્તમાન સમયમાં જ્યારે લોકોની મૂળભૂત અને પ્રાથમિક સ્વતંત્રતાને કચડી નાખવાની કોશિશ કરવામાં આવી રહી છે ત્યારે આ ગંભીર સંકટ સમયે લોકોની મદદ અને સહકારની અપેક્ષા રાખે છે."

(લેખિકા, જેએનયુમાં ઇતિહાસના પૂર્વ અધ્યાપક અને નહેરુ મેમોરિયલ મ્યુઝિયમ અને લાઈબ્રેરીના પૂર્વ ડિરેક્ટર છે અને આ લેખ તેમના દ્વારા સંપાદિત કરવામાં આવેલ છે)

(સૌ. : નેશનલ હેરાલ્ડ ઈન્ડિયા)

સંસ્કાર સૌરભ

જે વ્યક્તિ સંગ્રહખોરી કરે છે, તે ગુનેગાર છે.

(હદીસ બોધ)

બોધ વચન

ખોટું કામ કરવા માટેનો કોઈ સાચો રસ્તો છે જ નહીં.

- રવીન્દ્રનાથ ટાગોર

આજની આરસી

૧૧ માર્ચ ગુરૂવાર ૨૦૨૧
૨૬ રજબ હિજરી ૧૪૪૨
મહા વદ તેરસ સંવત ૨૦૭૭
સુબ્હ સાદિક ૫-૩૪
ખત્મે ઝવાલ ૧૨-૫૦
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૫૩
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૬-૪૭

ગુરસુરિયું

પિતા : બેટા ! પેપર કેવા ગયા ?

પુત્ર : પિતાજી ! મેં મહેનત તો ફર્સ્ટ ક્લાસ કરી હતી, પરંતુ પેપર સેકન્ડ ક્લાસ ગયા છે, તેથી રિઝલ્ટ કદાચ થર્ડ ક્લાસ આવી જાય.

ધાનેરા નગરપાલિકાના પ્રમુખ-ઉપપ્રમુખ સામેની અવિશ્વાસ દરખાસ્તનો ફિયાસ્કો

૫ માર્ચના રોજ પૂર્ણ થતાંની સાથે જ ધાનેરા નગરપાલિકા પ્રમુખ અને ઉપપ્રમુખ વિરુદ્ધ ભારતીય જનતા પાર્ટીના ૧૧ સભ્યો દ્વારા અવિશ્વાસ દરખાસ્ત દાખલ કરવામાં આવતા સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવ્યો હતો તે અનુસંધાને આજ રોજ કારોબારી સભ્ય હરજી ચમના સોલંકી તથા ચીફ ઓફિસર સદ્દામ અંસારીની ઉપસ્થિતિમાં અવિશ્વાસ દરખાસ્ત ઉપર આંગળી ઊંચી કરી મતદાન થતાં ૧૨, વિરૂદ્ધ ૧૬ મત થતાં અવિશ્વાસની દરખાસ્ત ઉડી જવા પામી હતી.

ધાનેરા, તા.૧૦

નગરજનો દ્વારા ગત ૨૦૧૯માં ભારે બહુમતીથી જીતેલ કોંગ્રેસ શાસિત નગરપાલિકાની સત્તા ઉથલાવી તેને ગ્રહણ કરવા માટે ભારતીય જનતા પાર્ટી દ્વારા અનેક પ્રકારના દાવપેચ કરવા છતાં ધાનેરા નગરપાલિકા કોંગ્રેસના સભ્યો અડીખમ રહેતા આજ ની અવિશ્વાસની દરખાસ્તનો ભારે રકાશ થયો હતો. બે માસ અગાઉ નગરપાલિકા શેહેરી વિકાસ કમિશનર દ્વારા ભ્રષ્ટાચારના કથિત આક્ષેપને લઈ નગરપાલિકા પ્રમુખ ઉપપ્રમુખ સહિત કોંગ્રેસના તમામ ૧૬ સભ્યોને સસ્પેન્ડ કરી દેવામાં આવેલા આ વિશે કોંગીજનોએ હાઈકોર્ટમાં દાદ માંગતા હાઈકોર્ટ કમિશનરનો હુકમ રદ કરી ફેર તપાસ કરીને ૩૦ દિવસમાં અહેવાલ આપવાનું જણાવી મોકલી આપ્યો હતો જેથી કોંગ્રેસ ફરીથી સત્તા સંભાળી હતી પરંતુ વોર્ડ નંબર ૩ના એક સભ્યનું અગાઉ અવસાન થતા તે ખાલી સીટની પેટા ચૂંટણી યોજાઇ હતી અને તેમાં કોંગ્રેસ પાર્ટી પાસેથી ભારતીય જનતા પાર્ટીએ આ સીટ જીતી લીધી હતી.

ચૂંટણી આચારસંહિતા ગત

શહેરા તાલુકામાં શિક્ષકોએ કોરોનાની રસી મૂકાવી

શહેરા, તા.૧૦

શહેરા તાલુકાના તમામ શિક્ષકો અને સમગ્ર શિક્ષા, શહેરાના કર્મચારીઓએ વાઘજીપુર-૧૫૪, પાદરડી-૧૭૧, નાંદરવા-૧૨૩, ખાંડીયા-૧૪૬, ધારાપુર-૧૧૩, હોંસેલાવ-૧૪૩ અને મોરવા-૧૬૬ પ્રાથમિક શાળાઓ અને તાલુકા પંચાયત કચેરી શહેરા કુલ ૮ સેન્ટર પર ૧૦૧૬ શિક્ષકોને પગાર કેન્દ્ર આચાર્ય અને સંબંધિત સી.આર.સી.કો.ઓર્ડીનેટરે પૂરો દિવસ રોકાઈને રસી લેવા માટે શિક્ષકોને પ્રોત્સાહિત કર્યા હતા. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી વિનોદભાઈ પટેલ, બી.આર.સી.કો.ઓર્ડીનેટર ડૉ.કલ્પેશ આર.પરમાર, સી.આર.સી.કો.ઓર્ડીનેટર જયપાલસિંહ બારીયા, જયેશભાઈ પરમાર, કનું રોહિત, ઈન્દ્રસિંહ બીહોલા, દૌલતસિંહ બારીઆ અને સમગ્ર શિક્ષાનો સ્ટાફ વગેરે શહેરાએ પોતાના નજીકના સ્થળે ઉપસ્થિત રહી વેક્સિનેશન કર્યું હતું.

બે મહિનાથી પગાર ના મળતા

સુરત નવી સિવિલ હોસ્પિટલના કર્મચારીઓ હડતાળ ઉપર ઊતર્યા

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૦

નવી સિવિલ હોસ્પિટલ તંત્ર દ્વારા છેલ્લા બે મહિનાથી ચોથા વર્ગના કર્મચારીઓ પાસેથી પગાર વગર કામ કરાવવામાં આવી રહ્યું છે, એટલે કે બે મહિનાથી આ કર્મચારીઓને પગાર આપવામાં નહીં આવતા તેમની આર્થિક સ્થિતિ એકદમ કફોડી બની જતા ના છૂટકે તેમને એક વાર ફરી હડતાળ પાડવાની ફરજ પડી હતી, આજે સવારે ૪૦૦ થી વધુ કર્મચારીઓ હડતાળ પર ઉતરી ગયા હતા અને સમયસર પગાર કરવાની માંગ કરી સુપ્રિન્ટેન્ડેટની ઓફિસ બાહર ભેગા થઈ વિરોધ નોંધાવવા લાગ્યા હતા.

મળતી માહિતી મુજબ આજે સવારે નવી સિવિલ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટની ઓફિસ બાહર ચોથા વર્ગ તેમજ ક્લેરિકલ વિભાગ અને ટેક્નિશિયન સહીત મોટી સંખ્યામાં કર્મચારીઓ ભેગા થઈ હડતાળ પર ઉતરી ગયા હતા. આમ આદમી પાર્ટીના (કોર્પોરેટર) ધર્મેશ ભંડેરી, નીતા પટેલ, રમાકાંત કૌશિક સહિત આગેવાનોના નેજા હેઠળ હડતાળ પર ઉતરેલા કર્મચારીઓનું કહેવું હતું કે તેમને ગત જાન્યુઆરી અને ફેબ્રુઆરી મહિનાથી અત્યાર સુધી પગાર આપવામાં નથી આવ્યું છે.બે મહિનાથી પગાર નહીં મળતા તેમને પરિવારનું ગુજરાન ચલાવવું મુશ્કેલ થઈ રહ્યું છે ઘણા એવા કર્મચારીઓ છે જેઓ ભાડાના મકાનમાં રહે છે, એટલે બે મહિનાથી પગાર નહીં મળતા ઘરનું ભાડું ભરવું મુશ્કેલ થઇ રહ્યું છે.ત્યારે ભાડાના મકાનમાં રહેતા આ કર્મચારીઓને મકાન માલિકો ઘર ખાલી કરવાની ધમકીઓ આપી રહયા છે આવા સંજોગોમાં તેમને લોકો પાસેથી ઉધાર પૈસા લઈને મકાન ભાડું ભરવા પડી રહ્યું છે. એટલું જ નહીં એવા પણ ઘણા કર્મચારીઓ છે જેમના રોજનું કરિયાણું સહિતનું સામાન લાવવામાં માટે પણ પૈસા નથી. આવી પરિસ્થિતિ વચ્ચે મજબૂરીમા તેમને બે મહિનાથી પગાર વગર કામ કરવા પડી રહ્યું છે.પગાર માટે કૉન્ટ્રેક્ટર પાસે જઈયે ત્યારે તેઓ અમારા હાથમાં કઈ નથી તેવું કહી હાથ ઉંચા કરી દેતા હોય છે.આવી પરિસ્થિતિમાં હડતાળ સિવાય કોઈ વિકલ્પ નહીં રહેતા આ રસ્તો આપવાના પડ્યું છે.

બીજી હડતાળને પગલે ઓપીડી, વોર્ડ, ઓપરેશન થિયેટર સહિતના વિભાગોમાં વ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી તેમજ દર્દીઓને પણ હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

અંકલેશ્વરના કોસમડી નજીક

શાળાએ જતા વિદ્યાર્થીને ટ્રકચાલકે અડફેટે લેતાં કમકમાટીભર્યું મોત

અંકલેશ્વર, તા.૧૦

અંકલેશ્વર વાલિયા રોડ પર કોસમડી ગામ નજીક સાયકલ લઈ સ્કૂલે જતા ૧૫ વર્ષીય વિદ્યાર્થીને ટ્રકના ચાલકે અડફેટમાં લેતા વિદ્યાર્થીને ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે જ કમકમાટી ભર્યું મોત નિપજતા ભારે ગમગીની ભર્યા દશ્યો સર્જાયા હતા, જો કે ટ્રક ચાલક અકસ્માત સર્જી ટ્રક મૂકી ફરાર થઈ ગયો હતો. આ અકસ્માતના પગલે થોડા સમય માટે ટ્રાફિકજામની સ્થિતિ પણ સર્જાઈ હતી.



પોલીસ સૂત્રીય માહિતી મુજબ અંકલેશ્વર તાલુકાના કોસમડી ગામ ખાતે આવેલ વ્હાઇટ કોલોની વિસ્તારમાં રહેતા ચંદુભાઈ મુરલીધર વાહીનો પુત્ર ૧૫ વર્ષીય જયેશ વાહી એમ.જે ફૂલે સ્કૂલમાં ધોરણ ૯માં અભ્યાસ કરે છે, જયેશ તેના રાબેતા સમય મુજબ સાયકલ લઈને સ્કૂલે જઈ રહ્યો હતો. દરમ્યાન કોસમડી નજીક રોડ ક્રોસ કરવા જતાં સામેથી પૂરપાટ ઝડપે આવતી ટ્રકના ચાલકે અડફેટમાં લેતા ગંભીર ઇજાઓના પગલે ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. અકસ્માતની ઘટના બાદ ટ્રકચાલક ટ્રક મૂકી ફરાર થઈ ગયો હતો, અકસ્માતમાં બાળકનાં મોતનાં પગલે એક સમયે લોક ટોળા ભેગા થઈ ગયા હતા આ અકસ્માતની જાણ જીઆઇડીસી પોલીસને થતા પોલીસ કાફલો આવી પહોંચી જયેશના મૃતદેહને પોસ્ટ મોર્ટમ અર્થે ખસેડી ફરાર ટ્રક ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી તેને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

૪૭ યુગલોને નિકાહ પઢાવાયા

વીરપુર ખાતે સફા મહિલા વિકાસ મંડળ દ્વારા મુસ્લિમ સમૂહ લગ્નોત્સવ યોજાયો

(સંવાદદાતા દ્વારા)

વિરપુર, તા.૧૦

વિરપુરના મુસ્લિમ સમાજ સેવિકા બીલ્કીસબેન અબ્બાસી અને તેમની સંસ્થા સફા મહિલા વિકાસ મંડળ દ્વારા ૪૭ જેટલા નવદંપતીઓને ધામધુમપુર્વક અને ઉત્સાહભર્યા માહોલમાં લગ્ન કરાવ્યા હતા ૪૭ ગરીબ દીકરીઓના સમૂહ લગ્ન પ્રસંગે દરમ્યાન લાગણીસભર દશ્યો સર્જાયા હતા. નવદંપતીઓને કરીયાવરમા કોઈપણ પ્રકારની કચાસ રાખવામાં આવી નથી ૪૭ જેટલી દિકરીઓને ચાંદીના દાગીના, તિજોરી, મિક્સર, ગાદલા બેડ, વાસણ સહિત ૧૦૦થી વધુ ચિજવસ્તુઓ કરીયાવરમાં ભેટ આપવામાં આવી હતી. આ પ્રસંગે પૂર્વ સાંસદ પ્રભાતસિંહ ચૌહાણ, સૈયદ મુસ્તાક અલી, મુકેશભાઈ શ્રીમાળી, હિરાભાઇ પટેલ, મુસ્લિમ સમાજના અગ્રણીઓ અને સુફી સંતો ઉપસ્થિત રહી ૪૭ જેટલા નવદંપતીઓને આશીર્વાદ આપ્યા હતા.

સફા મહિલા વિકાસ મંડળ પ્રમુખ બિલ્કીસબેન અબ્બાસી (વિરપુર)એ જણાવ્યું હતું કે, આપણા સમાજમાં હજુ એવા ઘણાં પરિવારો છે કે, જેમની લગ્ન કરવાની આર્થિક સ્થિતિ ખુબ સારી નથી. ત્યારે આવા જરૂરિયાતમંદ પરિવારોના સંતાનોને સન્માનપૂર્વક લગ્ન કરી આપવાનું મારી સંસ્થાએ બીડું ઝડપ્યું છે.

(તસવીર : નબીજી શેખ, વિરપુર)

અંકલેશ્વરના ચૌટા બજારમાં જ્વેલર્સમાં ખરીદી કરવા આવેલ

મહિલાની નજર ચૂકવી બે લાખની સોનાની બંગડીઓ લઈ ફરાર થયેલ ત્રણ મહિલા ઝડપાઈ

અંકલેશ્વર, તા.૧૦



અંકલેશ્વરના ચૌટા બજારમાં આવેલ એક જ્વેલર્સમાં ખરીદી કરવા આવેલ એક મહિલાની રૂપિયા ૨ લાખની સોનાની ૪ નંગ બંગડીઓ દુકાનમાં ખરીદી કરવાના બહાને આવેલ ત્રણ જેટલી મહિલાઓ નજર ચૂકવી ચોરી કરી ફરાર થઈ ગઈ હતી. અંકલેશ્વર શહેર પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે ગણતરીની મિનિટોમાં ત્રણેય મહિલાને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે,

પોલીસ સૂત્રીય માહિતી મુજબ અંકલેશ્વરના ભડકોદ્રા ગામની શાહીન પાર્ક સોસાયટીમાં રહેતા અબ્દુલ રહીમ ઈનુલ્લાહ મનીહારે તેમની પત્નીની સોનાની ચાર બંગડીઓ ચૌટાબજારમાં આવેલ જ્વેલર્સમાં ગીરવે મૂકી હતી. તેઓ ગત તા.૯મી માર્ચના રોજ તેમની પત્ની સમસુન નિશા સાથે જ્વેલર્સમાં બંગડી છોડાવવા આવ્યા હતા. તેઓ એ બંગડી છોડાવી થેલામાં એક ડબ્બીમાં મૂકી ખરીદીમાં મશગુલ હતી. તે દરમ્યાન ખરીદી કરવાના બહાને જવેલર્સમાં આવેલ ત્રણ મહિલાઓએ સાતીરતા પૂર્વક તેમની નજર ચૂકવી રૂપિયા ૨ લાખની કિંમતની સોનાની ચાર નંગ બંગડીઓની ચોરી કરી ફરાર થઇ ગઈ હતી. આ અંગે અબ્દુલ રહીમ ઈનુલ્લાહ મનીહારે શહેર પોલીસને જાણ કરતા પીએસઆઈ ઝેડ, એ શેખ સ્ટાફ સાથે દોડી આવી દુકાનમાં લગાવેલ સીસીટીવી ચેક કરતા ત્રણ મહિલાઓ નજરે પડી હતી. જેમાં એક મહિલા થેલામાંથી બંગડીની ચોરી કરતા નજરે પડી હતી. પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કરતા ગણતરીની મિનિટોમાં મધ્યપ્રદેશના રાજગઢની પુંજાબેન અમીત સીસોદીયા, રીમાબેન ચંદનભાઈ સીસોદીયા અને મનીષા રાંકા સીસોદીયાને ઝડપી પાડી તેઓ પાસેથી ચાર નંગ બંગડી કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

કોડીનારમાં સમાજસેવક બશીરભાઈ દ્વારા દિવ્યાંગ બાળકોને ભોજન કરાવાયું

કોડીનાર, તા.૧૦

જીવનદિપ હેલ્થ એજ્યૂકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ કોડીનાર સંચાલિત મનોદિવ્યાગ બાળકોનુ ડે કેર સેન્ટર, ચોરવાડી હનુમાન મંદિર પાસે, બાયપાસ રોડ, કોડીનાર ખાતે સેવા ભાવિ અને શેખ જમાતના પ્રમુખ (પટેલ) બશીરભાઈ શેખ દ્વારા સંસ્થાના મનોદિવ્યાંગ બાળકોની મુલાકાત લીધી હતી, તેઓ સંસ્થામાં બાળકોને આપવામાં આવતી તાલીમ, શિક્ષણ અને કાળજીની પ્રવુતિઓથી પ્રભાવિત થયા હતા અને મનોદિવ્યાંગ બાળકોને ભોજન કરાવી અન્ય લોકોને પણ વાર તહેવારે આવા માનવ સેવાના કાર્યો કરવા પ્રેરણા આપી લોકોને આવા દિવ્યાંગ બાળકોની વધુમાં વધુ સેવા કરવા અપીલ કરી હતી. આ તકે તેમની સાથે મહેંદી બાપુ નકવી, બશીરખાન પઠાણ, માજીદ બેલીમ હાજર રહયાં હતા.



ઈંગ્લેન્ડના પૂર્વ ઓપનર જ્યોફ્રી બાયકોટના તીખા તેવર

IPLને પ્રાધાન્ય આપનાર ખેલાડીઓના પૈસા કાપી લેવા જોઈએ

લંડન, તા.૧૦

ઈંગ્લેન્ડના પૂર્વ ઓપનર જ્યોફ્રી બાયકોટે ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડના ખેલાડીઓ પ્રત્યેના વલણને નરમ ગણાવતા કહ્યું કે, રાષ્ટ્રીય ટીમની જગ્યાએ ઈન્ડિયન પ્રીમિયર લીગને પ્રાધાન્ય આપનારા ખેલાડીઓના પૈસા કાપી લેવા જોઈએ.

જોકે ૮૦ વર્ષના બોયકોટ પોતાની કોલમમાં એ લખવાનું ભૂલા ગયા કે આઈપીએલમાં ભાગ લેનારા ખેલાડીઓએ તેમના ઘરેલુ ક્રિકેટ બોર્ડને તેમના પગારના ૧૦ ટકા ચૂકવવા પડે છે. ગયા અઠવાડિયે ઈંગ્લેન્ડના મુખ્ય કોચ ક્રિસ સિલ્વરવુડે પુષ્ટિ કરી હતી કે આઈપીએલમાં રમતા ઈંગ્લેન્ડના ખેલાડીઓ આખી ટૂર્નામેન્ટ માટે ઉપલબ્ધ હશે.આનો અર્થ એ કે આઈપીએલ લીગના અંતિમ તબક્કામાં પહોંચેલી ટીમોના ઈંગ્લેન્ડના ખેલાડીઓ કદાચ ન્યુઝીલેન્ડ સામેની પ્રારંભિક ટેસ્ટ માટે ઉપલબ્ધ નહીં હોય. બાયકોટે કોલમમાં લખ્યું છે કે, આ બધા ખેલાડીઓએ ઈંગ્લેન્ડની આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમતા પોતાની ઓળખ ઉભી કરી છે અને તેના માટે સારી ચૂકવણી પણ કરવામાં આવે છે.

તેમણે કહ્યું કે, ખેલાડીઓએ ભૂલી જાય છે કે, ઇંગ્લેન્ડ માટે સારૂ પ્રદર્શન નહીં કરે તો તેઓને આઈપીએલમાં તક મળશે નહીં. આવી સ્થિતિમાં, તેણે ઇંગ્લેંડ પ્રત્યેની નિષ્ઠા દર્શાવવી જોઈએ અને તેનું ઋણ ચૂકવવું જોઈએ. આ પૂર્વ દિગ્ગજે કહ્યું કે, હું તેને પૈસા કમાવવાથી રોકવા માંગતો નથી, પરંતુ તે લોકો ઇંગ્લેંડની મેચને અવગણી શકે નહીં. તેમણે ઇસીબી પર ખેલાડીઓ પ્રત્યે નરમ વલણ અપનાવવાનો આરોપ લગાવતા રોટેશન નીતિની ટીકા કરી હતી.

તેમણે કહ્યું કે, ઇંગ્લેન્ડે ભારતમાં રોટેશન નીતિને યોગ્ય રીતે લાગુ કરી ન હતી અને તેઓએ ખેલાડીઓ સાથે નરમ વલણ છોડવું પડશે. જો ખેલાડીઓ રાષ્ટ્રીય ટીમનો સાથ છોડીને વેકેશન પર જવા માંગતા હોય તો તેમનો પગાર કાપી લેવો જોઈએ. જ્યાં સુધી ખેલાડી આખી શ્રેણી માટે તેની ઉપલબ્ધતાની પુષ્ટિ ન કરે ત્યાં સુધી તેની પસંદગી થવી જોઈએ નહીં.

ઈંગ્લેન્ડ સામે T-20 સિરીઝમાં રેટ્રો જર્સીમાં જોવા મળશે ટીમ ઈન્ડિયા

અમદાવાદ, તા.૧૦

ઈંગ્લેન્ડ સામે ટેસ્ટ સિરીઝમાં ૩-૧થી જીત બાદ ભારતીય ટીમ ટી૨૦ સિરીઝ મુકાબલા માટે તૈયાર છે. ૧૨ માર્ચથી શરૂ થઈ રહેલી ટી૨૦ સિરીઝ માટે ભારતીય ટીમે નેટ પ્રેક્ટિસ પણ શરૂ કરી દીધી છે. આ દરમ્યાન ટીમના ખેલાડીઓએ આગામી ટી૨૦ સિરીઝ પહેલાં સોશિયલ મીડિયા રેટ્રો જર્સીમાં ફોટા શેર કર્યા છે, એવામાં સ્પષ્ટ છે કે આગામી ટી૨૦ સિરીઝમાં પણ ભારતીય ટીમ ફરી એકવાર રેટ્રો જર્સીમાં જોવા મળશે. ટીમ ઈન્ડિયાએ ઓસ્ટ્રેલિયા પ્રવાસ પર પણ સીમિત ઓવરના ટૂર્નામિન્ટમાં ભારતીય ટીમ રેટ્રો જર્સીમાં જોવા મળી હતી.

જણાવી દઈએ કે ભારત ઈંગ્લેન્ડ સામે ૫ ટી૨૦ સિરીઝ રમશે, ત્રણ વનડે મેની સિરીઝ પણ રમશે. એવામાં ઓસ્ટ્રેલિયા પ્રવાસ પર રેટ્રો જર્સીમાં જોવા મળ્યા બાદ ભારતીય ટીમ ફરી એકવાર આ સિરીઝમાં રેટ્રો જર્સીમાં જોવા મળશે. જણાવી દઈએ કે ટીમ ઈન્ડિયાએ ૧૯૯૨ના વર્લ્ડ કપમાં આ રેટ્રો જર્સી પહેરી હતી. બીસીસીઆઈની સાથે એમપીએલે ટીમ ઈન્ડિયાની જર્સી અને કિટને લઈ ત્રણ વર્ષનો કરાર કર્યો છે.

જો કે ભારતીય ટીમ ઈંગ્લેન્ડ સામેની સિરીઝમાં રેટ્રો જર્સી પહેરશે કે નહિ તે અંગે એમપીએલ તરફથી કોઈ સત્તાવાર નિવેદન નથી આવ્યું, પરંતુ ભારતીય ખેલાડીઓએ જે તસવીર સોશિયલ મીડિયા પર શેર કરી છે તેનાથી સ્પષ્ટ થાય છે કે ઈંગ્લેન્ડ સામેના મુકાબલામાં ભારતીય ટીમ રેટ્રો જર્સીમાં જોવા મળશે.

T-20 સિરીઝ પહેલાં ભારતને મોટો ઝટકો : વરૂણ ચક્રવર્તી ફિટનેસ ટેસ્ટમાં બીજી વખત ફેલ

નવી દિલ્હી, તા.૧૦

સ્પિન બોલર વરુણ ચક્રવર્તીની મુશ્કેલી વધી રહી છે. બીસીસીઆઇના ફિટનેસ ટેસ્ટમાં વરુણ ચક્રવર્તી બીજી વખત ફેલ થયો છે. આમ વરુણનું ઈંગ્લેન્ડ સામેની પાંચ ટી-૨૦ મેચની સીરિઝમાંથી બહાર થવાનું લગભગ નક્કી મનાય છે. બીજી બાજુ, ઝડપી બોલર ટી નટરાજન ઘૂંટણ અને ખભામાં ઈજાનો સામનો કરી રહ્યો છે. જેના કારણે તે લિમિટેડ ઓવર્સની સીરિઝ ગુમાવી શકે છે. આ પહેલાં ઓસ્ટ્રેલિયા પ્રવાસ માટે વરુણની પસંદગી કરાઇ હતી, પરંતુ ખભામાં ઈજાને કારણે તે ડેબ્યૂ ના કરી શક્યો. જ્યારે ઈંગ્લેન્ડ વિરુદ્ધ ઘરેલુ ટી-૨૦માં તેને ફરી ચાન્સ આપવામાં આવ્યો, પરંતુ તે ફિટનેસ ટેસ્ટ પાસ કરી શક્યો નહીં. બીસીસીઆઈના વરિષ્ઠ અધિકારીએ પીટીઆઇને જણાવ્યું કે, વરુણ યો યો ટેસ્ટની સાથે બે કિલોમીટરની દોડમાં પણ પાછળ રહ્યો હતો.

આવામાં મુખ્ય પસંદગીકાર ચેતન શર્મા સામે સવાલ થઇ રહ્યાં છે કે, તેમણે એવા ખેલાડીની પસંદગી કેમ કરી જેણે ગયા વર્ષે ઓક્ટોબરથી કોઇ મેચ રમી નથી. ભારતીય ટીમમાં સામેલ થવા માટે હવે માત્ર બોલિંગ અને બેટિંગ જ નહીં, પરંતુ ફિટનેસના માપદંડો પણ સાબિત કરવા જરૂરી છે. વરુણ ફિટનેસ ટેસ્સમાં ફેલ થતાં હવે તેની જગ્યાએ ટીમમાં રાહુલ ચહરને સામેલ કરી શકાય છે. ચહર પહેલાંથી જ ટીમ ઇન્ડિયા સાથે બાયો બબલમાં છે. તેને ઈંગ્લેન્ડ વિરુદ્ધ ટેસ્ટ સીરિઝમાં રિઝર્વ બોલર તરીકે સામેલ કરાયો હતો.

ઈંગ્લેન્ડ વિરૂદ્ધ T-20 સિરીઝ : ટી. નટરાજનની ઈજાએ ભારતીય ટીમની ચિંતા વધારી

અમદાવાદ, તા.૧૦

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે પાંચ મેચની ટી-૨૦ સીરિઝ ૧૨ માર્ચથી અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે. ટેસ્ટ શ્રેણીમાં મળેલા ભવ્ય વિજય બાદ ટીમ ઈન્ડિયા ટી-૨૦ શ્રેણીમાં આત્મવિશ્વાસ સાથે ઉતરશે. પરંતુ ટી-૨૦ અને તે બાદ શરૂ થનારી વન ડે સીરિઝ પહેલા ભારત માટે માઠા સમાચાર આવી રહ્યા છે. ડાબોડી ફાસ્ટ બોલર ટી નટરાજન ઈંગ્લેન્ડ સામેની પ્રથમ મેચમાંથી બહાર થઈ શકે છે. રિપોર્ટ પ્રમાણે, નટરાજન હાલ બેંગ્લુરુ સ્થિતિ નેશનલ ક્રિકેટ એકેડમીમાં ઈજામાંથી મુક્ત થઈ રહ્યો છે અને તે રિહેબિલેટેશનમાંથી પસાર થઈ રહ્યો છે. તેની ઈજાના પ્રકાર અને ઠીક થવામાં કેટલો સમય લાગશે તેનો અંદાજ લગાવી શકાયો નથી. એનસીએ દ્વારા આ અંગે ટીમ મેનેજમેન્ટને માહિતાગાર કરી દેવામાં આવ્યા છે. જોકે બીસીસીઆઈ તરફથી આ અંગે હજુ કોઈ સત્તાવાર જાહેરાત નથી કરવામાં આવી. આઈપીએલ ૨૦૨૦માં સનરાઈઝર્સ હૈદરાબાદ તરફથી રમતા નટરાજને પોતાની બોલિંગથી સૌને પ્રભાવિત કર્યા હતા અને તેને યોર્કર કિંગનું બિરૂદ આપવામાં આવ્યુ હતું. તમિલનાડુના આ ફાસ્ટ બોલરે પોતાની બોલિંગથી તમામને ઘણા પ્રભાવિત કર્યા હતા. જે બાદ તેની નેટ બોલર તરીકે ઓસ્ટ્રેલિયા પ્રવાસમાં પસંદગી થઈ હતી. જોકે વરુણ ચક્રવર્તી બહાર થયા બાદ નટરાજનને ટી-૨૦ ટીમમાં સામેલ કરાયો હતો.

સૂર્યકુમાર, ઈશાન અને તેવટિયાને પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન નહીં મળે : લક્ષ્મણ

હૈદરાબાદ, તા.૧૦ , ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે પાંચ ટી-૨૦ મેચોની સિરીઝનો પ્રથમ મુકાબલો ૧૨ માર્ચે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે. ભારતીય ટીમે ઈંગ્લેન્ડને તાજેતરમાં જ ટેસ્ટ સિરીઝમાં ૩-૧થી હરાવ્યું છે. આવામાં ટીમ ઇન્ડિયા આત્મવિશ્વાસથી ભરપૂર છે. આ સિરીઝ માટે પ્રથમ વખત સૂર્યકુમાર યાદવ, ઈશાન કિશન અને રાહુલ તેવટીયાને ભારતીય ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે. જોકે ભારતના ભૂતપૂર્વ બેટ્સમેન વીવીએસ લક્ષ્મણનું માનવું છે કે, આ ખેલાડીઓ માટે પ્લેઈંગ-૧૧માં સ્થાન મેળવવું મુશ્કેલ બનશે. લક્ષ્મણનું કહેવું છે કે આ શ્રેણીમાં ભાગ્યે જ આ ખેલાડીઓને ડેબ્યૂ કરવાની તક મળશે. એક વાતચીત દરમિયાન લક્ષ્મણે કહ્યું કે,'મને નથી લાગતું કે આ ત્રણેયમાંથી કોઈને ટીમમાં સ્થાન મળશે કેમ કે ટીમ ઈન્ડિયા પાસે સંતુલિત મિડલ ઓર્ડર છે, હું શ્રેયસ અય્યરને નંબર-૪ પર જોવા માંગુ છું. હું રિષભ પંતને ટીમમાં પાછો જોવા માંગુ છું, જે નંબર-૫ પર બેટિંગ કરી શકે છે. તમારી પાસે હાર્દિક પંડ્યા નંબર-૬ પર છે. તેથી મને નથી લાગતું કે સૂર્યકુમાર, ઈશાન અથવા તિવટિયાને પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન મળશે. પરંતુ મને વિશ્વાસ છે કે જ્યારે પણ તેને તક મળશે તેઓ સારૂ પ્રદર્શન કરશે.

ઈંગ્લેન્ડ ક્રિકેટ ટીમના પૂર્વ ક્રિકેટર જોય બેન્જામિનનું ૬૦ વર્ષની વયે નિધન

હૈદરાબાદ, તા.૧૦ , ઈંગ્લેન્ડ ક્રિકેટ ટીમના પૂર્વ ઝડપી બોલર બેન્જામિનનું નિધન થતા ક્રિકેટ જગત શોક ફેલાયો છે. બેન્જામિનનો જન્મ ભલે સેન્ટ કિટ્સમાં થયો હતો, પરંતુ તેમને વારવિકશાયર અને સરે માટે કાઉન્ટી ક્રિકેટ રમતા જોઈ શકાયા હતા. વર્ષ ૧૯૯૪માં તેમણે દક્ષિણ આફ્રિકા સામે ઓવલમાં ટેસ્ટ ડેબ્યૂ કર્યું હતું. આ સાથે જ તેમણે શાનદાર બેટિંગ કરી પહેલી ઈનિંગમાં ૪૨ રન બનાવી ૪ વિકેટ પણ હાંસલ કરી હતી. જ્યારે બે વન ડે મેચમાં તેમણે ૧ વિકેટ લીધી હતી. જોય બેન્જામિનના નિધન પછી ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડે ટ્વિટ કરી લખ્યું કે, અમે ઈંગ્લેન્ડના પૂર્વ ઝડપી બોલર જોય બેન્જામિનના નિધન અંગે દુ:ખી છીએ. આપને જણાવી દઈએ કે, ભલે જોયને આંતરરાષ્ટ્રીય સ્તર પર વધુ મેચ રમવાની તક ન મળી હોય, પરંતુ તેમણે ઘરેલું ક્રિકેટમાં મોટું નામ બનાવ્યું હતું. ૧૨૬ ફર્સ્ટ ક્લાસ મેચમાં તેમણે ૨૯.૯૪ની સરેરાશ સાથે ૩૮૭ અને ૧૬૮ લિસ્ટ એ મુકાબલામાં ૩૧.૮૦ની સરેરાશ સાથે ૧૭૩ વિકેટ મેળવી હતી.આઈપીએલ ૨૦૨૧માં રોબિન ઉથપ્પા ચેન્નઈની ટીમમાંથી રમતો જોવા મળશે. રોબિનના ટીમમાં જોડાવવાથી બેટિંગ લાઈન મજબૂત બની જશે.રોબિન ઉથપ્પાએ પણ ટીમમાં સામેલ થવા પર ખુશી વ્યક્ત કરી છે.

T-20 સિરીઝમાં કોહલી ૭૨ રન ફટકારશે તો ૩૦૦૦ રન પૂરા કરશે

અમદાવાદ, તા.૧૦

ભારતીય ક્રિકેટ ટીમ અને ઈંગ્લેન્ડ વચ્ચે ટી-૨૦ સીરીઝ ૧૨ માર્ચથી શરૂ થવાની છે. જેને લઈને ક્રિકેટ ફેન્સ ઘણા ઉત્સાહી છે. આ પાંચ મેચોની ટી-૨૦ સીરીઝમાં કેપ્ટન કોહલી માટે એક મોટો વર્લ્ડ રેકોર્ડ બનાવવાની તક છે.

ભારતીય ટીમનાં કેપ્ટન વિરાટ કોહલી ઈંગ્લેન્ડ સામેની પાંચ મેચની ટી-૨૦ આંતરરાષ્ટ્રીય શ્રેણીમાં એક મોટો વર્લ્ડ રેકોર્ડ બનાવી શકે છે. જો વિરાટ કોહલી ૭૨ વધુ રન બનાવવામાં સફળ થાય છે ટીમ ઈન્ડિયાનાં કેપ્ટન વિરાટ કોહલી પાસે આંતરરાષ્ટ્રીય ટી-૨૦ ક્રિકેટમાં ૩,૦૦૦ રન પૂરા કરવાનો અને વિશ્વનો પ્રથમ અને એકમાત્ર બેટ્સમેન બનવાની તક છે. આજ-દિન સુધી કોઈ પણ ક્રિકેટરે આ સિદ્ધિ મેળવી નથી. વિરાટ હાલમાં ટી-૨૦ ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવનાર છે. તેણે ૨૦૧૦ થી ૨૦૨૦ વચ્ચે ૮૫ ટી-૨૦ મેચોમાં ૨૯૨૮ રન બનાવ્યા છે. જો તે ઈંગ્લેન્ડ સામે માત્ર ૭૨ રન બનાવશે, તો તે ૩૦૦૦ રનનાં મંચ સુધી પહોંચીને ઈતિહાસ રચશે.

ટી-૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં વિરાટ કોહલીની બેટિંગની એવરેજ ૫૦ કરતા વધારે છે અને આ કિસ્સામાં તે વિશ્વનો એકમાત્ર બેટ્સમેન છે. ટી-૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં વિરાટે ૨૫ અડધી સદી ફટકારી છે, જેમાં ૮૧ છક્કાનો સમાવેશ થાય છે.

ઓનલાઈન જાહેર નિવિદા નં.૧૭ સને ૨૦૨૦-૨૧

પંચાયત માર્ગ અને મકાન વિભાગ- જિ.પં.અમરેલી

કાર્યપાલક ઈજનેરશ્રી પંચાયત માર્ગ અને મકાન વિભાગ- જિ.પં., અમરેલી (ફોન નં.૦૨૭૯૨-૨૨૨૧૧૨) દ્વારા ગુજરાત સરકારશ્રીનાં માર્ગ અને મકાન વિભાગ તરફથી યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારો પાસેથી અમરેલી, લાઠી, કુંકાવાવ, ધારી, રાજુલા અને સાવરકુંડલા આમ કુલ ૬ પેટા વિભાગ માટે મેટલ, મુરમ, લોખંડ, કલરકામ, જેસીબી ભાડા તથા જંગલ કટીંગ વિ. કરવાની કામગીરી માટે ઈ-ટેન્ડર દ્વારા ભાવો માંગવામાં આવે છે. જેની વિગત નીચે મુજબ છે. તેમજ વિગતવાર માહિતી આ કચેરીના નોટિસ બોર્ડ તેમજ, www.nprocure.com, www.statetenders.com ઉપરથી જોવા મળશે. (૧) ઓનલાઈન ટેન્ડર રજૂ કરવાની છેલ્લી તા.૨૫/૩/૨૧ ૧૮.૦૦ કલાક સુધી (૨) અર્નેસ્ટમની ડિપોઝીટ રજૂ કરવાની તા.૨૬/૩/૨૧થી તા.૧/૪/૨૧ (૩) ટેન્ડર ખોલવાની તારીખ : ૨૭/૩/૨૧ ૧૨.૦૦ કલાક.

કાર્યપાલક ઈજનેર
પંચાયત મા.મ.વિભાગ-અમરેલી

માહિતી/અમર/૩૬૦/૨૦-૨૧

સંસ્કાર સૌરભ

જે વ્યક્તિ સંગ્રહખોરી કરે છે, તે ગુનેગાર છે.
(હદીસ બોધ)

બોધ વચન

ખોટું કામ કરવા માટેનો કોઈ સાચો રસ્તો છે જ નહીં.
- રવીન્દ્રનાથ ટાગોર

આજની આરસી

૧૧ માર્ચ ગુરૂવાર ૨૦૨૧
૨૬ રજબ હિજરી ૧૪૪૨
મહા વદ તેરસ સંવત ૨૦૭૭
સુબ્હ સાદિક ૫-૩૪
ખત્મે ઝવાલ ૧૨-૫૦
તુલૂએઆફતાબ (સૂર્યોદય) ૬-૫૩
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૬-૪૭

ગુસપુસિયું

પિતા : બેટા ! પેપર કેવા ગયા ?
પુત્ર : પિતાજી ! મેં મહેનત તો ફર્સ્ટ ક્લાસ કરી હતી, પરંતુ પેપર સેકન્ડ ક્લાસ ગયા છે, તેથી રિઝલ્ટ કદાચ થર્ડ ક્લાસ આવી જાય.

છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૧૭,૯૨૧ કેસ અને ૧૩૩નાં મોત

કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૧,૧૨,૬૨,૭૦૭ થઈ અને ૧,૫૮,૦૬૩ લોકોનાં કોરોના વાયરસના કારણે મોત થયા

(એજન્સી)
નવી દિલ્હી, તા.૧૦

દેશમાં કોરોના વાયરસનું સંક્રમણ ધીરે ધીરે વધી રહ્યું છે. છેલ્લા ૨૪ કલાકમાં પોઝિટિવ કેસો ૧૮ હજારની આસપાસ નોંધાયા છે, જ્યારે મૃત્યુઆંક ૧૩૩ રહ્યો છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૧૭,૯૨૧ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે.આ ઉપરાંત કોવિડ-૧૯ના કારણે ૧૩૩ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે.દેશભરમાં બીજા તબક્કાનું રસીકરણ ચાલી રહ્યું છે જેનાં ભાગરૂપે ૬૦ વર્ષથી વધુ અને જેને બીમારી હોય તેવા ૪૫ વર્ષથી વધુ લોકોને કોરોના વેક્સિન લગાવવામાં આવી રહી છે. આ બધાની વચ્ચે કોરોના કેસોની સંખ્યા દિન પ્રતિદિન વધી રહી છે રોજિંદા કેસોમાં વધારો થઈ રહ્યો છે. મહારાષ્ટ્રમાં કોરોના કેસોની સંખ્યામાં વધારો થતાં લોકડાઉન લગાવવાની નોબત આવી છે.

દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૧,૧૨,૬૨,૭૦૭ થઈ ગઈ છે. ભારતમાં કોવિડ-૧૯ની મહામારી સામે લડીને એક કરોડ ૦૯ લાખ ૨૦ હજાર ૦૪૬ લોકો સાજા પણ થઇ ચૂક્યા છે. ૨૪ કલાકમાં ૨૦,૬૫૨ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. હાલમાં ૧,૮૪,૫૯૮ એક્ટિવ કેસો છે. દેશમાં અત્યાર સુધીમાં કુલ ૧,૫૮,૦૬૩ લોકોનાં કોરોના વાયરસના કારણે મોત થયા છે.

MP મોહન ડેલકર આપઘાત કેસ : ઉદ્ધવ ઠાકરે સાથે પુત્રની મુલાકાત બાદ ગુજરાતનાં માજી ગૃહમંત્રી સહિત ૮ સામે ફરિયાદ નોંધાઈ

(એજન્સી) મુંબઈ, તા.૧૦
મુંબઈની મરિન ડ્રાઈવ સ્થિત હોટલમાં ગત તા. ૨૨ ફેબ્રુઆરીના રોજ દાદરા-નગર હવેલીના સાંસદ મોહનભાઈ ડેલકરના અપમૃત્યુની ઘટનામાં મહારાષ્ટ્ર સરકારે તપાસ માટે સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશ ટીમ (SIT)ની રચના કરવા અંગે મહારાષ્ટ્ર વિધાનસભામાં જાહેરાત કરી હતી. આના ગણતરીના જ કલાકોમાં દાદરા નગર હવેલીના પ્રશાસક પ્રફૂલ્લ ખોડાકાઈ પટેલ, કલેક્ટર સહિત આઠની સામે દુષ્પ્રેરણા, એટ્રોસિટી સહિતના ગુના નોંધવામાં આવ્યા છે. મોહન ડેલકરના પુત્ર અભિનવે મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે ઉપરાંત નાયબ મુખ્યમંત્રી અને ગૃહમંત્રી સાથે મુલાકાત કરી હતી. જેના પગલે આ એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. મરીન ડ્રાઈવ પોલીસ મથકે મંગળવારે સાંજે લગભગ પાંચ કલાકે મૃતક સાંસદના પુત્ર અભિનવ ડેલકરનો જવાબ લીધા પછી મોડી રાત્રે મંગળવારે આપઘાતની દુષ્પ્રેરણા અંગેની આઈપીસી કલમ ૩૬૦ તથા એટ્રોસિટીની વિવિધ કલમ હેઠળ પ્રશાસક પ્રફૂલ પટેલ, કલેક્ટર સંદીપસિંગ, એસ.પી.શરદ દરાડે, આરડીસી અપૂર્વ શર્મા, એસડીપીઓ મનસ્વી જૈન, પીઆઈ મનોજ પટેલ, લો સેક્રેટરી રોહિત યાદવ, તલાટી દિલીપ પટેલ તથા ભાજપા અગ્રણી ફતેહસિંહ ચૌહાણ વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરી હતી. ચકચારી સંઘપ્રદેશ દાદરા-નગર હવેલીના સાંસદ મોહન ડેલકરના અપમૃત્યુ કેસમાં મુંબઈ પોલીસને આપેલા નિવેદનમાં ડેલકરના પુત્ર અભિનવ ડેલકરે તેમના પિતાને જાહેર જીવનમાં વારંવાર અપમાનિત કરાયા હતા. તેમને પાછલા ૧૬-૧૮ મહિનાથી પરેશાન કરવામાં આવતાં હતા. સાત વાર સાંસદ રહી ચૂકેલા સાંસદને આવું પગલું ભરવું પડે તો પછી ઉત્પીડન અને અપમાનની તમે કલ્પના કરી શકો છો. તેમની ફાર્મસી કોલેજની ૧૦૦ કરોડ બજાર ભાવ કિંમત ધરાવતી જમીન પર પ્રશાસક પ્રફૂલ્લ પટેલનો ડોળો હોવાથી તે પચાવી પાડવા પ્રશાસની મદદથી અલગ અલગ રીતે કાવાદાવા કરી રહ્યાં હોવાનો સ્ફોટક આક્ષેપ કર્યો હતો. તેણે એવો પણ આક્ષેપ કર્યો કે, અમે અનુસુચિત જાતિની હોવાથી તેમને ઈરાદાપૂર્વક જાહેર કાર્યક્રમોમાં અમાનિત કરાતા હતા. પ્રશાસક મારા પિતાને શારીરિક ઈજાઓ કરવાની તથા ખોટા ગંભીર કેસમાં ફસાવી દેવાની ધમકી આપતા હતા. રૂપિયા ૨૫ કરોડની માંગણી કરી પાસામાં ફીટ કરવાની પણ ધમકી આપી હતી. મોહન ડેલકર કેસમાં પ્રશાસક સહિતના સામે ગુનો નોંધાતા દાનહમાં તેમની સામેનો રોષ વધુ બળવત્તર બન્યો છે. સાથે જ પ્રફૂલ્લ પટેલ ઉપરાંત આરોપી અધિકારીઓ નૈતિકતાના ધોરણે પણ તત્કાળ રાજીનામા આપી પોતાના હોદ્દા છોડેલ તેવી માંગણી ઉગ્ર બની છે. તેઓ હોદ્દા છોડશે તો જ આમાં નિષ્પક્ષ તપાસ થઈ શકશે તેવી પણ માંગ થઈ છે.

Zomatoના ડિલિવરી બોયની ધરપકડ; ઓર્ડર કેન્સલ થતાં મહિલાના ચહેરા પર પંચ મારી નાક તોડ્યું હતું

ઝોમેટોએ માફી માગી જરૂરી તમામ સહાયતા કરવાની ખાતરી આપી

(એજન્સી) બેંગ્લુરૂ, તા.૧૦
બેંગ્લુરૂમાં ઝોમેટોના ડિલિવરી બોયની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે ડિલિવરી બોયને બેંગલુરુમાંથી ઝડપી પાડ્યો છે. હિતેશા ચંદ્રની નામની કન્ટેન્ટ ક્રિએટર અને મેકઅપ આર્ટિસ્ટ પર ઝોમેટોના ડિલિવરી બોય હુમલો કરી તેનું નાક તોડી નાખ્યું હતું. ઓર્ડર કેન્સલ કરવા જેવી બાબત પર ડિલિવરી બોયને ગુસ્સો આવી જતા તેને હિતેશાના ઘરમાં ઘુસી તેની પર હુમલો કર્યો હતો અને જે બાદ પરાર થઈ ગયો હતો. મહિલાના આરોપ બાદ ઝોમેટોએ સ્પષ્ટતા કરી હતી અને આ ઘટના અંગે માફી પણ માગી હતી.



હિતેશાએ ઝોમેટો ઉપર ફૂડ ઓર્ડર કર્યું હતું. હકીકતમાં ફૂડ ડિલિવરી લેટ થઈ હોવાને કારણે મહિલાએ તેનો ઓર્ડર કેન્સલ કરી દીધો હતો. એની થોડીવાર પછી જ ડિલિવરી બોય જમવાનું લઈને ઘરે પહોંચ્યો હતો, પરંતુ જ્યારે મહિલાએ ડિલિવરી લેવાની ના પાડી તો ડિલિવરી બોય એટલો ગુસ્સે થઈ ગયો હતો.ગુસ્સામાં ડિલિવરી બોયે મહિલાના ચહેરા પર એક પંચ મારી દીધો હતો. મહિલાના નાકમાંથી લોહી વહેવા લાગ્યું હતું. નાકનું હાડકું તૂટી જવા જવાના કારણે મહિલાને હોસ્પિટલમાં દાખલ કરવી પડી છે અને ઓપરેશન કરવું પડશે.

મહિલાના આરોપ પર ઝોમેટોએ સ્પષ્ટા પણ કરી છે. કંપનીએ કહ્યું હતું કે આ ઘટના માટે અમે માફી માગીએ છીએ. કંપનીના સ્થાનિક અધિકારી તેમનો સંપર્ક કરશે અને પોલીસ તપાસ કે મેડિકલમાં જે પણ સહયોગની જરૂર હશે એ કરવામાં આવશે. એટલું જ નહીં, કંપનીએ તેમને આશ્વાસન પણ આપ્યું છે કે ભવિષ્યમાં આવી ઘટના ફરી ના બને એનું પણ ધ્યાન રાખવામાં આવશે અને આરોપીની સામે કડક કાર્યવાહી પણ કરવામાં આવશે. પીડિત મહિલાએ વીડિયા બનાવીને આ ઘટના વિશે બધાને જાણ કરી હતી અને ટૂંક સમયમાં જ આ વીડિયો વાઈરલ થવા લાગ્યો છે.

રાજસ્થાનના ધોલપુરમાં ૬૦ વર્ષના વૃદ્ધ બીજી પત્ની લાવવાની જીદે વીજ થાંભલા પર ચડ્યા

(એજન્સી) જયપુર, તા.૧૦
રાજસ્થાનના ધોલપુરમાં ૬૦ વર્ષના વૃદ્ધ તેની બીજી પત્ની લાવવાની જીદ કરીને હાઇ વોલ્ટેજ વીજળીના થાંભલા પર ચડીને આત્મહત્યા કરવા પ્રયાસ કર્યો હોવાનો ફોટો અને વીડિયો વાયરલ થયો છે. ચાર વર્ષ પહેલા આ વૃદ્ધની પ્રથમ પત્નીનું અવસાન થયું હતું, વૃદ્ધને ૩ છોકરા અને બે છોકરીઓ છે. તમામ સંતાનોના લગ્ન થઇ ગયા છે છતાં બીજી વાર પરણીને પત્ની લાવવાના અભરખા જાગ્યા હતા. તે કોઈપણ ભોગે બીજી પત્ની લાવવા ઇચ્છૂક હતા પરંતુ પરીવારના લોકો ના પાડતા તે ૧૧ કેવી વોલ્ટ ધરાવતા વીજળીના થાંભલા પર ચડી ગયા હતા. સડસડાટ થાંભલા ઉપર ચડતા હતા ત્યારે જોનારાના શ્વાસ અધ્ધર થઇ ગયા હતા પરંતુ કહાનીમે ટવીસ્ટ્ હૈ એ જ સમયે વીજળીના થાંભલાનો કરંટ ઓફ હતો આથી દોરડુ પકડવા છતાં જીવતા લટકી રહ્યા હતા. લોકોએ જીવતા જોઇને મહા મહેનતે થાંભલા પરથી નીચે ઉતાર્યા હતા. સબ સ્ટેશનના કર્મચારીઓને જાણ થતા જ્યાં સુધી વૃદ્ધને સલામત ઉતારવામાં ન આવ્યા ત્યા સુધી પાવર ઓફ જ રાખ્યો હતો. નીચે ઉતાર્યા પછી પરીવારજનોએ બીજી પત્ની લાવવા માટે સંમત થયા કે નહી તે જાણવા મળતું નથી પરંતુ થાંભલા પર ચડીને લટકતા વૃદ્ધનો વીડિયો સોશિયલ મીડિયામાં લોકો શેર કરી રહયા છે.

ઉત્તરપ્રદેશ : ૩ ફુટની ઉંચાઈવાળા યુવાને PSIને કરી વિનંતી, 'સાહેબ મારા લગ્ન કરાવી દો'

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦
લગ્ન કરવા માટે યુવાનો અવનવા તિકડમો કરતા હોય છે, જો કે ઉત્તર પ્રદેશનાં એક ૩ ફુટની ઉંચાઈ ધરાવતા યુવકે તો તમામ હદ પાર કરી દીધી, શામલીમાં રહેતો ૨૬ વર્ષનો અઝીમ મન્સુરી તેના લગ્ન થઈ જાય તે આશાએ નજીકનાં કૈરાના પોલીસ સ્ટેશન પહોંચી ગયો અને સીધા જ PSIને લગ્ન માટે રજુઆત કરી, અઝીમે કહ્યું સાહેબ મારા લગ્ન કરાવી દો. આ ભાઈએ હનીમુન મનાવવાનું સ્થળ પણ નકકી કરી રાખ્યું છે, તે પોતાની પત્નીને લઇને ગોવા જશે. અઝીમની પાંચ બહેનો છે, જો કે અઝીમની હાઇટ ન હોવાથી તેના લગ્ન થઈ શક્યા નથી, આ વાતનું દુખ તેને સતાવી રહ્યું છે, અને અંતે તે પોતાની આ ઈચ્છા લઈને કૈરાના પોલીસ સ્ટેશન પહોચ્યો હતો. તેણે PSIને કહ્યું કે તેણે લગ્ન કરવા માટે ઘણા પ્રયાસો કર્યા, પરંતુ હજું સુધી

અલ્લાહે તેની દુઆ સ્વીકારી નથી, જો કે તે પોતાની પત્નીને માત્ર ગોવા જ નહીં પણ કુલ્લુ મનાલી, મસુરી જેવા અન્ય હિલસ્ટેશનોનો પ્રવાસ પણ કરાવશે. આ લગ્નોત્સુક યુવાન તેના લગ્ન માટે જિલ્લા અધિકારીથી માંડીને મુખ્ય પ્રધાનને પણ પત્ર લખી ચુક્યો છે, તેમ છતા પણ તેને કોઇ યુવતી મળી નથી, હવે તે ખૂબ જ નિરાશ થઇ ગયો છે.



ઈંગ્લેન્ડના પૂર્વ ઓપનર જ્યોફ્રી બાયકોટના તીખા તેવર

IPLને પ્રાધાન્ય આપનાર ખેલાડીઓના પૈસા કાપી લેવા જોઈએ

લંડન, તા.૧૦
ઈંગ્લેન્ડના પૂર્વ ઓપનર જ્યોફ્રી બાયકોટે ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડના ખેલાડીઓ પ્રત્યેના વલણને નરમ ગણાવતા કહ્યું કે, રાષ્ટ્રીય ટીમની જગ્યાએ ઈન્ડિયન પ્રીમિયર લીગને પ્રાધાન્ય આપનારા ખેલાડીઓના પૈસા કાપી લેવા જોઈએ.

જોકે ૮૦ વર્ષના બોયકોટ પોતાની કોલમમાં એ લખવાનું ભૂલા ગયા કે આઈપીએલમાં ભાગ લેનારા ખેલાડીઓએ તેમના ઘરેલુ ક્રિકેટ બોર્ડને તેમના પગારના ૧૦ ટકા ચૂકવવા પડે છે. ગયા અઠવાડિયે ઈંગ્લેન્ડના મુખ્ય કોચ ક્રિસ સિલ્વરવુડે પુષ્ટિ કરી હતી કે આઈપીએલમાં રમતા ઈંગ્લેન્ડના ખેલાડીઓ આખી ટૂર્નામેન્ટ માટે ઉપલબ્ધ હશે.આનો અર્થ એ કે આઈપીએલ લીગના અંતિમ તબક્કામાં પહોંચેલી ટીમોના ઈંગ્લેન્ડના ખેલાડીઓ કદાચ ન્યુઝીલેન્ડ સામેની પ્રારંભિક ટેસ્ટ માટે ઉપલબ્ધ નહીં હોય. બાયકોટે કોલમમાં લખ્યું છે કે, આ બધા ખેલાડીઓએ ઈંગ્લેન્ડની આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમતા પોતાની ઓળખ ઉભી કરી છે અને તેના માટે સારી ચૂકવણી પણ કરવામાં આવે છે.

તેમણે કહ્યું કે, ખેલાડીઓએ ભૂલી જાય છે કે, ઈંગ્લેન્ડ માટે સારૂ પ્રદર્શન નહીં કરે તો તેઓને આઈપીએલમાં તક મળશે નહીં. આવી સ્થિતિમાં, તેણે ઈંગ્લેંડ પ્રત્યેની નિષ્ઠા દર્શાવવી જોઈએ અને તેનું ઋણ ચૂકવવું જોઈએ. આ પૂર્વ દિગ્ગજે કહ્યું કે, હું તેને પૈસા કમાવવાથી રોકવા માંગતો નથી, પરંતુ તે લોકો ઈંગ્લેંડની મેચને અવગણી શકે નહીં. તેમણે ઈસીબી પર ખેલાડીઓ પ્રત્યે નરમ વલણ અપનાવવાનો આરોપ લગાવતા રોટેશન નીતિની ટીકા કરી હતી.

તેમણે કહ્યું કે, ઈંગ્લેન્ડે ભારતમાં રોટેશન નીતિને યોગ્ય રીતે લાગુ કરી ન હતી અને તેઓએ ખેલાડીઓ સાથે નરમ વલણ છોડવું પડશે. જો ખેલાડીઓ રાષ્ટ્રીય ટીમનો સાથ છોડીને વેકેશન પર જવા માંગતા હોય તો તેમનો પગાર કાપી લેવો જોઈએ. જ્યાં સુધી ખેલાડી આખી શ્રેણી માટે તેની ઉપલબ્ધતાની પુષ્ટિ ન કરે ત્યાં સુધી તેની પસંદગી થવી જોઈએ નહીં.

ઈંગ્લેન્ડ સામે T-20 સિરીઝમાં રેટ્રો જર્સીમાં જોવા મળશે ટીમ ઈન્ડિયા

અમદાવાદ, તા.૧૦
ઈંગ્લેન્ડ સામે ટેસ્ટ સિરીઝમાં ૩-૧થી જીત બાદ ભારતીય ટીમ ટી૨૦ સિરીઝ મુકાબલા માટે તૈયાર છે. ૧૨ માર્ચથી શરૂ થઈ રહેલી ટી૨૦ સિરીઝ માટે ભારતીય ટીમે નેટ પ્રેક્ટિસ પણ શરૂ કરી દીધી છે. આ દરમ્યાન ટીમના ખેલાડીઓએ આગામી ટી૨૦ સિરીઝ પહેલાં સોશિયલ મીડિયા રેટ્રો જર્સીમાં ફોટા શેર કર્યા છે, એવામાં સ્પષ્ટ છે કે આગામી ટી૨૦ સિરીઝમાં પણ ભારતીય ટીમ ફરી એકવાર રેટ્રો જર્સીમાં જોવા મળશે. ટીમ ઈન્ડિયાએ ઓસ્ટ્રેલિયા પ્રવાસ પર પણ સીમિત ઓવરના ટૂર્નામેન્ટમાં ભારતીય ટીમ રેટ્રો જર્સીમાં જોવા મળી હતી.

જણાવી દઈએ કે ભારત ઈંગ્લેન્ડ સામે ૫ ટી૨૦ સિરીઝ રમશે, ત્રણ વનડે મેની સિરીઝ પણ રમશે. એવામાં ઓસ્ટ્રેલિયા પ્રવાસ પર રેટ્રો જર્સીમાં જોવા મળ્યા બાદ ભારતીય ટીમ ફરી એકવાર આ સિરીઝમાં રેટ્રો જર્સીમાં જોવા મળશે. જણાવી દઈએ કે ટીમ ઈન્ડિયાએ ૧૯૯૨ના વર્લ્ડ કપમાં આ રેટ્રો જર્સી પહેરી હતી. બીસીસીઆઈની સાથે એમપીએલે ટીમ ઈન્ડિયાની જર્સી અને કિટને લઈ ત્રણ વર્ષનો કરાર કર્યો છે.

જો કે ભારતીય ટીમ ઈંગ્લેન્ડ સામેની સિરીઝમાં રેટ્રો જર્સી પહેરશે કે નહિ તે અંગે એમપીએલ તરફથી કોઈ સત્તાવાર નિવેદન નથી આવ્યું, પરંતુ ભારતીય ખેલાડીઓએ જે તસવીર સોશિયલ મીડિયા પર શેર કરી છે તેનાથી સ્પષ્ટ થાય છે કે ઈંગ્લેન્ડ સામેના મુકાબલામાં ભારતીય ટીમ રેટ્રો જર્સીમાં જોવા મળશે.

T-20 સિરીઝ પહેલાં ભારતને મોટો ઝટકો : વરૂણ ચક્રવર્તી ફિટનેસ ટેસ્ટમાં બીજી વખત ફેલ

નવી દિલ્હી, તા.૧૦
સ્પિન બોલર વરુણ ચક્રવર્તીની મુશ્કેલી વધી રહી છે. બીસીસીઆઈના ફિટનેસ ટેસ્ટમાં વરુણ ચક્રવર્તી બીજી વખત ફેલ થયો છે. આમ વરુણનું ઈંગ્લેન્ડ સામેની પાંચ ટી-૨૦ મેચની સીરિઝમાંથી બહાર થવાનું લગભગ નક્કી મનાય છે. બીજી બાજુ, ઝડપી બોલર ટી નટરાજન ઘૂંટણ અને ખભામાં ઈજાનો સામનો કરી રહ્યો છે. જેના કારણે તે લિમિટેડ ઓવર્સની સીરિઝ ગુમાવી શકે છે. આ પહેલાં ઓસ્ટ્રેલિયા પ્રવાસ માટે વરુણની પસંદગી કરાઇ હતી, પરંતુ ખભામાં ઈજાને કારણે તે ડેબ્યૂ ના કરી શક્યો. જ્યારે ઈંગ્લેન્ડ વિરુદ્ધ ઘરેલુ ટી-૨૦માં તેને ફરી ચાન્સ આપવામાં આવ્યો, પરંતુ તે ફિટનેસ ટેસ્ટ પાસ કરી શક્યો નહીં. બીસીસીઆઈના વરિષ્ઠ અધિકારીએ પીટીઆઈને જણાવ્યું કે, વરુણ યો યો ટેસ્ટની સાથે બે કિલોમીટરની દોડમાં પણ પાછળ રહ્યો હતો.

આવામાં મુખ્ય પસંદગીકાર ચેતન શર્મા સામે સવાલ થઇ રહ્યાં છે કે, તેમણે એવા ખેલાડીની પસંદગી કેમ કરી જેણે ગયા વર્ષે ઓક્ટોબરથી કોઇ મેચ રમી નથી. ભારતીય ટીમમાં સામેલ થવા માટે હવે માત્ર બોલિંગ અને બેટિંગ જ નહીં, પરંતુ ફિટનેસના માપદંડો પણ સાબિત કરવા જરૂરી છે. વરુણ ફિટનેસ ટેસ્સમાં ફેલ થતાં હવે તેની જગ્યાએ ટીમમાં રાહુલ ચહરને સામેલ કરી શકાય છે. ચહર પહેલાંથી જ ટીમ ઈન્ડિયા સાથે બાયો બબલમાં છે. તેને ઈંગ્લેન્ડ વિરુદ્ધ ટેસ્ટ સીરિઝમાં રિઝર્વ બોલર તરીકે સામેલ કરાયો હતો.

ઈંગ્લેન્ડ વિરૂદ્ધ T-20 સિરીઝ : ટી. નટરાજનની ઈજાએ ભારતીય ટીમની ચિંતા વધારી

અમદાવાદ, તા.૧૦
ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે પાંચ મેચની ટી-૨૦ સીરિઝ ૧૨ માર્ચથી અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે. ટેસ્ટ શ્રેણીમાં મળેલા ભવ્ય વિજય બાદ ટીમ ઈન્ડિયા ટી-૨૦ શ્રેણીમાં આત્મવિશ્વાસ સાથે ઉતરશે. પરંતુ ટી-૨૦ અને તે બાદ શરૂ થનારી વન ડે સીરિઝ પહેલા ભારત માટે માઠા સમાચાર આવી રહ્યા છે. ડાબોડી ફાસ્ટ બોલર ટી નટરાજન ઈંગ્લેન્ડ સામેની પ્રથમ મેચમાંથી બહાર થઈ શકે છે. રિપોર્ટ પ્રમાણે, નટરાજન હાલ બેંગ્લુરુ સ્થિતિ નેશનલ ક્રિકેટ એકેડમીમાં ઈજામાંથી મુક્ત થઈ રહ્યો છે અને તે રિહેબિલેટેશનમાંથી પસાર થઈ રહ્યો છે. તેની ઈજાના પ્રકાર અને ઠીક થવામાં કેટલો સમય લાગશે તેનો અંદાજ લગાવી શકાયો નથી. એનસીએ દ્વારા આ અંગે ટીમ મેનેજમેન્ટને માહિતાગાર કરી દેવામાં આવ્યા છે. જોકે બીસીસીઆઈ તરફથી આ અંગે હજુ કોઈ સત્તાવાર જાહેરાત નથી કરવામાં આવી. આઈપીએલ ૨૦૨૦માં સનરાઈઝર્સ હૈદરાબાદ તરફથી રમતા નટરાજને પોતાની બોલિંગથી સૌને પ્રભાવિત કર્યા હતા અને તેને યોર્કર કિંગનું બિરૂદ આપવામાં આવ્યુ હતું. તમિલનાડુના આ ફાસ્ટ બોલરે પોતાની બોલિંગથી તમામને ઘણા પ્રભાવિત કર્યા હતા. જે બાદ તેની નેટ બોલર તરીકે ઓસ્ટ્રેલિયા પ્રવસામાં પસંદગી થઈ હતી. જોકે વરુણ ચક્રવર્તી બહાર થયા બાદ નટરાજનને ટી-૨૦ ટીમમાં સામેલ કરાયો હતો.

સૂર્યકુમાર, ઈશાન અને તેવટિયાને પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન નહીં મળે : લક્ષ્મણ

હૈદરાબાદ, તા.૧૦ , ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે પાંચ ટી-૨૦ મેચોની સિરીઝનો પ્રથમ મુકાબલો ૧૨ માર્ચે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે. ભારતીય ટીમે ઈંગ્લેન્ડને તાજેતરમાં જ ટેસ્ટ સિરીઝમાં ૩-૧થી હરાવ્યું છે. આવામાં ટીમ ઈન્ડિયા આત્મવિશ્વાસથી ભરપૂર છે. આ સિરીઝ માટે પ્રથમ વખત સૂર્યકુમાર યાદવ, ઈશાન કિશન અને રાહુલ તેવટીયાને ભારતીય ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે. જોકે ભારતના ભૂતપૂર્વ બેટ્સમેન વીવીએસ લક્ષ્મણનું માનવું છે કે, આ ખેલાડીઓ માટે પ્લેઈંગ-૧૧માં સ્થાન મેળવવું મુશ્કેલ બનશે. લક્ષ્મણનું કહેવું છે કે આ શ્રેણીમાં ભાગ્યે જ આ ખેલાડીઓને ડેબ્યૂ કરવાની તક મળશે. એક વાતચીત દરમિયાન લક્ષ્મણે કહ્યું કે,'મને નથી લાગતું કે આ ત્રણેયમાંથી કોઈને ટીમમાં સ્થાન મળશે કેમ કે ટીમ ઈન્ડિયા પાસે સંતુલિત મિડલ ઓર્ડર છે, હું શ્રેયસ અય્યરને નંબર-૪ પર જોવા માંગુ છું. હું રિષભ પંતને ટીમમાં પાછો જોવા માંગુ છું, જે નંબર-૫ પર બેટિંગ કરી શકે છે. તમારી પાસે હાર્દિક પંડ્યા નંબર-૬ પર છે. તેથી મને નથી લાગતું કે સૂર્યકુમાર, ઈશાન અથવા તિવટિયાને પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન મળશે. પરંતુ મને વિશ્વાસ છે કે જ્યારે પણ તેને તક મળશે તેઓ સારૂ પ્રદર્શન કરશે.

ઈંગ્લેન્ડ ક્રિકેટ ટીમના પૂર્વ ક્રિકેટર જોય બેન્જામિનનું ૬૦ વર્ષની વયે નિધન

હૈદરાબાદ, તા.૧૦ , ઈંગ્લેન્ડ ક્રિકેટ ટીમના પૂર્વ ઝડપી બોલર બેન્જામિનનું નિધન થતા ક્રિકેટ જગત શોક ફેલાયો છે. બેન્જામિનનો જન્મ ભલે સેન્ટ કિટ્સમાં થયો હતો, પરંતુ તેમને વારવિકશાયર અને સરે માટે કાઉન્ટી ક્રિકેટ રમતા જોઈ શકાયા હતા. વર્ષ ૧૯૯૪માં તેમણે દક્ષિણ આફ્રિકા સામે ઓવલમાં ટેસ્ટ ડેબ્યૂ કર્યું હતું. આ સાથે જ તેમણે શાનદાર બેટિંગ કરી પહેલી ઈનિંગમાં ૪૨ રન બનાવી ૪ વિકેટ પણ હાંસલ કરી હતી. જ્યારે બે વન ડે મેચમાં તેમણે ૧ વિકેટ લીધી હતી. જોય બેન્જામિનના નિધન પછી ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડે ટ્વિટ કરી લખ્યું કે, અમે ઈંગ્લેન્ડના પૂર્વ ઝડપી બોલર જોય બેન્જામિનના નિધન અંગે દુઃખી છીએ. આપને જણાવી દઈએ કે, ભલે જોયને આંતરરાષ્ટ્રીય સ્તર પર વધુ મેચ રમવાની તક ન મળી હોય, પરંતુ તેમણે ઘરેલું ક્રિકેટમાં મોટું નામ બનાવ્યું હતું. ૧૨૬ ફર્સ્ટ ક્લાસ મેચમાં તેમણે ૨૯.૯૪ની સરેરાશ સાથે ૩૮૭ અને ૧૬૮ લિસ્ટ એ મુકાબલામાં ૩૧.૮૦ની સરેરાશ સાથે ૧૭૩ વિકેટ મેળવી હતી.આઈપીએલ ૨૦૨૧માં રોબિન ઉથપ્પા ચેન્નઈની ટીમમાંથી રમતો જોવા મળશે. રોબિનના ટીમમાં જોડાવવાથી બેટિંગ લાઈન મજબૂત બની જશે.રોબિન ઉથપ્પાએ પણ ટીમમાં સામેલ થવા પર ખુશી વ્યક્ત કરી છે.

T-20 સિરીઝમાં કોહલી ૭૨ રન ફટકારશે તો ૩૦૦૦ રન પૂરા કરશે

અમદાવાદ, તા.૧૦
ભારતીય ક્રિકેટ ટીમ અને ઈંગ્લેન્ડ વચ્ચે ટી-૨૦ સીરીઝ ૧૨ માર્ચથી શરૂ થવાની છે. જેને લઇને ક્રિકેટ ફેન્સ ઘણા ઉત્સાહી છે. આ પાંચ મેચોની ટી-૨૦ સીરીઝમાં કેપ્ટન કોહલી માટે એક મોટો વર્લ્ડ રેકોર્ડ બનાવવાની તક છે.

ભારતીય ટીમનાં કેપ્ટન વિરાટ કોહલી ઈંગ્લેન્ડ સામેની પાંચ મેચની ટી-૨૦ આંતરરાષ્ટ્રીય શ્રેણીમાં એક મોટો વર્લ્ડ રેકોર્ડ બનાવી શકે છે. જો વિરાટ કોહલી ૭૨ વધુ રન બનાવવામાં સફળ થાય છે ટીમ ઈન્ડિયાનાં કેપ્ટન વિરાટ કોહલી પાસે આંતરરાષ્ટ્રીય ટી-૨૦ ક્રિકેટમાં ૩,૦૦૦ રન પૂરા કરવાનો અને વિશ્વનો પ્રથમ અને એકમાત્ર બેટ્સમેન બનવાની તક છે. આજ-દિન સુધી કોઈ પણ ક્રિકેટરે આ સિદ્ધિ મેળવી નથી. વિરાટ હાલમાં ટી-૨૦ ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવનાર છે. તેણે ૨૦૧૦ થી ૨૦૨૦ વચ્ચે ૮૫ ટી-૨૦ મેચોમાં ૨૯૨૮ રન બનાવ્યા છે. જો તે ઈંગ્લેન્ડ સામે માત્ર ૭૨ રન બનાવશે, તો તે ૩૦૦૦ રનનાં મંચ સુધી પહોંચીને ઈતિહાસ રચશે.

ટી-૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં વિરાટ કોહલીની બેટિંગની એવરેજ ૫૦ કરતા વધારે છે અને આ કિસ્સામાં તે વિશ્વનો એકમાત્ર બેટ્સમેન છે. ટી-૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં વિરાટે ૨૫ અડધી સદી ફટકારી છે, જેમાં ૮૧ છક્કાનો સમાવેશ થાય છે.

ઓનલાઈન જાહેર નિવિદા નં.૧૭ સને ૨૦૨૦-૨૧
પંચાયત માર્ગ અને મકાન વિભાગ- જિ.પં.અમરેલી
કાર્યપાલક ઈજનેરશ્રી પંચાયત માર્ગ અને મકાન વિભાગ-જિ.પં., અમરેલી (ફોન નં.૦૨૭૯૨-૨૨૨૧૧૨) દ્વારા ગુજરાત સરકારશ્રીનાં માર્ગ અને મકાન વિભાગ તરફથી યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારો પાસેથી અમરેલી, લાઠી, કુંકાવાવ, ધારી, રાજુલા અને સાવરકુંડલા આમ કુલ ૬ પેટા વિભાગ માટે મેટલ, મુરમ, લોખંડ, કલરકામ, જેસીબી ભાડા તથા જંગલ કટીંગ વિ. કરવાની કામગીરી માટે ઈ-ટેન્ડર દ્વારા ભાવો માંગવામાં આવે છે. જેની વિગત નીચે મુજબ છે. તેમજ વિગતવાર માહિતી આ કચેરીના નોટિસ બોર્ડ તેમજ, www.nprocure.com, www.statetenders.com ઉપરથી જોવા મળશે. (૧) ઓનલાઈન ટેન્ડર રજૂ કરવાની છેલ્લી તા.૨૫/૩/૨૧ ૧૮.૦૦ કલાક સુધી (૨) અર્નેસ્ટમની ડિપોઝીટ રજૂ કરવાની તા.૨૬/૩/૨૧થી તા.૧/૪/૨૧ (૩) ટેન્ડર ખોલવાની તારીખ : ૨૭/૩/૨૧ ૧૨.૦૦ કલાક.
કાર્યપાલક ઈજનેર
માહિતી/અમર/૩૬૦/૨૦-૨૧ પંચાયત મા.મ.વિભાગ-અમરેલી

અમિત શાહ બડાશ હાંકે છે : વાસ્તવમાં કેરળમાં LDF અને UDF વચ્ચે ચૂંટણી જંગ છે : ઓમન ચાંડી

કેરળના પૂર્વ મુખ્ય પ્રધાન ઓમન ચાંડી સાથેની વાતચીતના કેટલાક મુખ્ય અંશો અત્રે પ્રસ્તુત છે

(એજન્સી) તા.૧૦

કોંગ્રેસ કેન્દ્રીય નેતાગીરી સાથે બેઠક વહેંચણી અંગેની વાતચીતના આખરી દૌરમાં છે અને પૂર્વ મુખ્ય પ્રધાન ઓમાન ચાંડીએ જણાવ્યું હતું કે યુડીએફના ચેરપર્સન રમેશ ચેનીથાલા દ્વારા સત્તાવાર જાહેરાત કરવામાં આવશે. ચાંડીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ઉમેદવારોની પસંદગીમાં સીપીઆઈએમને મુશ્કેલી પડી રહી હોવા છતાં પક્ષ ચૂંટણી જીતવા માટેની તેમની ક્ષમતા પર આધાર રાખશે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે કેરળમાં પ્રજાના માનસમાં કોંગ્રેસ છવાયેલ છે અને ભાજપ કે એલડીએફ ગમે એટલા પ્રયાસો કરે તેમ છતાં કોંગ્રેસને હટાવી શકાશે નહીં. ભાજપ કોઈ પણ ભોગે કોંગ્રેસમુક્ત ભારત અને એલડીએફ કોઈ પણ ભોગે સત્તા ઈચ્છે છે પરંતુ અમારે તેનાથી ડરવાનું નથી એવું ચાંડીએ ઉમેર્યું હતું. અત્રે ચાંડી સાથેની મુલાકાતના કેટલાક મહત્વના અંશો પ્રસ્તુત છે.કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહના નિવેદન અંગે વાતચીત કરતાં ઓમન ચાંડીએ જણાવ્યું હતું કે ગૃહ પ્રધાન હવે એવું કહી રહ્યાં છે કે હવે કેરળમાં એલડીએફ અને ભાજપ વચ્ચે જંગ છે. આથી તેનો ઈરાદો શું છે એ અંગે તમે શું વિચારો છો. તેઓ સત્તા મેળવવા માટે કોંગ્રેસ અને સીપીઆઈ-એમને પરાજિત કરાવવા માગે છે. બંને પક્ષો વચ્ચે આ સેતુરુપ મુદ્દો છે. પરંતુ અમારે તેનાથી ડરવાની કોઈ જરુર નથી. અમે લોકોને વાસ્તવિકતા બતાવીશું અને કોંગ્રેસ શાસિત યુડીએફને મતદાન કરવા જણાવીશું.જ્યારે ચાંડીને પૂછવામાં આવ્યું કે શું કેરળમાં



ભાજપ માટે કોઈ તક છે ખરી ? દથી ૭ બેઠકો માટે એલડીએફને સમજૂતી થઈ છે. શું તેઓ આટલી બધી બેઠકો જીતશે ? આ પ્રશ્નના ઉત્તરમાં ચાંડીએ જણાવ્યું હતું કે બિલકુલ નહીં. ગયા વખતે તેમને માત્ર એક જ બેઠક મળી હતી અને આ વખતે એ પણ અશક્ય જણાય છે. સીપીઆઈએમએ જણાવ્યું છે કે તેઓ યુવાન અને નવા ઉમેદવારોને ઊભા રાખશે. કોંગ્રેસની આ અંગે શું યોજના છે ? આ પ્રશ્નના જવાબમાં ચાંડીએ જણાવ્યું હતું કે અમે પણ યુવાનોને પ્રતિનિધિત્વ આપીશું. યુડીએફમાં પણ યુવાન નેતાઓની સારી ટીમ છે. અમે નવા ચહેરાઓને મહત્વ આપીશું. અમોએ જાહેરાત કરી દીધી છે કે ઉમેદવારોમાંથી ૫૦ ટકા કરતાં વધું નવા ચહેરાઓ યુવાન અને મહિલાઓ હશે.

મિથુન ચક્રવર્તી ભાજપમાં જોડાયા : નક્સલો પ્રત્યે સહાનુભૂતિથી લઈને શારદા કેસમાં ભૂમિકા સુધીની બાબતોમાં અભિનેતા હંમેશા વિવાદના વમળમાં રહ્યા છે

(એજન્સી) તા.૧૦

૧૯૬૯માં મિથુન ચક્રવર્તી નક્સલવાદી વિચારધારાથી પ્રભાવિત હોવાથી તેના પિતાએ મિથુનને કોલકાત્તા છોડી દેવા જણાવ્યું હતું. આજે ૫૦ વર્ષ બાદ અભિનેતા મિથુન ચક્રવર્તી રવિવારે કોલકાત્તા ખાતે જ ભાજપમાં જોડાયા હતા. છેલ્લા પાંચ દાયકામાં પોતાની નક્સલવાદી વિચારધારા બદલીને મિથુન ચક્રવર્તી સૌપહેલા મુખ્ય ધારાના સીપીઆઈ-એમ ત્યારબાદ તૃણમૂલ કોંગ્રેસમાં જોડાયા હતા અને હવે ભાજપમાં છલાંગ મારી છે. વિવિધ પક્ષો સાથે પોતાના જોડાણ છતાં મિથુન ચક્રવર્તીને અત્યાર સુધી પોતાની કોઈ કાયમી રાજકીય વિરાસત ઊભી કરવામાં સફળતા મળી નથી. મિથુન ચક્રવર્તી પોતાના રાજકીય જોડાણને લઈને વિવાદના અનેક વમળોમાં ફસાયાં હતાં. મિથુન ચક્રવર્તીનો જન્મ નિમ્ન મધ્યમ વર્ગ એવા બંગાળી પરિવારમાં ૧૬, જુલાઈ ૧૯૫૦માં થયો હતો. તેમનું અસલી નામ ગૌરાંગ હતું. પાછળથી મિથુને કોલકાત્તાની પ્રતિષ્ઠાવંત સ્કોટીશ ચર્ચ કોલેજમાં અભ્યાસ કર્યો હતો કે જેમાં સુભાષચંદ્ર બોઝ, નેપાળના પ્રથમ વડાપ્રધાન બી પી કોઈરાલા, આસામના પ્રથમ મુખ્યમંત્રી ગોપીનાથ બોર્દોલોઈ પણ આ કોલેજના પૂર્વ વિદ્યાર્થીઓ હતા. આ સમયે મિથુન નક્સલવાદી વિચારધારા પ્રત્યે આકર્ષાયા હતાં અને થોડા સમય તેમને ભૂગર્ભમાં પણ ચાલી જવું પડ્યું હતું એવું ઈન્ડિયા ટુડેએ એક લેખમાં જણાવ્યું હતું. પાછળથી મિથુન ચક્રવર્તી મંબઈથી સ્થળાંતર થઈનો બોલિવુડમાં અભિનેતા તરીકે કારકિર્દી શરુ કરી હતી. મિથુનને પત્રકાર અલી પીટર જહોન સાથેની વાતચીતમાં એવું કહેતાં ટાંકવામાં આવ્યાં હતાં કે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં અને બહારના લોકો કોલકાત્તામાં નક્સલવાદી ચળવળ સાથેની મારી સામેલગીરી અંગે જાણે છે. અગ્રણી નક્સલવાદી નેતા ચારુ મજુમદાર સાથેની મારા કનેક્શન અંગે પણ તેઓ જાણે છે. પરંતુ મારા પરિવારમાં એક કરુણાંતિકા બાદ મારે આ નક્સલવાદી ચળવળ છોડી દેવી પડી હતી પરંતુ હું જ્યાં પણ ગયો ત્યાં નક્સલવાદી હોવાનું લેબલ મને હંમેશા લાગુ પાડવામાં આવે છે. ૧૯૮૦માં મિથુન ચક્રવર્તીએ ધ નેક્સેલાઈટ નામની ફિલ્મમાં પણ મુખ્ય ભૂમિકા ભજવી હતી જે કટ્ટરવાદી ડાબેરી પાંખની ચળવળ પર આધારીત છે. ત્યારબાદ ચક્રવર્તીએ ફિલ્મમાં કામ શરુ કર્યું હતું. આમ મિથુન ચક્રવર્તી હંમેશા વિવાદાસ્પદ રહ્યાં છે. ૨૦૧૪માં ટીએમસી દ્વારા મિથુન ચક્રવર્તીને રાજ્યસભામાં નિયુક્ત કરાયાં હતા. ત્યારબાદ શારદા ચીટ ફંડ કેસમાં મિથુનનું નામ ઉછળ્યું હતું. મિથુન ચક્રવર્તી શારદા ગ્રુપના બ્રાન્ડ એમ્બેસેડર પણ હતા અને ઈડી દ્વારા તેમની તપાસ કરવામાં આવી હતી.

હિંદુ સમૂહ તરફથી ઓનલાઈન હુમલા અને નિવેદન બાદ પ્રો.ઓડ્રે ટ્રશ્કેને રટગર્સ યુનિવર્સિટીનું સંપૂર્ણ સમર્થન

યુનિવર્સિટીએ એવું પણ જણાવ્યું છે કે રટગર્સ ખાતે અભ્યાસ કરતાં હિંદુ સમુદાયના સભ્યો સાથે યુનિવર્સિટી આ મુદ્દે સંવાદ કરશે

(એજન્સી) તા.૧૦

અમેરિકાના નેવાર્ક સ્થિત રટગર્સ યુનિવર્સિટીમાં સાઉથ એશિયન ઈતિહાસ શીખવતા પ્રો.ઓડ્રે ટ્રશ્કેએ ટ્વીટર પર વ્યક્ત કરેલ મંતવ્યો અંગે યુનિવર્સિટી સમક્ષ ચિંતા વ્યક્ત કરતો હિંદુ જમણેરી પાંખે લખેલા પત્ર બાદ રટગર્સ યુનિવર્સિટીએ પ્રો.ઓડ્રે ટ્રશ્કેને સમર્થન વ્યક્ત કરતું નિવેદન જારી કર્યું છે. ૫૦૦૦ કરતાં વધુ લોકોએ જે પત્ર પર સહી કરી હતી તે ખુલ્લો પત્ર લખવા ઉપરાંત ઈતિહાસકાર પ્રો.ઓડ્રે ટ્રશ્કે વિરુદ્ધ ઓનલાઈન ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી અને તેમને કેટલીક હિંસક ધમકીઓનો પણ સામનો કરવો પડ્યો હતો. રટગર્સ યુનિવર્સિટીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે રટગર્સ યુનિવર્સિટી પ્રો.ઓડ્રે ટ્રશ્કેને તેમની શૈક્ષણિક સ્વતંત્રતામાં સ્કોલરશીપ બાબતે સંપૂર્ણપણે ટેકો આપે છે અને તેમની વિરુદ્ધ બદનક્ષીકારક સંદેશાઓ અને ધમકીઓને વખોડી કાઢે છે અને આ પ્રકારની કાર્યવાહી તાત્કાલિક બંધ કરવા અનુરોધ કરે છે. સ્કોલરશીપ ક્યારેક વિવાદાસ્પદ હોય છે. ખાસ કરીને જ્યારે ઈતિહાસ અને ધર્મને સાંકળતી હોય છે ત્યારે, પરંતુ આ પ્રકારની સ્કોલરશીપને અનુસરવાની સ્વતંત્રતા હોય છે. આ ઉપરાંત યુનિવર્સિટીએ એવું પણ જણાવ્યું છે કે રટગર્સ ખાતે અભ્યાસ કરતાં હિંદુ સમુદાયના સભ્યો સાથે યુનિવર્સિટી સંવાદ શરુ કરશે. રટગર્સ હિંદુ સમુદાયના તમામ સભ્યોને જેમાં તેઓ માત્ર સુરક્ષા જ અનુભવી રહ્યાં નથી, પરંતુ તેમની ધાર્મિક ઓળખને પણ સમર્થન આપે છે એવા માહોલમાં અભ્યાસ કરવા અને રહેવા માટે સંપૂર્ણપણે સમુદાયના સભ્યોને સમર્થન આપે છે. ગમે તેમ તો પણ અમારા વૈવિધ્યના ખ્યાલ અને અવાજથી અમારી શૈક્ષણિક શ્રેષ્ઠતા અલગ થઈ શકે તેમ નથી.

અમે આ પરિપ્રેક્ષ્યમાં વિચારોને સંપૂર્ણ, ખુલ્લેઆમ અને સન્માનનીય સમર્થન આપીને તેને પોષવા પ્રતિબદ્ધ છીએ. પ્રો.ઓડ્રે ટ્રશ્કેએ પોતે જે ઓનલાઈન કનડગતનો સામનો કરી રહ્યાં હતાં તેનો અંત લાવવા માટે અનુરોધ કરવા બદલ યુનિવર્સિટી પ્રશાસનનો આભાર માન્યો છે. તેમણે સોમવારે રાત્રે જણાવ્યું હતું કે હું નફરત ભડકાવતાં ભાષણોનો દૌર, મુસ્લિમ વિરોધી લાગણીઓ, નારી દ્વેશ, હિંસક ધમકીઓ, મારા પરિવારને જોખમમાં મૂકે એવી પ્રવૃત્તિઓ અને મારા વિદ્યાર્થીઓ પ્રત્યેની આક્રમકતાનો સામનો કરી રહી છું. હું પણ હજારો એકાઉન્ટ્સ બ્લોક કરી રહી છું અને મારી કનડગત બંધ કરવામાં આવે એવો અનુરોધ કરું છું.

વોટ્સએપના ચેટ બેકઅપ પર હવે લૉક લાગશે : હવે ચેટ લીક નહીં થઈ શકે અને પાસવર્ડથી પ્રોટેક્ટ થશે

વોટ્સએપ હવે પાસવર્ડ ફીચર દ્વારા ક્લાઉડમાં ચેટ બેકઅપ એનક્રિપ્ટેડ થશે અને તેથી ચેટ લીક થઈ શકશે નહીં

(એજન્સી) તા.૧૦

વોટ્સએપ પોતાના યુઝર્સના ડેટાને સુરક્ષા પ્રદાન કરવા માટે એક નવી સુવિધા આપવા જઈ રહી છે. વોટ્સએપે પોતાના યુઝર્સને પોતાની ચેટનું બેકઅપ લેવાની સુવિધા ઓફર કરી રહી છે. વોટ્સએપ હવે આ ચેટ બેકઅપને સુરક્ષિત કરવા માટે સિક્યોરિટી પાસવર્ડની સુવિધા પ્રદાન કરવા જઈ રહી છે. વોટ્સએપ ચેટ એન્ડ ટુ એન્ડ એન્ક્રિપ્ટેડ હોય છે જેનું બેકઅપ ક્લાઉડ પર સેવ થાય છે. વોટ્સએપ આ બેકઅપ ડેટાની સુરક્ષાની ગેરંટી નથી આપતું. આ ડેટાને હેક પણ કરી શકાય છે. આ બાબતને ધ્યાનમાં રાખીને વોટ્સએપ હવે પોતાના યુઝર્સ માટે ચેટ બેકઅપ સુરક્ષાનો ઓપ્શન લઈને આવી રહ્યું છે. વોટ્સએપ હવે ચેટ બેકઅપને પણ એનક્રિપ્ટેડ મોડમાં સામેલ કરવા જઈ રહ્યું છે અને તેના પગલે હવે નવા પાસવર્ડ પ્રોટેક્શન સાથેના આ ફીચર્સને કારણે ક્લાઉડમાં ચેટ બેકઅપ એનક્રિપ્ટ થશે અને હવે તે માત્ર યુઝર્સને જ ઉપલબ્ધ બનશે. એ વાત સાચી કે વોટ્સએપ ચેટ એન્ડ ટુ એન્ડ એનક્રિપ્ટેડ છે પરંતુ આ પ્રોટેક્શન હાલ ગૂગલ ડ્રાઈવ અને એપલ આઈ ક્લાઉડ પર સ્ટોર કરવામાં આવેલ ઓનલાઈન બેકઅપને લાગુ પડતું નથી. બીટામાં વોટ્સએપ અપડેટ્સને હાલ ટ્રેક કરી રહેલ વેબસાઈટ ડબલ્યુએ વિટા ઈન્ફોએ જણાવ્યું હતું કે વોટ્સએપ હવે ક્લાઉડ બેકઅપ એનક્રિપ્શન પર કામ કરી રહ્યું છે. તેના કારણે ચેટ ડેટા બેઝ અને મીડિયા અનધિકૃત એક્સેસથી પાસવર્ડ દ્વારા સુરક્ષિત થઈ શકશે. પાસવર્ડ એ ખાનગી હોય છે અને તે વોટ્સએપને મોકલવામાં આવતો નથી. તે આઈઓએસ અને એન્ડ્રોઈડ માટે પણ ઉપલબ્ધ બનશે એવું ડબલ્યુએ બીટા ઈન્ફોએ એક ટ્વીટમાં જણાવ્યું હતું. આમ વોટ્સએપ માટે ચેટ બેકઅપ સિક્યોરિટી લઈને આવી રહેલ ડબલ્યુએ બીટા ઈન્ફોએ જાહેરાત કરી છે કે આ ફીચર એન્ડ્રોઈડ અને આઈઓએસ બંને પ્લેટફોર્મ પર લૉંચ કરવામાં આવશે. આ ફીચર લૉંચ થવાથી યુઝર પોતાના ચેટ બેકઅપ ડેટા પર પાસવર્ડ લગાવી શકશે. આ ફીચર ગઈ સાલ જોવા મળ્યો હતો અને હવે તે સ્ક્રિનશોટ દ્વારા શેર થયો છે. આઈ ક્લાઉડ ડ્રાઈવ બેકઅપની અનધિકૃત પહોંચ અટકાવવા માટે તમે પાસવર્ડ સેટ કરી શકશો જે ભવિષ્યના બેકઅપને એનક્રિપ્ટ કરવા માટે ઉપયોગમાં લઈ શકાશે. જ્યારે તમે બેકઅપમાંથી રીસ્ટોર કરશો ત્યારે આ પાસવર્ડની જરૂર પડશે એવું સ્ક્રિનશોટના વાંચન પરથી જાણવા મળ્યું છે. ચેટ ડીબી અને મીડિયા તમે એક માત્ર જાણો છો એ પાસવર્ડનો ઉપયોગ કરીને તેને એનક્રિપ્ટેડ કરી શકાશે. આ ફીચર હાલ એટલા માટે રિપોર્ટ કરવામાં આવેલ છે કારણ કે ૧૫,મેથી વોટ્સએપ એક નવી પ્રાઈવસી પોલિસીનો અમલ કરવા જઈ રહ્યું છે જેના કારણે તેની પેરેંટ કંપની ફેસબુક સાથે ડેટા શેરીંગ થવાના ભયથી લોકો અને સરકારો ચિંતિત છે. જો કે વોટ્સએપે હજુ તેના પર સત્તાવાર ટિપ્પણી કરવાની બાકી છે.

કાશ્મીર સ્થિત પત્રકારોની તેમના રિપોર્ટીંગ અને તંત્રીલેખ બદલ કરવામાં આવતી અટકાયત અંગે એડિટર્સ ગીલ્ડ ઓફ ઈન્ડિયાએ ચિંતા વ્યક્ત કરી

એડિટર્સ ગીલ્ડ ઓફ ઈન્ડિયાએ એક નિવેદનમાં જણાવ્યું કે કાશ્મીરી પત્રકારોની અવિધિસર અટકાયત હવે ''ન્યૂ નોર્મલ'' છે. ધ કાશ્મીરવાલાના મુખ્ય તંત્રી ફહાદ શાહની કેટલાય કલાકો સુધી અટકાયત બાદ છોડી મૂકવામાં આવ્યા એવું નિવેદનમાં જણાવાયું છે

(એજન્સી) તા.૧૦

ધી એડિટર્સ ગીલ્ડ ઓફ ઈન્ડિયાએ (ઈજીઆઈ) જે રીતે કાશ્મીર સ્થિત પ્રકાશનોના તંત્રીઓની તેમના રિપોર્ટીંગ કે તંત્રીલેખ બદલ અવિધિસર રીતે ધરપકડ કરવામાં આવે છે તેના પર આઘાત વ્યક્ત કર્યો છે. એડિટર્સ ગીલ્ડ ઓફ ઈન્ડિયાએ તાજેતરમાં શ્રીનગર સ્થિત પ્રકાશન ધ કાશ્મીર વાલાના તંત્રીની અટકાયત અને ત્યાર બાદ ઘણા કલાકો બાદ તેમની મુક્તિના મામલે આ નિવેદન જારી કર્યું છે. નિવેદનમાં ઈજીઆઈએ જણાવ્યું છે કે કાશ્મીરવાલાના મુખ્ય તંત્રી ફહાદ શાહની કલાકો સુધી અટકાયત કર્યા બાદ તેમને મુક્ત કરવામાં આવ્યાં હતાં. ફહાદ શાહની તેમના લખાણો માટે આ ત્રીજી વખત અટકાયત કરવામાં આવી હતી. જો કે તેમના કિસ્સામાં જ આવું બન્યું છે એવું નથી. એવા અસંખ્ય પત્રકારો છે કે જેઓ આ ન્યૂ નોર્મલનો સામનો કરી રહ્યાં છે કે જેમાં સરકારી દાવા મુજબ ખીણમાં શાંતિ સ્થપાય છે ત્યારે તો નાની વિરોધાભાસી કોઈ પણ લખાણ બદલ સુરક્ષા દળો દ્વારા પત્રકારોની અવિધિસર રીતે ધરપકડ કરી શકાય છે. ઈજીઆઈની એવી માગણી છે કે જેમાં મીડિયા કોઈ પણ જાતના ભય કે તરફેણ વગર રિપોર્ટીંગ કરીને પોતાનો અભિપ્રાય વ્યક્ત કરી શકે એવો માહોલ જમ્મુ અને કાશ્મીર પ્રશાસન ઊભો કરે. ૫,માર્ચના રોજ શ્રીનગરમાં પોતાની વ્યાવસાયિક ફરજ બજાવી રહેલ બે ફોટો જર્નાલિસ્ટ પર પોલીસ દ્વારા કરવામાં આવેલ હુમલાની ઘટનાને વખોડી કાઢતું એક નિવેદન કાશ્મીર પ્રેસ ક્લબ દ્વારા જારી કરવામાં આવ્યું છે. કાશ્મીર પ્રેસ ક્લબે જણાવ્યું હતું કે બીબીસી માટે કેમેરા પર્સન તરીકે કામ કરતાં બે પત્રકારો શાફત ફારુક અને ફ્રીલાંસ ફોટોગ્રાફર શાકીબ મજીદ સાથે જુમાની નમાઝ બાદ શ્રીનગરના નવહટ્ટા વિસ્તારમાં દેખાવો બાદ મારપીટ કરવામાં આવી હતી. એ જ દિવસે પોલીસે ટ્વીટર હેન્ડલ પર અને વેબસાઈટ પર પ્રસારિત થયેલ વીડિયો સ્ટોરી અને સમાચારોના સંદર્ભમાં કાશ્મીર વાલાના તંત્રી ફહાદ શાહને પણ પોલીસે બોલાવ્યા હતા. પાછળથી રાત્રે ૧૦.૨૦ કલાકે ફહાદે ટ્વીટ કર્યું હતું કે મને સાંજે ૬.૩૦ કલાકે પોલીસ સ્ટેશન બોલાવવામાં આવ્યો હતો. અધિકારીઓને શ્રીનગરમાં દેખાવો અને પત્રકારોની મારપીટ અંગે પ્રસિદ્ધ કરેલ અહેવાલ સામે વાંધો ઉઠાવ્યો હતો. મેં તેમને જણાવ્યું હતું કે આ અહેવાલ તમામ વિગતો સાથે હકીકત આધારીત છે.

ઉ.પ્ર.માં કિસાન આંદોલનને નિવૃત્ત સરકારી અધિકારીઓ અને અગ્રણી હસ્તીઓનું સમર્થન

(એજન્સી) તા.૧૦

ઉ.પ્ર.માં અનેક નિવૃત્ત સરકારી અધિકારીઓ અને અગ્રણી હસ્તીઓએ કેન્દ્રના ત્રણ નવા કૃષિ કાયદાઓ સામે ચાલી રહેલા કિસાન આંદોલનને પોતાનું સમર્થન વ્યક્ત કર્યું છે. અત્રે જારી કરેલા એક નિવેદનમાં પૂર્વ આઈએસ અધિકારી અને ભારત સરકારના સચિવ વિજય શંકર પાંડે અને પૂર્વ આઈપીએસ અધિકારી એસ એન સિંહે જણાવ્યું હતું કે તાજેતરમાં કિસાનોના મુદ્દાઓ પર ચર્ચા વિચારણા કરવા માટે નિવૃત્ત વરિષ્ઠ અધિકારીઓ અને વિવિધ ક્ષેત્રની અગ્રણી હસ્તીઓની એક બેઠક મળી હતી. આ ગ્રુપ દ્વારા કિસાનોને નવા કૃષિ કાયદાઓ રદ કરવાની માગણીના સમર્થનમાં હાલ ચાલી રહેલ આંદોલન ચાલુ રાખવા અને કૃષિ પેદાશો માટે લઘુત્તમ સમર્થન મૂલ્યની માગણી ચાલુ રાખવા કિસાનોને અનુરોધ કર્યો હતો. આ ગ્રુપે નાના અને સીમાંત ખેડૂતોની કફોડી સ્થિતિ અંગેના મુદ્દાઓ ઉઠાવનાર ઉ.પ્ર.

કિસાન મજદૂર મોરચાના સરદાર વી એમ સિંઘ અને અન્ય કિસાન સંગઠનોને સમર્થન આપવાનો નિર્ણય કર્યો હતો. દરમિયાન વી એમ સિંહે આ ગ્રુપનો પોતાને પ્રાપ્ત થયેલ સમર્થન બદલ આભાર વ્યક્ત કર્યો હતો અને જણાવ્યું હતું કે કૃષિ કાયદાઓ સામે તેમનું આંદોલન હજુ પૂરું થયું નથી, પરંતુ તેનો આકાર બદલાયો છે.

GOM રિપોર્ટ અખબારો વિરુદ્ધ સરકારનું કઠોર અને જલદ વલણ દર્શાવે છે : એડિટર્સ ગીલ્ડ ઓફ ઈન્ડિયા

એડિટર્સ ગીલ્ડ ઓફ ઈન્ડિયાએ સરકાર વિરુદ્ધના નકારાત્મક સમાચારો પર રોક લગાવવાના GOMના સૂચન પર આશ્ચર્ય વ્યક્ત કર્યું

(એજન્સી) તા.૧૦

નરેન્દ્ર મોદી સરકાર વિરુદ્ધ લખનારાઓને બિનઅસરકારક કરવા માટે ગ્રુપ ઓફ મિનીસ્ટર્સ દ્વારા તૈયાર કરવામાં આવેલ રિપોર્ટ પર ધી એડિટર્સ ગીલ્ડ ઓફ ઈન્ડિયાએ આઘાત વ્યક્ત કર્યો છે. એડિટર્સ ગીલ્ડ ઓફ ઈન્ડિયાએ એવી માગણી કરી છે કે અભિવ્યક્તિની સ્વતંત્રતાના સંવૈધાનિક મૂલ્યોનું રક્ષણ કરવાની જેની પાસે અપેક્ષા છે એ સરકારે હવે સ્પષ્ટતા કરવી જોઈએ કે સરકાર મીડિયામાં વિચારોની બહુલતાને પ્રતિબદ્ધ છે. એડિટર્સ ગીલ્ડ ઓફ ઈન્ડિયાએ મંગળવારે જારી કરેલ એક નિવેદનમાં જણાવ્યું હતું કે મીડિયામાં સરકાર વિરોધી સામગ્રીને નિયંત્રિત કરવા માટે ગ્રુપ ઓફ મિનિસ્ટર્સ દ્વારા જે રીતનો અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે તે અંગે ઊંડો આઘાત અને અવિશ્વાસ વ્યક્ત કરે છે. ૨૦૨૦ની મધ્યમાં સરકાર દ્વારા કોઈ પણ જાતની ઉશ્કેરણી વગર પાંચ કેબિનેટ અને ચાર રાજ્યકક્ષાના પ્રધાનોના બનેલા એક ગ્રુપ ઓફ મિનીસ્ટર્સની એવા સમયે રચના કરવામાં આવી હતી જ્યારે અખબારી સ્વાતંત્ર અને લોકતંત્રનો ગ્રાફ ઝડપથી નીચે સરકી રહ્યો હતો. ૨૦૨૦ના અંતમાં તૈયાર કરવામાં આવેલ અહેવાલ તાજેતરમાં મીડિયામાં સામે આવ્યો છે જે અહેવાલ અખબારો દ્વારા કોઈ પણ પ્રકારની આલોચના કે તપાસ સામે સરકારનું વધતું જતું કડક અને આપખુદી વલણ દર્શાવે છે. જીઓએમ રિપોર્ટના સૂચનોમાં નિર્દેશ આપવામાં આવ્યો છે કે સરકાર વિરુદ્ધ લખતાં લેખકો અને પત્રકારો પર ચાંપતી દેખરેખ રાખવામાં આવે અને તેમને નિશાન બનાવવામાં આવે. સૌથી ચિંતાજનક સૂચન એક કેન્દ્રીય પ્રધાન દ્વારા એવું કરવામાં આવ્યું છે કે હકીકતોની ચકાસણી વગર સરકાર વિરુદ્ધ લખતાં અને ફેક ન્યૂઝ ફેલાવતા લોકોને બિનઅસરકારક બનાવવાની રણનીતિ ઘડી કાઢવામાં આવે. ફેક ન્યૂઝ શું હોય છે અને તેમાં કેવી પ્રક્રિયા હાથ ધરવી જોઈએ તે અંગે સ્પષ્ટતાના અભાવે આવા નિરીક્ષણો સરકારની ટીકા કરનાર કોઈના પણ અવાજને ગૂંગળાવી નાખવા માટે હોય એવું જણાય છે. આમ સરકાર વિરુદ્ધ નકારાત્મક સમાચારો પર પ્રતિબંધ મૂકવાના જીઓએમના સૂચન પર એડિટર્સ ગીલ્ડ ઓફ ઈન્ડિયા દ્વારા આશ્ચર્ય વ્યક્ત કરવામાં આવ્યું છે. એડિટર્સ ગીલ્ડ ઓફ ઈન્ડિયાએ જણાવ્યું છે કે જીઓએમનો રિપોર્ટ પ્રેસ દ્વારા કોઈ પણ પ્રકારની આલોચના કે તપાસની વિરુદ્ધ સરકારના વધતા જતાં કડક અને જલદ વલણને દર્શાવે છે.

સારસા ગામમાં કોરોના સંક્રમણ વધતાં સ્વૈચ્છિક લોકડાઉન અપાતા ગામ સજ્જડ બંધ

(તસવીર :- બુરહાન પઠાણ, આણંદ)

(સંવાદદાતા દ્વારા) આણંદ, તા.૧૦

વધતા જતા કોરોના સંક્રમણને લઈને જિલ્લાના વિવિધ ગામોમાં ગ્રામ પંચાયતો દ્વારા કોરોના સંક્રમણ નિયંત્રણ માટે સ્વૈચ્છિક લોકડાઉન આપવામાં આવ્યું છે, જે અંતર્ગત રામોલ, રૂપિયાપુરામાં લોકડાઉન આપ્યા બાદ સારસા ગ્રામ પંચાયત દ્વારા પણ સ્વૈચ્છિક લોકડાઉન આપવામાં આવ્યું હતું. સારસા ગ્રામ પંચાયતના સરપંચ ઈન્દિરાબેન પટેલના જણાવ્યા અનુસાર ગામમાં વધતા જતા કોરોના સંક્રમણને લઈને ગામના નાગરિકોની સુરક્ષા માટે આજથી આગામી તા.૧૬ માર્ચ સુધી ૭ દિવસ સુધીનું સ્વૈચ્છિક લોકડાઉન જાહેર કરવામાં આવ્યું હતું, જે અંતર્ગત આજે પ્રથમ દિવસે બપોરે ૧૧ વાગ્યા બાદ ગામમાં તમામ દુકાનો, લારી-ગલ્લા અને હોટલો બંધ થઈ ગઈ હતી. આવશ્યક ચીજ-વસ્તુઓ, દૂધ, દવા સહિતની તમામ દુકાનો તેમજ ચા-નાસ્તાની લારીવાળાએ પણ ધંધો બંધ રાખતા લોકડાઉન સફળ રહ્યું હતું. પરંતુ આજે ગામના આગેવાનો સાથે ચર્ચા થતાં લોકડાઉનનો પરિપત્ર પરત ખેંચવામાં આવ્યો છે, તેમજ ગામમાં, ફળિયામાં, ટાવર ચોક તેમજ શેરીના બાકડાઓ ઉપર જાહેરમાં ચારથી વધુ વ્યક્તિઓએ નહીં બેસવા, માસ્ક અવશ્ય પહેરવા, સોશિયલ ડિસ્ટન્સ જાળવવા તેમજ વેપારીઓ દ્વારા દુકાની બહાર ગોળ કુંડાળા દોરી તેમાં જ ગ્રાહકોને ઊભા રાખી સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરવા અપીલ કરવામાં આવી હતી. સારસા ગામમાં કોરોના સંક્રમણ વધતા અને ૨૫થી વધુ પોઝિટિવ કેસ નોંધાતા ગ્રામ પંચાયત દ્વારા સ્વૈચ્છિક લોકડાઉન આપવામાં આવ્યું હતી અને જેમાં ગ્રામજનો દ્વારા આવકાર મળ્યો હતો.

ભરૂચ : આરોગ્ય કેન્દ્ર પર આઉટ સોર્સિંગથી ફરજ બજાવતા ૬૫૦ કર્મીઓ આવતીકાલે પોતાના સંતાનોને CDHOના હવાલે કરશે

ભરૂચ, તા.૧૦

ભરૂચ જિલ્લાના આરોગ્ય કેન્દ્રોમાં ફરજ બજાવતા આઉટ સોર્સિંગના ૬૫૦ કોરોના વોરિયર્સનો ૪ મહિનાથી પગાર ન થતો હોય પરિવારને પાલવી નહીં શકતા શુક્રવારે પોતાના સંતાનોને CDHO (જિલ્લા આરોગ્ય અધિકારી)ના હવાલે કરવાનો કાર્યક્રમ પાઠવ્યો છે. ગુજરાત જનતા જાગૃતિ મંચના નેજા હેઠળ ભરૂચ જિલ્લાના આરોગ્ય વિભાગમાં આઉટ સોર્સિંગથી ફરજ બજાવતા ૬૫૦ કોરોના વોરિયર્સે અનોખો કાર્યક્રમ પાઠવી તંત્રને દોડતો કર્યો છે. મંચના પ્રમુખ રજનીકાંત ભારતીય સહિતે જિલ્લા આરોગ્ય તંત્રને આપેલા અલ્ટીમેટમમાં જણાવ્યું છે કે, આપના તાબા હેઠળના આરોગ્ય કેન્દ્રો ઉપર આઉટ સોર્સિંગથી ફરજ બજાવતા કર્મચારીઓનો નવેમ્બર મહિનાથી પગાર એસ્કો એકાઉન્ટ દ્વારા કરવા કમિશનર આરોગ્ય, ત.સે. અને ત.શિ. ગાંધીનગર દ્વારા આદેશ આપવામાં આવ્યો હતો. સમયસર પગાર ન કરનાર જવાબદાર લોકો વિરુદ્ધ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ અને ઈન્ડિયન પિનલ કોડ મુજબ કાર્યવાહી કરવા આદેશ કરવામાં આવેલ છે. એમ છતા ભરૂચ જિલ્લાના ૬૫૦ જેટલા આઉટ સોર્સિંગ કર્મચારીઓનો છેલ્લા ૪ મહિનાથી પગાર થયો નથી. આ બાબતે જિલ્લા આરોગ્ય અધિકારીને અનેક રજૂઆતો કરવામાં આવેલ એમ છતાં આ વિલંબ બદલ જવાબદાર લોકો વિરૂદ્ધ કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. આ ઢીલી-નીતિના કારણે કર્મચારીઓનો પગાર ન થવાથી આ કોરોના વોરિયર્સ અને એમના પરિવારને ભૂખે મરવાનો દિવસ આવ્યો છે. વચગાળાના ઉપાય તમામ કર્મચારીઓનો પગાર ન થાય ત્યાં સુધી પોતાના બાળકો અને પરિવાર સહિત ભરૂચ જિલ્લા પંચાયત ખાતે આપની શરણમાં આવી રહ્યા છે. જ્યાં સુધી આ તમામ કર્મચારીઓનો પગાર ન થાય ત્યાં સુધી પરિવાર એમના રહેવા અને જમવાની સગવડ 'આપની કચેરી ખાતે કરવી તેમજ આરોગ્યની સેવા ખોરવાય નહીં એ માટે તમામ કર્મચારીઓને રોજ નોકરી જવા યોગ્ય ટ્રાન્સપોર્ટની સેવા પૂરી પાડવી તેમ જણાવ્યું હતું.

વડોદરા મનપાના મેયર પદે કેયુર રોકડિયા, ડે. મેયર તરીકે નંદાબેન જોશીની નિમણૂક

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૧૦

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર તરીકે કેયુર રોકડિયા અને ડેપ્યુટી મેયર તરીકે નંદાબેન જોશી તેમજ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તરીકે ડો. હિતેન્દ્ર પટેલની ભાજપ મોવડી મંડળે પસંદગી કરી છે. આજે સવારે ૧૧:૦૦ વાગ્યે કોર્પોરેશનના નવા બોર્ડની પ્રથમ જનરલ બોર્ડની મીટિંગમાં મેયર અને ડેપ્યુટી મેયરની ચૂંટણી યોજાઈ તે અગાઉ શહેર ભાજપ કાર્યાલય ખાતે તેઓના નામોની ઘોષણા કરવામાં આવી હતી.

પ્રદેશ ભાજપમાંથી આ નામના મેન્ડેટ આવ્યા હોવાથી શહેર ભાજપ દ્વારા તેમના નામો જાહેર કરવામાં આવ્યા હતા. આ નામો જાહેર થયા બાદ તમામ સભ્યો ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ કરવા ગાંધીનગર ગૃહ ઉપડી ગયા હતા. કોર્પોરેશનના ઈતિહાસમાં પહેલીવાર ગાંધીનગર ગૃહ ખાતે જનરલ બોર્ડની પ્રથમ મીટીંગ મેયર અને ડેપ્યુટી મેયરની ચૂંટણી માટે મળી રહી છે. કોર્પોરેશનની તાજેતરમાં ચૂંટણી યોજાઈ હતી. જેમાં કોર્પોરેશનની કુલ ૭૬ બેઠકમાંથી ભાજપે ૬૯ બેઠક જીતી હતી જ્યારે કોંગ્રેસને માત્ર ૭ બેઠક પ્રાપ્ત થઈ હતી. ચૂંટણીના પરિણામ જાહેર થયા પછી છેલ્લા કેટલાક દિવસોથી મેયર સહિતના હોદ્દા પર કોણ બેસશે તે મુદ્દે જુદા જુદા નામોની અટકળો ચાલી રહી હતી. આજે કોર્પોરેશનમાં ભાજપ પક્ષના નેતા તરીકે અલ્પેશ લીમ્બાચીયા તથા દંડક તરીકે ચિરાગ બારોટનું નામ પણ જાહેર કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, ડૉ. હિતેન્દ્ર પટેલ વીતેલા બોર્ડની અગાઉના બોર્ડમાં સ્ટેન્ડિંગ કમિટીના અધ્યક્ષ હતા.

ફોટોલાઈન

વડોદરા મહાનગરપાલિકાની આજરોજ યોજાયેલ સામાન્ય સભામાં મેયર પદે કેયુર રોકડિયા, ડેપ્યુટી મેયર પદે નંદાબેન જોશી તેમજ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પદે ડૉ. હિતેન્દ્ર પટેલની વરણી થતા ચૂંટાયેલા તમામ કોર્પોરેટરોએ શુભેચ્છાઓ પાઠવી હતી. પ્રસ્તુત તસવીરમાં મહાનગરપાલિકાના નવા ચૂંટાયેલા હોદ્દેદારો દશ્યમાન થાય છે.

(તસવીર : શરીફ કાપડિયા, વડોદરા)

જનશિક્ષણ સંસ્થાન, ભરૂચ દ્વારા

આંતરરાષ્ટ્રીય મહિલા દિને શ્રેષ્ઠ કામગીરી બદલ મહિલાઓનું સન્માન કરાયું

(તસવીર :- ઈદ્રીશ કાઉજી, ભરૂચ)

ભરૂચ, તા.૧૦

કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા મંત્રાલય ભારત સરકાર દ્વારા સ્થાપિત જન શિક્ષણ સંસ્થાન ભરૂચ તથા ભરૂચ ડિસ્ટ્રીક્ટ મેનેજમેન્ટ એસોસિએશન ના સંયુક્ત ઉપક્રમે તા.૮મી માર્ચ, ૨૦૨૧ના રોજ બીડીએમએ હોલમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી કરવામાં આવી હતી. સ્વાગત પ્રવચન કરતા ઝયનુલ આબેદીન સૈયદ દ્વારા જેએસએસ ભરૂચની કામગીરીની ઝાંકી કરાવતા જણાવ્યું કે, કોરોના મહામારીને પહોંચી વળવા અને સરકારને મદદરૂપ થવા કુલ ૩૦૦૦ નંગ ફેસ માસ્ક બનાવીને જરૂરિયાતમંદ લોકોને વિતરણ કર્યા હતા અને કોલોબ્રેટીંગ એજન્સીઓની મદદથી કુલ રૂા.૯૭,૫૦૦/-નું અનાજ અને ફૂડ પેકેટ્સનું પણ વિતરણ કર્યું હતું અને સ્વયંભૂ વડાપ્રધાન પીએમ કેર ફન્ડમાં રૂા.૨૫,૦૦૦નો ફાળો જમા કરાવ્યો હતો. સમારંભના મુખ્ય મહેમાન તરીકે નાયબ કલેક્ટર યાસ્મીનબેન શેખ દ્વારા કારકિર્દી અંગે માર્ગદર્શન આપ્યું. અતિથિ વિશેષ તરીકે બીડીએમએ મહિલા ફોરમના અધ્યક્ષા પૂનમબેન શેઠ તથા ન.પ્રા.શિ. સમિતિ ભરૂચના અધ્યક્ષા ઈન્દિરાબેન રાજ ઉપસ્થિત રહી મહિલાઓના સર્વાંગી વિકાસને પ્રોત્સાહિત કરતા પ્રવચન કર્યા હતા. આ પ્રસંગે કોરોના વોરિયર્સ પેરામેડિકલ નર્સિંગ ક્ષેત્રની ૬ મહિલાઓ સિવિલ હોસ્પિટલ ભરૂચ, જયાબેન મોદી હોસ્પિટલ અંકલેશ્વર અને પટેલ વેલ્ફેર હોસ્પિટલ ભરૂચનાઓની શ્રેષ્ઠ કામગીરી બદલ ટ્રોફી પ્રમાણપત્રો આપી મહાનુભાવોના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા, તે જ રીતે શૈક્ષણિક ક્ષેત્રે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિ. અભ્યાસ કેન્દ્ર ભરૂચ અં.તા. ઈદારા કેન્દ્ર નં.૧૧૦૧ના રાજ્યમાં પ્રથમ અને તૃતિય ક્રમે આવનાર બંને વિદ્યાર્થીઓનું પણ ટ્રોફી-પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે જેએસએસની તાલીમાર્થી બહેનો, રિસોર્સ પર્સન બહેનો, સ્ટાફ ગણે હાજર રહી મહિલા ઉત્થાનની વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે રોજગારી, સ્વરોજગારી નોકરી, ધંધો, સ્વસહાય જૂથ પ્રવૃત્તિ, લોન ધિરાણ સહાય યોજના તથા કૌશલ્ય વિકાસ કૌશલ્યલક્ષી તાલીમ બાબતે વિશેષ માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે જેએસએસના લાઈવલી હૂડ કો-ઓર્ડિનેટર શિતલબેન ભરૂચાએ સૌ હાજરજનો, મીડિયા મિત્રો તથા મહેમાનોનો આભાર વ્યક્ત કરી કાર્યક્રમનું સમાપન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શ્રીમતી હેતલબેન પટેલે કર્યું હતું.

પાલનપુરમાં ૧૫મીએ ન.પા.ની સાધારણ સભામાં પ્રમુખ-ઉપપ્રમુખની વરણી કરાશે

પાલનપુર, તા.૧૦

પાલનપુર નગરપાલિકાની સાધારણ સભામાં સોમવારે પ્રમુખ-ઉપપ્રમુખની વરણી પ્રક્રિયા હાથ ધરાશે. પ્રથમ અઢી વર્ષ માટે મહિલા પ્રમુખને ચૂંટવા છેલ્લા કેટલાક દિવસોથી લોબિંગ શરૂ થયું છે. જોકે, ભાજપ પાર્ટી દ્વારા અનુભવીને પસંદગી અપાય છે કે, નવાને તક અપાય છે, એની પર હવે સહુની મીટ મંડાયેલી છે. પાલનપુર નગરપાલિકાની ૧૧ વોર્ડની ચૂંટણી સંપન્ન થયા બાદ ૪૪ સભ્યો પૈકી ભાજપની ૧૬ મહિલાઓ પૈકી કોઈ એકને પ્રથમ અઢી વર્ષ માટે સુકાન પ્રાપ્ત થવાનું છે. જેમાં જ્ઞાતિવાદી સમીકરણને અને આગામી વિધાનસભાની સ્થિતિ ધ્યાને લઈ ભાજપ પાર્ટી દ્વારા નિર્ણય લેવાનાર હોવાનું સૂત્રોએ જણાવ્યું છે. પ્રથમ સાધારણ સભા પાલિકાના હોલમાં મળશે. જેમા પાલનપુર પ્રાંત અધિકારી હાજર રહી પ્રમુખ-ઉપપ્રમુખની વરણી કરશે. ઉલ્લેખનીય છે કે, પાલનપુર નગરપાલિકામાં અગાઉ હર્ષાબેન મહેશ્વરી, નીલમબેન જાની અને હેતલબેન રાવલને પ્રમુખ પદનો અનુભવ છે, જેથી પક્ષ અનુભવી પ્રમુખ પર પસંદગી ઢોળી દે છે કે, નવાને તક આપે છે, તેને લઈ ચર્ચા જાગી છે. આ પ્રથમ સાધારણ સભા અંગેની વિગતો આપતા પાલિકા ચીફ ઓફિસર સતીશ પટેલે જણાવ્યું હતું કે, "નગરપાલિકાના પ્રથમ સત્ર કરવામાં બીજા કોઈ એજન્ડા નહીં સમાવાય માત્ર પાલિકાના નવા પ્રમુખ અને ઉપપ્રમુખ નિયુક્ત કરાશે." કોંગ્રેસની ૪૪માથી ૧૨ બેઠકો આવી છે. જેમાં વિપક્ષના નેતા તરીકે પણ કોંગ્રેસમાંથી આશાબેન રાવલ, અંકિતાબેન ઠાકોર સહિતના નેતાનું નામ વિપક્ષના નેતા તરીકે ચર્ચાઈ રહ્યું છે.

વડોદરા જિલ્લાના આઠ તા.પંચાયતોના પ્રમુખ-ઉપપ્રમુખોની ૧૮મીએ ચૂંટણી

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૧૦

વડોદરા જિલ્લાના આઠ તાલુકા પંચાયતોના પ્રમુખ-ઉપપ્રમુખોની તા.૧૮મીએ ચૂંટણી જાહેર કરવામાં આવી છે.

વડોદરા જિલ્લા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણીની તારીખ જાહેર થયા બાદ તેજ દિવસે વડોદરા જિલ્લાની આઠ તાલુકા પંચાયતોના પ્રમુખ-ઉપપ્રમુખોની ચૂંટણીઓ પણ જાહેર કરવામાં આવી છે.

તમામ તાલુકા પંચાયતોમાં એક સાથે સવારે ૧૧ વાગે ચૂંટણી યોજાનાર છે અને ચૂંટણી અધિકારી તરીકે તાલુકા વિકાસ અધિકારી તેમજ પ્રાંત અધિકારીઓને નિમવામાં આવ્યા છે.આજ રીતે પાદરા,ડભોઈ અને સાવલી નગર પાલિકાઓના પ્રમુખ-ઉપપ્રમુખોની ચૂંટણી પણ તા.૧૬મીએ જાહેર કરવામાં આવી છે.જેની અધ્યક્ષતા ડેપ્યુટી કલેક્ટરો રહેશે.પ્રમુખ- ઉપપ્રમુખોની ચૂંટણી થયા બાદ તેઓ પક્ષના મોવડીઓ સાથે સંકલન કરી સમિતિઓની રચના કરશે.

વડોદરા : બુલેટ ટ્રેનની કામગીરીમાં પ્રિયલક્ષ્મી મીલ ગરનાળુ બંધ કરાતા સ્થાનિકો દ્વારા વિરોધ

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૧૦

વડોદરા શહેરના રેલ્વે સ્ટેશન ના પ્લેટફોર્મ નંબર સાત પાસેથી બુલેટ ટ્રેન પસાર કરવાની હોવાથી આજે પ્રિયા લક્ષ્મી મિલ રેલવે ગરનાળુ એક વર્ષ માટે બંધ રાખવાનો નિર્ણય કરતા અને તેનો અમલ થતાં સ્થાનિક રહીશોએ વિરોધ કરી સૂત્રોચ્ચાર કર્યા હતા.

અમદાવાદથી મુંબઈ વચ્ચે દેશની પ્રથમ બુલેટ ટ્રેન શરૂ થવાની છે તેના પ્રોજેક્ટ અને ધ્યાનમાં રાખી ની કામગીરી ને લઈ ને ગરનાળુ અંદાજીત ૧ વર્ષ સુધી બંધ રહેશે. ગરનાળુ બંધ કરતા પહેલા સ્થાનિકો માટે માર્ગ ની વ્યવસ્થા કરવાની માંગ કરી છે.

બુલેટ ટ્રેન નંપ્રોજેક્ટ અંતર્ગત રેલવે વિભાગ દ્વારા રેલવે ગરનાળુ બંધ કરવામાં આવતા થયો હતો. રેલવે ગરનાળુ બંધ રહેશે તો લોકો ને મુશ્કેલી ભોગવી પડશે તો બીજી બાજુ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન દ્વારા બુલેટ ટ્રેન ની કામગીરી નો પુરજોશમાં ચાલી રહી છે.

અમરેલીમાં માર્ગ અકસ્માતના બે બનાવમાં બે જણાનાં મોત

અમરેલી, તા.૧૦

અમરેલી જિલ્લામાં જુદા જુદા માર્ગ અક્સમાતમાં એક યુવાન અને એક કિશોર સહિત બેનાં મોત નિપજ્યા હતા. લાઠીનો યુવાન બેક્ના કામે અમરેલી બાઈક ઉપર આવતા રસ્તામાં અજાણ્યા વાહને અડફેટે લઈ મોત નિપજાવ્યું હતું જયારે અમરેલીમાં સાવરકુંડલા રોડ ઉપર રહેતા એક કિશોરને ટ્રકે કચડી નાખતા મોત થયું હતું. લાઠીના કેરીયા ગામે રહેતો હેપિન સુનિલભાઈ રાસડીયા (ઉ.વ.-૨૧)નો તેમજ તેનો કુટુંબિક ભાઈ દર્શન ભુપેન્દ્રભાઈ બંને બાઈક લઈ અમરેલી બેક્ના કામ અર્થે નીકળેલ હતા. માલવિયા પીપરીયા પાસે પહોંચતા કોઈ અજાણ્યા વાહન ચાલકે બાઈકને અડફેટે લઈ લેતા હેપિન અને દર્શન બંને ગંભીર રીતે ઘવાયેલ હતા જેમાં હેપિનનું મોત નીપજ્યું હતું જયારે દર્શન બેભાન હાલતમાં સારવારમાં છે.

જયારે બીજા બનાવમાં અમરેલીના ફતેપુર રોડ ઉપર સાવરકુંડલા રોડ ઉપર સરકારી આવાસમાં રહેતો અતુલ રમેશભાઈ બાબુભાઈ દેવીપૂજક ઉવ-૧૦ને સાવરકુંડલા ચોકડી મંદિર પાસે ટ્રક નંબર ટીએન-૫૨સી ૮૫૨૭ના ચાલકે અતુલને અડફેટે લઈ લેતા તેનું ઘટના સ્થળે મોત થયાનું તાલુકા પોલીસમાં જાહેર થયું હતું.

સુરતની સિવિલ હોસ્પિટલમાં વર્ગ ૩ અને ૪ના કર્મચારીઓ પગારને લઈ હડતાળ પર ઉતર્યા

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૦

છેલ્લા બે મહિનાથી પગારથી વંચિત રહેલા સુરત નવી સિવિલ હોસ્પિટલના ચોથા વર્ગના કર્મચારીઓ દ્વારા ફરી એકવાર હડતાળનું શસ્ત્ર ઉગામ્યું છે. આજે સવારે ૪૦૦થી વધુ કર્મચારીઓ હડતાળ ઉપર ઉતરી સુ-પ્રિન્ટેન્ડેન્ટની ઓફિસની બહાર ભેગા થઈ વિરોધ પ્રદર્શન કર્યું હતું અને સમયસર પગાર કરવાની માગણી કરી હતી.

મળતી માહિતી મુજબ આજે સવારે નવી સિવિલ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટની ઓફિસ બહાર ચોથા વર્ગ તેમજ ક્લેરિકલ વિભાગ અને ટેકનિશિયન સહિત મોટી સંખ્યામાં કર્મચારીઓ ભેગા થઈ હડતાળ પર ઉતરી ગયા હતા. કર્મચારીઓનું કહેવું હતું કે, તેમને ગત જાન્યુઆરી અને ફેબ્રુઆરી મહિનાથી અત્યાર સુધી પગાર આપવામાં નથી આવ્યો છે. બે મહિનાથી પગાર નહીં મળતા તેમને પરિવારનું ગુજરાન ચલાવવું મુશ્કેલ થઈ રહ્યું છે ઘણા એવા કર્મચારીઓ છે જેઓ ભાડાના મકાનમાં રહે છે, એટલે બે મહિનાથી પગાર નહીં મળતા ઘરનું ભાડું ભરવું મુશ્કેલ થઈ રહ્યું છે. આવા સંજોગોમાં તેમને લોકો પાસેથી ઉધાર પૈસા લઈને મકાનનું ભાડું ભરવું પડી રહ્યું છે. આવી પરિસ્થિતિ વચ્ચે મજબૂરીમાં તેમને બે મહિનાથી પગાર વગર કામ કરવા પડી રહ્યા છે. પગાર માટે કોન્ટ્રાક્ટર પાસે જઈએ ત્યારે તેઓ અમારા હાથમાં કંઈ નથી તેવું કહી હાથ ઊંચા કરી દેતા હોય છે. આવી પરિસ્થિતિમાં હડતાળ સિવાય કોઈ વિકલ્પ નહીં રહેતા આ રસ્તો આપવાના પડ્યું છે. બીજી હડતાળને પગલે ઓપીડી, વોર્ડ, ઓપરેશન થિયેટર સહિતના વિભાગોમાં વ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી તેમજ દર્દીઓને પણ હાલાકીનો સામનો કરવો પડ્યું હતું.

શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના માતાનું ૯૪ વર્ષની જૈફ વયે નિધન

ધોળકા, તા.૧૦

ગુજરાત સરકારનાં સૌથી સિનિયર કેબિનેટ પ્રધાન, રાજ્યના શિક્ષણ અને કાયદા મંત્રી તથા ધોળકાના ધારાસભ્ય ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના માતાશ્રી કમળાબાનું આજે ૯૪ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે. કમળાબાનાં નિધનનાં સમાચાર સાંભળતાની સાથે જ મોટી સંખ્યામાં લોકો ગાંધીનગર સ્થિત ભુપેન્દ્રસિંહ ચુડાસમાના નિવાસસ્થાને ઉમટી પડ્યા હતા અને કમળાબાનાં અંતિમ દર્શન કરી શ્રદ્ધા સુમન અર્પિત કર્યા હતા. કમળાબાની અંતિમયાત્રા ગાંધીનગર બંગલા ખાતેથી નીકળી હતી. જેમાં અનેક રાજકીય મહાનુભાવો અને ભાજપના કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા. ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની જન્મભૂમિ ધોલેરા તથા કર્મભૂમિ ધોળકાનાં અનેક લોકો પણ કમળાબાની અંતિમયાત્રામાં સામેલ થયા હતા અને ભુપેન્દ્રસિંહ ચુડાસમાને સાંત્વના પાઠવી હતી. ભારે હૈયે ગાંધીનગરમાં કમળાબાની અંતિમવિધિ કરવામાં આવી હતી ત્યારે વાતાવરણ ગમગીન થઈ ગયું હતું.

નડિયાદમાં કોંગ્રેસની કારોબારીની બેઠક મળી

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ તરફથી આગામી તા.૧૨ શુક્રવારથી તા.૧૬ મંગળવાર દરમ્યાન દાંડી યાત્રાનું આયોજન કરવામાં આવેલ છે. આ યાત્રા ૧૩ તારીખ શનિવારના રોજ ખેડા જિલ્લામાં આગમન કરવાની હોય તેના આયોજનના ભાગરૂપે ખાસ ખેડા જિલ્લા કોંગ્રેસની કારોબારીની બેઠક મળી હતી.

ગોધરા અને શહેરા પાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી તા.૧૭મી માર્ચે યોજાશે

ગોધરા, તા.૧૦

જિલ્લા કલેક્ટર અમિત અરોરા દ્વારા ગોધરા અને શહેરા નગરપાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણીઓ કરાવવા માટે સામાન્ય સભાની બેઠક બોલાવવા ગોધરા નગરપાલિકા માટે નાયબ કલેક્ટર, ગોધરા પ્રાંત તેમજ શહેરા નગરપાલિકા માટે નાયબ કલેક્ટર, શહેરા પ્રાંતને અધ્યાસી અધિકારી તરીકે નિમણૂંક કરતો હુકમ કરવામાં આવ્યો છે. તા.૧૭ માર્ચ, ૨૦૨૧ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે શહેરા નગરપાલિકાની સામાન્ય સભા શહેરા નગરપાલિકાના સભાખંડમાં તેમજ ગોધરા નગરપાલિકાની સામાન્ય સભા ૧૭ માર્ચેસવારે ૧૧:૦૦ કલાકે સરદાર નગરખંડ, ગોધરા ખાતે યોજાશે. ગોધરા નગરપાલિકાના પ્રમુખની જગ્યા માટે પ્રમુખ તરીકે સામાન્ય (જનરલ) ઉમેદવાર અને શહેરા નગરપાલિકાના પ્રમુખની જગ્યા માટે અનુસૂચિત આદિ જાતિ (એસ.ટી.)નો રોસ્ટર લાગુ પાડવાનો થાય છે. આ હોદ્દાની મુદત અઢી વર્ષની ટર્મ માટે રહેશે.

વિરપુર હાંડિયા રોડ પર બે બાઈક સામસામે અથડાતાં ચારને ઈજા

વિરપુર, તા.૧૦

વિરપુર હાંડીયા રોડ પરના નાથુસિંહના મુવાડા પાસે બે બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં ચાર વ્યક્તિઓને સારવાર માટે નજીકની સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જેમાં તબીબો દ્વારા બે યુવાનને ગંભીર ઈજાઓ થતાં વધુ સારવાર માટે મોડાસા અને બાયડ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા ચારેય યુવાન તાલુકાના નાથુસિંહના મુવાડા અને મોડલીયા ગામના હોવાનું જાણવા મળ્યું હતું.

મહેમદાવાદ : મહિલા પાસે ખંડણી માંગનાર ૭ જણાને બે દિ'ના રિમાન્ડ

નડિયાદ, તા.૧૦

મહેમદાવાદ પોલીસે ગઈકાલે એક મહિલા કોન્સ્ટેબલ સહિત કહેવાતા છ પત્રકારોને રૂપિયા ૧૫ હજારની ખંડણી પ્રકરણમાં પકડી પાડી આજે મહેમદાવાદ કોર્ટમાં રજૂ કરતા કોર્ટે બે દિવસના રિમાન્ડ આપ્યા છે. મળતી માહિતી મુજબ મહેમદાવાદ નજીક ખાત્રજ ચોકડી પાસે રહેતા ટીનાબેન ઠાકોર પાસે ગઈકાલે બે મહિલા સહિત સાત વ્યક્તિઓએ તમે દેશી દારૂનો વ્યવસાય કરો છો જેલમાં ના જવું હોય તો રૂપિયા ૧૫૦૦૦ આપો કહી ખંડણી માંગી હતી આની જાણ મહેમદાવાદ પોલીસને ટીનાબેનએ કરતાં પોલીસે આવી આ સાત લોકોને પકડી પાડ્યા હતા જેમાં સુમનબેન હિતેશ જોશી જેઓ અમદાવાદ પોલીસ સ્ટેશનમાં પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવે છે કહેવાતા પત્રકારો માં હિતેશ શાસ્ત્રી જયેશ જાદવ સાહિલ સોની સુલેમાન વાણીયા સૂર્યબેન દેસાઈનો સમાવેશ થાય છે મહેમદાવાદ પોલીસે આ સાતને આજે કોર્ટમાં રજૂ કરી રિમાન્ડની માંગણી કરતા આ તમામ બે દિવસના પોલીસ રિમાન્ડ મળ્યા છે. પોલીસે રિમાન્ડ દરમિયાન આ ટોળકીએ અન્ય કયા કયા સ્થળે આ પ્રકારની ખંડણી માંગી છે તેની તપાસ આદરી છે.

ભાવનગરમાં આજે વિશ્વ કિડની દિવસની ઉજવણી કરવામાં આવશે

ભાવનગર, તા.૧૦

સમગ્ર વિશ્વમાં માર્ચ મહિનાના બીજા ગુરૂવાર ૧૧ માર્ચના દિવસે ''વિશ્વ કિડની દિવસની'' ઉજવણી કરવામાં આવે છે. આ વખતની થીમ "કિડની રોગ સાથે સુંદરજીવન જીવીએ"ની થીમ સાથે ઉજવણી કરવામાં આવશે. જેના ભાગરૂપે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન તથા લાઈન્સ ચેરિટેબલ ટ્રસ્ટના સહયોગથી તા.૧૧ માર્ચ ૨૦૨૧ના રોજ લાઈન્સ ડાયાલીસીસ સેન્ટર, શિખર કોમ્પ્લેક્ષ, પહેલે માળે, બેન્ક ઓફ બરોડાની ઉપર ડોન ચોક, ભાવનગર. સવારે ૧૧:૩૦થી ૧૨:૩૦ દરમિયાન કરવામાં આવશે. આ કાર્યક્રમમાં ડો.અમિત રાઠોડ દ્વારા કિડની વિશે માર્ગદર્શન આપવામાં આવશે.

જહાંગીરપુરામાં નોકરીની લાલચ આપી વેપારીએ પરિણીતા પર દુષ્કર્મ આચર્યું

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૦

જહાંગીરપુરા વિસ્તારમાં રહેતી પરિણીતા બેંકમાં ફરજ બજાવતી હતી ત્યારે એક ડાયમંડ કંપનીના માલિકના સંપર્કમાં આવ્યા હતા. જ્યાં પરિણીતાને હર્ષદ તેજાણી પરિણીતાના સંપર્કમાં આવી હતી. ડાયમંડ કંપનીના માલિકે તેણીને સારી નોકરી અપાવવાની લાલચ આપી તેમનો નંબર મેળવી લીધો હતો અને તેને ડરાવી ધમકાવી તેના ઘરનું સરનામું મેળવી પતિને જાનથી મારી નાખવાની ધમકી આપી તેના પર બળાત્કાર ગુજાર્યો હતો. જેથી આખરે ભોગ બનનાર પરિણીતાએ પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

બનાવની વિગત એવી છે કે, જહાંગીરપુરા વિસ્તારમાં રહેતી પરિણીતા કતારગામ વિસ્તારમાં આવેલ એસબીઆઈ બેંકમાં ફરજ બજાવતી હતી. આ દરમિયાન કતારગામ વિસ્તારમાં રહેતા અને કતારગામમાં જ કુમાર જવેલર્સ નામથી ડાયમંડની ફેક્ટરી ધરાવતા હર્ષદ તેજાણી પરિણીતાના સંપર્કમાં આવ્યા હતા. જ્યાં પરિણીતાને હર્ષદે સારી નોકરી અપાવવાની લાલચ આપી તેમનો નંબર મેળવી લીધો હતો અને તેને ડરાવી ધમકાવી તેના ઘરનું સરનામું મેળવી પતિને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી તેણીની સાથે જબરજસ્તી શરીર સબંધ બાંધી બળાત્કાર ગુજાર્યો હતો. જેથી આખરે બાદમાં પરિણીતાએ સઘળી હકીકત પતિને કરી હતી અને પરિણીતાએ આ મામલે જહાંગીરપુરા પોલીસ મથકમાં પોલીસ ફરિયાદ નોંધાવી હતી. જેથી પોલીસે આરોપી હર્ષદ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બદ્રના ઐતિહાસિક દરવાજાનું રિનોવેશન હાથ ધરાયું

વર્લ્ડ હેરિટેજ સિટી અહમદઆબાદના સ્થાપક એવા અહમદશાહ બાદશાહે સૌ પ્રથમ બદ્રનો કિલ્લો બનાવડાવ્યો, જે શહેરના શિલ્પ-સ્થાપત્યોમાં આગવું સ્થાન ધરાવે છે. આ કિલ્લામાં તેનો મુખ્ય દરવાજો પણ આકર્ષણનું કેન્દ્ર છે. છસ્સો વર્ષ સુધી કાળની થપાટો ખાધા બાદ અને ભૂકંપ, વરસાદ, પૂર જેવી કુદરતી આપત્તિઓનો સામનો કર્યા બાદ અમદાવાદ શહેરનો ઐતિહાસિક કિલ્લો, દરવાજાઓ જર્જરિત થઈ રહ્યા છે. અમુક દરવાજાઓનું સમારકામ પણ કરાયું છે. હવે બદ્રના કિલ્લાના દરવાજાનું રિનોવેશન કરવા પુરાતત્વ વિભાગે કમર કસી છે. આ દરવાજાને વિશાળ પ્લાસ્ટિક વડે ઢાંકી તેના સમારકામની કામગીરી હાથ ધરાઈ છે, પણ શહેરના જે તે સમયના શાસકોએ બનાવેલા હજી એવા ઐતિહાસિક સ્થાપત્યો છે જે ભાજપ સરકારના વર્લ્ડ હેરિટેજ સિટીમાં વિકાસ ઝંખી રહ્યા છે.

દાંડીમાર્ચ પદયાત્રાના માર્ગ પરના દબાણો દૂર કરાયા લારી-ગલ્લા-દબાણો તો ઠીક ઓટોરિક્ષા પણ ઊઠાવાઈ

આગામી ૧૨ માર્ચના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમદાવાદના ગાંધી આશ્રમની મુલાકાતે આવી રહ્યા છે. તેઓ દાંડીમાર્ચ પદયાત્રાનું પ્રસ્થાન પણ કરાવવાના છે. આ પદયાત્રા જે-જે રૂટ પરથી પસાર થવાની છે તે રૂટ પરના દબાણો હટાવવાની કામગીરી મ્યુનિસિપલ તંત્ર દ્વારા પોલીસના સહકારથી હાથ ધરવામાં આવી હતી. દાણીલીમડા ચાર રસ્તા ખાતેથી પણ પદયાત્રા પસાર થવાની હોવાથી બુધવારે આ રસ્તા પરથી લારી-ગલ્લા-દુકાનોના નડતરરૂપ સાઈન બોર્ડ ઉપરાંત રિક્ષાને પણ ગાડીમાં ભરી લઈ જવામાં આવી હતી.

મુસ્લિમ સમાજના યુવાઓ સ્કીલથી ભરપૂર પરંતુ યોગ્ય માર્ગદર્શનના અભાવે મેઈન સ્ટ્રીમમાં ભાગ લઈ શકતા નથી : સોહૈલ સવાની

સરકારી યોજનાઓનો લાભ લેવામાં મુસ્લિમ સમાજ ખૂબ પાછળ : જયકાંતસિંઘ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૦

સરકારી યોજનાઓનો લાભ ઊઠાવવામાં સૌથી પાછળ રહેલા મુસ્લિમ સમાજના યુવાનો આગળ વધી શકે તે ઉદ્દેશ્યથી સવાની ઈન્સ્ટિટ્યૂટ દ્વારા વિશિષ્ટ પ્રકારના સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં એનએસડીસીના સિનિયર હેડ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

સવાની ઈન્સ્ટિટ્યૂટના સોહૈલ સવાનીએ કાર્યક્રમની રૂપરેખા આપતા જણાવ્યું હતું કે, મુસ્લિમ સમાજના યુવાઓ સ્કીલથી ભરપૂર છે પરંતુ તેઓ મેઈન સ્ટ્રીમમાં યોગ્ય ભાગ લઈ શકતા નથી જેનું મુખ્ય કારણ છે કે, તેમને આ બધી બાબતોથી અવગત કરાવવામાં આવતા નથી. આ માટે છાશવારે વર્કશોપ અને સેમિનાર યોજાવા જોઈએ જેથી સમાજના યુવાઓ આગળ વધી શકે અને અન્ય માટે પ્રેરણાસ્ત્રોત બની શકે. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે દિલ્હીથી ખાસ પધારેલા જયકાંતસિંઘ (સિનિયર હેડ, વર્લ્ડ સ્કીલ ઈન્ડિયા) તેમજ ગુજરાતના રાકેશકુમારે જણાવ્યું હતું કે, ભારત રાષ્ટ્ર સૌથી યુવા રાષ્ટ્ર છે. અહીં યુવાઓની સંખ્યા ખૂબ મોટા પ્રમાણમાં છે એટલે જો એમનામાં સ્કીલ ડેવલપ થશે તો તેમનું ભવિષ્ય સિક્યોર કરી શકશે અને પરિવાર માટે મજબૂત આધાર બની શકશે. કોંગ્રેસની આગેવાની હેઠળની યુપીએ-૨ના સમયગાળામાં અસ્તિત્વમાં આવેલા નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ કોર્પોરેશનને ૧૨૦૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા હતા. યુવાઓને બિઝનેશ મહત્તમ ૬ ટકાના દરે લોન આપતી કોર્પોરેશનનું ભંડોળ વધીને ૨૭૦૦ કરોડ થઈ ચૂક્યું છે પરંતુ મુસ્લિમ સમાજ આ કોર્પોરેશનનો લાભ લેવામાં ઘણો પાછળ છે. જાપાન સરકાર સાથે ૫ હજાર સ્કીલ્ડ યુવાઓ પૂરા પાડવા અંગે સંધિ કરનાર કેન્દ્ર સરકારે જાપાનિઝ લેંગ્વેજ માટે કોઈ આયોજન કર્યું નથી જેને કારણે અત્યાર સુધી માત્ર ૨૫૦ જ યુવાઓ પૂરા પાડી શકાયા છે. ભારતમાં મોટેભાગે ફ્રેન્ચ લેંગ્વેજના અનેક ક્લાસીસ ઉપલબ્ધ છે. રાષ્ટ્રીય કૌશલ વિકાસ નિગમના નેજા હેઠળ ૬૫૦ એજન્સી સ્કીલ ડેવલપમેન્ટનું કામ કરે છે. આમાં તૈયાર થયેલા યુવાઓને સૌપ્રથમ સિટી સ્તરે, ત્યારબાદ સ્ટેટલેવલ અને તેમાંથી પાસ થનાર યુવાઓને નેશનલ લેવલ પર સ્પર્ધામાં ઉતારવામાં આવે છે. ત્યારબાદ ઈન્ટરનેશનલ લેવલે પણ મોકલવામાં આવે છે. ૨૦૦૯થી અત્યાર સુધી ભારતે માત્ર એકવાર જ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યું છે એટલે આ દિશામાં વધુ કામ કરવાની જરૂર છે, એમ જયકાંતસિંઘે ઉમેર્યું હતું.

ટોય ઈન્ડસ્ટ્રીઝ પર ફોકસ કરવાની જરૂર

નાના-નાના રમકડાં મોટું માર્કેટ કવર કરતું હોવાથી ટોય ઈન્ડસ્ટ્રીઝ પર ફોકસ કરવાની જરૂર પર ભાર મૂકતા મહાનુભવોએ ઉમેર્યું કે, સુરતમાં ડાયમંડ અને ટેક્સટાઈલ ક્ષેત્રે ખૂબ વિકાસ થયો છે. અહીંના ઉદ્યમીઓમાં આગળ વધવાનો જુસ્સો અને ઉત્સાહ છે એટલે સુરતના ઉદ્યોગપતિઓ ટોય ઈન્ડસ્ટ્રીઝની દિશામાં આગળ વધે તો રાષ્ટ્રના ગ્રોથ એન્જિનમાં મહત્ત્વપૂર્ણ ભાગ ભજવી શકે છે.

દુબઈમાં લેફ્ટહેન્ડ ડ્રાઈવિંગ માટે જવું હોય તો ભારતમાં ટ્રેનિંગ ઉપલબ્ધ

ભારતમાં રાઈટ હેન્ડ ડ્રાઈવ છે પરંતુ દુબઈ જઈને ડ્રાઈવિંગ કરવું હોય તો ભારતના ડ્રાઈવર અટવાઈ પડે છે. જો ડ્રાઈવિંગ માટે દુબઈ જવું હોય તો ભારતમાં લેફ્ટ હેન્ડ ડ્રાઈવિંગ માટે ટ્રેનિંગ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ માટે આરટીઓ અથવા તો એનએસડીસીની વેબસાઈટ પરથી વધુ માહિતી મળી જશે.

તક્ષશિલાના માધ્યમથી કોચ પદ મેળવી શકાય

એનએસડીસી અંતર્ગત યુવાઓને સ્કીલ શિખવવા માટે જો તમારે કોચ બનવું હોય તો તક્ષશિલા નામની વેબસાઈટ પર રજિસ્ટ્રેશન કરાવીને આગળની પ્રક્રિયા મુજબ કોચ સુધી પહોંચી શકો છો. આ માટે કોઈ ટ્રસ્ટ કે સોસાયટી રજિસ્ટર્ડ હોય તો તેને પ્રાથમિકતા આપવામાં આવે છે.

૨૦૦ કલાકના પ્રોગ્રામમાં રાત્રે પણ ટ્રેનિંગ આપી શકાશે

દિવસ દરમિયાન ટ્રેનિંગની સુવિધા ઉપલબ્ધ રહેતી હોવાથી કેટલાક ભિઝિ વર્કર્સ તાલીમ મેળવી શકતા નથી. પરંતુ એનએસડીસીએ ૨૪ કલાક ટ્રેનિંગ માટે વ્યવસ્થા ગોઠવી છે. જેટલી ઝડપથી તાલિમ અપાશે એટલી જ ઝડપથી તાલિમાર્થીને રોજગાર મળશે અને તેની બેરોજગારી દૂર થશે.

શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના માતાનું ૯૪ વર્ષની જૈફ વયે નિધન

અમદાવાદ, તા.૧૦

ગુજરાત સરકારનાં સૌથી સિનિયર કેબિનેટ પ્રધાન, રાજ્યના શિક્ષણ અને કાયદા મંત્રી તથા ધોળકાના ધારાસભ્ય ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના માતાશ્રી કમળાબાનું આજે ૯૪ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે. કમળાબાનાં નિધનનાં સમાચાર સાંભળતાની સાથે જ મોટી સંખ્યામાં લોકો ગાંધીનગર સ્થિત ભુપેન્દ્રસિંહ ચુડાસમાના નિવાસસ્થાને ઉમટી પડ્યા હતા અને કમળાબાનાં અંતિમ દર્શન કરી શ્રદ્ધા સુમન અર્પિત કર્યા હતા. કમળાબાની અંતિમયાત્રા ગાંધીનગર બંગલા ખાતેથી નીકળી હતી. જેમાં અનેક રાજકીય મહાનુભાવો અને ભાજપના કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા. ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની જન્મભૂમિ ધોલેરા તથા કર્મભૂમિ ધોળકાનાં અનેક લોકો પણ કમળાબાની અંતિમયાત્રામાં સામેલ થયા હતા અને ભુપેન્દ્રસિંહ ચુડાસમાને સાંત્વના પાઠવી હતી. ભારે હૈયે ગાંધીનગરમાં કમળાબાની અંતિમવિધિ કરવામાં આવી હતી ત્યારે વાતાવરણ ગમગીન થઈ ગયું હતું.

ગાંધીનગર RTO ખાતે વાહનના પસંદગીના નંબર માટે ઓનલાઈન પ્રક્રિયા ૧૫મી માર્ચથી શરૂ થશે

અમદાવાદ, તા.૧૦

ગાંધીનગર એઆરટીઓ કચેરી ખાતે વાહનોના પસંદગીના નંબરો મેળવવા ઓનલાઈન ઓક્શનની પ્રક્રિયા આગામી તા.૧૫ માર્ચ-૨૦૨૧થી શરૂ થશે. ગાંધીનગર એઆરટીઓ કચેરી દ્વારા એલએમવી કારની સિરીઝ GJ-18-BJ, GJ-18-BK, GJ-18-BL, GJ-18-BM, GJ-18-BN, GJ-18-BP માટે રી-ઓક્શન કરવામાં આવશે. ઈ-ઓક્શનની પ્રક્રિયામાં ઓનલાઈન અરજી તા.૧૫ માર્ચ-૨૦૨૧થી તા.૧૭ માર્ચ-૨૦૨૧થી સુધી કરી શકાશે. ઈ-ઓક્શનની પ્રક્રિયામાં તા.૧૮ માર્ચ-૨૦૨૧થી તા.૨૦ માર્ચ-૨૦૨૧ના રાત્રિના ૧૨:૦૦ કલાક સુધી બિડિંગ કરી શકાશે. આ ઈ-ઓક્શનનું પરિણામ તા.૨૧ માર્ચ-૨૦૨૧ના બપોરના ૩:૦૦ કલાક સુધીમાં જાહેર કરવામાં આવશે. આ ઈ-ઓક્શનમાં ભાગ લેવા ઈચ્છુક અરજદારો વધુ માહિતી વેબસાઈટ www.parivahan.gov.in પરથી મેળવી શકશે.

ઉત્કૃષ્ટ વીડિયોગ્રાફી પર્ફોમન્સ સાથે ઝડપી ટેકનોલોજીનો સમન્વય

અમદાવાદ, તા.૧૦

આજનો યુગ ટેકનોલોજીનો યુગ છે. ત્યારે 4G બાદ હવે મોબાઈલ ક્ષેત્રે 5Gનો જમાનો આવી રહ્યો છે ત્યારે આંતરરાષ્ટ્રીય સ્તરની સ્માર્ટ ડિવાઈઝ બ્રાન્ડ ઓપ્પોએ આજે ભારતમાં લેટેસ્ટ F19 પ્રો સીરિઝ સ્માર્ટફોન્સ F19 પ્રો+5G અને 5G પ્રોની જાહેરાત કરી હતી. ટ્રેન્ડ-સેટિંગ અતિ આકર્ષક, સ્લીક ડિવાઈઝ મોબાઈલમાં ઝડપી ટેકનોલોજીનો વિશિષ્ટ સમન્વય થયો છે. જે ઉત્કૃષ્ટ વીડિયોગ્રાફી પર્ફોમન્સ પણ ધરાવે છે, નએમ એક પત્રકાર પરિષદમાં જણાવાયું હતું.

રાહે-ખૈર ગર્લ્સ હાઈસ્કૂલ ખમાસા ખાતે સાયકલ વિતરણ કાર્યક્રમ યોજાયો

રાહે-ખૈર ગર્લ્સ હાઈસ્કૂલ ખમાસા ખાતે સરસ્વતી સાધના યોજના ૨૦૨૦-૨૧ અંતર્ગત સાયકલ વિતરણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો, જેમાં વિદ્યાર્થિનીઓને સાયકલ એનાયત કરવામાં આવી હતી. આ વેળા શાળાના આચાર્યા સહિત શાળા પરિવાર ઉપસ્થિત રહ્યો હતો.

રાજ્ય સરકારના મંત્રી પણ ટી-શર્ટ પહેરતા હોવાનો કોંગી સભ્યોનો ગણગણાટ !

વિધાનસભામાં ટી-શર્ટ પહેરીને આવવા બદલ કોંગી ધારાસભ્યને ઠપકો !

ટી-શર્ટ પહેરતા મંત્રીને ન ટોકવાના અધ્યક્ષના વર્તન અંગે ચર્ચા

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૦

વિધાનસભામાં આજે બેઠક દરમિયાન કોંગ્રેસના ધારાસભ્યની ટી-શર્ટનો મુદ્દો ચમક્યો હતો જેમાં અધ્યક્ષે ધારાસભ્યને ઠપકો આપી ટી-શર્ટ પહેરીને ન આવવા જણાવતા કેટલાક કોંગી સભ્યોએ ભાજપ સરકારના મંત્રી પણ ટી-શર્ટ પહેરીને આવે છે તેમને કેમ અટકાવ્યા નહીં તેવી કોમેન્ટ કરી હતી. વિધાનસભા ગૃહમાં આજે પ્રશ્નોત્તરી કાળ દરમિયાન કોંગ્રેસના સોમનાથના ધારાસભ્ય વિમલ ચુડાસમાએ ઉભા થઈ પ્રશ્ન પૂછ્યો હતો તે પ્રશ્નની ચર્ચા પૂર્ણ થતાં જ અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીએ વિમલ ચુડાસમાને ગૃહમાં આ રીતે ટી-શર્ટ પહેરીને આવવાની મનાઈ ફરમાવી હતી. તે સમયે કોંગ્રેસના અન્ય બે-ચાર ધારાસભ્યોએ બેઠા-બેઠા કોમેન્ટ કરી હતી કે રાજ્ય સરકારના મંત્રી જયેશ રાદડિયા પણ ટી-શર્ટ પહેરીને આવે છે તેમને અટકાવતા નથી ! આ અંગે અધ્યક્ષે કહ્યું કે, તેમને ધ્યાન પર આવતા મનાઈ ફરમાવી દીધી છે હવે તેમને જોઈને કોઈ સભ્ય તે પ્રમાણે કરવાનો પ્રયાસ ના કરો.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભાજપના મંત્રી રાદડિયા વિધાનસભાના સત્રમાં કેટલીયવાર ટી-શર્ટ પહેરીને આવેલ છે ત્યારે આજે કોંગી ધારાસભ્યને ટી-શર્ટ પહેરવા બદલ અધ્યક્ષે ઠપકો આપતાં કોંગી ધારાસભ્યો સહિતના વર્તુળોમાં આશ્ચર્ય સાથે અધ્યક્ષની કામગીરી મુદ્દે ચર્ચાઓ શરૂ થઈ જવા પામી હતી.

મ્યુનિ. કરદાતાઓ આનંદો : મિલકતવેરાની બાકી રકમ માટે ઈન્સેન્ટીવ રીબેટ યોજના

૧૫ માર્ચથી ૩૧ માર્ચ સુધી બાકી રકમ ભરનારને આ યોજનાનો લાભ અપાશે

અમદાવાદ, તા.૧૦

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરદાતાઓના મિલકત વેરાની દર વર્ષની જેમ બાકી ટેક્સની રકમની ઝડપી વસૂલાત થાય અને તેની સાથે-સાથે નાગરિકોને રાહત મળે તે આશયથી જૂની ફોર્મ્યુલા તથા નવી ફોર્મ્યુલા સહિતના ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ સિવાયની કુલ બાકી મિલકત વેરાની રકમ માટે ઈન્સેન્ટીવ સ્કીમ/રીબેટ યોજના તા.૧૫/૩/૨૦૨૧થી તા.૩૧/૩/૨૦૨૧ સુધી શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે.

૧. જે મુજબ કોઈપણ કરદાતા તા.૧૫/૩/૨૦૨૧થી તા.૩૧/૩/૨૦૨૧ સુધીમાં જે તારીખે નાણાં ભરવા આવે તે તારીખે વર્ષ ૨૦૧૯-૨૦ સુધીના જૂની ફોર્મ્યુલાનો મિલકતવેરો (સામાન્ય વેરો + વોટર કર/ચાર્જ + કોન્ઝરવન્સી કર/ચાર્જ) + એજ્યુકેશન સેસ + અન્ય રકમ સહિતની પૂરેપૂરી રકમ ભરી દે એટલે કે પોતાનો જૂની ફોર્મ્યુલા મુજબનો ટેક્સ શૂન્ય કરે તો નીચે મુજબનું ઈન્સેન્ટીવ રીબેટ આપવામાં આવશે.

૨.૧ ચાલી તથા ઝુંપડાવાળા રહેણાંકની મિલ્કતો માટે બાકી રહેતી વ્યાજની રકમમાં ૧૦૦% રકમ ઈન્સેન્ટીવ રીબેટ તરીકે આપવામાં આવશે.

૨.૨ ચાલી તથા ઝુંપડાવાળા રહેણાંકની મિલ્કતો સિવાયની તમામ રહેણાંકની મિલકતો માટે બાકી રહેતી વ્યાજની રકમમાં ૫૦% રકમ ઈન્સેન્ટીવ-રીબેટ તરીકે આપવામાં આવશે.

૩. સને ૨૦૨૦-૨૧ ના ચાલુ વર્ષના મિલકતવેરા માટે આ ઈન્સેન્ટીવ-રીબેટ યોજના લાગુ પડશે નહી.

જે કરદાતાઓ હજુ પોતાનો બાકી ટેક્સ સમયસર ભરતા નથી તેથી બાકી ટેક્ષ વસૂલાતની ઝુંબેશ અંતર્ગત સીલીંગની કાર્યવાહી ચાલુ કરવામાં આવી છે. આ ઝુંબેશ દરમ્યાન માર્ચ માસમાં તા. ૧૦/૩/૨૦૨૧ સુધી ૩૮૬૭ જેટલી મિલકતો સીલ મારવામાં આવેલ છે. જેના કારણે માર્ચ માસમાં અત્યાર સુધી રૂા. ૩૧ કરોડ જેટલી આવક થયેલ છે તેમજ ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન ટેક્ષની કુલ આવક ૯૯૬.૮૨ કરોડ થયેલ છે.

જો કે વર્ષ ૨૦૨૦-૨૧ના મિલકતવેરા માટે આ યોજના લાગુ પડશે નહીં

સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય સ્મારકના ટ્રસ્ટી તરીકે ડૉ. હિમાંશુ પટેલની નિમણૂંક

અમદાવાદ, તા.૧૦

અખંડ ભારતના ઘડવૈયા અને સમગ્ર વિશ્વમાં હિન્દુસ્તાનની આગવી ઓળખ ઊભી કરનાર સરદાર વલ્લભભાઈ પટેલના સમગ્ર દેશમાં આવેલા એકમાત્ર સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય સ્મારક, ગુજરાતમાં ટ્રસ્ટી તરીકે પાટીદાર યુવા એડવોકેટ ડૉ. હિમાંશુ પટેલની નિમણૂક કરવામાં આવી છે. સરદાર વલ્લભભાઈ પટેલ નેશનલ મેમોરિયલ ટ્રસ્ટ, ગુજરાતના ટ્રસ્ટી અને ભૂતપૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલના નિધનથી ખાલી પડેલી જગ્યાએ આ ટ્રસ્ટના ચેરમેન દિનશા પટેલ દ્વારા એડવોકેટ ડૉ. હિમાંશુ પટેલની ટ્રસ્ટી તરીકે નિમણૂક કરવામાં આવી છે. તેઓ ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવકતા પણ છે.

ડૉ. હિમાંશુ પટેલની ગુજરાત યુનિવર્સિટીમાં સેનેટ અને સિન્ડિકેટ સભ્યના માધ્યમથી શૈક્ષણિક પ્રવૃત્તિઓ તેમજ ગુજરાત રાજ્ય યુવાસંઘ અને રાજ્ય યુવક બોર્ડ દ્વારા યુવા પ્રવૃત્તિઓમાં સરદાર પટેલના પ્રેરણાસ્ત્રોત રહ્યા છે. નવા વિઝન સાથે નૈતિકતા અને પરિશ્રમને જ જીવનમંત્ર બનાવનાર ડૉ. હિમાંશુ પટેલે આ ટ્રસ્ટી માધ્યમથી સમગ્ર દેશમાં એકતા, અખંડિતતા અને ભાઈચારા માટે અડગ મનોબળ સાથે કાર્યરત રહી ગુજરાતનું ગૌરવ વધારાવાનો સંકલ્પ કર્યો છે.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે,.... જત ડીસ્ટ્રીક્ટ અમદાવાદના સીટી તાલુકાના મોજે ગામ દાણીલીમડાની સીમના ટી.પી.સ્કીમ નં. ૩૭ ના ફા. પ્લોટ નં. ૯૨/એસ૧ આશરે ૬૦૪૧ ચો.મી. જમીન ઉપર ધી સરગમ ઓનર્સ એસોસીએશન (રજીસ્ટર્ડ નં. જી/૨૦૫૬ થી તા. ૨૯-૧૦-૧૯૮૮) બનાવેલ એસોસીએશનને આલીશાન કોમ્પલેક્ષ એ નામથી ઓળખાતો કોમ્પલેક્ષ આવેલ છે તેમાં આવેલ ગ્રાઉન્ડ ફ્લોરમાં આવેલ દુકાન નં. ૩ આશરે ૧૯-૮૦ ચો.મી. ના ક્ષેત્રફળ સહિત મિલકત યાને દુકાનવાળી મિલકત ૧. કુચારા વસંતભાઈ માવજીભાઈ, રહેવાસી :- ૨૧, ગીરીરાજ ટેનામેન્ટ, ઓઢવ રોડ, અમદાવાદ, ૨. ઉસ્માનગની અબ્દુલરફીક મલ, રહેવાસી :- ૬૬૧૩, અબ્દુલવાહીદ શાહના રોઝામાં, મિરઝાપુર કોર્ટ સામે, મિરઝાપુર રોડ, અમદાવાદનાઓની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની આવેલી છે. સદર મિલકત તેઓએ એકશ્રી રસુલખાં નન્નેખાંન શેન પાસેથી કાયદેસરના જરૂરી તમામ લખાણો કરી વેચાણ રાખેલ હતી. તેવુ જણાવી તે મિલકત તેઓની સંપૂર્ણ સ્વતંત્ર, માલીકી અને કબજા ભોગવટાની બોજા રહીત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. તેથી અમારી પાસે સદરહુ મિલકત પરત્વેના ઉપરોકત મિલકતના માલીકે ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની માંગણી કરેલી છે તો સદરહુ મિલકત ઉપર જો અન્ય કોઈ શખ્સનો કે બેન્ક અથવા સંસ્થાનો કોઈપણ પ્રકારનો લખાણો, બાનાખત, દસ્તાવેજ, લાગભાગ, હક્ક, હીત, હીસ્સો, દાવો કે બોજો હોય તો તેઓએ આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત)માં અમોને તે બદલાના પુરાવા સહીત લેખિત જાણ નીચેના સરનામે કરવી. જો તેમ કરવામાં નહીં આવે તો સદરહુ મિલકત ઉપર અન્ય કોઈ કોઈપણ પ્રકારનો લાગભાગ, લખાણ કે બાનાખત, દસ્તાવેજ, હક્ક, હીત, હીસ્સો, દાવો કે બોજો નથી અને હોય તો તે જતો કરેલો છે. તેમ સમજી અમો ટાઈટલ્સ કલીયરન્સનું સર્ટીફિકેટ આપીશું. અને ત્યારબાદ કોઈની તકરાર ચાલશે નહીં તથા અમારા અસીલ દ્વારા સદરહુ જમીન ખરીદવાની કાર્યવાહી પૂરી કરવામાં આવશે.

સ્થળ :- અમદાવાદ.
તારીખ :- ૧૦-૦૩-૨૦૨૧

મહેબુબ સી. ઘોરી
(એડવોકેટ એન્ડ નોટરી)
ગુજરાત હાઈકોર્ટ
ઠે. "હસીન પાર્ક" મોમીનવાડ,ગાયકવાડ હવેલી પાસે, રાયખડ,અમદાવાદ-૩૮૦૦૦૧. મો.નં. ૯૮૭૯૭૭૧૫૭૨

ફેસબુકે ભારતમાં શાનદાર ફિચર લોન્ચ કર્યું, ઈન્સ્ટાગ્રામ યુઝર્સ આની રાહ જોતાં હતાં

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

હવે તમે ફેસબુક પર ટીકટોક જેવી ટૂંકા વીડિયોનો આનંદ માણી શકશો. વિશ્વની સૌથી મોટી સોશિયલ મીડિયા વેબસાઈટ ફેસબુકએ તેની ફેસબુક રીલ્સ સુવિધાને સત્તાવાર રીતે લોન્ચ કરી છે. નવું ફિચર ભારતમાંથી લોન્ચ કરવામાં આવ્યું છે. ગયા વર્ષથી આ સુવિધાનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. ફેસુબકે એમ પણ જણાવ્યું હતું કે કેટલાક ઈન્સ્ટાગ્રામ નિર્માતાઓને પણ સીધા ફેસબુક પર તેમની રીલ શેર કરવાની સુવિધા મળશે. હકીકતમાં, ફેસબુકએ ટીકટોકથી રીલ્સ જેવી ટૂંકી વીડિયોનું નામ બદલ્યું છે. ફેસબુક રીલ્સ પણ ઈન્સ્ટાગ્રામ રીલ્સની જેમ જ છે. આ સુવિધા દ્વારા, વપરાશકર્તાઓ થોડી સેકંડ માટે વીડિયો બનાવી અને શેર કરી શકશે. આ વીડિયો



ન્યૂઝ ફીડમાં દેખાશે. યૂઝર્સ ફેસબુકની મ્યુઝિક લાઈબ્રેરીમાંથી એક ગીત પસંદ કરી અને વીડિયો બનાવી શકશે, વિવિધ અસરો પસંદ કરશે અને ટાઈમર સેટ કરશે. તમે વીડિયોની ગતિ પણ વધારી અથવા ઘટાડી શકો છો. કંપની હાલમાં ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ રિલ્સને અલગ રાખી રહી છે. ફેસબુક રિલ્સને ફક્ત ફેસબુક ન્યૂઝ ફીડ પર શેર કરવાનો વિકલ્પ હશે. એ જ રીતે, ઈન્સ્ટાગ્રામ રીલ્સ પણ તે જ એપ્લિકેશન પર શેર કરી શકાય છે. ત્યાં ફક્ત પસંદગીના નિર્માતાઓ હશે, જેમને ફેસબુક પર ઈન્સ્ટાગ્રામ રીલ્સ શેર કરવાની મંજૂરી આપવામાં આવશે. જો કે, આ સુવિધા બધા વપરાશકર્તાઓ માટે ક્યારે ઉપલબ્ધ થશે તે વિશે કોઈ માહિતી નથી. આ નવા ફિચર દ્વારા ફેસબુક ભારતમાં ટૂંકા વીડિયોના ક્રેઝથી કમાવવાનો પ્રયાસ કરી રહ્યું છે, જેવી રીતે ટીકટોક શરૂ થયું હતું તેવી જ રીતે હવે અન્ય પ્લેટફોર્મ કમાવવાની દિશામાં આગળ વધી રહ્યા છે. ભારતમાં ટીકટોક પર પ્રતિબંધ મૂકતાંની સાથે જ કંપનીએ ઈન્સ્ટાગ્રામ રીલ્સ શરૂ કરી હતી. ભારતમાં યુઝર્સને રીલ્સ નામનું એક અલગ ટેબ મળે છે. તેની શરૂઆત ભારતમાં થઈ. તેવી જ રીતે, ઈન્સ્ટાગ્રામ લાઇટ એપ્લિકેશન પર, આ સુવિધા પ્રથમ વખત ભારતીય યુઝર્સને આપવામાં આવી છે.

ચીનના જનરલો ભારત સાથે અથડામણના સંકેત સમાન બજેટની માગણી કરી રહ્યા છે

પ્રેસિડેન્ટ શી જિનપિંગના નેતૃત્વમાં બે જનરલોએ બેઈજિંગમાં વાર્ષિક નેશનલ લેજિસ્લેટિવ સેશનમાં આ કોમેન્ટ કરી હતી

(એજન્સી) બેઈજિંગ,તા.૧૦

અમેરિકા સાથે સંભવિત ઘર્ષણના કેસમાં ચીને તેના આર્મી માટેનું બજેટ વધારવું જોઈએ, તેમ એક ટોચના જનરલે કહ્યું હતું. ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગના નેતૃત્વમાં સેન્ટ્રલ મિલિટરી કમિશનના આ બે જનરલોએ બેઈજિંગમાં વાર્ષિક નેશનલ લેજિસ્લેટિવ સેશન દરમિયાન આ કોમેન્ટ કરી હતી. સેન્ટ્રલ મિલિટરી કમિશનના ચેરમેન અને ચીનના ટોચના આર્મી ઓફિસર શુ કિલિયાંગે કહ્યું હતું કે, દેશે ઉભરતી સત્તાઓ સાથે ઘર્ષણમાં ઉતરવું પડે તેવી સ્થિતિ છે. થ્યુસીડાઈડ્સ ટ્રેપ અને સરહદ પરના તનાવો સંદર્ભે ચીનના આર્મીએ પોતાના પ્રયાસો અને કાર્યદક્ષતાને વધુ સુધારવા જોઈએ, તેમ શુએ કહ્યું હતું. તેમનો આ સંદર્ભ ભારત સાથે ગયા વર્ષે થયેલા ઘર્ષણ અંગેનો હતો. આ ઉપરાંત સાઉથ અને ઈસ્ટ ચાઈના સીમા પ્રાદેશિક સીમાને લઈને પણ ચીનને ઘર્ષણમાં ઉતરવું પડ્યું હતું. ચીનના સંરક્ષણ મંત્રી વી ફેંગે કે જે પોતે સીએમસીમાં છે, તેમણે અલગ રીતે કહ્યું હતું કે, અમેરિકા અને ચીન વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોમાં નિયંત્રણો અને પ્રતિ નિયંત્રણો મુખ્ય સાર રૂપે છે. અમેરિકા સાથે ચીનના ઘર્ષણ અંગે થયેલી આ જવલ્લે જ જોવા મળતી ટિપ્પણી છે. તાઈવાન સાથે અમેરિકાના



વેપાર સંબંધો દરમિયાન ડોનાલ્ડ ટ્રમ્પના શાસન વખતે ચીનના સંબંધો તંગ રહ્યા હતા. ચીનના નેતાઓએ થ્યુસીડાઈડ્સ ટ્રેપના જોખમને હંમેશા નગણ્ય માન્યા કર્યું છે. ૨૦૧૫માં જિનપિંગે અમેરિકાની મુલાકાત લીધી ત્યારે કહેલું કે, જ્યાં સુધી બંને દેશો તેમની વચ્ચેની વ્યૂહાત્મક ગણતરીમાં ભૂલ કરશે ત્યાં સુધી આ પ્રકારના ઘર્ષણ ટાળવા અઘરાં થઈ રહેશે. થ્યુસીડાઈડ્સ ટ્રેપ પૌરાણિક ગ્રીક ઈતિહાસકાર થ્યુસીડાઈડ્સે પેલોપોનેશિયન વોર વખતે આપેલો સંકેત દર્શાવે છે. સ્પાર્ટા અને એથેન્સ વચ્ચે ઘર્ષણ ટાળી ન શકાય તેવો હતો. આ શબ્દ હાર્વર્ડ યુનિવર્સિટીની કેનેડી સ્કૂલ ઓફ ગવર્મેન્ટના પ્રોફેસર ગ્રેહામ એલિસને કોઈન કર્યો હતો. તેમણે એવી દલીલ કરી હતી કે અમેરિકાના પ્રભાવને દૂર કરવા માટે ચીન એક ખતરો બનશે, સંભવિતપણે બંને દેશ વચ્ચે હથિયારો સાથેના ઘર્ષણ જેવી સ્થિતિ પણ ઉદ્ભવે. જિનપિંગે પણ ચીનને મહાન મિલિટરી પાવર બનાવવાની જાહેરાત કરી છે અને ૨૦૩૫ સુધીમાં દેશના સશસ્ત્ર દળોને એકદમ આધુનિક બનાવવા કહ્યું છે. ૨૦૫૦ સુધીમાં ચીનની મિલિટરીને તે દરેક યુદ્ધ જીતી શકે તે પ્રકારની બનાવવા માગે છે. ચીને સંરક્ષણ પાછળ આ વર્ષે કુલ બજેટના ૬.૮ ટકા વાપરવાનું પ્રોજેક્શન કર્યું છે. ગયા વર્ષે આ ફાળવણી ૬.૬ ટકા હતી.

ગોવાની હિજાબી કેક કલાકારને મળો

પાંચ વર્ષના ગાળામાં, નાદિયાએ આશરે ૨૦૦૦ કેક અને કપકેક સહિતના અન્ય બેકરી ઉત્પાદનો બનાવ્યા છે

(એજન્સી) તા.૧૦

એક યુવાન કેક આર્ટિસ્ટ, નાદિયા અસલમે થોડા જ વર્ષોમાં ગોવાના પાટનગર, પંજિમમાં પોતાનો વ્યવસાય શરૂ કરીને અને જાણીતી કેક આર્ટિસ્ટ બનીને ઉદ્યોગ સાહસિકતાનું પ્રેરણાદાયક ઉદાહરણ પૂરું પાડ્યું છે. નાદિયા ગૃહ વિજ્ઞાનમાં સ્નાતક છે. ત્રણ બાળકોની માતા હોવા છતાં, તેણી તેના શોખનું પાલન કરવાનું અને તેના નજીકના લોકોના ખાસ પ્રસંગો પર બેકરી સામગ્રી તૈયાર કરવાનું પસંદ કરતી હતી. તે પછી તેને સમજાયું કે તેની માતાના ટેકા સાથે તે તેના જુસ્સાને વ્યવસાયમાં ફેરવી શકે છે. તેણે લોકો પાસેથી કસ્ટમાઇઝ કરેલા ઓર્ડર સ્વીકારવાનું શરૂ કર્યું અને હવે તે શહેરના શ્રેષ્ઠ કેક કલાકારોમાંની એક છે.

નાદિયા "નાદિયાઝ સ્વીટથૂથ"ના બેનર હેઠળ નિયમિતપણે કેક બનાવવાની ક્લાસ ચલાવે છે. તેણે ડઝનેક છોકરીઓને "આત્મનિર્ભર" બનવા માટે તાલીમ આપી છે.

મુસ્લિમ મિરર સાથે વાત કરતા નાદિયાએ કહ્યું હતું કે, "હિજાબધારી મુસ્લિમ મહિલાઓ એક ઉદ્યોગ સાહસિક તરીકે ધંધો કરી શકે છે અને પરિવારને મદદ કરી શકે છે. મને સમજાયું કે વ્યવસાયમાં આપણા વિચારો અને સર્જનાત્મકતાનું પ્રદર્શન કરવા માટે આપણને માત્ર તકની અને પરિવાર તરફથી ટેકાની જરૂર છે." નાદિયાની માતા તેની સૌથી મોટી સમર્થક હોવાનું કારણ એ હતું કે તેની માતા પણ ખૂબ પહેલા બ્યુટિશિયન હતી અને એમ કહેવામાં આવે છે કે "એક કલાકાર જ કલાની વ્યાખ્યા સમજી શકે છે." ઘરના કામકાજના સમયને સાચવવું, ત્રણ બાળકોની સંભાળ રાખવી અને બેકિંગ કરવાથી ઘણી વખત તેની ઉંઘ ખરાબ થઈ જતી. તેની પાસે ભાગ્યે જ આરામ કરવાનો સમય રહેતો કેમ કે કેકને સંપૂર્ણ રીતે તૈયાર થવા માટે ૧૭ કલાકની તૈયારી લાગતી. ઉપરાંત, જ્યારે તેણીને કોર્પોરેટ સેક્ટર અને ગ્રાન્ડ પાર્ટીઓ તરફથી ઓર્ડર મળતા ત્યારે આ વધુ મુશ્કેલીભર્યું બની જતું. પાંચ વર્ષના ગાળામાં, નાદિયાએ આશરે ૨૦૦૦ કેક અને કપકેક સહિતના અન્ય બેકરી ઉત્પાદનો બનાવ્યાં

છે. તે કહે છે કે ગ્રાહકો કેકના શણગાર અને એકંદર પ્રસ્તુતિ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવા માટે આદેશ આપે છે, જેના માટે ઘણો સમય અને પ્રયત્નો જરૂરી છે. નાદિયાએ એચિવર્સ એવોર્ડ ૨૦૧૮, પ્રાઉડ એવોર્ડ ૨૦૧૯ મેળવ્યો છે. ગોવુમનીયા ગોવાએ પણ તેને સતત "સ્ટાર ઓફ ધ મન્થ ૨૦૧૭" અને ૨૦૧૮થી સન્માનિત કર્યા છે. મુસ્લિમ મિરર સાથે વાત કરતાં, નાદિયાના પતિ રેહાન શેખે તેની સફળતા પર ખુશી વ્યક્ત કરી. તેમણે વધુમાં કહ્યું કે, ઈસ્લામિક માર્ગદર્શિકાનું પાલન કરતાં જો કોઈ મહિલા તેની કારકિર્દી બનાવે તેમાં કંઈ ખોટું નથી. પુરુષોએ તેમની પત્નીઓને તેમની ક્ષમતાઓ સાબિત કરવા ટેકો આપવો જોઈએ. ડો.આફરીન કેરોલ, જે નાદિયાના "સંતુષ્ટ" ગ્રાહકોમાંની એક છે, તેમણે કહ્યું, "એ નાદિયા જ છે જે મારા સ્વપ્નના કેકને વાસ્તવિક બનાવે છે, ગમે તે પ્રસંગ હોય, કેક માટેની મારી વિનંતી ભલે વિચિત્ર હોય, પણ તે દર વખતે માંગ પૂરી કરે છે અને તેનો સ્વાદ સ્વર્ગીય છે, સારા દેખાતા કેક પણ સ્વાદિષ્ટ હોઈ શકે છે, જો નાદિયા તેને બનાવે તો."

- ઇમરાન ઇનામદાર અને સોબિયા ઇનામદાર

(સૌ. : મુસ્લિમ મિરર)

માસ મોબિલાઈઝેશનમાં મહિલાઓની શક્તિને ખેડૂતોનો વિરોધ ફરી એકવાર બહાર લાવી રહ્યો છે

બ્રિટિશ સંસ્થાનવાદ સામેની સ્વતંત્રતાની ચળવળ બાદ ભારતના ઇતિહાસમાં આવી કોઈ હિલચાલ જોવા મળી નહોતી જેમાં મહિલાઓની ભાગીદારીની આવી માત્રા જોવા મળી હતી

(એજન્સી) તા.૧૦

૮મી માર્ચે આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી કરવા કિસાન મોરચાના નેતૃત્વ દ્વારા લેવાયેલા નિર્ણય ભારે મહત્વનો છે અને તેનું સ્વાગત કરવું જોઈએ. દિલ્હીમાં વિરોધ સ્થળોએ ઉજવણી થવાની છે અને ખેડૂત નેતૃત્વએ ૮મી માર્ચે અથવા તે પહેલાં દિલ્હીની આજુબાજુના રાજ્યોની મહિલા ખેડૂતો (અને અન્ય મહિલાઓ) દ્વારા મોટા પાયે આ અપીલ કરી છે. આનો અર્થ એ હોઈ શકે છે કે આ વર્ષે દિલ્હીની સરહદે મહિલાઓનો મેળાવડો એ આંતરરાષ્ટ્રીય મહિલા દિન પર વિશ્વમાં ક્યાંય પણ થયેલા મેળાવડામાં સૌથી મોટો છે.

મહિલાઓમાં આવા મેળાવડામાં વૈશ્વિક રુચિને કારણે તેમજ જાતિ સમાનતાના સમર્થક પ્રગતિશીલ વ્યક્તિઓ અને સંગઠનોમાં તે દિવસે આ કાર્યક્રમ સમગ્ર વિશ્વમાંથી નજીકથી જોવામાં આવશે. કિસાન સંગઠનો દ્વારા આયોજિત ઉજવણીઓનું બંધારણ પણ વિશેષ પ્રશંસાને પાત્ર છે. વિવિધ વિરોધ સ્થળોએ સ્ટેજનું સંચાલન મહિલાઓ દ્વારા કરવામાં આવશે અને તે દિવસે વક્તાઓ પણ મુખ્યત્વે મહિલા જ હશે.

ઉજવણીનો વિચાર અને તેની ઘોષણાની રીત બંને સૂચવે છે કે કિસાન મોરચાના નેતૃત્વએ આ મહત્વપૂર્ણ સંઘર્ષમાં મહિલાઓએ જે યોગદાન આપ્યું છે તે સ્વીકારવાની જરૂરિયાતને અનુભૂતિ થઈ છે. બ્રિટીશ સંસ્થાનવાદી શાસનમાંથી સ્વતંત્રતાની ચળવળ સહિત ભારતના ઇતિહાસમાં આવી કોઈ હિલચાલ થઈ નહોતી જેમાં મહિલા શક્તિની આટલી માત્રા જોવા મળી હતી.

આ ચળવળમાં મહિલાઓની અત્યંત દશ્યમાન ભાગીદારીએ પણ વિશ્વની અગ્રણી મહિલા કાર્યકરોનું ધ્યાન આકર્ષિત કર્યું છે, જેમ કે પોપ ગાયિકા રિહાન્ના, પર્યાવરણીય કાર્યકર ગ્રેટા થનબર્ગ, કાનૂની કાર્યકર મીના હેરિસ (યુએસ વાઈસ પ્રેસિડેન્ટ કમલા હેરિસની ભત્રીજી), હોલીવૂડની ફિલ્મ અભિનેત્રી સુસાન સારાન્ડન, યુએન માનવાધિકાર વડા મિશેલ બેટલેટ અને યુકે ગ્રીન પાર્ટીના સંસદના સભ્ય કેરોલિન લુકાસ. ભાજપ સરકાર દ્વારા લવાયેલા ત્રણ ખેડૂત કાયદાઓ વિરુદ્ધ ખેડૂતોના વિરોધ પ્રદર્શનને તેઓએ વિસ્તૃત સમર્થન આપ્યું છે.

આ ચળવળમાં મહિલાઓની ભાગીદારીનું પાસું જેણે રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે વિશેષ ધ્યાન આકર્ષિત કર્યું છે તે એ છે કે ભાગ લેતી મહિલાઓ ખાસ કરીને મહિલાઓને બદલે સમગ્ર સમાજની ચિંતાના મુદ્દાઓમાં ભાગ લઈ રહી છે.

આ સંદર્ભમાં જ ભારતમાં બે મહિલા કાર્યકરો-નોદીપ કૌર અને દિશા રવિનું યોગદાન વિશેષ મહત્વ વધારે છે. નોદીપ કૌર સારી સ્થિતિની માંગ માટે પુરુષ અને સ્ત્રીના ઔદ્યોગિક કાર્યકરોનું આયોજન કરી રહી છે અને આ સંગઠનમાં નેતૃત્વની ભૂમિકા તેણે સંભાળી છે. તેમણે ખેડૂતો અને કામદારોના સંઘર્ષો વચ્ચે એક સમાનતા હોવાનું અને ખેડૂત આંદોલનને સમર્થન આપવા માટે હજારો ઔદ્યોગિક કામદારો પુરુષો અને મહિલાઓની રેલીનું નેતૃત્વ કરવા માટે ઉચ્ચ સ્તરે રાજકીય ચેતના દર્શાવી છે.

હરિયાણા અને કેન્દ્રની ભાજપ સરકારો આ ઘટનાક્રમથી ડરી ગઈ હતી. ભારતીય કામદારો અને ખેડૂતોનું આ જોડાણ ભાજપ માટે આનાથી મોટો પડકાર અને કોઈ જોખમ હોઈ શકે નહીં. આ ડરથી જ સરકારે નોદીપ કૌરની ધરપકડ કરી હતી. મીના હેરિસના કૌર વિશેના નિવેદને આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સમર્થનને વધુ મજબૂત કર્યું હતું અને સરકારે તેને સરખામણીએ ઝડપથી મુક્ત કરવાની ફરજ પાડી હતી.

જો આપણે ભૂતકાળમાં અન્ય મહિલા કાર્યકરો (જેમ કે વકીલ સુધા ભારદ્વાજ) સાથેની ખૂબ જ કઠોર વર્તન સાથે આ કેસમાં સરકારની વર્તણૂકની તુલના કરીએ તો તે સ્પષ્ટ રીતે સ્પષ્ટ થઈ જાય છે કે ખેડૂતોના વિરોધ પાછળ જનઆંદોલન કરવાની શક્તિ છે જે સરકારના વલણમાં ફેરફાર કરાવી શકે છે.

રોઝા લક્ઝમબર્ગની યાદ

વૈશ્વિક પર્યાવરણીય ચળવળ પહેલાં, મહિલાઓએ યુદ્ધ વિરોધી ચળવળમાં મોટાભાગે ભાગ લીધો હતો. યુકેમાં, પરમાણુ શસ્ત્રો વિરુદ્ધના વિરોધની લગભગ આગેવાની મહિલાઓ દ્વારા કરવામાં આવતી હતી. શાંતિ અને પર્યાવરણીય ટકાઉપણું માટેની હિલચાલ મહિલાઓને અન્ય હિલચાલ કરતાં વધુ આકર્ષિત કરે છે તે સમજાવવા તે વધુ સંશોધન અને પ્રતિબિંબનો વિષય છે.

એક વ્યાપક સમજ એ છે કે સ્ત્રીઓ જન્મ આપે છે અને ખોરાક સાથે સંબંધિત ઘરકામની સંભાળ રાખે છે, તેથી તેઓ પ્રકૃતિ પ્રત્યે અને જીવનને સહાયક સેવાઓ પ્રત્યે વધુ સંવેદનશીલતા વિકસાવે છે.

આ વર્ષે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીનું વિશેષ મહત્વ હતું, જે ૨૦મી સદીની મહાન મહિલા ક્રાંતિકારી અને મહાન મહિલા અર્થશાસ્ત્રીમાંની એક રોઝા લક્ઝમબર્ગના જન્મની ૧૫૦મી વર્ષગાંઠને સાંકેતિક કરે છે. તેણીનો જન્મ ૫ માર્ચ, ૧૮૭૧ના રોજ પોલેન્ડમાં થયો હતો, પરંતુ તે સમયે વિશ્વની સૌથી મોટી માર્ક્સવાદી પાર્ટી, જર્મન સોશિયલ ડેમોક્રેટિક પાર્ટીના નેતા બન્યાં હતાં.

તેમનું પુસ્તક એક્યુમ્યુલેશન ઓફ કેપિટલ (૧૯૧૩) કાર્લ માર્ક્સના આર્થિક સિદ્ધાંતને સામ્રાજ્યવાદના સમયગાળા સુધી વિસ્તૃત કરે છે. તેમણે દલીલ કરી હતી કે મૂડી સંચય માટે તેની ચીજવસ્તુઓ માટે બજારોના સતત વિસ્તરણની જરૂર પડે છે. આવાં બજારોની શોધને પગલે દુનિયા પ્રથમ વિશ્વયુદ્ધ તરફ ધકેલાયું હતું.

રોઝાએ કાર્લ કૌત્સ્કી દ્વારા અગાઉ રચિત 'સમાજવાદ અથવા બાર્બેરિઝમ' સૂત્ર લોકપ્રિય બનાવ્યું હતું, જેનો અર્થ એ થયો કે જો સમાજવાદ મૂડીવાદને બદલવામાં નિષ્ફળ જશે તો તે વૈશ્વિક યુદ્ધ તરફ દોરી જશે અને સંસ્કૃતિને જોખમમાં મૂકશે. લેનિન અને ટ્રોટસ્કી સાથે તે ક્રાંતિકારીઓના જૂથ સાથે સંકળાયેલા હતાં જેમણે દલીલ કરી હતી કે યુદ્ધના સમયમાં, ક્રાંતિકારીઓએ દેશભક્તિનો ટેકો પૂરો કરવાને બદલે તેમના દેશની સરકારને ઉથલાવવાનો પ્રયાસ કરવો જોઈએ.

સમાજવાદી ઇતિહાસકાર અને પત્રકાર ફ્રાન્ઝ મહેરિંગે એકવાર રોઝાને "માર્ક્સ પછીનું શ્રેષ્ઠ મગજ" કહેલું. સૈદ્ધાંતિક અને રાજકીય મુદ્દાઓ પર તે લેનિન સાથે ટકરાઈ હતી, ખાસ કરીને બોલ્શેવિક સિદ્ધાંત અને પ્રથાના કેટલાક લોકશાહી વિરોધી પરિમાણો અંગે અને તેમ છતાં તેણીએ તેમને આદર આપ્યો કે તેણીએ તેમને સામ્યવાદી ચળવળનું 'ગરુડ' ગણાવ્યું હતું. રોઝા લક્ઝમબર્ગની જાન્યુઆરી ૧૯૧૯માં પ્રોટો-ફાસીવાદી ઠગ દ્વારા હત્યા કરવામાં આવી હતી. આ વર્ષે તેના જન્મની ૧૫૦મી વર્ષગાંઠ સમગ્ર વિશ્વમાં મહિલાઓ અને સમાજવાદી જૂથો દ્વારા ઉજવવામાં આવશે. એક સમાજવાદી નારીવાદી મેગેઝિન લક્સ કે જેનો પ્રારંભ ૨૦૨૦માં થયો હતો અને તેનું નામ રોઝા લક્ઝમબર્ગ પરથી રાખવામાં આવ્યું હતું, તેણીએ "સમાજવાદી પરંપરાને ફરીથી બનાવનારા સૌથી સર્જનાત્મક માનસમાંથી એક" તરીકે વર્ણવ્યું હતું.

(સૌ. : ધ વાયર.ઈન)

ડિજિટલ સમાચારોને નિયંત્રિત કરવા માટે કેન્દ્રના નવા નિયમોને પડકારતી પિટિશનના મુખ્ય અંશો

સરકાર અથવા તેના એજન્ટો દ્વારા નિયમન અને દેખરેખ નિયમો દ્વારા સૂચવવામાં આવી શકે છે જ્યારે તે મૂળ IT એક્ટ દ્વારા માનવામાં ન આવે તેવો સવાલ તેમાં કરાયો હતો

(એજન્સી) તા.૧૦

દિલ્હી હાઈકોર્ટે મંગળવારે તેના નવા ઈન્ફર્મેશન ટેક્નોલોજી નિયમોને પડકારતી અરજી પર કેન્દ્ર પાસેથી જવાબ માંગ્યો છે. ડિજિટલ ન્યૂઝ પોર્ટલ ધ વાયરના માલિક, ટ્રસ્ટ ફાઉન્ડેશન ફોર ઈન્ડિપેન્ડન્ટ જર્નાલિઝમ દ્વારા આ અરજી કરવામાં આવી હતી. ધ ન્યૂઝ મિનિટના સ્થાપક અને મુખ્ય સંપાદક ધન્યા રાજેન્દ્રન અને ધ વાયરના સ્થાપક સંપાદક એમ કે વેણુએ આ અરજી કરી છે. ૨૫ ફેબ્રુઆરીએ કેન્દ્રએ ઈન્ફર્મેશન ટેક્નોલોજી અધિનિયમ ૨૦૦૦ હેઠળ માહિતી ટેકનોલોજી (મધ્યસ્થી માર્ગદર્શિકાઓ અને ડિજિટલ મીડિયા એથિક્સ કોડ) નિયમો ૨૦૨૧ જારી કર્યા હતા. સોશિયલ મીડિયા કંપનીઓ, સ્ટ્રીમિંગ અને ડિજિટલ ન્યૂઝ કન્ટેન્ટને નિયંત્રણમાં લાવવાના નિયમો બનાવવામાં આવ્યા છે. પ્રથમ વખત તે સરકારની દેખરેખ હેઠળ આવ્યા છે. ઓનલાઈન પ્લેટફોર્મ્સ હવે તેમના નેટવર્ક પર પોસ્ટ્સ વિશેની ફરિયાદો માટે વધુ પ્રતિભાવ આપશે, જેમાં સમાવિષ્ટ "ઓરિજિનેટર" વિશે સરકારને વિગતો આપવાની અને અસરકારક રીતે એન્ડ-ટુ-એન્ડ એક્રિપ્શન તોડવા તેમજ તેના માટે વેરિફિકેશન સિસ્ટમ્સ ગોઠવવાની રહેશે. તેનાથી વ્યક્તિગત ગોપનીયતા પર મોટી અસર થશે. અરજદારોએ ડિજિટલ મીડિયા પરના તેમના પ્રભાવોને ધ્યાનમાં રાખીને જ નિયમોને પડકાર્યા છે. તેમણે એવી દલીલ કરી હતી કે તે સરકારની દેખરેખ અને એક અસ્પષ્ટ શબ્દોવાળા "નીતિશાસ્ત્ર" લાદીને ઓનલાઈન ન્યૂઝ પોર્ટલોને નિયંત્રિત કરવા માગે છે.

અહીં પિટિશનના કેટલાક મહત્વના અંશો આપ્યા છે :

પેરેન્ટ ઈન્ફર્મેશન ટેક્નોલોજી એક્ટમાં ક્યાંય આવા પૈસા મોકલવાની જોગવાઈ નથી ત્યારે નવા આઈટી નિયમો ડિજિટલ ન્યૂઝ મીડિયાને નિયંત્રિત કરવા માટે "સ્પષ્ટ રીતે ગેરકાયદેસર" છે. અરજીમાં જણાવ્યું છે કે આ જ ડિજિટલ ન્યૂઝ મીડિયા જેવા કે અરજદારો અને તેમના હક્કોને ગંભીર નુકસાન પહોંચાડે છે.

તેમાં જણાવ્યું હતું કે પેરેન્ટ આઈટી એક્ટ કાયદાકીય માન્યતા, પ્રમાણિતતા અને ઈલેક્ટ્રોનિક ડેટા અને ઈલેક્ટ્રોનિક કમ્યુનિકેશનના વિનિમયની સુવિધા અને પુરાવા તરીકે તેની રસીદ પૂરું પાડવામાં મર્યાદિત છે. તેમાં ધ્યાન દોર્યું હતું કે આ કાયદામાં સાયબર આતંકવાદ, લૈંગિક સ્પષ્ટ સામગ્રી, ચાઈલ્ડ પોર્નોગ્રાફી અને ચોરીના કિસ્સા સિવાય ઈલેક્ટ્રોનિક સામગ્રીના નિયમન સાથે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. આ ગુનાઓમાંથી કોઈ પણ ડિજિટલ ન્યૂઝ પોર્ટલ માટે કોઈ સુસંગતતા નથી એમ અરજીમાં જણાવાયું છે. વધુમાં, પિટિશનમાં કહેવામાં આવ્યું છે કે કેન્દ્ર દ્વારા રજૂ કરાયેલા નવા નિયમોમાં સમાચાર અને વર્તમાન બાબતોના પ્રકાશકો અને ઓનલાઈન ક્યુરેટેડ

સમાવિષ્ટોના પ્રકાશકો-આ બે પ્રકાર માટે અલગ "નૈતિકતાનો કોડ" છે. જે કાયદાની અદાલતોની સમાંતર એક ન્યાયતંત્રની આધીન રહેશે. ઘણા આધારો કે જે પેરેન્ટ એક્ટ હેઠળ ગુનો પણ નથી." "વર્તમાન એજન્સીઓ પર ન્યૂઝ એજન્સીઓ અને ટીકાકારોને નીતિશાસ્ત્રને આધીન થવું જોઈએ કે કેમ તે પ્રશ્ન નથી. પ્રશ્ન એ છે કે શું સરકાર અથવા તેના એજન્ટો દ્વારા નિયમન અને નિરીક્ષણ નિયમો દ્વારા સૂચવવામાં આવે છે કે નહીં. ડિજિટલ ન્યૂઝ સંસ્થાઓ અને વીડિયો-સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ અંગેની ફરિયાદોની દેખરેખ રાખનાર એક "સેલ્ફ રેગ્યુલેટરી બોડી" પરની અરજીમાં કહેવામાં આવ્યું છે કે,"સમિતિ પાસે માહિતી પ્રસારણ મંત્રાલયના સુધારણાના આદેશ જેવા કડક પગલાંને પણ ભલામણ કરવાની સત્તા છે." "પેરેંટ (આઈટી) એક્ટ ડિજિટલ ન્યૂઝ મીડિયાને એક અલગ વર્ગની એન્ટિટી તરીકે માન્યતા આપતો નથી અને તેમને અથવા તેમની સામગ્રીને કોઈપણ વિશેષ નિયમોના સમૂહને આધિન કરવાનો પ્રયાસ કરતો નથી," તેમ અરજીમાં ઉમેર્યું હતું. આ અરજીમાં કહેવામાં આવ્યું છે કે નીતિશાસ્ત્રની સંહિતા, "સુચારુતા" અને "શિષ્ટાચાર" જેવી અસ્પષ્ટ પરિસ્થિતિઓને નક્કી કરે છે. આ બાબતો પેરેન્ટ એક્ટની ચર્ચામાં ક્યાંય નથી તેમ જણાવી તેમાં ઉમેર્યું હતું કે,"નોંધનીય છે કે, કલમ-૬૬-એ અંતર્ગત ગુનો, જે ગુનાહિત છે કે જે 'અપમાનજનક' છે અથવા 'હેરાન કરે છે' સુપ્રીમ કોર્ટ દ્વારા અસ્પષ્ટતાના આધારે કરવામાં આવી હતી. (શ્રેયા સિંઘલ વિ યુનિયન ઓફ ઈન્ડિયા)" સરળ ફરિયાદમાં કહીએ તો, કેન્દ્ર સરકારની દખલ તમામ પ્રકારની સામગ્રી પર છે- જેની કલમ ૬૯ એ (આઈટી એક્ટના)માં ઉલ્લેખિત છે. તેનાથી ઘણી વધારે છે, "ફરિયાદ ફક્ત એટલી હોઈ શકે છે કે કોઈ સમાચાર અહેવાલમાં અથવા સંપાદકીયમાંની કેટલીક સામગ્રી 'અર્ધસત્ય' અથવા દેશના સામાજિક અથવા નૈતિક જીવન માટે પ્રતિકૂળ હોય છે. સમાચાર માધ્યમોની સામગ્રીની સરકારનું નિરીક્ષણ એક્ટના ક્ષેત્રમાં ક્યાંય નથી."

(સૌ. : સ્ક્રોલ.ઈન)

સુરતી હાલાઈ મેમણ હોલમાં મુસ્લિમ યુવાનો આગળ વધે તે માટે માર્ગદર્શન આપતો કાર્યક્રમ યોજાયો

મુસ્લિમ સમાજના યુવાઓ સ્કીલથી ભરપૂર પરંતુ યોગ્ય માર્ગદર્શનના અભાવે મેઈન સ્ટ્રીમમાં ભાગ લઈ શકતા નથી : સોહૈલ સવાની

સરકારી યોજનાઓનો લાભ લેવામાં મુસ્લિમ સમાજ ખૂબ પાછળ : જયકાંતસિંઘ

ટોય ઈન્ડસ્ટ્રીઝ પર ફોકસ કરવાની જરૂર

નાના-નાના રમકડાં મોટું માર્કેટ કવર કરતું હોવાથી ટોય ઈન્ડસ્ટ્રીઝ પર ફોકસ કરવાની જરૂર પર ભાર મૂકતા મહાનુભવોએ ઉમેર્યું કે, સુરતમાં ડાયમંડ અને ટેક્સટાઈલ ક્ષેત્રે ખૂબ વિકાસ થયો છે. અહીંના ઉદ્યમીઓમાં આગળ વધવાનો જુસ્સો અને ઉત્સાહ છે એટલે સુરતના ઉદ્યોગપતિઓ ટોય ઈન્ડસ્ટ્રીઝની દિશામાં આગળ વધે તો રાષ્ટ્રના ગ્રોથ એન્જિનમાં મહત્ત્વપૂર્ણ ભાગ ભજવી શકે છે.

દુબઈમાં લેફ્ટહેન્ડ ડ્રાઈવિંગ માટે જવું હોય તો ભારતમાં ટ્રેનિંગ ઉપલબ્ધ

ભારતમાં રાઈટ હેન્ડ ડ્રાઈવ છે પરંતુ દુબઈ જઈને ડ્રાઈવિંગ કરવું હોય તો ભારતના ડ્રાઈવર અટવાઈ પડે છે. જો ડ્રાઈવિંગ માટે દુબઈ જવું હોય તો ભારતમાં લેફ્ટ હેન્ડ ડ્રાઈવિંગ માટે ટ્રેનિંગ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ માટે આરટીઓ અથવા તો એનએસડીસીની વેબસાઈટ પરથી વધુ માહિતી મળી જશે.

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૦

સરકારી યોજનાઓનો લાભ ઊઠાવવામાં સૌથી પાછળ રહેલા મુસ્લિમ સમાજના યુવાનો આગળ વધી શકે તે ઉદ્દેશ્યથી સવાની ઈન્સ્ટિટ્યૂટ દ્વારા વિશિષ્ટ પ્રકારના સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં એનએસડીસીના સિનિયર હેડ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

સવાની ઈન્સ્ટિટ્યૂટના સોહૈલ સવાનીએ કાર્યક્રમની રૂપરેખા આપતા જણાવ્યું હતું કે, મુસ્લિમ સમાજના યુવાઓ સ્કીલથી ભરપૂર છે પરંતુ તેઓ મેઈન સ્ટ્રીમમાં યોગ્ય ભાગ લઈ શકતા નથી જેનું મુખ્ય કારણ છે કે, તેમને આ બધી બાબતોથી અવગત કરાવવામાં આવતા નથી. આ માટે છાશવારે વર્કશોપ અને સેમિનાર યોજાવા જોઈએ જેથી સમાજના યુવાઓ આગળ વધી શકે અને અન્ય માટે પ્રેરણાસ્ત્રોત બની શકે.

આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે દિલ્હીથી ખાસ પધારેલા જયકાંતસિંઘ (સિનિયર હેડ, વર્લ્ડ સ્કીલ ઈન્ડિયા) તેમજ ગુજરાતના રાકેશકુમારે જણાવ્યું હતું કે, ભારત રાષ્ટ્ર સૌથી યુવા રાષ્ટ્ર છે. અહીં યુવાઓની સંખ્યા ખૂબ મોટા પ્રમાણમાં છે એટલે જો એમનામાં સ્કીલ ડેવલપ થશે તો તેમનું ભવિષ્ય સિક્યોર કરી શકશે અને પરિવાર માટે મજબૂત આધાર બની શકશે. કૌંગ્રેસની આગેવાની હેઠળની યુપીએ-૨ના સમયગાળામાં અસ્તિત્વમાં આવેલા નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ કોર્પોરેશનને ૧૨૦૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા હતા. યુવાઓને બિઝનેશ મહત્તમ ૬ ટકાના દરે લોન આપતી કોર્પોરેશનનું ભંડોળ વધીને ૨૭૦૦ કરોડ થઈ ચૂક્યું છે પરંતુ મુસ્લિમ સમાજ આ કોર્પોરેશનનો લાભ લેવામાં ઘણો પાછળ છે.

જાપાન સરકાર સાથે ૫ હજાર સ્કીલ્ડ યુવાઓ પૂરા પાડવા અંગે સંધિ કરનાર કેન્દ્ર સરકારે જાપાનિઝ લેંગ્વેજ માટે કોઈ આયોજન કર્યું નથી જેને કારણે અત્યાર સુધી માત્ર ૨૫૦ જ યુવાઓ પૂરા પાડી શકાયા છે. ભારતમાં મોટેભાગે ફ્રેન્ચ લેંગ્વેજના અનેક ક્લાસીસ ઉપલબ્ધ છે.

રાષ્ટ્રીય કૌશલ વિકાસ નિગમના નેજા હેઠળ ૬૫૦ એજન્સી સ્કીલ ડેવલપમેન્ટનું કામ કરે છે. આમાં તૈયાર થયેલા યુવાઓને સૌપ્રથમ સિટી સ્તરે, ત્યારબાદ સ્ટેટલેવલ અને તેમાંથી પાસ થનાર યુવાઓને નેશનલ લેવલ પર સ્પર્ધામાં ઉતારવામાં આવે છે. ત્યારબાદ ઈન્ટરનેશનલ લેવલે પણ મોકલવામાં આવે છે. ૨૦૦૯થી અત્યાર સુધી ભારતે માત્ર એકવાર જ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યું છે એટલે આ દિશામાં વધુ કામ કરવાની જરૂર છે, એમ જયકાંતસિંઘે ઉમેર્યું હતું.

તક્ષશિલાના માધ્યમથી કોચ પદ મેળવી શકાય

એનએસડીસી અંતર્ગત યુવાઓને સ્કીલ શિખવવા માટે જો તમારે કોચ બનવું હોય તો તક્ષશિલા નામની વેબસાઈટ પર રજિસ્ટ્રેશન કરાવીને આગળની પ્રક્રિયા મુજબ કોચ સુધી પહોંચી શકો છો. આ માટે કોઈ ટ્રસ્ટ કે સોસાયટી રજિસ્ટર્ડ હોય તો તેને પ્રાથમિકતા આપવામાં આવે છે.

૨૦૦ કલાકના પ્રોગ્રામમાં રાત્રે પણ ટ્રેનિંગ આપી શકાશે

દિવસ દરમિયાન ટ્રેનિંગની સુવિધા ઉપલબ્ધ રહેતી હોવાથી કેટલાક બિઝિ વર્કર્સ તાલીમ મેળવી શકતા નથી. પરંતુ એનએસડીસીએ ૨૪ કલાક ટ્રેનિંગ માટે વ્યવસ્થા ગોઠવી છે. જેટલી ઝડપથી તાલિમ અપાશે એટલી જ ઝડપથી તાલિમાર્થીને રોજગાર મળશે અને તેની બેરોજગારી દૂર થશે.

ભરૂચ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ વેળા

રાજકીય દબાણ હેઠળ કોંગ્રેસ કાર્યકરો સામે ખોટી ફરિયાદ નોંધાતી હોવા અંગે પોલીસ વડાને રજૂઆત

કોંગ્રેસીઓની ફરિયાદ લેવાતી નથી, જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા DSPને રજૂઆત કરાઈ

ભરૂચ, તા.૧૦

હાલમાં જ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પૂર્ણ થઈ છે. ભરૂચ જિલ્લામાં કોંગ્રેસ પક્ષના ઉમેદવારો અને કાર્યકરો ઉપર ચૂંટણીની રીસ રાખી કાયદાકીય અને શારીરિક રીતે ઈરાદાપૂર્વક હેરાન કરવા અંગેની ફરિયાદો એક પછી એક બની રહી હોવાની જિલ્લા કોંગ્રેસે DSPને રજૂઆત કરી છે. ભરૂચ જિલ્લા કોંગ્રેસ સમિતિ વતી જિલ્લા પ્રમુખ પરિમલસિંહ રણા, કોંગ્રેસ પ્રવક્તા નાઝુ ફડવાલા, હસુ પટેલ, શકીલ અકુજી, ઈદ્રીશ કાઉજી સહિત આગેવાનોએ જિલ્લા પોલીસવડા રાજેન્દ્રસિંહ ચુડાસમાને લેખિત રજૂઆતમાં જણાવ્યું છે કે, ઘણી જગ્યાઓએ ફરિયાદી તરીકે કોંગ્રેસ કાર્યકરોની ફરિયાદ કાયદેસર રીતે નોંધવામાં આવતી નથી, જ્યારે BJPના દબાણ હેઠળ ઘણી જગ્યાએ ખોટા નામો આરોપી તરીકે દાખલ કરી કોંગી કાર્યકરોને હેરાન કરાઈ રહ્યા છે. જેમાં આમોદ તાલુકાના ઈખર જિલ્લા પંચાયત સીટના કોંગ્રેસ પક્ષના ઉમેદવાર જ્યોત્સનાબેન રમેશભાઈ વસાવા (રહે.ઈખર, તા.આમોદ)ની ફરિયાદ આમોદ પોલીસ દ્વારા લેવામાં આવેલ નથી. આમોદ તાલુકાના ઈખર ગામના કોંગ્રેસ પક્ષના કાર્યકર મનિષાબેન જગદીશભાઈ વસાવાની ફરિયાદ આમોદ પોલીસ દ્વારા લેવામાં આવેલ નથી. ભરૂચ તાલુકાના ઝાડેશ્વર ગામના મહિલા કાર્યકર અને તાલુકા પંચાયત સીટના ઉમેદવાર ફાલ્ગુનીબેન ચેતનભાઈ પટેલ દ્વારા સી-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવા જતા તેઓ સાથે પીઆઈ ઉનડકર દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના દિને જ અપમાનજનક ટિપ્પણીઓ કરી ગુનો દાખલ થાય નહીં એમ જણાવેલ હતું, જેની વીડિયો ક્લિપની સીડી તેમજ અરજી બિડાણમાં સામેલ કરી SPને અપાઈ હતી. વાલિયા તાલુકાના કનેરાવ ગામના કોંગ્રેસ કાર્યકર મુકેશ વસાવાના

ખેતરમાં બોરવેલ ઈલેક્ટ્રિક મોટર અને ડ્રીપને ચૂંટણીની અદાવત રાખી નુકસાન પહોંચાડેલ છે, જે અંગેનો ગુનો દાખલ થયેલ નથી, તેમજ આ વિસ્તારમાં વારંવાર આવા બનાવો બની રહ્યા છે, જે અંગે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાય એ હેતુથી ગુનેગારોને શોધી કડકમાં કડક સજા થાય એ જરૂરી છે. વાગરા તાલુકાના ચાંચવેલ ગામે કોંગ્રેસ પક્ષના કાર્યકર મહેબૂબભાબુ આદમ પટેલ પર ભાજપના ઉમેદવાર ફિરોજાબેન એયુબભાઈ પટેલ હાર ભારી જતા મતદાનના બીજા દિવસે તેઓના ટેકેદારોએ હુમલો કરેલ, જે અંગેની ફરિયાદ વાગરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ છે, જે અંગે તાત્કાલિક કાયદેસરની કાર્યવાહી કરી ગુનેગારોની ધરપકડ કરવા કોંગ્રેસે માગણી કરી છે. વધુમાં આ ફરિયાદ થતાં સામા પક્ષે આરોપીઓ ભાજપ પક્ષના હોય સત્તાનો દૂરૂપયોગ કરી સ્થાનિક પદાધિકારીઓ દ્વારા પોલીસ ઉપર રાજકીય પ્રેશર ઊભુ કરી ખોટી ફરિયાદ નોંધવામાં આવી છે, જેથી ૧ માર્ચની FIR ખોટી હોય રદ કરી ન્યાય આપવા માગણી કરાઈ છે.

ગોધરા નગરપાલિકામાં બોર્ડ બનાવવા અપક્ષોનો ટેકો હોવાનો ભાજપનો દાવો

અપક્ષો, AIMIMના ટેકાથી સત્તા મેળવવા માટે આશ્વસ્ત જ્યારે ભાજપ-અપક્ષોનો તેનો ટેકો હોવાનો દાવો કર્યો છે

અમદાવાદ, તા.૧૦

ગોધરા નગરપાલિકામાં પ્રમુખ-ઉપપ્રમુખની નિમણૂક માટે ભાજપ દ્વારા રણનીતિનું આયોજન કરાઈ રહ્યું છે. જેમાં અપક્ષ ઉમેદવારોને આકર્ષવાનો પ્રયત્ન કરી રહ્યા છે, જે પરંપરાગતરીતે ગોધરા પાલિકામાં બોર્ડ બનાવશે. હાલમાં જ આવેલ ચૂંટણી પરિણામોમાં ભાજપ અને અપક્ષોએ ૧૮ સીટો જીતી હતી, જ્યારે કોંગ્રેસે એક બેઠક અને AIMIM ૭ બેઠક પર વિજય મેળવ્યો હતો. જો કે, ભાજપે દાવો કર્યો છે કે, ૪૪ બેઠકવાળી નગરપાલિકામાં ૨૩ના જાદૂઈ આંકડા પર પહોંચવા માટે જરૂરી અપક્ષોનું સમર્થન છે. એઆઈએમઆઈએમ દ્વારા બિનશરતી ટેકા આપવાની વિચારણા કરી રહ્યા છે. સંજય સોનીએ મીડિયા સાથે વાતચીતમાં જણાવ્યું હતું કે, અપક્ષો હંમેશની જેમ સાથે રહેશે. ભાજપ સાક્ષીને સમર્થન આપતું નથી. અમારી પાસે પહેલાંથી જ ૧૯ સીટો છે. એઆઈએમઆઈએમ પાસે ૭ બેઠકો છે. અમે બોર્ડ રચવાનો દાવો કરીશું. ઓવૈસી કહે છે કે, ગુજરાતના મુસ્લિમ વિસ્તારોનો વિકાસ થતો નથી તેમ છતાં ભાજપ તેના બે પૂર્વ સભ્યોને લલચાવવાનો પ્રયાસ કરી રહ્યો છે. ગોધરાના ધારાસભ્ય સી.કે. રાઉલે કહ્યું કે, અમને પહેલાંથી જ ત્રણ અપક્ષોનો ટેકો મળી ચૂક્યો છે. જેમાં બે નેતાઓ અપક્ષ (દારજી અને સોની) માટે લડ્યા હતા. અમે પણ બે મુસ્લિમ અપક્ષો સાથે વાતચીત કરી રહ્યા છીએ અને અમને વિશ્વાસ છે કે, અમે ૨૩ સીટો હાંસલ કરીશું. સંજય સોની કહે છે કે, એઆઈએમઆઈએમ સાથે કામ કરવાનો અમારો પ્રથમ અનુભવ હશે. દરમિયાન વોર્ડ નં.૭મા પ્રથમ સ્વતંત્ર મહિલા કાઉન્સિલર સામેની એક અરજી દાખલ કરી છે. જેમાં બે બાળનીતિના ઉલ્લંઘન ઠેરવવાની માંગ કરી છે. ધારાસભ્યએ ફેમીદાને ચાર જૈવિક બાળકો લેવાનું જણાવ્યું છે, જે તેણીએ હકીકત છૂપાવી છે. કોંગ્રેસ દ્વારા ભાજપના બે ઉમેદવારોને ગેરલાયક ઠેરવવાની માગણી પણ પેન્ડીંગ છે.

ઉનામાં મહિલાએ ગેસનો ચુલો સળગાવતાં આગ લાગી : ઘરના પાંચ સભ્યો દાઝ્યાં

ઉના, તા.૧૦

ઉના શહેરના વડલા વિસ્તારમાં ગતરાત્રીના સમયે મુસ્લિમ શ્રમિક પરિવારની મહિલા ગેસનો ચુલ્લો સળગાવતા અચાનક આગ લાગતા પરિવારના પાંચ સભ્યો ગંભીર રીતે દાઝી જતાં તમામને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં તબીબે ઉની હાલત ગંભીર હોવાનું જણાવતા વધુ સારવાર અર્થે અમદાવાદ રીફર કરેલ જ્યારે આગની ઘટના બનતા સ્થળ પર તેમજ હોસ્પિટલે લોકો વિશાળ સંખ્યામાં ઉમટી પડ્યા હતા. વડાલા વિસ્તારમાં રહેતા મુસ્લિમ શ્રમિક પરિવારના ઈકબાલભાઈ રહેમાનભાઈ બ્લોચ તેમના પત્નિ અલ્લારખીબેન, પુત્ર અલ્ફાઝ (ઉ.વ.૧૬) અને બે પુત્રીઓ અક્સ (ઉ.વ.૧૧), અલ્સીફા (ઉ.વ.૧૩) મળી શ્રમિક પરિવારના તમામ સભ્યો પેટ્યુ રળવા મજૂરી કામ કરતા હતા જેમાં ગઈકાલ તા.૯ માર્ચના રોજ સવારે ઘરના પાંચેય સભ્યો મજૂરી કામે ગયા હતા. અને સાંજના સમયે ઘરે પરત ફર્યા હતા અને રાત્રીના રસોઈ બનાવતા પહેલા ગેસના બાટલાની પાઈપ ચુલ્લા સાથે જોડેલ હતી. અને બાદમાં

પરિવારના સભ્યો ઘરમાં રોજીંદી વાત કરી અને નવ વાગ્યાની આસપાસ અલ્લારખીબેન ઓસરીમાં રસોઈ બનાવવા ગયેલ અને પરિવારના અન્ય સભ્યો ઘરમાં જ હતા અને અચાનકજ અલ્લારખીબેન ગેસનો ચુલ્લો સળગાવતાની સાથે જ ગેસના બાટલાનું રેગ્યુલેટર નળીમાંથી નિકળી જતા ગેસ અને આગનો સંપર્ક થતા આગ આખા ઘરમાં ફેલાઈ જતા ઘરના તમામ સભ્યો

આગની લપેટમાં આવી જતાં ઈકબાલભાઈએ મહામુસીબતે તેમની પુત્રી અક્સનાને દાઝી ગયેલ હાલતમાં બહાર કાઢેલ હતી. અને દાઝી જવાને કારણે ચિચયારીઓ થવા લાગતા આજુબાજુના લોકો એકત્ર થઈ જતા અલ્લારખીબેન તથા તેમના પુત્ર અને પુત્રી અલ્સીફાને બહાર કાઢ્યા એ દરમ્યાન ઘરના તમામ સભ્યો દાઝી ગયા હોય તાત્કાલીક રીક્ષામાં બેસાડી ઉના હોસ્પિટલે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં શ્રમિક પરિવારના માતા અલ્લારખીબેન, પુત્રી અક્સા તેમજ અલ્સીફાબેનની હાલત વધુ ગંભીર હોય ત્રણેયને તાત્કાલીક વધુ સારવાર અર્થે અમદાવાદ ખસેડવામાં આવ્યા છે. જ્યારે આ આગની ઘટના બનતા જ મુસ્લિમ સમાજના આગેવાનો હોસ્પિટલે પહોંચી ગયા હતા.

સુરત : સેન્ટ્રલ ગવર્નમેન્ટના અધિકારીની સામે પુત્રીની છેડતી કરી મારી નાખવાની ધમકી અપાઈ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૦

વેસુ આગમ આર્કેડ કોમ્પ્લેક્ષમાં ખરીદી કરવા ગયેલા સેન્ટ્રલ ગવર્નમેન્ટના અધિકારી સામે જ તેની પુત્રીને છેડતી કર જાનથી મારી નાંખવાની ધમકી આપનાર ખેતાન પિતા-પુત્ર સામે પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

મળતી વિગત મુજબ વેસુ વિસ્તારમાં રહેતા સેન્ટ્રલ ગવર્નમેન્ટના અધિકારી તેમની ૨૧ વર્ષીય પુત્રી વિધી (નામ બદલ્યું છે) સાથે વેસુના આગમ આર્કેડ કોમ્પ્લેક્ષમાં યશ ક્લેકશન નામની દુકાનમાં ખરીદી કરવા ગયા હતા. તે દરમિયાન તેમનો જુનો પડોશી મધુર ખેતાન પણ ત્યાં હાજર હતો. મધુર અને તેનો ભાઈ સનાતન ખેતાન યુવતીઓની મશ્કરી અને અશ્લીલ કમેન્ટ કરવાની કુટેવ હોવાથી અધિકારીએ તેમની પુત્રીને ઝડપથી દુકાનમાંથી ખરીદી કરી પરત આવવા કહ્યું હતું. પરંતુ ત્યાં ખેતાને આવી વિધીના શરીર પર હાથ ફેરવી અશ્લીલ હરકત કરી અપશબ્દો ઉચ્ચારી ત્યાંથી નીકળી ગયો હતો. ખેતાનના કૃત્ય અંગે વિધીએ પિતાને જાણ કરતા ઝપાઝપી થઈ હતી. ઘટના અંગે કંટ્રોલ રૂમમાં ફોન કરતા ઉમરા પોલીસ દોડી આવી હતી. ત્યારબાદ પુત્રી સાથે ઘરે ગયા હતા જ્યાં ખેતાન અને તેનો ભાઈ અને પિતા સંજય ઘસી આવ્યા હતા અને મારી નાખવાની ધમકી આપી હતી જેથી અધિકારીએ ઉમરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ગળતેશ્વરના રસુલપુરામાં ઓટલા પર બેસવા બાબતે યુવક પર હુમલો

નડિયાદ, તા.૧૦

ગળતેશ્વર તાલુકાના રસૂલપુરામાં રહેતા મેહબૂબ મિયાં ભૂલા મિયા શેખ તેમના ઘર નજીક ઓટલા પર બેઠા હતા. તે વખતે બાજુમાં હતા તો તોફીકભાઈ રસૂલભાઈ શેખ ત્યાં આવ્યા હતા અને એવું જણાવ્યું હતું કે, તમે અમારા ઓટલા પર કેમ બેઠા છો તેમ કહી ઝઘડો કર્યો હતો તે વખતે તોફીકભાઈનું ઉસોરાનું લઈ કરિશ્મા બીબી તોફિકભાઈ શેખ અને નક્સુદા બીબી પણ આવી ગયા હતા અને મહેબૂબ મિયાંને ગાળો બોલી મારમારી ઈજા કરી હોવાની ફરિયાદ સેવાલિયા પોલીસમાં નોંધાઈ છે.

શિક્ષણ સમાચાર

સિદ્ધપુર ખાતે એડનવાલા હાઈસ્કૂલમાં એસાઈન્મેન્ટ અંકનો વિમોચન કાર્યક્રમ યોજાયો

એડનવાલા હાઈસ્કૂલ, સિદ્ધપુરમાં SSC અને HSCના વિદ્યાર્થીઓ માટે શાળાના શિક્ષકો દ્વારા MAY 2021 ની બોર્ડની પરીક્ષા માટે તૈયાર કરેલ IMP પ્રશ્નપત્રોના 5 PAPER SET તથા એક આદર્શ ઉત્તરવહીનું વિમોચન સમારંભના અધ્યક્ષ તથા સિદ્ધપુર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર ચિરાગભાઈ ગોસાઈના હસ્તે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત કેમ્પસ ડાયરેક્ટર (પૂર્વ આચાર્ય દિવાન બલ્લુભાઈ હાઈસ્કૂલ, અમદાવાદ) તથા sewt, સિદ્ધપુરના માજી મેનેજિંગ ટ્રસ્ટી જે.ડી.મનસુરી, હનિફખાન પોલાદી, ગુલામ નબી મનસુરી, કાર્યકારી આચાર્યબેન બિસ્મિલ્લાહ બેગમ કાજી, પ્રાથમિક શાળાના આચાર્યા સમીના બેન શેખ તથા બંને શાળાના સુપરવાઈઝર, શિક્ષકમિત્રો તેમજ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. સ્વાગત પ્રવચન દરજી કર્યું હતું. જે. ડી. મનસુરી, ઈંગ્લિશ ટીચર કે. એમ. મોગલ તથા બિસ્મિલ્લાહ બેન કાજી અને ગોસાઈ પ્રાસંગિક પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. જ્યારે આભારવિધિ વિજ્ઞાન શિક્ષક જે. કે. સૈયદ કરી હતી. સમગ્ર પ્રોગ્રામ સફળ સંચાલન યાસીનભાઈ સિપાઈએ કર્યું હતું.

બનાસકાંઠા જિલ્લામાં ૭ બૂટલેગરોને પાસા

પાલનપુર, તા.૧૦

બનાસકાંઠા જિલ્લા મેજીસ્ટ્રેટ અને કલેકટર આનંદ પટેલે દારૂની હેરફેર કરતાં વધુ ૭ જેટલાં બુટલેગરોને આ મહિનામાં પાસા હેઠળ રાજયની વિવિધ જેલમાં મોકલવાના કડક આદેશ કરવામાં આવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, બનાસકાંઠા જિલ્લા મેજિસ્ટ્રેટ આનંદ પટેલે છેલ્લા ૬ મહિનામાં ચોરી, લૂંટ, ઘરફોડ ચોરી, બુટલેગર, ધાડ, અપહરણ જેવી વિવિધ ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં પકડાયેલા કુલ-૩૯ જેટલાં અસામાજિક તત્વોને (પાસા) હેઠળ વિવિધ જેલોમાં મોકલવાના આદેશ કર્યા છે.

ખેતરમાં વાવેલા ગેરકાયદેસર ૧.૪૪ લાખના ગાંજાના છોડવા સાથે એક ઝડપાયો

(સંવાદદાતા દ્વારા) આણંદ, તા.૧૦

આણંદ જિલ્લાના આંકલાવ તાલુકાના હળદરી ગામે ખેતરમાં ગેરકાયદેસર વાવેલા રૂા ૧,૪૪,૧૯૦ની કિંમતના ગાંજાના લીલા છોડવા નંગ-૧૭ ૧૪.૪૧૯ કિ.ગ્રા વજન સાથે હળદરી ગામના એક શખ્સને આણંદ એસઓજી પોલીસે ઝડપી લઈ કાર્યવાહી કરી હતી. મળતી વિગતો અનુસાર આણંદ એસઓજી પોલીસને બાતમી મળી હતી કે, હળદરી ગામે રહેતા નિલેશભાઈ ઉર્ફે ભુરિયો કનુભાઈ પટેલ ગામના રજનીભાઈની ખરીની નજીક જતા ડાબી બાજુ એક ખેતરમાં એક મોટું મકાન અને તબેલા જેવું બનાવેલ છે.આ ખેતરમાં ઘાસનું વાવેતર કરેલ છે જે ઘાસની સાથે સાથે ગેરકાયદેસર ગાંજાના છોડ પણ વાવેલ છે. જે બાતમીનાં આધારે એસઓજી પોલીસે હળદરી ગામની સીમમાં બાતમી મુજબના સ્થળે છાપો મારતા કનુભાઈ પરસોતમભાઈ પટેલ મળી આવેલ અને નિલેશભાઈ ઉર્ફે ભુરિયો કનુભાઈ પટેલ (બંને રહે. હળદરી)એ ભેગા મળી નિલેશ પટેલના ખેતરમાં લીલા ઘાસચારાની સાથે-સાથે વાવેતર કરેલ ગેરકાયદેસર ગાંજાના લીલા છોડવા કુલ નંગ-૧૭ જેનુ વજન ૧૪.૪૯ કિ.ગ્રા કિંમત રૂા ૧,૪૪,૧૯૦ સાથે કનુભાઈ પરસોતમભાઈ પટેલની ધરપકડ કરી આંકલાવ પોલીસમથકમાં ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

જૂનાગઢમાં મકાન રિપેરિંગ દરમ્યાન દુર્ઘટના સર્જાતાં એક શ્રમજીવીનું મોત

(સંવાદદાતા દ્વારા) જૂનાગઢ, તા.૧૦

જૂનાગઢ શહેરની ડબ્બાગલીમાં મકાન રિપેરિંગ દરમ્યાન બાલ્કની અને દીવાલ તૂટી પડતાં દબાઈ ગયેલા ૧ મજૂરનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત થયું છે. જ્યારે ૩ મજૂરોને ઈજા થતાં સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવેલ છે. આ અંગે મળતી વિગત મુજબ જૂનાગઢ શહેરની ડબ્બાગલીમાં એક મકાનના રિપેરિંગનું કામ ચાલી રહ્યું હતું. ૪ મજૂરો રિપેરિંગ કામગીરી કરી રહ્યા હતા. દરમ્યાન ધડાકાભેર બાલ્કની તૂટી પડતાં દીવાલ પણ તૂટી પડી હતી અને બાલ્કની અને દીવાલ ઉપર કામ કરતા મજૂરો ઉપર પડી હતી. જેમાં ચારેય દબાઈ ગયા હતા. દરમ્યાન અશોકભાઈ જમનભાઈ ચુડાસમા નામના ૫૦ વર્ષીય આધેડનું ગંભીર ઈજા થવાના કારણે ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. જ્યારે ચિન્ટુ હરેશભાઈ (ઉ.વ.૧૯), પ્રશાંત દિનેશભાઈ (ઉ.વ.૨૫) અને દર્શિત જેન્તીભાઈને ઈજાગ્રસ્ત હાલતમાં બહાર કાઢી સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા છે. દરમ્યાન સ્થાનિક લોકોમાં થતી ચર્ચા મુજબ આ જર્જરીત મકાન ૧૫ દિવસ પહેલાં પણ તૂટી પડ્યું હતું. પરંતુ સદનસીબે વહેલી સવારે દુર્ઘટના સર્જાતાં જાનહાની થઈ ન હતી. દરમ્યાન જૂનાગઢ શહેરમાં આવા તો અનેક જર્જરીત મકાનો છે જે મોત બનીને ઝળુંબી રહ્યા છે. ત્યારે જૂનાગઢ મનપા દ્વારા આવા મકાનોને ઉતારી લેવાની કામગીરી કરવી જોઈએ તેવી પણ સ્થાનિક લોકોએ માંગ કરી છે.

ભાવનગર ખાતે જમિયત ઉલમા-એ-હિન્દ દ્વારા રક્તદાન શિબિર યોજાઈ

ભાવનગર, તા.૧૦

જમિયતે ઉલમા-એ-હિન્દ ભાવનગર દ્વારા એમ.એસ.જી. હોસ્પિટલમાં બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં મોટી સંખ્યામાં લોકોએ પોતાનું બ્લડ ડોનેટ કરીને સાથ સહકાર આપી બ્લડ ડોનેશન કેમ્પને સફળ બનાવ્યો હતો. જેમાં પ્રાપ્ત થયેલ ૬૦ બોટલો સર.ટી. હોસ્પિટલના બ્લડ બેંક વિભાગને સમર્પિત કરવામાં આવી હતી. તે બદલ જમિયતે ઉલમા-એ-હિન્દ ભાવનગર, તમામ બ્લડ ડોનેટ દાતાઓનો આભાર વ્યક્ત કરેલ.

ગીરગઢડાના ઈંટવાયા નજીક ટ્રેક્ટરે બાઈકને અડફેટે લેતા ચાલકનું મોત

ઉના, તા.૧૦

ગીરગઢડાના ઈંટવાયા ગામે રહેતા વાલજીભાઈ ડાયાભાઈ સોંદરવા (ઉ.વ.૩૫) તેમજ તુલસીભાઈ બીજલભાઈ જોગદીયા બન્ને યુવાનો બાઈક નં.જીજે ૧૪ એજી ૪૬૯૪ ડબલ સવારીમાં ફાટસર ગામ બાજુથી ઈંટવાયા પોતાના ઘરે આવતા હતા. ત્યારે સામેથી આવતુ ટ્રેક્ટર નં.જીજે૧૧એડી૪૬૨૬નો ચાલક બેફીકરાઈથી ગફલત ભરી રીતે ચલાવી આવતો હતો. ત્યારે બાઈક ચાલકને હડફેટે લેતા અકસ્માત સર્જાયેલ જેમાં વાલજીભાઈને માથાના ભાગે ગંભીર ઈજા પહોચતા તેનું ઘટના સ્થળ પર મોત નિપજયુ હતું. જયારે તુલસીભાઈને પણ માથાના ભાગે નાની મોટી ઈજા પહોચી હતી. આ અકસ્માત સર્જાતા આજુબાજુ વાડી વિસ્તારના લોકો દોડી ગયેલ હતા અને ઈમરજન્સી ૧૦૮ને જાણ કરતા ગીરગઢડાની એમ્બ્યુલન્સના કલ્પેશભાઈ પટેલ તેમજ ભરતભાઈ બારડ સ્થળ પર પહોચી ઈજાગ્રસ્ત તુલસીભાઈને સારવાર માટે ગીરગઢડા સરકારી હોસ્પીટલે ખસેડાયેલ છે. આ બાબતે મૃતકના ભાઈએ અજાણ્યો ટ્રેક્ટર ચાલક વિરૂદ્ધ ગીરગઢડા પોલીસમાં ફરીયાદ નોધાવતા પોલીસે આગળની વધુ તપાસ હાથ ધરેલ છે.

ધાર્મિક કાર્યક્રમ

નાપાવાંટામાં સાદગીથી સંદલશરીફ ઉજવાશે

તા.૧૩/૩/૨૦૨૧ શનિવારના દિવસે નાપાવાંટા તા.બોરસદ ખાતે હઝરત પીરે તરીકત સૈયદ હાજી મોહમ્મદ હુસેન ઉર્ફે સરવરશાહ બાવાનો ૧૭મો સંદલ શરીફ કોરોનાના લીધે સરકારી ગાઈડલાઈન મુજબ સાદગીથી ઉજવવામાં આવશે એમ પીરે તરીકત હઝરત સૈયદ હાજી ઝફર અહેમદ ઉર્ફે મસ્તાન બાવાએ જણાવેલ છે. આ પ્રસંગે પીરે તરીકત હઝરત શકીલ અહેમદ ઉર્ફે અકીલશાહ કાદરી તેમજ સૈયદ તોફીક અલી બાપુ ઉપસ્થિત રહેશે. નિયાઝ મહામારીને લીધે મોકૂફ રાખેલ છે.

કોલસા કૌભાંડની તપાસ કરવા માટે બંગાળની સંમતિની જરૂર નથી : CBIની સુપ્રીમ કોર્ટમાં રજૂઆત

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

સીબીઆઈએ સુપ્રીમ કોર્ટમાં રજૂઆત કરી હતી કે, બંગાળમાં કોલસા કૌભાંડની તપાસ કરવા માટે અમને બંગાળ સરકારની પરવાનગીની જરૂર નથી. સુપ્રીમ કોર્ટ તપાસના વિરોધમાં દાખલ થયેલ અરજીની સુનાવણી કરી રહી હતી. જેમાં જણાવ્યું હતું કે, ચૂંટણીને ધ્યાનમાં રાખી તપાસ કરાઈ રહી છે. એજન્સીએ આ પહેલાં મમતા બેનરજીના ભત્રીજા અભિષેક બેનરજીની પત્ની રૂજીરા બેનરજીની આ કેસ સંદર્ભે પૂછપરછ કરી હતી.

સીબીઆઈએ સોગંદનામામાં જણાવ્યું હતું કે, અમને વિજિલન્સ કમિશનનો આદેશ માનવો અનિવાર્ય છે. કમિશનને કોર્ટે આદેશ આપ્યો હતો જેના પગલે કમિશને અમને તપાસ કરવા આદેશ આપ્યો છે. આ ગુનો રેલવેના નિયંત્રણ હેઠળ આવતા વિસ્તારમાં બનેલ છે એ માટે બંગાળ દ્વારા પરવાનગી મેળવવાનો પ્રશ્ન જ નથી. એજન્સીએ જણાવ્યું કે, આ પહેલાં યુપી સરકારે પણ આ જ પ્રકારના ગેરકાયદેસર કોલસા ખનનના કેસની તપાસ કરવા અમને જણાવ્યું હતું. સીબીઆઈએ જણાવ્યું કે, જાહેર ક્ષેત્રના અધિકારીઓ ખાનગી લોકો સાથે મળી ગેરકાયદેસર કોલસાનું ખનન કાર્ય કરાવે છે. આવા ગુનાઓ કેટલાક અન્ય રાજ્યોમાં પણ બન્યા છે. અમને કેન્દ્ર સરકારના અધિકારીઓની તપાસ કરવાનો અધિકાર છે એના માટે રાજ્ય સરકારની પરવાનગી મેળવવાની જરૂર નથી.

સુપ્રીમ કોર્ટે એક અરજી સંદર્ભે એજન્સીને નોટિસ મોકલાવી હતી. જે અરજી હાઈકોર્ટના આદેશને પડકારતી હતી. હાઈકોર્ટે એજન્સીને તપાસ ચાલુ રાખવા આદેશ આપ્યો હતો જે આદેશને એક આરોપી અનુપ માજીએ પડકાર્યો હતો.

રાજ્ય સરકાર આરોપીઓને છાવરી રહી છે. જેના માટે નવેમ્બર ૨૦૧૮માં એમણે સીબીઆઈને તપાસ કરવા આપેલ અગાઉની પરવાનગી રદ કરી હતી અને આગળ તપાસ કરવા રાજ્ય સરકારની મંજૂરી લેવા સીબીઆઈને કહ્યું હતું.

૯૯.૯૮ પર્સન્ટાઈલથી સંતોષ નહીં થતાં ઉત્તરપ્રદેશની ટોપર JEE મેઈનની પરીક્ષા ફરી વખત આપશે

કંઈક બનવાની ધગશ હોય તો વ્યક્તિ તનતોડ મહેનત પણ કરી જાણે છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

જેઈઈ મેઈન્સમાં ઉત્તરપ્રદેશની ટોપર પલ અગ્રવાલ ૧૦૦ પર્સન્ટાઈલ લાવવાના લક્ષ્ય સાથે એપ્રિલમાં ફરી એક વખત પરીક્ષા આપશે. ગાઝિયાબાદની પલ અગ્રવાલે ફેબ્રુઆરી ૨૦૨૧માં યોજાયેલી પરીક્ષામાં ૯૯.૯૮ પર્સેન્ટાઈલ મેળવ્યા હતા. અને સમગ્ર દેશમાં મહિલા ઉમેદવારોમાં ચોથા સ્થાને હતી. સાથે ઉત્તરપ્રદેશમાં તે ટોચના સ્થાને હતી. ૧૭ વર્ષીય પલે જણાવ્યું હતું કે તે ફરી એક વખત આ પરીક્ષા માટે તૈયારી કરશે. જે અભ્યાસક્રમમાં તે કમજોર છે તેને સુધારવાના પ્રયાસો કરશે. આ વખતે ૧૦૦ પર્સેન્ટાઈલ મેળવનારાઓમાં કોઈપણ છોકરી નથી. પલ આ ક્રમને બદલવા માગે છે. ફેબ્રુઆરીમાં યોજાયેલી પરીક્ષામાં દેશભરમાંથી ૬.૨ લાખ લોકોએ પરીક્ષા આપી હતી. જેમાં

૧.૮૭ લાખ છોકરીઓ હતી. કિશોર વૈજ્ઞાનિક પ્રોત્સાહન યોજના પરીક્ષા પાસ કર્યા બાદ આઈઆઈએસસી, બેંગ્લુરૂમાં ઉમેદવારી મેળવનારી પલ જેઈઈ એડવાન્સ પણ પાસ કરવા માગે છે. પલ અવકાશ વિજ્ઞાનમાં કારકીર્દી બનાવવા માગે છે. પલે જણાવ્યું હતું કે, હું બાળપણમાં આકાશમાં તારાઓને જોયા કરતી હતી. હું અવકાશ વિજ્ઞાનમાં પોતાની કારકિર્દી ઘડવા ઈચ્છું છું. મને આઈઆઈએસસી બેંગ્લુરૂમાં આ દિશામાં આગળ વધવું સારૂં લાગશે. સાથે હું આઈઆઈએમ-બોમ્બેથી એરોનોટિકલ એન્જિન્યરિંગ કરવા પર પણ વિચાર કરી રહી છું.

વિદ્યાથી કાર્યકર્તાઓએ દિલ્હી પોલીસને ABVP દ્વારા હુમલો કરાયા હોવાની ફરિયાદ કરી

મહિલા દિવસ પર ભગતસિંહ છાત્ર એકતા મંચ દ્વારા દિલ્હી યુનિવર્સિટીમાં કાર્યક્રમનું આયોજન કર્યું હતું, જેના પર કથિત રીતે એબીવીપીના વિદ્યાર્થીઓ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

વિદ્યાર્થી નેતા રાજવીર કૌરે કહ્યું કે, "તેઓ યુનિવર્સિટીઓ ખોલવા દેતા નથી કારણ કે ત્યારબાદ વિદ્યાર્થી કાર્યકરો ફરી એક વખત અત્યાચાર અંગે સવાલ ઉઠાવશે અને આ મુદ્દો ફરીથી ઉઠાવશે." ભગતસિંહ છાત્ર એકતા મંચ દ્વારા દિલ્હી યુનિવર્સિટીમાં જાહેર સભાના એક દિવસ પછી જમણેરી ગ્રુપ સંઘ(આરએસએસ), તેમજ ભારતીય જનતા પાર્ટી (ભાજપ) સાથે જોડાયેલા વિદ્યાર્થી સંગઠનના અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ(એબીવીપી)ના સભ્યો દ્વારા કથિત રૂપે, તેણે આઠમી માર્ચે બનેલી ઘટના અંગે મૌરિસ મ્યુનિસિપલ પોલીસ સ્ટેશનમાં ઓપચારિક ફરિયાદ નોંધાવી છે. કૌરે આરોપ લગાવ્યો છે કે એબીવીપી દ્વારા મહિલા દિન નિમિત્તે ૮ માર્ચે બનેલી ઘટના અવરોધિત કરવામાં આવી હતી અને શિવાંગી ખરવાલ (ડયુએસયુ સંયુક્ત સચિવ) નામ લીધું હતું, કૌરે સ્થળ પર પોસ્ટરો ફાડી નાખવાનો આરોપ લગાવ્યો હતો. કૌરના જણાવ્યા મુજબ, એબીવીપીના સભ્યોએ ત્યાં ભેગા થયેલા વિદ્યાર્થીઓને "દેશદ્રોહી અને આતંકવાદી" ગણાવ્યા હોવાના આક્ષેપ કર્યા હતા. તેણે પોતાની પોલીસ ફરિયાદમાં વિગતવાર જણાવ્યું છે કે, આ ઝઘડામાં પકડાયેલા કેટલાક વિદ્યાર્થીઓને કથિત રીતે એબીવીપીના સભ્યો અને કથિત મહેમાન સ્પીકર નદીપ કૌર (લેબર રાઈટ્સ એક્ટિવિસ્ટ, અને રાજવીરની બહેન) ઘાયલ થયા હતા. રાજવીરના આક્ષેપો મુજબ શિવાંગી ખરવાલના ચહેરા પર હુમલો કરવામાં આવ્યો અને તેના ચશ્મા તોડી નાખ્યા. એડવોકેટ વસુ કુકરેજા કહેતા હતા તેમ અન્ય વિદ્યાર્થીઓ પણ ઘાયલ થયા હોવાનું તેણી કહે છે. ઈજાગ્રસ્ત થયેલા મોટાભાગના વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે તેઓનો પીછા કરીને તેમના કપડાંઓ ફાડવામાં આવ્યા હતા.

હિમાચલમાં રોડ અકસ્માત, ખીણમાં બસ પડતાં આઠ લોકોનાં મોત

(એજન્સી) ચંબા, તા.૧૦

હિમાચલ પ્રદેશનાં ચંબા જિલ્લામાં એક મોટો માર્ગ અકસ્માત થયો છે. અહી એક ખાનગી બસ અકસ્માતમાં આઠ લોકોનાં મોત નીપજ્યાં છે. પોલીસે આઠ મૃતદેહો બહાર કાઢ્યા છે. વળી ૧૦ લોકો ઘાયલ થયા હોવાનુ સામે આવી રહ્યુ છે. મળતી માહિતી મુજબ, ચંબાનાં તીસામાં કોલોની વળાંકની નજીક એક દુઃખદ બસ અકસ્માત સર્જાયો હતો.ખાનગી બસમાં ૨૦-૨૫ લોકો સવાર હતા.આ ખાનગી બસ બુંદેડીથી ચંબા તરફ આવી રહી હતી જ્યારે તે વળાંકથી નીચે પટકાઈ ગઈ હતી. પોલીસ પ્રશાસન ઘાયલોને બહાર કાઢવામાં વ્યસ્ત છે. ઈજાગ્રસ્તોને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડાયા છે અને હજી સુધી આઠ મૃતદેહોને બહાર કાઢવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ બુધવારે સવારે દસ વાગ્યે તીસાનાં વળાંક પર બસ અનિયંત્રિત થઈને ખાડામાં પડી ગઈ હતી. બસમાં લગભગ ૨૦ લોકો સવાર હતા. કોલેજનાં વિદ્યાર્થીઓ પણ આ બસમાં સવાર હતા. અકસ્માત એટલો ભયાનક હતો કે બસનાં ટૂકડા થઈ ગયા હતા. બસની છત અને સીટો અલગ થઈ ગઈ હતી. અકસ્માત બાદ સ્થાનિક લોકો ઘટના સ્થળે પહોંચ્યા હતા અને પોલીસને આ બાબતની જાણ કરી હતી.મુખ્યમંત્રી જયરામ ઠાકુરે અકસ્માત અંગે દુઃખ વ્યક્ત કર્યું છે. મુખ્યમંત્રીએ કહ્યું કે, આ દુર્ઘટનામાં મૃતકનાં પરિવારને ચાર લાખ રૂપિયાની આર્થિક સહાય આપવામાં આવશે. આ સિવાય ઈજાગ્રસ્તોને તમામ શક્ય સહાય પણ આપવામાં આવશે.

જમ્મુ અને કાશ્મીરમાં 'PIA' લખેલા વિમાનના આકારવાળું બલૂન જપ્ત કરાયું; ઈન્ટરનેટ પર રમુજી પ્રતિક્રિયા

(એજન્સી) જમ્મુ-કાશ્મીર, તા.૧૦

જમ્મુ અને કાશ્મીરમાં મંગળવારે એક વિમાનના આકારવાળું બલૂન જેના પર 'પીઆઈએ' લખાયેલું હતું, તે હિરાનગર ક્ષેત્રના સોત્રા ચાક ગામમાં ઉતરી આવ્યું હતું. મંગળવારે સાંજે સોશિયલ મીડિયા પર આ બલૂનની તસવીરો વાયરલ થઈ હતી. 'પીઆઈએ'નું અર્થ 'પાકિસ્તાન ઈન્ટરનેશનલ એરલાઈન્સ' થાય છે અને આ બલૂનને વિમાન જેવો જ આકાર આપવામાં આવ્યો હતો જેના પર બારીઓ અને દરવાજા પેઈન્ટ કરવામાં આવેલા હતા. જમ્મુ-કાશ્મીર પોલીસે આ સફેદ અને લીલા રંગના બલૂનને પકડી પાડ્યું હતું. આ બલૂનની તસવીર ઈન્ટરનેટ પર વાયરલ થઈ ગઈ છે. વાયરલ થયા પછી સોશિયલ મીડિયા યુઝર્સે તેમની

પ્રતિક્રિયા અને મંતવ્યોને ટિપ્પણી વિભાગમાં પોસ્ટ કરી હતી. સોત્રા ચાક ગામના સ્થાનિકોએ આ બલૂન મળી આવ્યા પછી પોલીસને જાણ કરી હતી. રાજબાગ પોલીસની ટીમ માહિતી મળતાની સાથે જ સ્થળ પર પહોંચી ગઈ હતી અને બલૂનને જપ્ત કર્યું હતું. હાલમાં મામલો પોલીસની તપાસ હેઠળ છે.

ભારત ચીન, પાકિસ્તાનનો સામનો કરવા પ્રથમ વખત અમેરિકા પાસેથી ૩ બિલિયન ડોલરના આર્મ્ડ ડ્રોન ખરીદશે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

પાડોશી દેશો ચીન અને પાકિસ્તાન સાથે સતત તંગદિલી રહેવાથી ભારત પોતાની સમુદ્રી અને જમીની સુરક્ષા વધારવા માટે અમેરિકા પાસેથી ૩૦ આર્મ્ડ ડ્રોનની ખરીદી કરશે. મંત્રાલયના એક અધિકારીએ માહિતી આપી હતી. અધિકારીએ જણાવ્યું હતું કે, ભારત સેન ડીગો આધારિત જનરલ એટોમિક્સ પાસેથી ૩ બિલિયન ડોલરના મૂલ્યના ૩૦ એમક્યુ-૯બી ડ્રોન ખરીદશે. આ સોદાથી ભારતની લશ્કરી તાકાત વધશે કારણ કે, આજ સુધી ભારત ડ્રોનનો ઉપયોગ ફક્ત નિગરાની માટે જ કરી રહ્યું હતું.

ભારત સંરક્ષણ ક્ષેત્રે અમેરિકાનો મહત્ત્વપૂર્ણ ભાગીદાર છે ખાસ કરીને ચીનનો સામનો કરવા માટે બંનેને એક બીજાની જરૂર છે. ચીન હિંદ મહાસાગર અને દક્ષિણ-પૂર્વ એશિયાના કેટલાક વિસ્તારોમાં પોતાનું પ્રભુત્વ વધારી રહ્યું છે જેને અટકાવવો અનિવાર્ય છે. મોદી સરકારે પોતાના શાસન કાળમાં સૈન્ય શક્તિ વધારવા ૨૫૦ બિલિયન ડોલરનું રોકાણ કર્યું છે.

જો કે, આ સોદા બાબત સેન ડીગો આધારિત જનરલ એટોમિક્સ અને ભારતીય રક્ષા મંત્રાલયે કોઈ પણ માહિતી આપવાનો ઈનકાર કર્યો હતો.

એમક્યુ-૯બી ડ્રોન સતત ૪૮ કલાક સુધી ઉડી શકે છે અને ૧૭૦૦ કિલોગ્રામ વજન વહન કરી શકે છે. એના લીધે નેવીની ચીન ઉપર હિંદ મહાસાગર અને દક્ષિણ-પૂર્વ એશિયાના કેટલાક વિસ્તારોમાં નિગરાની કરવાની ક્ષમતા વધશે.

કિસાન આંદોલનને કારણે ભાજપને હવે ચૂંટણીમાં પરિણામો ભોગવવા પડશે : દર્શન પાલ

ધ ક્વિન્ટ સાથે કિસાન આંદોલનને લગતા વિવિધ મુદ્દાઓ પર સંયુક્ત કિસાન મોરચના નેતા ડો. દર્શન પાલ સાથે વાતચીત

(એજન્સી) તા.૧૦

વિવાદાસ્પદ કૃષિ કાયદાઓ સામે કિસાનોના આંદોલનને હવે ત્રણ મહિના કરતા વધુ સમય પૂરા થયાં છે ત્યારે ધ ક્વિન્ટ દ્વારા સંયુક્ત કિસાન મોરચાના નેતા દર્શન પાલ સાથે કિસાન ચળવળનો ભાવિ કાર્યક્રમ, ભારતીય કિસાન સંઘના નેતા રાકેશ ટીકૈતની ભૂમિકા, ૨૬,જાન્યુ.ની ઘટનાઓ અને કિસાનોના વિરોધના ચૂંટણીકીય પરિણામો સહિતના વિવિધ મુદ્દાઓ પર વાતચીત કરવામાં આવી હતી. ડો. દર્શન પાલે ધ ક્વિન્ટને જણાવ્યું હતું કે કિસાન સંઘના નેતાઓ અને દેખાવકારો લાંબી લડત લડવા માટે તૈયાર છે અને જે લોકો એવું માનતા હોય કે કાયદાઓ સ્થગિત કરવામાં આવે તે પહેલા વિરોધ સમેટાઈ જશે તો તેમની માન્યતા ભુલભરેલી છે. અમે જ્યારે આંદોલન શરૂ કર્યુ હતું ત્યારે અમે જાણતાં હતાં કે આ આંદોલન લાંબું ચાલશે. આ ઉપરાંત લણણીની મોસમને કારણે ખેડૂતો પણ પોતાના કામ સાથે વ્યસ્ત છે. સાથો સાથ સમાજના અન્ય વર્ગો પણ વિશાળ સંખ્યામાં કિસાનો સાથે જોડાઈ રહ્યાં છે. તેમણે ઉમેર્યુ હતું કે આ ચળવળ સફળ જશે એવો અમોને વિશ્વાસ છે. મને વિશ્વાસ છે કે સમાજના અન્ય વર્ગોની મદદથી અમારું આંદોલન સફળ રહેશે. મહા પંચાયત અંગે વાત કરતાં ડો. દર્શન પાલે જણાવ્યું હતું કે હવે કિસાન ચળવળને અખિલ ભારતીય સ્તરે સમર્થન પ્રાપ્ત થઈ રહ્યું છે અને ૨૬,જાન્યુ. બાદ લોકો દેખાવોથી થોડા અળગા થયા હોવા છતાં હવે ઘણા લોકો પ્રચંડ બહુમતી સાથે તેમને સમર્થન આપશે. ૨૬, જાન્યુ.ના ઘટનાક્રમને જોતાં અમારી ચળવળને મોટો ફટકો પડ્યો હતો. અમે બેકફૂટ પર મૂકાઈ ગયાં હતાં અને ઘણા લોકો કિસાન આંદોલનથી બેચેન હતા. ખાસ કરીને અમે જોયું છે કે પંજાબ, હરિયાણા અને ઉત્તરાખંડમાં ઘણા લોકો આંદોલનથી વિમુખ થઈ ગયાં છે પરંતુ ફરીથી અમે ૨૮,જાન્યુ.થી જોયું કે આ જ રાજ્યના લોકો વિરોધ સ્થળે પરત આવી રહ્યાં છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે રાષ્ટ્રીય પાટનગરની સરહદે હાલ દેખાવો કરી રહેલા કિસાનોની સંખ્યા આ ચળવળને ટકાવી રાખવા માટે પર્યાપ્ત છે. કિસાન આંદોલનના કારણે ભાજપને ચૂંટણીમાં પરિણામોનો સામનો કરવો પડશે એવું ડો. દર્શન પાલે ધ ક્વિન્ટ સાથેની વાતચીતમાં જણાવ્યું હતું. ભારતીય કિસાન સંઘના નેતા રાકેશ ટીકૈતની ભૂમિકા અંગે ડો. પાલે એવો મત વ્યક્ત કર્યો હતો કે ટીકૈતની ભૂમિકાને મીડિયા દ્વારા વધુ પડતી અતિશયોક્તિ કરવામાં આવી છે.

'ટ્વિટ્સે શીખો, ખેડૂતોને બદનામ કર્યા' : દિલ્હીની કોર્ટમાં કંગના રાણાવત વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરવાની અરજી, પોલીસને નોટિસ જારી કરાઈ

(એજન્સી) નવી દિલ્હી, તા. ૧૦

શીખ સમુદાય વિરૂદ્ધ નફરત ફેલાવવા બદલ બોલિવૂડ અભિનેત્રી કંગના રનૌટ વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરવાની માગ કરતી અરજીમાં બુધવારે દિલ્હીની હાઈકોર્ટે દિલ્હી પોલીસ તરફથી સ્ટેટસ રિપોર્ટ માગ્યો છે. દિલ્હી શીખ ગુરૂદ્વારા મેનેજમેન્ટ કમિટીના પ્રમુખ મનિન્દરસિંહ સિરસા દ્વારા કરાયેલી અરજીમાં પટિયાલા હાઉસ કોર્ટના મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ અમરદીપ કૌર દ્વારા આ રિપોર્ટ મગાયો છે. સિરસાએ કોમી અસંવાદિતા, દુશ્મની અને નફરતની લાગણી ફેલાવવા, રાષ્ટ્રીય તાણાવાણાને વિખેરવા, જાણીજોઈને ઉશ્કેરણી કરવા, કોઈપણ રીતે ધાર્મિક માન્યતાઓનું અપમાન કરીને ધાર્મિક લાગણીઓ દુભાવવી, કોમ્પ્યુટર અંગેના ગુના હેઠળ ફરિયાદ દાખલ કરવાની માગ કરી છે. તેની ફરિયાદમાં સિરસાએ ભારપૂર્વક કહ્યું હતું કે, રનૌટના ટ્વિટ્સ તાજેતરમાં પસાર કરાયેલા ત્રણ કૃષિ કાયદાઓનો વિરોધ કરી રહેલા કિસાનો સાથે શીખ સમુદાયને બદનામ કરવાના લક્ષ્યાંક સાથે કૃત્ય કર્યું છે. કંગના વિરૂદ્ધ ઈન્ફોર્મેશન ટેકનોલોજીનો ગુનો નોંધવા પણ માગ કરવામાં આવી છે. તાજેતરના ટ્વિટ્સમાં કંગનાએ શાંતિપૂર્ણ રીતે પ્રદર્શન કરતાં કિસાનોને બદનામ કરવા માટે તેમને ખાલિસ્તાની ગણાવ્યા હતા અને સમગ્ર દેશના હજારો કિસાનોની લાગણીઓને દુભાવી હતી જેઓ મહેનત કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. કંગનાએ એક ૧૦૦ વર્ષના મહિલાએ પ્રદર્શનોમાં ભાગ લેતાં તેમને ૧૦૦ રૂપિયા માટે આવ્યા હોવાનું રટણ કર્યું હતું અને દેખાવકારોને આતંકવાદી ગણાવ્યા હતા. આ સાથે જ તેણે ખેડૂતોને ખાલિસ્તાની આતંકવાદી તથા બિરયાની ગેંગ સાથે સરખાવ્યા હતા. તેણે સમગ્ર વિશ્વમાં ભારતીય કિસાનોની છબિ ખરડી હતી.

અમેરિકામાં જેલો, હોસ્પિટલો અને ટેસ્લાના હજારો સિક્યોરિટી કેમેરા હેક

જે કંપનીઓના CCTV ફૂટેજ ઉઘાડાં થયા છે તેમાં ટેસ્લા કંપની અને સોફ્ટવેર પ્રોવાઈડર ક્લાઉડફેર ઈનકોર્પોરેશનનો સમાવેશ

(એજન્સી) વોશિંગ્ટન, તા.૧૦

અમેરિકામાં હેકર્સના એક ગ્રુપ દ્વારા સિલિકોન વેલી ખાતે આવેલી વેરકાડા નામની કંપનીના સિક્યુરિટી કેમેરાના ડેટા હેક કરી લેવામાં આવ્યા છે. આ હેકિંગના કારણે કંપની દ્વારા હોસ્પિટલો, કંપનીઓ, પોલીસ વિભાગ, જેલ તેમજ સ્કૂલોમાં લગાવાયેલા દોઢ લાખ જેટલા કેમેરાની લાઈવ ફિડ હેકરો સુધી પહોંચી ગઈ છે.

આ પૈકીના ઘણા કેમેરા ચહેરો ઓળખવા માટેની ટેકનોલોજીથી સજ્જ છે અને તેનો ડેટા પણ હેકર્સના હાથમાં પહોંચી ચૂક્યો છે. હેકર્સનો દાવો છે કે, અમારી પાસે વેરકાડાના તમામ ગ્રાહકોના વીડિયો આર્કાઈવ્સ પણ આવી ચૂક્યા છે. કંપનીના ગ્રાહકોમાં ટેસ્લા અને બીજી જાણીતી કંપનીઓ સામેલ છે. હેકર્સે પુરાવારૂપે ટેસ્લા કંપનીનો એક વીડિયો પણ શેર કર્યો છે. હેકર્સનો દાવો છે કે, અમે કેમેરા એટલા માટે હેક કર્યા છે કે, લોકોને ખબર પડે કે કઈ હદે કંપનીઓમાં નજર રાખવામાં આવે છે અને સાથે-સાથે આ સિસ્ટમ અમે બ્રેક પણ કરી શકીએ છીએ. બીજા એક વીડિયોમાં ટેસ્લા કંપનીમાં શાંઘાઈમાં કામદારો કેવી રીતે એસેમ્બલી લાઈનમાં કામ કરે છે, તે દેખાડ્યું છે. હેકર્સે દાવો કર્યો છે કે, તેમણે ૨૨૨ કેમેરા ટેસ્લા ફેક્ટરી અને વેર હાઉસમાંથી હેક કર્યા છે. આ ડેટા ઈન્ટરેશનલ હેકર્સે સાથે મળીને ચોરી લીધો છે. તેમણે કહ્યું છે કે, વીડિયો સર્વેલન્સ કેવી રીતે કામ કરે છે અને સિસ્ટમને કેવી રીતે સરળ બનાવી શકાય તે હેતુથી અમે આ કામ કર્યું છે. તિલી કોટ્ટમાન્ન નામના એક હેકર્સે દાવો કર્યો છે કે, કેલિફોર્નિયા સ્થિત વેરકાડાની સાન માતેયો કંપનીનો ડેટા તેણે હેક કર્યો છે. અગાઉ તેણે ઈન્ટેલ ઈનકોર્પ, કારમેકર નિસામ મોટર કંપનીનો ડેટા પણ હેક કર્યાનો દાવો કર્યો હતો. હેકર્સે દાવો કર્યો હતો કે, તેમનો આશય માહિતી માટેની આઝાદીનો પણ છે. ઈન્ટેલેક્યુઅલ પ્રોપર્ટીના તેઓ વિરોધી છે. આ એક મૂડીવાદ વિરોધી પગલું છે. અરાજકતા ફેલાવવાનો સંકેત છે અને અમારા માટે થોડો આનંદ પણ છે, તેમ આ હેકર્સોએ કહ્યું છે. વેરકાડાના પ્રવક્તાએ કહ્યું હતુ કે, તેમણે ઈન્ટરનલ એડમિનિસ્ટ્રેટર એકાઉન્ટને ડિસેબલ કરવાનો પ્રયાસ કર્યો નથી. ટેસ્લા સહિતની કંપનીઓએ પણ પોતાનો ડેટા હેક થયો હોવાનું સ્વીકાર્યું હતું. જો કે, તેના અંગે તાત્કાલિક કોઈ રિસ્પોન્સ આપ્યો નહોતો. એક વીડિયોમાં મેસેચ્યુસેટ્સના સ્ટોનઘટોન પોલીસ સ્ટેશનમાં એક ઓફિસર એક કેદીની હાથકડી સાથે પૂછતાછ કરતો દેખાય છે. હેકર્સે કહ્યું છે કે, તેમણે કનેક્ટીકટની ન્યૂટાઉન સેન્ડી હુક એલિમેન્ટરી સ્કૂલના કેમેરા પણ હેક કર્યા છે. આ સ્કૂલમાં એક ગનમેન ૨૦૧૨માં ૨૦ લોકોને મારી નાખ્યા હતા. હેકર્સે આ ઉપરાંત અલબામાની હટ્સવિલેની મેડિસન કાઉન્ટી જેલના ૩૩૦ સિક્યોરિટી કેમેરા પણ હેક કર્યા છે. બ્લુમબર્ગ દ્વારા દર્શાવાયેલા કેમેરામાં જેલોની અંદરના દ્રશ્યો, કેટલીક ઘટનાઓ, પ્રસંગો અને સ્ટાફનું કેદીઓ સાથેનું વર્તન પણ પકડાઈ ગયું છે. કેટલાક કેસમાં વીડિયો સાથે ઓડિયો પણ તેમણે હેક કરી લીધો હોવાનો દાવો કર્યો છે. કોટ્ટમાન્ને દાવો કર્યો છે કે, તેમના ગ્રુપે કેમેરાના મૂળમાં જઈને જ હેકિંગ કર્યું છે, તેનો અર્થ એ થયો કે, હવે તેઓ આ કેમેરાને તેમના કોડ નાખીને ચલાવી શકે છે.

છ મહિનાની અંદર બીજી ઘટના, ઝારખંડના વિદેશી કેમ્પમાંથી રોહિંગ્યા ફરાર

(એજન્સી) પાકુર, તા.૧૦

ઝારખંડના હઝારીબાગ જિલ્લા ખાતે આવેલા વિદેશી કેમ્પમાંથી બે રોહિંગ્યા શખ્સો ફરાર થઈ ગયા હતા. જ્યાં તેમણે તાજેતરમાં દુમકા જેલમાં ગેરકાયદે પાસપોર્ટ વગર ભારતમાં પ્રવેશવા માટે ત્રણ વર્ષની સજા ભોગવવા માટે જેલમાં બંધ કર્યા બાદ વિદેશી કેમ્પમાં રાખવામાં આવ્યા હતા. એક વધુ રોહિંગ્યા સપ્ટેમ્બર ૨૦૨૦માં અહિયાના જ શિબિર માંથી ભાગી ગયો હતો. ત્રણેય અબ્દુલ્લા, જાહીદ હુસૈન અને મોહમ્મદ જાવેદ જેલના દસ્તાવેજ અનુસાર મ્યાનમારના બધા નિવાસી ૨૦૧૬ના રોજ ઝારખંડના સાહિબગંજ જિલ્લાના બરહરવા સ્ટેશન પરથી ધરપકડ કરાવામાં આવી હતી. ૨૦૧૮માં તેઓને બાંગ્લાદેશમાંથી ગેરકાયદે બનાવટી દસ્તાવેજો વગર ભારતમાં પ્રવેશ કરવા માટે ત્રણ વર્ષ માટે જેલની સજા આપવામાં આવી હતી. તેઓને પકડવા માટે પોલીસે તેમના ફોટાઓ સ્ટેશન પર લગાવ્યા છે. ઝારખંડ જેલના મહાનિરીક્ષકે કહ્યું કે, બે મ્યાનમારના નાગરિકો જેલની બારીમાંથી સળિયો તોડીને ભાગી ગયા છે, પોલીસની સુરક્ષામાં ચૂક થઈ છે. જિલ્લાની પોલીસ તેના માટે જવાબદાર છે અમે તેઓને સુરક્ષામાં સુધાર કરવા માટે લખ્યું હતું કારણ કે, પહેલાંથી જ એક વ્યક્તિ એ જગ્યા પરથી ભાગી ગયો હતો.

ખેડૂતો પાસેથી પશુઓનો ગોબર ખરીદવાની યોજના શરૂ કરવામાં આવે : એગ્રિકલ્ચર પેનલે ગૌધન ન્યાય યોજનાની માગ કરી

(એજન્સી) તા.૧૦

કૃષિ અંગેની સ્થાયી સમિતિએ મંગળવારે લોકસભામાં એક અહેવાલ રજૂ કર્યો છે. આમાં સમિતિએ કેન્દ્ર સરકારને ખેડૂતો પાસેથી ગાયનું છાણ ખરીદવાની યોજના શરૂ કરવા જણાવ્યું છે. સમિતિએ અહેવાલમાં છત્તીસગઢ સરકારને ગૌધન ન્યાય યોજનાનો પણ ઉલ્લેખ કર્યો છે. આ યોજના અંતર્ગત ભૂપેશ બર્ધલ સરકાર નિયત ભાવે ખેડૂતો પાસેથી ગાયનું છાણ ખરીદે છે.

આ સહકાર અને ખેડૂત કલ્યાણ ૨૦૨૦-૨૧ શીર્ષક નામના આ અહેવાલમાં જણાવાયું છે 'સમિતિનો મત છે કે ખેડૂતો પાસેથી પશુઓના ગોબર ખરીદવાથી તેમની આવક જ વધશે નહીં અને રોજગારની તકો પણ સર્જાશે, પણ રખડતા પશુઓની સમસ્યાનો સામનો કરવામાં પણ મદદ મળશે.

પ્રાણીઓની સંખ્યા વધારે હોવાને કારણે જૈવિક ખેતીને પ્રોત્સાહન આપવું. અહેવાલમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે સમિતિ ભલામણ કરે છે કે કૃષિ વિભાગ પશુપાલન અને ડેરીંગ વિભાગના સહયોગથી ખેડૂતો પાસેથી ગાયના છાણ ખરીદવાની યોજના શરૂ કરે.

આ જ અહેવાલમાં છત્તીસગઢ ગોધન ન્યાય યોજનાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સરકાર ખેડૂતો પાસેથી ગાયના છાણને બે રૂપિયા પ્રતિ કિલોના દરે ખરીદે છે અને બાયો ખાતર ખાતર બનાવ્યા પછી તેને કિલો દીઠ રૂ.૮ના દરે વેચે છે.

અહેવાલમાં આવી ભલામણો પૂર્વે ભાજપના સાંસદ પર્વતગૌડા ચંદ્રનાગૌડા ગડ્ડીગૌદરની અધ્યક્ષતાવાળી સમિતિએ કૃષિ મંત્રાલયના અધિકારીઓને ખેડૂતો પાસેથી ગોબર ખરીદવાની યોજના શરૂ કરવા જણાવ્યું છે. લોકસભામાં રજૂ કરાયેલા આ અહેવાલમાં કેન્દ્ર સરકાર દ્વારા કૃષિ મંત્રાલયને ફાળવવામાં આવેલી રકમ પરત કરવાનો મુદ્દો પણ ઉઠાવવામાં આવ્યો છે.

અહેવાલમાં જણાવાયું છે કે ૨૦૧૯-૨૦માં, વિભાગે ૩૪,૫૧૭ કરોડ રૂપિયાની સમર્પણ કરી હતી, જ્યારે ૨૦૨૦-૨૧માં આ રકમ ૧૭,૮૪૯ કરોડ રૂપિયા હતી. આ રીતે, મોટા પ્રમાણમાં ભંડોળ છોડવાથી ઘણી યોજનાઓના અમલીકરણ પર ખરાબ અસર પડે છે.

ગુજરાત : ગૌ ઉદ્યોગ સાહસિકે ગાયના પોદળામાંથી હોલીના રંગ બનાવ્યા !

અમદાવાદ, તા.૧૦

ગાયના છાણમાંથી ગણેશની મૂર્તિઓ અને દિવાળી માટેના દીવડાઓ બનાવ્યા પછી, ગૌ ઉદ્યોગ સાહસિક હવે ગાયના પોદળામાંથી બનાવેલા હોળીના રંગો બનાવીને માર્કેટમાં મૂકશે. હોળીનો ઉત્સવ આવી રહ્યો છે ત્યારે, લોકો માટે હવે કુદરતી રીતે બનાવેલા કલર બજારમાં આવી રહ્યા છે. જેમાં ગાયના છાણમાંથી બનેલા કલર, હળદર, બીટરૂટ અને ચેદનમાંથી બનાવેલા રંગોનો સમાવેશ થાય છે. 'ગૌમાય ગુલાલ'ના આ કોન્સેપ્ટને ગૌશાલા સુધી વિકસાવાયો છે અને આ અંગેનો એક વેબીનાર ગૌ સાહસિકો દ્વારા બુધવારે યોજાયો હતો. ગૌમાય ગુલાલ આર્થિક રીતે ટકી શકે તે પ્રકારનું બિઝનેસ મોડેલ વિકસાવવા તરફનો એક પ્રયાસ છે. મિતલ ખેતાની આ પ્રોગ્રામના કન્વીનર અને શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, રાજકોટના પ્રેસિડન્ટ છે. તેમણે કહ્યું કે, ગૌશાળાઓને આર્થિક રીતે સ્વતંત્ર બનાવવા માટે પ્રયાસો જારી છે. છેલ્લા કેટલાક સમયથી ગૌ ઉદ્યોગ સાહસિકો દ્વારા ગૌ પેદાશમાંથી અગરબત્તી પણ બનાવાઈ રહી છે. ગાયના છાણને એકદમ પાઉડર બનાવીને તેમાં અન્ય કુદરતી પદાર્થો નાખવામાં આવે છે. હોળીના રંગની પ્રોસેસમાં થોડો ફેરફાર હોય છે, તેમ કાઉ વોલેન્ટિયર અમરકુમારે જણાવ્યું હતું. રંગ ઉપરાંત ગાયના છાણમાંથી લાકડાની સ્ટીક પણ બનાવાય છે. ગાય દિવસમાં સરેરાશ, ૧૦ કિલો છાણ આપતી હોય છે.

ચીની હેકરોએ અમેરિકાના ૩૦ હજાર સંગઠનો પર નવો સાયબર હુમલો કર્યો

સોલરવિન્ડ્સ પછીના અન્ય મોટા સાયબર એટેકમાં, ચીની હેકરોએ સમગ્ર અમેરિકામાં ઓછામાં ઓછા ૩૦,૦૦૦ સંગઠનોને નિશાન બનાવ્યા છે. આ સંસ્થાઓમાં સરકારી અને વ્યાપારી કંપનીઓનો પણ સમાવેશ થાય છે. હેકરોએ આ કંપનીઓના નેટવર્કને તોડવા માટે માઈક્રોસોફ્ટ એક્સચેન્જ સર્વર સોફ્ટવેરનો ઉપયોગ કર્યો હતો. 'ક્રેબ્સઓનસિક્યુરિટી' અનુસાર, ચાઈના સ્થિત જાસૂસી જૂથે માઈક્રોસોફ્ટ એક્સચેન્જ સર્વર ઈમેઈલ સોફ્ટવેરમાં ચાર નબળાઈઓનો લાભ લીધો હતો. આ નબળાઈઓને લીધે, હેકરોએ તે કંપનીઓના ઈમેઈલ એકાઉન્ટ્સ પર પ્રવેશ મેળવ્યો અને તેઓ મેંલવેર સ્થાપિત કરવામાં પણ સફળ રહ્યા. જો કે માઈક્રોસોફ્ટે ચીન સ્થિત હેકરો વિશે જણાવ્યું હતું, પરંતુ હજારો સંગઠનોને કયા ધોરણે લક્ષ્યાંકિત કરવામાં આવ્યા હતા તે જાહેર કર્યું નથી. આ સાયબર હુમલા અંગે યુ.એસ.ના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારોને માહિતી આપતા બે સાયબર સિક્યુરિટી નિષ્ણાતોએ ક્રેબ્સઓનસ્યોરિટીને જણાવ્યું હતું કે, ચીની હેકિંગ ગ્રૂપે વિશ્વભરમાં હજારો માઈક્રોસોફ્ટ એક્સચેન્જ સર્વરોનું નિયંત્રણ લઈ લીધું છે. એક્સચેંજ સર્વર મુખ્યત્વે વ્યાપારી ક્લાયન્ટો દ્વારા વપરાય છે. નબળાઈઓને ઠીક કરવા માટે માઈક્રોસોફ્ટે અનેક સુરક્ષા અપડેટ્સ પ્રકાશિત કર્યા છે. તેણે તેના ગ્રાહકોને તાત્કાલિક ઈન્સ્ટોલ કરવાની સલાહ પણ આપી છે. આ અઠવાડિયાની શરૂઆતમાં, માઈક્રોસોફ્ટે તેના ગ્રાહકોને નવી ચાઈનીઝ મૂળના સાયબર એટેક વિશે ચેતવણી આપી હતી જે મુખ્યત્વે માઈક્રોસોફ્ટના ઓન-પ્રિમાઈસેસ 'એક્સચેન્જ સર્વર' સોફ્ટવેરને લક્ષ્યમાં રાખે છે. તેનું નામ 'હાફનિયમ' રાખવામાં આવ્યું છે. તે ચીનથી કાર્યરત છે અને ગુપ્ત માહિતી મેળવવાના હેતુથી યુ.એસ. માં ચેપી રોગ સંશોધનકારો, કાયદાની સંસ્થાઓ, ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ, સંરક્ષણ ઠેકેદારો, નીતિ થિંક ટેન્કો અને એનજીઓ પર હુમલો કરી રહી છે. માઈક્રોસોફ્ટના કસ્ટમર સિક્યુરિટી એન્ડ ટ્રસ્ટના કોર્પોરેટ વાઈસ પ્રેસિડેન્ટ ટોમ બર્ટે જણાવ્યું હતું કે હાફનીયમ ચીનમાં સ્થિત છે. તે તેની પ્રવૃત્તિ મુખ્યત્વે યુએસમાં લીઝ્ડ વર્ચ્યુઅલ પ્રાઈવેટ સર્વર (વીપીએન) દ્વારા કરે છે. સોલરવિન્ડ્સ હેકિંગના પરિણામે નવ ફેડરલ એજન્સીઓ અને ૧૦૦ જેટલી ખાનગી ક્ષેત્રની કંપનીઓને લક્ષ્યાંક બનાવવામાં આવી છે.

દિલ્હીના લોકોની સેવા માટે 'રામ રાજ્ય'થી પ્રેરિત થઈ દસ સિદ્ધાંતોનું પાલન કરી રહ્યા છે

ગત દિવાળી પ્રસંગે મીડિયાની હાજરીમાં મંદિરમાં જઈ પૂજા કર્યા બાદ સોફ્ટ હિન્દુત્વ તરફ કેજરીવાલનું વધુ એક પગલું

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે જણાવ્યું હતું કે, તેમની સરકારે દિલ્હીના લોકોની સેવા કરવા માટે 'રામ રાજ્ય'ના દસ સિદ્ધાંતો અપનાવ્યા છે. કેજરીવાલે જણાવ્યું હતું કે, અયોધ્યામાં એક વખત રામ મંદિરનું નિર્માણ કાર્ય પૂર્ણ થઈ ગયા બાદ તેમની સરકાર વૃદ્ધોને દર્શન માટે ત્યાં મોકલશે. હું ભગવાન રામ અને હનુમાનનો ભક્ત છું. અમે રામ રાજ્યની જેમ સુશાસન માટે દસ સિદ્ધાંતો અપનાવ્યા છે. મુખ્યમંત્રીએ બજેટ સત્ર દરમ્યાન રાજ્યપાલ દ્વારા લાવવામાં આવેલા આભાર પ્રસ્તાવ અંગે પ્રવચન આપતાં ઉક્ત વાત જણાવી હતી. કેજરીવાલે જણાવ્યું હતું કે, આ દસ સિદ્ધાંતોમાં ભોજન, શિક્ષણ, આરોગ્ય સંભાળ, વીજળી, પાણી પુરવઠો, રોજગાર, ઘર, મહિલાઓની સલામતી, વૃદ્ધોને સન્માન સામેલ છે. દિલ્હીમાં કોઈપણ ભૂખ્યા પેટ સૂવું જોઈએ નહીં. ગુણવત્તાસભર શિક્ષણ દરેક બાળકનો અધિકાર છે. કેજરીવાલે જણાવ્યું હતું કે, ગરીબ કે અમીર કોઈ પણ હોય તમામ લોકોને સમાન આરોગ્ય સુવિધા મળવી જોઈએ. અમે સરકારી હોસ્પિટલોમાં સુધાર કર્યો છે. આ દિશામાં કામ કરતાં અમે મહોલ્લા ક્લીનિક સ્થાપી હતી. તેમણે કોરોના સામેની લડતમાં દરેક દિલ્હીવાસીને સામેલ થવાની હાકલ કરી હતી. તેમણે દિલ્હી વિધાનસભાના તમામ સભ્યોને અપીલ કરી હતી કે, તેઓ હોસ્પિટલોમાં જાય, લાઈનમાં ઊભા રહે અને સામાન્ય માનવીની જેમ રસી મૂકાવે.

પાકિસ્તાનને ૧.૬ કરોડ વેક્સિન આપવામાં આવશે !

(એજન્સી) નવી દિલ્હી,તા.૧૦

પાકિસ્તાનમાં ટૂંક સમયમાં જ ભારતમાં બનેલી કોરોના વેક્સીનના ૧.૬ કરોડ ડોઝ સાવ મફતમાં મળશે. પુણેની સીરમ ઈન્સ્ટિટ્યૂટમાં બનાવવામાં આવેલી ઓક્સફર્ડ-એસ્ટ્રાઝેનેકાની કોવિડ-૧૯ રસી ગ્લોબલ એલાયન્સ ફોર વેક્સિન એન્ડ રસીકરણ (ગાવી) દ્વારા પાકિસ્તાનને ઉપલબ્ધ કરવામાં આવશે. જણાવી એ કે આ સંસ્થા ગરીબ દેશોને કોરોના રસી પૂરી પાડવા માટે બનાવવામાં આવી છે. એવી અપેક્ષા છે કે કોરોના રસીનો પ્રથમ જથ્થો માર્ચના મધ્ય સુધીમાં પાકિસ્તાન પહોંચી જશે. જૂન સુધીમાં રસીના ૧.૬ કરોડ ડોઝ પાકિસ્તાન પહોંચવાની શક્યતા છે. ભારત ૬૫ દેશોને કોવિડ-૧૯ રસી પૂરી પાડવામાં આવી રહી છે. ઘણા દેશોને ગ્રાન્ટના આધારે રસી આપવામાં આવી રહી છે, ત્યારે અન્ય દેશો ભારત સરકારે નક્કી કર્યા મૂજબ તેની કિંમત ચૂકવીને રસી લઈ રહ્યા છે. ભારતે શ્રીલંકા, ભૂતાન, માલદીવ, બાંગ્લાદેશ, નેપાળ, મ્યાનમાર અને સેશેલ્સ સહિતના ગ્રાન્ટ-ઈન્એઈડ દેશોમાં લગભગ ૫૬ લાખ કોરોના રસીના ડોઝ પૂરા પાડવામાં આવ્યા છે. ભારતમાં બનેલી કોરોના રસી પૂરી પાડવામાં આવેલા દેશોમાં બાંગ્લાદેશ, મ્યાનમાર, નેપાળ, ભૂતાન, માલદીવ, મોરેશિયસ, સેશેલ્સ, શ્રીલંકા, બહેરીન, બ્રાઝિલ, મોરોક્કો, ઓમાન, ઈજિપ્ત, અલ્જીરિયા, દક્ષિણ આફ્રિકા, કુવૈત, સંયુક્ત આરબ અમીરાત, અફઘાનિસ્તાન, બારબાડોસ, ડોમિનિકા, મેક્સિકો, ડોમિનિકન રિપબ્લિક, સાઉદી અરેબિયા, અલ સાલ્વાડોર, આર્જેન્ટીના, સર્બિયા, મંગોલિયા, યુક્રેન, ઘાના, આઈવરી કોસ્ટ, સેન્ટ લુસિયા, સેન્ટ કિટ્સ એન્ડ નેવિસ, સેન્ટ વિન્સેન્ટ અને ગ્રેનેડાઈસ, સૂનીનામ, એંટીગુઆ અને બાર્બુડા, ડીઆર કોંગો, અંગોલા, ગામ્બિયા, નાઈજીરિયા, કંબોડિયા, કેન્યા, લેસોથો, રવાન્ડા, સાઓ ટોમ એન્ડ પ્રિન્સિપી, સેનેગલ, ગ્વાટેમાલા, કેનેડા, માલી, સુદાન, લાઈબેરિયા, મલાવી, યુગાન્ડા, ગુયાના, જમૈકા, યુનાઈટેડ કિંગડમ, ટોગો, જિબુટી, સોમાલિયા, સેરા લિયોન, બેલીઝ, બસ્તાવાના, બસ્તોવાના, મોઝામ્બિક, ઈથોપિયા અને તાજિકિસ્તાનનો સમાવેશ થાય છે.

પારદર્શક અને ભ્રષ્ટાચારમુક્ત શાસનના દાવા કરતી સરકાર ગરીબી અટકાવી ના શકતાં ગરીબોનો થઈ રહેલો વધારો !

વાયબ્રન્ટ ગુજરાતમાં વિકાસના દાવા વચ્ચે દોઢ કરોડથી વધુ લોકો ગરીબી રેખા હેઠળ !

● એક વર્ષ કરતાં ઓછા સમયમાં ૫૦ હજાર જેટલા પરિવારોનો ગરીબી રેખા હેઠળ વધારો થયો ● રાજ્યમાં ૩૧.૪૧ લાખ પરિવારો ગરીબી રેખા હેઠળ જીવન જીવી રહ્યા છે !

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૦

વાયબ્રન્ટ ગુજરાતના નામે દેશ-વિદેશના મોટા પાયે રોકાણો મેળવવા સાથે વિકાસમાં અગ્રેસર હોવાની અને પારદર્શક ભ્રષ્ટાચાર મુક્ત શાસનની વારેઘડિયે વાતો કરતી ગુજરાતની ભાજપ સરકારના ૨૫ વર્ષના શાસનમાં રાજ્યમાં ગરીબો ઘટવાને બદલે વધી રહ્યા હોવાનું ચિત્ર બહાર આવ્યું છે. રાજ્યમાં ૫૦ હજાર જેટલા ગરીબ પરિવારોનો ગત વર્ષ કરતાં વધારો થવા પામ્યો છે. સરકારી દફતરેથી જ બહાર આવેલ વિગતોમાંથી ગરીબોની સ્થિતિનો ચિતાર રજૂ થયો છે, જે મુજબ રાજ્યની ત્રીજા ભાગ જેટલી વસ્તી ગરીબી રેખાની નીચે જીવી રહી છે. રાજ્યમાંની સ્થિતિ મુજબ કુલ ૩૧.૪૧ લાખ પરિવારો ગરીબી રેખાની નીચે જીવન જીવી રહ્યા છે. વિધાનસભામાં વિપક્ષ કોંગ્રેસના ધારાસભ્યો દ્વારા પૂછવામાં આવેલ પ્રશ્નોના જવાબમાં સરકારના મંત્રીએ લેખિતમાં આપેલી વિગતો મુજબ રાજ્યમાં ૩૧ લાખ ૪૧ હજાર ૨૩૧ પરિવારો ગરીબી રેખા હેઠળ છે. રાજ્ય સરકારે ગત તા.૮/૭/૨૦૧૯ના રોજ વિધાનસભામાં આપેલા આંકડા મુજબ રાજ્યમાં ૩૦ લાખ ૯૪ હજાર ૫૮૦ બીપીએલ પરિવારોની સંખ્યા જણાવાઈ હતી એટલે કે હાલમાં ૩૧.૪૧ લાખ પરિવારો થતા એક વર્ષના ટૂંકા સમયગાળામાં રાજ્યભરમાં ૫૦ હજાર જેટલા ગરીબ પરિવારોનો વધારો થયો છે. આ ૩૧.૪૧ લાખ પરિવારોની સંખ્યામાં એક કુટુંબના સરેરાશ ૬ સભ્યો ગણવામાં આવે તો ૧.૮૮ કરોડ લોકો ગરીબી રેખા હેઠળ હોવાનું જણાઈ આવે છે. જે રાજ્યની લગભગ ત્રીજા ભાગની વસ્તી ગરીબી રેખા હેઠળ જીવી રહી હોવાનું દર્શાવે છે. એક કુટુંબના સરેરાશ પાંચ સભ્યો ગણવામાં આવે તો દોઢ કરોડથી પણ વધુ લોકો ગરીબી રેખા હેઠળ જીવી રહ્યા હોવાનું સ્પષ્ટ થાય છે. રાજ્યભરમાં બે વર્ષમાં સૌથી વધુ અમરેલી જિલ્લામાં ૨૪૧૧ પરિવારો અને તે પછી રાજકોટ જિલ્લામાં ૧૫૦૯ પરિવારો ગરીબી રેખા હેઠળ વધવા પામ્યા છે. આમ રાજ્યની છથી સાડા છ કરોડની વસ્તીમાં ગરીબી રેખા હેઠળના લોકોની સંખ્યા અને તેમાં થઈ રહેલો વધારો રાજ્યના વિકાસ અને પ્રગતિની ખરી હકીકત સ્પષ્ટ કરી રહ્યા છે.

પુસ્તકો વગર પુસ્તકાલયો અને ગ્રંથપાલ વિનાના ગ્રંથાલયો ! કેવી રીતે વાંચશે ગુજરાત !

રાજ્યના સરકારી પુસ્તકાલયોમાં માત્ર પાંચ જિલ્લામાં જ ગ્રંથપાલ ! અન્યત્ર જગ્યા ખાલી !

● અન્ય સ્ટાફની પણ ૧૨૯ ભરાયેલ જગ્યા સામે દોઢ ગણી ૧૮૭ જગ્યા ભરાઈ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૦

રાજ્ય સરકાર 'ભણશે ગુજરાત જીતશે ગુજરાત'ના સૂત્રો સાથે વિકાસ કરતું ગુજરાત અગ્રેસરના દાવા કરે છે. ત્યારે રાજ્યમાંની ખરી સ્થિતિ કંઈક વિપરીત જ જોવા મળી રહી છે. સરકાર દ્વારા વિદ્યાર્થીઓ-યુવાનોના જ્ઞાનમાં વધારા સાથે વિવિધ ઉપયોગી પુસ્તકોનો લાભ મળે તે માટે રાજ્યભરમાં પુસ્તકાલયો-લાયબ્રેરી શરૂ કરાઈ છે. પરંતુ ત્યાં પુસ્તકો અને ગ્રંથપાલ સહિતના સ્ટાફના અભાવે કઈ રીતે વાંચશે ગુજરાત ? જેવા પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે.

'ભણશે ગુજરાત'ના સરકારના દાવા સતત પોકળ સાબિત થઈ રહ્યા છે. સરકારે લાયબ્રેરીઓ તો બનાવી દીધી, પરંતુ લાયબ્રેરીમાં પૂરતા પુસ્તકો મૂકવામાં આવ્યા નથી. રાજ્યમાં પુસ્તકો વગર પુસ્તકાલયો, ગ્રંથપાલ વગર ગ્રંથાલયો ચાલી રહ્યા છે. આ ઘટસ્ફોટ ગુજરાત વિધાનસભામાં વિપક્ષે માંગેલી માહિતીના જવાબમાં રૂપાણી સરકારે આપ્યો છે, ગુજરાત રાજ્યમાં ૧૨૧ સરકારી પુસ્તકાલયો-લાયબ્રેરી આવેલા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ પુસ્તકાલયોમાં ગ્રંથપાલની માત્ર ૭ જગ્યાઓ જ ભરાયેલ છે જેની સામે ૨૮ જગ્યાઓ ખાલી છે. જ્યારે કુલ મહેકમ પૈકી ૧૨૭ જગ્યાઓ ભરાયેલ છે જેની સામે ૧૮૭ જગ્યાઓ ખાલી છે. પોરબંદર, બોટાદ અને મોરબી જિલ્લામાં તો એક પણ જગ્યા ભરેલી નથી. આ ઉપરાંત રાજ્યમાં સરકારી પુસ્તકાલયોમાં પૂરતી રકમ ફાળવવા આવતી ન હોવાના આક્ષેપો પણ વિપક્ષ દ્વારા કરાઈ રહ્યા છે. સરકારી પુસ્તકાલયોમાં ગ્રંથપાલની ભરાયેલ જગ્યા સામે ચાર ગણી જગ્યા ખાલી એટલે કે માત્ર પાંચ જિલ્લામાં જ ગ્રંથપાલ છે. બાકી રાજ્યના એકેય જિલ્લામાં ગ્રંથપાલ વિના પુસ્તકાલય ચાલી રહ્યા હોઈ કેવા ચાલતા હશે તેની કલ્પના કરવી રહી ! આ જ સ્થિતિ અન્ય સ્ટાફ (મહેકમ)ની છે જેમાં પણ ભરાયેલ જગ્યા સામે દોઢ ગણી જગ્યા ખાલી છે. અહીં જિલ્લાવાર પુસ્તકાલયોની વાત કરવામાં આવે તો, તાપીમાં ૫, વલસાડમાં ૪, આણંદમાં ૨, પંચમહાલમાં ૨, ગાંધીનગરમાં ૫, રાજકોટમાં ૨, દાહોદમાં ૪, છોટાઉદેપુરમાં ૪, નર્મદામાં ૪, વડોદરામાં ૫, નવસારીમાં ૪, સુરતમાં ૯, દ્વારકામાં ૨, પોરબંદરમાં ૧, ગીર-સોમનાથમાં ૨, બોટાદમાં ૧, ખેડામાં ૧, મહીસાગરમાં ૨, ભરૂચમાં ૭, ડાંગમાં ૨, પાટણમાં ૫, મહેસાણામાં ૫, બનાસકાંઠામાં ૭, કચ્છમાં ૫, અમરેલીમાં ૩, ભાવનગરમાં ૨, જામનગરમાં ૧, મોરબીમાં ૨, જૂનાગઢમાં ૨, અરવલ્લીમાં ૪, સાબરકાંઠામાં ૫, અમદાવાદમાં ૬, સુરેન્દ્રનગરમાં ૬ આમ ગુજરાત રાજ્યમાં કુલ ૧૨૧ પુસ્તકાલયો આવેલા છે.

આઝાદી કા અમૃત મહોત્સવ : વડાપ્રધાન શુક્રવારે અમદાવાદમાં

ગાંધી આશ્રમ ખાતે મોદીની હાજરીમાં રાષ્ટ્રવ્યાપી ઉજવણીનો પ્રારંભ કરાશે

અમદાવાદ, તા.૧૦

ભારતની આઝાદીના ૭૫માં વર્ષે 'આઝાદી કા અમૃત મહોત્સવ' ઉજવણીનો કર્ટેન રેઈઝર કાર્યક્રમ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં સાબરમતી આશ્રમ અમદાવાદ ખાતે ૧૨ માર્ચના રોજ યોજાશે. આ ઉજવણી અંતર્ગત સમગ્ર દેશમાં આગામી ૭૫ અઠવાડિયા દરમિયાન ૭૫ કાર્યક્રમો યોજાશે. તા.૧૨મી માર્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભારતની પહોંચ વૈશ્વિક સ્તરે વધુ વ્યાપક કરવા અને જનભાગીદારીથી રાષ્ટ્રના વિકાસ માટે 'શતાબ્દી સંકલ્પ ૨૦૪૭' લેવડાવશે.

આગામી એક વર્ષ દરમિયાન 'એક ભારત, શ્રેષ્ઠ ભારત', આત્મનિર્ભર ભારત, વિચાર, સિદ્ધિઓ અને ઉકેલ, ભારતનો સમૃદ્ધ સંસ્કૃતિ અને વારસો, સ્વાતંત્ર્ય સેનાનીઓ, આઝાદી ૨.૦ જેવી થીમ પર રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમોનું આયોજન કરાશે. અમદાવાદના મુખ્ય કાર્યક્રમની સાથે દરેક જિલ્લામાં એક કાર્યક્રમ ઉપરાંત કરમસદ, બારડોલી, રાજકોટ, પોરબંદર અને માંડવી ખાતે ભવ્ય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. 'આઝાદી કા અમૃત મહોત્સવ' હેઠળ અમદાવાદ સત્યાગ્રહ આશ્રમથી દાંડી સુધી પ્રતિક દાંડીયાત્રા યોજાશે. આ યાત્રા દરમિયાન દરેક મથકે કૂચ કરનારાઓનું પરંપરાગત સ્વાગત કરવામાં આવશે. આઝાદીના લડવૈયાઓને શ્રદ્ધાંજલિ કાર્યક્રમ, દેશભક્તિ ગીત અને ભજન કાર્યક્રમો, નાટ્ય પ્રસ્તુતિઓ અને જાણિતા વકતાઓ દ્વારા વેબિનાર તથા લેકચર સિરીઝનું આયોજન થશે. રાજ્ય મંત્રીમંડળના મંત્રીઓ સહિતના મહાનુભાવો આ કાર્યક્રમોમાં સહભાગી થવાના છે. ગાંધી આશ્રમ નજીક આવેલા અભય ઘાટ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી સભાને સંબોધન કરવાના હોવાથી એરકંડીશનર ડોમ બનાવવામાં આવ્યો છે. ગાંધી આશ્રમમાં સિક્યોરિટીને ધ્યાને રાખી ત્રણ ડોમ બનાવવામાં આવ્યા છે. આઝાદીની ૭૫મી વર્ષગાંઠની ઉજવણીનો પ્રારંભ પણ થશે, સાથે સાથે, 'આઝાદી કા અમૃત મહોત્સવ'નો પ્રારંભ ૧૨ માર્ચના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હાજરીમાં થશે. સુરક્ષા અને વ્યવસ્થા અંગેનું નિરીક્ષણ કરવા માટે એસપીજીના ત્રણ અધિકારીઓ ગાંધીઆશ્રમની મુલાકાત પણ લીધી હતી. આ કાર્યક્રમ અંતર્ગત પ્રથમ કાર્યક્રમ ૨૧ દિવસની દાંડીયાત્રાનો પણ પીએમ મોદી ફ્લેગ ઓફ કરશે.

અભયઘાટ પરથી વડાપ્રધાન મોદી સભાને સંબોધન કરશે

કોંગ્રેસ ૧૨ માર્ચે ગાંધી આશ્રમથી દાંડીયાત્રા-ખેડૂત-સત્યાગ્રહની શરૂઆત કરશે

દેશમાં આજે અંગ્રેજોના શાસન જેવી સ્થિતિ આઝાદીની બીજી લડાઈની શરૂઆત

યાત્રામાં ખેડૂત વિરોધી કાળા કાયદાનો વિરોધ કરવા ૮૦ ટ્રેક્ટર જોડાશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

મહાત્મા ગાંધીએ સવિનય કાનૂન ભંગની ભૂમિ દાંડીથી અંગ્રેજોની હુકુમત સામે મીઠા સત્યાગ્રહ દ્વારા દેશને ગુલામીમાંથી મુક્ત કરવા રાષ્ટ્રવ્યાપી આંદોલન શરૂ કર્યું હતું. હવે દેશમાં આજે પ્રજાનો અને ખેડૂતોનો અવાજ દબાવવાનો પ્રયાસ કરાઈ રહ્યો છે. આથી ૧૨મી માર્ચે કોંગ્રેસ દ્વારા ગાંધી આશ્રમથી દાંડી સુધી ખેડૂત સત્યાગ્રહ યોજી ૮૦ ટ્રેક્ટર સાથે યાત્રા દાંડી પહોંચશે. ૧૨મી માર્ચના ઐતિહાસીક દિવસે "દાંડીયાત્રા - ખેડૂત સત્યાગ્રહ" અંગે પત્રકાર પરિષદને સંબોધન કરતાં ચાવડાએ જણાવ્યું હતું કે, જેવી સ્થિતિ અંગ્રેજોના સમયમાં હતી એવી જ સ્થિતિ આજે દેશમાં છે તે સમયે અંગ્રેજો સામે 'અસમાનતા', 'શોષણ', 'અત્યાચાર' સહિતના અનેક મુદ્દે 'જન આંદોલન' કરી દેશને ગુલામીમાંથી મુક્ત કરી આઝાદ હિંદુસ્તાનની સ્થાપના કરવામાં આવી. છેલ્લા ઘણા સમયથી ભારત અને રાજ્યના શાસકો ગાંધીજીની વિચારધારાને ખતમ કરી ગોડસેની વિચારધારા થોપવાના પ્રયત્નો થઈ રહ્યા છે. અંગ્રેજોના શાસન દરમિયાન શિક્ષણ મોંઘુ, બેરોજગારી આસમાને અમીર વધુ અમીર અને ગરીબ વધુ ગરીબ, અસમાનતા, અસહિષ્ણુતા, આકરા કરવેરા, આ શાસનની ઓળખ હતી. આજનું શાસન અંગ્રેજોના શાસનને શરમાવે તેવો અત્યાચાર કરી રહ્યા છે. ખેડૂત વિરોધી કાયદા બનાવી માત્ર મુઠ્ઠી ભર લોકોને ફાયદો કરાવવાનું કામ સરકાર કરી રહી છે. ખેડૂત એકલાની લડાઈ નથી પ્રત્યેક ભારતવાસીની લડાઈ છે. સમગ્ર દેશમાં વિચારધારાની લડાઈ ચાલી રહી છે. ગોડસેની વિચારધારાને મજબુત કરવા માટે શાસકો કામ કરતા હોઈ તેવા સમયે વિશ્વને માર્ગદર્શક ગાંધી વિચાર એ સમયની માંગ છે. લોકોનો અવાજ દબાવવાનો પ્રયાસ થઈ રહયો છે. એટલે જ ખેડૂત સત્યાગ્રહ યાત્રા યોજવામાં આવી રહી છે. દાંડી યાત્રામાં જેમ ૮૦ જેટલા સત્યાગ્રહીઓ જોડાયા હતા તેજ રીતે ૮૦ ટ્રેક્ટર પ્રતિકાત્મક સ્વરૂપે આ યાત્રામાં જોડાશે. બીજી આઝાદીની લડાઈની શરૂઆત થઈ છે. ૧૨મી માર્ચ ઐતિહાસિક 'દાંડીયાત્રા' નિમિત્તે યોજાનાર 'ખેડૂત સત્યાગ્રહ'માં ખેડૂત વિરોધી કાળા કાયદાનો વિરોધ કરાશે. 'ખેડૂત સત્યાગ્રહ'માં દિલ્હી ખાતે ૧૦૦ દિવસથી આંદોલન ચાલી રહેલ ખેડૂત સંગઠનના પ્રતિનિધિઓને પણ જોડાવવા માટે આમંત્રિત કરાયા છે. ખેડૂત સત્યાગ્રહમાં સેવાદળ, કિસાન કોંગ્રેસ સહિતના પ્રતિનિધિઓ સમગ્ર યાત્રામાં જોડાશે. સમગ્ર યાત્રા દરમ્યાન ગાંધી વિચારના પ્રચાર-પ્રસાર અને જનજાગૃતિના કાર્યક્રમો યોજાશે.

ભાવનગરમાં મેયર પદ ન મળતાં નગરસેવિકા વર્ષાબા ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યાં

ભાજપ પ્રદેશના પૂર્વ પ્રમુખ જીતુ વાઘાણીના કારણે તેમનું નામ મેયર પદેથી કપાયું હોવાનો આક્ષેપ કર્યો

પ્રથમ અઢી વર્ષ જનરલ મહિલાની સીટ હોવા છતાં બક્ષીપંચના મહિલાને મેયર બનાવાયાં : મીડિયા સમક્ષ હૈયાવરાળ ઠાલવતાં ભાજપમાં હડકંપ મચી ગયો

ભાવનગર, તા.૧૦

ભાવનગર મહાનગર પાલિકાના મેયરની ચૂંટણી આજે સાધારણ સભામાં યોજાઈ હતી જેમાં સર્વાનુમતે મેયરપદે કિર્તીબેન દાણીધારિયાનું નામ ચૂંટાઈ આવતા મેયર તરીકે રેસમાં રહેલા ભાજપના ચૂંટાયેલા નગરસેવિકા વર્ષાબા ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યા હતા. પ્રેસ મીડિયા સમક્ષ તેઓએ રોષ વ્યકત કરતા ભાજપ પ્રદેશના પૂર્વ પ્રમુખ અને ભાવનગરના દક્ષિણ વિસ્તારના કારણે તેમનું નામ મેયરપદેથી કપાયું છે. પ્રથમ અઢી વર્ષ જનરલ મહિલાની સીટ હોવા છતાં બક્ષીપંચના મહિલાને મેયર બનાવાયા છે. તેમણે રોષ પૂર્વક એવી પણ રજૂઆત કરી હતી કે આ અગાઉ જીતુ વાઘાણીએ કીધું હતું કે, આ ચૂંટણીમાં જેની પેનલ તૂટશે તેમને કોઈપણ હોદ્દો કે પદ આપવામાં આવશે નહીં. તેમ છતાં કિર્તીબેન દાણીધારિયાની ચિત્રા-ફૂલસરની પેનલ તૂટી છે આ વોર્ડમાં કોંગ્રેસના એક ઉમેદવાર કાંતિભાઈ ગોહિલ ચૂંટાયા હતા જ્યારે ત્રણ બેઠકો ભાજપને ફાળે આવી હતી. આ વોર્ડમાં ભાજપની પેનલ તૂટી હતી. વર્ષાબાએ રડતા રડતા વધુમાં જણાવ્યું હતું કે, હું ક્ષત્રીય સમાજમાંથી આવું છું તેથી પક્ષ દ્વારા મને અવારનવાર અન્યાય થાય છે. આમ વર્ષાબાએ પ્રેસ મીડિયા સમક્ષ પોતાની હૈયાવરાળ ઠાલવતા ભાજપ પક્ષમાં ભારે હોબાળો મચી ગયો હતો. મહાપાલિકાના પટાંગણમાં પણ આ મુદ્દો ટોક ઓફ ધી ટાઉન બની ગયો હતો. એક તબક્કે વર્ષાબાએ પોતાના હોદ્દા પરથી રાજીનામું આપી દેવાની પણ જાહેરાત કરતા ભાજપ પક્ષમાં દોડધામ મચી જવા પામી હતી. આવનારા દિવસોમાં તેના ઘેરા પડઘા પડશે.

હાર્દિક પટેલની કાયમી રાજ્ય બહાર જવાની અરજી ગુજરાત હાઈકોર્ટે ફગાવી

બે દિવસ અગાઉ સેશન્સ કોર્ટે હાર્દિકને ૧૫ દિવસ માટે રાજ્ય બહાર જવાની મંજૂરી આપી હતી

અમદાવાદ, તા.૧૦

ગુજરાત કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ હાર્દિક પટેલને ગુજરાત હાઈકોર્ટમાંથી મોટો ઝટકો મળ્યો છે. બે દિવસ અગાઉ જ અમદાવાદ સેશન કોર્ટે હાર્દિકને ૧૫ દિવસ માટે ગુજરાત બહાર જવાની મંજૂરી આપી હતી. જો કે, હાર્દિકે કાયમી ગુજરાત બહાર જવાની મંજૂરી માંગી હતી જે અરજીને ગુજરાત હાઈકોર્ટે ફગાવી દીધી છે. હાર્દિક પટેલને રાજ્ય બહાર જવાની પરવાનગી અંગે આજે મોટો ઝટકો મળ્યો છે. હાર્દિક પટેલને હાલમાં રાજ્ય બહાર જવા માટે કોર્ટની પરવાનગી લેવી જરૂરી છે. ત્યારે હાર્દિકે રાજ્ય બહાર કાયમી પ્રવાસ કરવા માટે પરવાનગી માંગી હતી પરંતુ આજે ગુજરાત હાઈકોર્ટે અરજી ફગાવી દીધી હોવાના અહેવાલ છે. અગાઉ હાર્દિક પટેલ સેશન્સ કોર્ટે અમદાવાદ ખાતે પંદર દિવસ માટે ગુજરાત બહાર જવાની મંજૂરી આપી હતી. આજે હાઈકોર્ટમાં આ સંદર્ભમાં હાર્દિકે કરેલી અરજીની સુનાવણીમાં કોર્ટે મંજૂરી આપી નથી. પાટીદાર અનાતમત આંદોલન દરમિયાન હાર્દિક પટેલ પર રાજદ્રોહનો કેસ થયો હતો અને તેમની ધરપકડ કરી અને તેમને સુરતની લાજપોર જેલમાં મૂકી દેવામાં આવ્યા હતા.

દરમિયાન તેમને જામીન મળ્યા બાદ પહેલાં ચોક્કસ સમય માટે રાજ્યની બહાર રહેવાનો હુકમ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ રાજ્યની બહાર જવા માટે પરવાનગી લેવાની શરત હતી. અગાઉ પણ હાર્દિક અંગત અને રાજકીય પ્રવાસો માટે પરવાનગી માંગી બહાર ગયા હતા ત્યારે હવે તેમણે આ મુદ્દે કાયમી ધોરણે રાજ્ય બહાર જવાની પરવાનગી માંગી હતી ત્યારે કોર્ટે તેમની અરજી ફગાવી છે.

"હાર્દિક પટેલ કૉંગ્રેસના વર્કિંગ પ્રમુખ છે. જોકે, તેઓ રાજ્યમાં રાજકીય મોરચે ખાસ સક્રિય નથી. અગાઉ તેમના નેતૃત્વમાં કૉંગ્રેસમાં પ્રાણ ફૂંકાય તેવી અટકળો જોવા મળી હતી પરંતુ મહાનગર પાલિકા અને જિલ્લા-તાલુકા પંચાયતની ચૂંટણીઓ અને નગરપાલિકાની ચૂંટણીમાં કૉંગ્રેસનો રકાસ નીકળી જતા હવે આગામી સમયમાં હાર્દિકની રાજકીય ભૂમિકા અંગે પણ ચર્ચાઓ થઈ રહી છે."

ફરી એકવાર ગતિ પકડતું કોરોનાનું સંક્રમણ

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૬૭૫ કેસ : તંત્રની ચિંતા વધી

અમદાવાદ, તા.૧૦

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પૂર્ણ થતાં જ કોરોનાના કેસોમાં જોરદાર ઉછાળો જોવા મળી રહ્યો છે. છેલ્લા એકાદ સપ્તાહથી કોરોનાના કેસોમાં ધરખમ વધારો થયો છે. જેમાં બુધવારે ૬૭૫ કેસ નોંધાતા તંત્રની ચિંતાઓ વધી ગઈ છે. આ કેસ દિવાળી બાદના સૌથી વધુ નવા પોઝિટિવ કેસ ગણાવી શકાય. જો કે આજે કોરોનાના કારણે એકપણ મૃત્યુ નથી પણ ગઈ કાલની તુલનામાં આજે ૯૫ જેટલા વધુ કેસ નોંધાયા છે. જે ચિંતા વધાવનારા ગણાવી શકાય. જો કે આ કેસની સામે ૪૮૪ દર્દીઓ કોરોના સામેનો જંગ જીતી ડિસ્ચાર્જ થઈને ઘરે પહોંચ્યા છે. જ્યારે અત્યાર સુધી કુલ ૨,૬૭,૨૫૦ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. રાજ્યમાં સાજા થવાનો રેસિયો ૯૭.૧૧ ટકાએ પહોંચ્યો છે.

રાજ્યમાં કોરોનાના વધુ ૬૭૫ કેસની વાત કરવામાં આવે તો દિવાળી બાદ સૌથી વધુ કેસ આજે નોંધાયા છે. અમદાવાદમાં ૧૭૫ અને સુરતમાં ૧૭૯ કેસ નોંધાયા છે. જ્યારે વડોદરામાં ૧૦૭ કેસ, રાજકોટમાં ૭૯, ભરૂચ, ખેડામાં ૧૫-૧૫ કેસ, કચ્છમાં ૧૨, આણંદમાં ૧૩, મહેસાણામાં ૮ કેસ, પંચમહાલમાં ૮, દાહોદમાં ૭, ગાંધીનગરમાં ૧૫ કેસ, સાબરકાંઠામાં ૬, છોટાઉદેપુરમાં ૫, જૂનાગઢમાં ૮, અમરેલીમાં ૪, જામનગરમાં ૬, મોરબીમાં ૩ કેસ, નર્મદામાં ૩, ભાવનગરમાં ૧૯, પાટણમાં ૨ કેસ, અરવલ્લી, દ્વારકા, તાપી, સુરેન્દ્રનગર, નવસારીમાં ૧-૧ કેસ નોંધાયો છે.

બોટાદ, ડાંગ, પોરબંદર અને વલસાડ એમ કુલ ૦૪ જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી. રાજ્યમાં હાલ કુલ દર્દીઓની વિગત જાણીએ તો કુલ ૩૫૨૯ કેસ એક્ટીવ છે, તેમાંથી ૪૭ લોકો વેન્ટીલેટર પર છે અને ૩૪૮૨ લોકોની હાલત સ્ટેબલ છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં ૪૪૧૮ લોકો કોરોના સામેના જંગમાં હારી ગયા છે. ગુજરાતમાં આજે કોરોનાના કારણે એકપણ મૃત્યું નોંધાયું નથી. અત્રે નોંધનીય છે કે, ગુજરાતમાં કુલ ૯૬,૮૬૧ વ્યક્તિઓનું રસીકરણ કરવામાં આવ્યું છે. આ સાથે જ અત્યાર સુધીમાં કુલ ૧૭,૧૩,૪૬૭ વ્યક્તિઓનું પ્રથમ ડોઝનું અને ૪,૧૯,૭૬૮ વ્યક્તિઓના બીજા ડોઝનું રસીકરણ પુર્ણ થયું છે. આજે ૬૦ વર્ષથી વધુ વયના તેમજ ૪૫થી ૬૦ વર્ષના ગંભીર બિમારી ધરાવતા કુલ ૫૭,૨૭૭ વ્યક્તિઓનુ રસીકરણ કરાયું છે. અત્યાર સુધીમાં રાજ્યમાં એકપણ વ્યક્તિને આ રસીના કારણે ગંભીર આડઅસર જોવા મળી નથી.

૧૫મી માર્ચ બાદ તાપમાન ૪૦ને પાર જવાની શક્યતા

અમદાવાદ, તા.૧૦

રાજ્યમાં એકતરફ આગામી દિવસોમાં કાળઝાળ ગરમીની આગાહી કરવામાં આવી રહી છે તો બીજી તરફ લઘુતમ તાપમાનમાં સામાન્યમાં સામાન્ય ઘટાડાને લીધે હજુ પણ મોડી રાત્રે અને વહેલી સવારે ફૂલગુલાબી ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે જેને કારણે બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. ત્યારે ૧૫મી માર્ચ બાદ રાજ્યમાં અનેક સ્થળોએ તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર જવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

બુધવારે રાજ્યના ૧૨ શહેરોમાં ગરમીનો પારો ૩૬ને ઉપર રહ્યો હતો. તેમાંથી ૫ શહેરોમાં તો ૩૭ ડિગ્રીથી વધુ ગરમી નોંધાઈ હતી. અમદાવાદમાં તાપમાન વધીને ગરમીનો પારો ૩૭.૬ ડિગ્રી પર પહોંચ્યો છે. ૩૭.૮ ડિગ્રી સાથે અમરેલી સૌથી ગરમ રહ્યું છે. જ્યારે નલિયામાં ઠંડીનો વર્તારો હજુ યથાવત છે.વલસાડમાં જ્યાં મહત્તમ તાપમાન ૩૪.૫ ડિગ્રી નોંધાયું હતું ત્યાં લઘુત્તમ તાપમાન ૧૩.૫ ડિગ્રી નોંધાયું હતું. ત્યાં રાજ્યમાં સૌથી ઓછી ગરમી રેકોર્ડ થઈ.

બુધવારે નલિયામાં તાપમાન ૧૬.૨ ડિગ્રી રહ્યું છે. રાજ્યમાં આજથી ગરમીમાં વધારો થવાની હવામાન વિભાગે આગાહી કરી છે. રાજ્યના ૧૨ શહેરોમાં ૩૬ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. જ્યારે બાદ સુરેન્દ્રનગરમાં ૩૭.૮ ગરમી નોંધાઈ. વડોદરા ૩૭.૬ ડિગ્રીએ હતો. તો ભૂજમાં ગરમી ૩૭ ડિગ્રી નોંધાઈ. તે સિવાય રાજકોટમાં મહત્તમ તાપમાન ૩૭.૪ ડિગ્રી હતું. હવામાન વિભાગ આ પહેલા જ ગરમીને લઈને પૂર્વાનુમાન જાહેર કરી ચૂક્યું છે. જે પ્રમાણે ગુજરાતમાં માર્ચથી મે મહિના સુધી તાપમાન સામાન્ય કરતા ઊંચું રહેશે. બીજી તરફ રાજ્યમાં માર્ચ મહિનાની શરૂઆત થતા જ અનેક જગ્યાએ કાળઝાળ ગરમીનો અહેસાસ થવા લાગ્યો છે.

દુઃખદ અવસાન

શ્રી ભુપેન્દ્રસિંહ મનુભા ચુડાસમા (શિક્ષણ મંત્રીશ્રી, ગુજરાત સરકાર)
ના માતૃશ્રી
સ્વ. કમલાબા મનુભા ચુડાસમા (ચક્ષુદાતા)
(વય - 94 વર્ષ) નું અવસાન થયું છે.
સાંપ્રત સ્થિતિના કારણે બેસણું રાખેલ નથી.

સ્વ. બલભદ્રસિંહ મનુભા ચુડાસમા	પ્રાદિત્યસિંહ ભુપેન્દ્રસિંહ ચુડાસમા
સ્વ. મંગળસિંહ મનુભા ચુડાસમા	રાજસિંહ ધર્મેન્દ્રસિંહ ચુડાસમા
સ્વ. ધર્મેન્દ્રસિંહ બલભદ્રસિંહ ચુડાસમા	શિવરાજસિંહ કમલસિંહ ચુડાસમા
કમલસિંહ બલભદ્રસિંહ ચુડાસમા	દેવરાજસિંહ અજયસિંહ ચુડાસમા
અજયસિંહ બલભદ્રસિંહ ચુડાસમા	ધર્માદિત્યસિંહ પ્રાદિત્યસિંહ ચુડાસમા
વિજયસિંહ બલભદ્રસિંહ ચુડાસમા	વંશરાજસિંહ વિજયસિંહ ચુડાસમા

www.gujarattoday.in facebook.com/gujarattodaydaily @Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી

● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - 33/1, શાહેઆલમ, અમદાવાદ- 380028થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫-૨૫૩૩૨૮૨૦ ● ફેક્સ : ૨૫૩૫૮૦૬૦-૨૫૩૨૬૨૭૩ ● Posting at Ahd. RMS